મહેરબાન બાઇઓ અને સાહેબો.

જત નિચલાં પ્રસિદ્ધ ખાતાંની જરૂર નોંધ લેજો અને જયારે તમારે ત્યાં મીઠાઇનું કામ પડે તો ગમે તેટલો નાનો કે સેંકડો મણનો ઓરડર સર્વથી પહેલાં તમે જાણીતાં મીઠાઇવાળા

કમરૂદીન ઈબ્રાઈમજીના

રેક્ડ સી સ્વીટમીટ સેલનમાં

આપજો-કાંકે એ પ્રસિદ્ધ ખાતાનું નામ મુંબાઈ હિંદ તથા પ્રદેશખાતે આજે **મીઠાઇના પાયોનિયર દાખલ વિખ્યાતિ પામેલું** છે દાંતમાં સ્વાદ રહી જાય તેવો ઉમદાં બનાવતનો પીસ્તાઇ હલવો, બીજા ડઝનબંધ જાતના હલવા ને બીજી મીઠાઇઓનું એઝીબીશન જરૂર જોજો-તમારા પૈસા બગાડવા ન માગતા હોવો તો જ્યારે મીઠાઇનો ખપ પડે ત્યારે ઉપલાં જાણીતા ખાતાંની એક મુલાકાત જરૂર લેશોજી.

બહારગામના ઑરડરો ઉપર પુરતુ લક્ષ આપી સંતોષકારક રીતે માલ મોકલીએ છીએ. ઑરડર મોકલી ખાત્રી કરજો. આ જાણીતું મથક યાદ રાખજો.

કમરૂદીન ઈબ્રાઈમજી

ટેલીફોન નં. ૨૮૭૬ } **બારીઆ મેનશન**

હાર્ન્બી માર્કેટ સાંમે, મુંબઇ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ६६८३ वर्गांक

पुस्तकनुं नाम વેરાળીમંન નાટક

विषय ૮૨૮ : ૨

એશીઆ ખંડના

પુર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધીના મુલકોમાં

સુર્ય ઉદય થતા

હજારો સ્ત્રીઓ—સુંદર વાળને સારી હાલતમાં રાખવા માટે—ખરી પડતા વાળ અટકાવવા માટે—કાળા ભમરી જેવા ખુબસુરત વાળ કરવા માટે—અને કંટાળેલા મગજને ઠંડુ રાખવા માટે



કામીનીઆ ઓઇલ.

(રજીસ્ટર્ડ.)

વાપરે છે. આ તેલ વીદ્યાર્થીઓ, મગજ સંબંધી કામ કરનારાઓ અને જેઓનું માથું હમેશ તપેલું રહેતું હોય તેઓને પણ ઘણુંજ ફાયદાકારક છે. **કામીનીઆ ઓઇલમાં** ઘણુંજ કીમતી વસાણા નાંખી બનાવ્યું છે, અને મગજને તાજગી બક્ષનારી મધુર અને મોહક ખુશબો તેમાં રહેલી છે તમો જરૂર વાપરી જુઓ પછી હમેશ વાપરશી.

કીં૦ બા૦ ૧નો રૂ. ૧-૦-૦ વી૦ પી૦ રૂ. ૦-૪-૦
કીં૦ બા૦ ૩નો રૂ. ૨-૧૦-૦ વી૦ પી. રૂ. ૦-૭-૦

ત૦ ક—કેટલાક વેપારીઓ હલકા માલમાં સારો નફો મળવાની આશાએ હલકી જાતનું તેલ સારૂં અને સસ્તું છે એમ કહી આપવાને કોશેશ કરેછે. તો તેવા વેપારીની દુકાન તરત છોડી જજો અને બીજી દુકાનેથી **કામીનીઆ ઓઇલની** સીલબંધ બાટલી લેજો.

ધી એંગ્લો ઇંડિયન ડ્રગ એન્ડ કેમીકલ કુંપની.

નં૦ ૧૫૫, જુમા મસીદ, મુંબઇ,

સેંટનો રાજા

ઓટો દીલબહાર.



(રજીસ્ટર્ડ)

દીલને આનંદ આપનારૂં, મનને પ્રફુલીત કરનારૂં, અસંખ્ય ફુલોના અર્કની સુગંધીઓથી ભરેલું, છેલામાં છેલી બનાવટનું સ્પીરીટ વગરનું સર્વોત્તમ સેંટ છે, ફક્ત ચાર પાંચ ટીપા કપડા અથવા રૂમાલ ઉપર છાંટવાથી વાપરનારને તથા તેની આસપાસનાઓને મીઠી ખુશકારક સુગંધીમાં મુકી દે છે, બીજુ કોઈ પણ જાતનું સેંટ ખરીદતાં પહેલા "ઓટો દીલબહાર" વાપરી જુઓ અને તેની સુગંધીનો ઘડી વિચાર કરો. **ઓટો-દીલબહાર**માં સ્પીરીટ નહીં હોવાથી અત્તર તરીકે પણ તે વાપરી શકાય છે

કીંમત નાની બાટલીના ૮ આના; વચલી બાટલીના ૧૨ આના, મોટી અડધા આંઉસની બાટલીના રૂ ૨,

નમુનાની બાટલીના ૨ આના. કપડામાં રાખવા માટે સુગંધી કાર્ડનો એક આનો.

સોલ એજંટ

ધી એંગલો ઇંડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.

ના. ૧૫૫, જુમામસીદ.

ઇરાનીઅન નાઇત્સ.

લખનાર તથા પ્રગટ કરનાર

માણેકજી એદલજી વાછા

તે "ગોલ્ડન ગુલ," "કાઉન્ટ ઓવ મોંટે ક્રીસ્તો,"
"ઇન્ડયન નાઇત્સ," "શીવાજી," "પાંડુરંગ હરી,"
"એદલ કાકા," "માલી મદારી," વગેરે પુસ્તકોના કર્તા.

છપાવનાર

કેખશરૂ નશરવાનજી પૉલીશવાલા

તે "જ્ઞાન વર્ધક અને માસિક મિત્ર" તથા "વાર્તામાળા"ના માલેક.

કાંતા બિલ્ડીંગ કાલબાદેવી, મુંબઇ.

કીમ્મતઃ-રૂા. ૧-૪-૦ ઈ. સ. ૧૯૧૬.

આ પુસ્તક મુંબઇના દરેક જાણીતા ચોપડી વેચનારની દુકાને-
થી મળશે તેમજ "જ્ઞાનવર્ધક અને માસિક મિત્ર"ની
ઓફીસ (કાંતા બિલ્ડીંગ, કાલબાદેવી, મુંબઇ)
માંથી પણ મળશે. બહારગામથી મંગાવનારે
૪ આના પોસ્ટેજના વધુ મોકલવા.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૬૬૮૦૮
ની કૉપીરાઈટ-સંગ્રહ

પ્રસ્તાવના.

ઇસ્વીસન ૧૯૦૨ના સાલમાં આ અદના લેખક તરફથી **સુલતાની વાર્તા સંગ્રહ** નામનું મોટું દલદાર પુસ્તક બાહેર પડયા પછી આજનું આ પુસ્તક તે વખતના ટેમરીંડ લેનમાં આવેલાં "અખબારે સોદાગર પ્રેસ"માં તદન તૈયાર થયું હતું. પણ બાહેર પાડવાની એક અઠવાડયાં આગમચ માઠે ભાગ્યે તે છાપખાનું બળી ભસમ થવાથી એક નકલ સિવાય દરેક નકલો નાશ પામી હતી. મારાં મિત્ર ભાઇ માણેકશાહ જેહાંગીર કરાણીને આગમચથી આ એક નકલ વાંચવા આપ્યાથી તે બચી ગઇ હતી, તેમાં હાલ થોડોક ફેરફાર તથા સુધારો કરીને આ પુસ્તક બાહેર પાડવામાં આવ્યું છે. દુન્યાની સૌથી મોટી અને અતી ત્રાસ દાયક લડાઇના હીંગામમાં આ એકવીશ નાની મોટી વાર્તાઓનું પુસ્તક બાહેર પાડવામાં આવ્યું છે. કાગલની તંગીને લીધે બાકીની જુજ રહેલી વાર્તાઓ છાપવી હાલ તરત મોકુફ કરવામાં આવી છે પણ તક મળવે તે તરતજ બાહેર પાડવામાં આવશે, કે જેથી બર્ટનની "અરેબ્યન નાઇટ્સ" ની ગુજરાતીમાં નહી છપાયલી બાકી રહેલી વાર્તાઓ અતિ સસતી કીમ્મતે ગુજરાતી વાંચક વર્ગના હાથમાં મેલાશે. ખરી રીતે કહેતાં એ મારી તરફથી બાહેર પડેલી

(૧) **નવી અરેબ્યન વાર્તાઓ,**

(૨) **કલીફ હારૂન અલ રશીદ,** અને

(૩) **સુલતાની વાર્તા સંગ્રહ**

ની ત્રણ ચોપડીઓ પછી આ **ઇરાનીઅન નાઇટ્સ** ચોથો ભાગ છે.

દુષ્ટ જરમનોએ જગાડેલા જંગને લીધે સોંઘા કાગળની પડેલી તંગીને લીધે આ પુસ્તક દોઢસો સફાનું થયું છે, છતાં આ આવૃત્તીના સાહસિક પ્રગટ કરનાર ભાઇ કેખુસરો નશરવાનજી પોલીશવાલાએ સારી છપામણી, ઉંચા કાગળો, બંધામણી સાથે સરખાવતા એની કીમ્મત નાની રાખવાની સંભાળ લીધેલી વાંચનારને જણાશે.

'અરેબ્યન નાઇટ્સ" અસલ **ઇરાની** હતી. પણ પાપી જરમનોએ પોતાના પાપી લોભને લીધે જગાડેલી હમણાની લડાઇની પેઠે, તે અસલ વારે પણ પારસી પાદશાહતના દુશ્મનોના મારાને લીધે ઇરાની શહેનશાહતની પડતી થયાથી ત્યાંના કીમતી પુસ્તકોનો પણ, હાલની "લોવેન લાઇબ્રેરી"ની

પેઠે, નાશ કરવામાં આવ્યો, છતાં લોક મોહડે વાર્તાઓ જે રહી તે બચી ગઇ, અને તે ત્યાર પછી અરેબ્યન અને ઇજીપસ્યન સાહીત્યના ખાંઓએ એકઠી કીધી અને અસલની **"હઝાર અફ્શાન"** નામ બદલી "અરેબ્યન નાઇટ્સ" ને નામે યુરોપ્યિન ઓલમાઓએ જાણીતી કીધી. એ અસલ નાઇટ્સનો અતિશય મોટો ભાગ **ઇરાની** વાતો તથા લેબાશનો હતો, પણ પારસી શેહેનશાહતોનો નાશ થયા પછી ઘણે વરસે અરેબીક લખનારાઓએ એ વાર્તાઓ સજીવન કરી પોતાના દેશી નામો તથા રેવાજમાં ફેરવી નાખી, તે ત્યાર પછી તેજ નામે સાધારણ રીતે ઓળખાય છે. આજના આ નાના પુસ્તકમાં અસલ ઇરાની નામોમાં પાછા ફેરવી આપવાની તજવીજ કીધેલી વાંચનારને જણાશે.

ખરી રીતે જોતાં મારે હસ્તકથી રચાયલા **પરસ્યન** યાને **ઈરાનીઅન નાઈટ્સ**ના ઉપર જણાવેલા ત્રણ ભાગોની ભાગ્યે સેજ નકલો બાકી રહેલી છે; તેથી જો એ સર્વ ભાગ એકજ પુસ્તકના આકારમાં બાહેર પાડવામાં આવશે તો આજના પુસ્તક પ્રમાણે નામો તથા સ્થલોમાં ફેરફાર કરવાનો આ અદના લખનારનો વિચાર છે.

આ પુસ્તકમાં મારા મીત્રો ભાઇ ડોસભાઈ ફ. લંગરાના (" રફીક ") વગેરેએ જે મદદ આપી છે તે માટે અહીં આભાર માનવાની તક હું ગુમાવી શકતો નથી.

માણેકજી એદલજી વાછા

પ૭ર, ગીરગામ રોડ,
મુંબાઇ.

પ્રગટ કરનાર તરફનો ખોલાસો.

'ઈરાનિઅન નાઇટ્સ' એ અરેબિઅન નાઇટ્સનું બીજું સ્વરૂપ છે. ૧૯૧૭ ના સાલનું આ એક નવું પુસ્તક છે, અને તેમાં આગળ કદી નહીં આવેલી એવી ૨૨ અદ્‌ભૂત વાર્ત્તાઓ સમાવવામાં આવી છે. આ પુસ્તક જ્ઞાનવર્ધક અને માસિક મિત્રના ગ્રાહકોની ૧૯૧૭ ના સાલની ભેટ તરીકે બહાર પડે છે, અને તે ડજનબંધ વાર્ત્તાઓના પુસ્તકોના કર્ત્તા અને આગલા ગુલ અફ્શાન માસિકના ઘણા કસાએલા અને બાહોસ અધિપતિ મી. માણેકજી એદલજી વાછાની રસિલી કલમથી લખાએલું છે. આ ઇરાનિઅન નાઇટ્સની વાર્ત્તાઓ અરેબીઅન નાઇટ્સની સાથ કેવી રીતે સંબંધ ધરાવે છે તેનું કંઇક ટૂંક વર્ણન વાંચનારાઓ માટે અત્રે રજુ કરીશું.

દુનિયાના કથા કાંહાંણીના ગ્રંથમાં અરેબીઅન નાઇટ્સ એક આગેવાન જગ્યા લે છે. એમાંનો પહેલો શબ્દ અરેબીઅન આપણને દેખાડી આપે છે કે આ અનોપમ વાર્ત્તાઓનું મૂળ એશિયા છે, અને તેને અરેબીક ભાષા સાથ સંબંધ છે. અસલ અરેબી ગ્રંથ અલ્ફ લએલા વ લએલાતું આ ભાષાંતર છે. અસલ અરેબીક નામના અર્થપરથી ઇંગ્રેજીમાં તરજુમો થએલી આ વાર્ત્તાઓનું નામ 'The Thousand and one Nights' એવું પડયું છે. પણ એ લખાણ આરબોનું છે એવી માન્યતાને લીધે તેનું નામ પાછળથી 'The Arabian Nights' પડયું. ખુદ અરેબીકપરથી એના તર્જુમા મી. એડવર્ડ લેન અને સર રીચર્ડ બર્ટને કીધેલા જાણીતાછે, જેમાં છેલ્લા વિદ્વાનના સત્તર દફ્તરો થયાંછે. આ તરજુમાની ઘણીક વાર્ત્તાઓ હેરફેર અને નવી છે. ખુદ અરબી લખાનોની ઘણી નકલો થઇ છે તેમાં પણ એ લખાન અધુરૂં ને હેરફેર છે. કેટલીક વાર્તાઓ હજી અરબીક હસ્તલેખોમાં છપાવવા વગરની રહી ગઇ છે. આ રીતે ઘણાક રૂપમાં અને ઘણેક નામે આ વાર્તાઓની રાણી વાંચકો સમક્ષ રજુ થઇ છે, અને હજી તે અપૂર્ણજ છે. પાછળથી થોડીક વધારાની વાર્ત્તા ફ્રેન્ચપરથી તરજુમો થઇને ઇંગ્લંડમાં 'The New Arbian Nights', 'Arbian Tales' 'The Tales of the East' એમ જુદે જુદે નામે પ્રગટ થઇ છે. ગુજરાતી ભાષામાં એ વાર્ત્તાઓ બહાર પાડવાનું પહેલું માન એક પારસી મી. ખરસેદજી બરજોરજીએ આજથી લગભગ ૭૦ વર્ષ આગળજ મેળવ્યું હતું. વાંચકના હાથમાં આજ રજુ થએલી કેતાબના ખંતીલા લેખક મી. વાચ્છાએ પણ તેના ત્રણચાર ભાગ આગળ જુદે જુદે નામે પ્રકટ કીધાં છે.

એ વાર્ત્તાઓના મૂળ વિષે બીજી રીતે "**હજાર અફ્સાનેહ**" નામનાં એક **ફારસી ગ્રંથનું** નામ રજુ કરવાવાં આવ્યું છે જે ૧૦૦૦ વાર્ત્તાઓનો ઘણો **રસિલો ફારસી** ગ્રંથ છે. આ ફારસી ગ્રંથ પહેલવીપરથી ઉતારો થએલો હતો તેની ઘણી સાબેતીઓ વિદ્વાનોએ આપીને આ વાર્ત્તાઓને ખુદ ઇરાન દેશનીજ પુરવાર કરી આપી છે. આ રીતે હાલની અરેબીઅન નાઇટ્સ, ટેલ્સ, વગેરે પહેલવીમાં લખાએલી અરબી ઇરાની વાર્ત્તાઓની હતી. એ વાતને જાણીતા અરબી લેખકો **મસઉદી** અને **મહમદઇબ્ન ઇસાક્**ના લખાણોથી ટેકો મળે છે. છેલ્લો લેખક જણાવે છે કે ઇરાનનો એક બાદશાહ દરરોજ એક કન્યાને પરણતો અને બીજે દિવશે તેને મારી નંખાવતો. આમાંનો એક રાણી **શાહારાઝાદ** નામની હતી. તેણી ઘણી અકલમંદ અને હુશિયાર હતી. જ્યારે તેણી રાજા આગળ બેસતી ત્યારે એક વાર્તા કહેવાનું શરૂ કરતી અને રાત્રે છેક મોડેથી તે વાર્તાનો ભાગ એવે ઠેકાણેથી અધુરો રાખતી કે જ્યાં ઘણો રસ પડતો. આ અધૂરો રસ સમજવા માટે રાજા તેની જીંદગી બચાવતો. બીજી રાતે તે વાર્તા આગળ ચલાવવા કહેતો. આ પ્રમાણે તેણીએ એક હજાર રાત સુધી ચલાવ્યું. એટલામાં આ રાણીને પેટે એક છોકરાનો જન્મ થયો. બાદશાહ આગળ તે બાળકને રજુ કરીને તેણીએ પોતાની યુક્તિ તેને જણાવી દીધી, આ વખતથીજ રાજાએ તેણીનો પ્યાર મેળવવો શરૂ કીધો હતો. તેણે તેણીની આ યુક્તિ વખાણી તેણીની જીંદગી બચાવી. વળી એક અરબી લેખક મહોમદ વધુ જણાવે છે કે આ કેતાબ બહમન આર્દ્રાઝરઝીસની બેટી **હોમાયે** માટે લખવામાં આવી હતી, અને તેમાં ઘણા ફેરફાર થઇ, નવી વાર્ત્તામાં ઉમેરાઇ તેનો તરજુમો અરબીકમાં થયો હતો.

આ રીતે પારસીઓ સાથ આ વાર્ત્તાઓને ઘણો સંબંધ છે. મી. વાચ્છાએ પોતાની અનુભવી કલમથી હાલની વાર્ત્તાઓનો અરબીક લેબાશ દૂર કરી તેને ઇરાની નામોમાં રજુ કરી છે. એ એક પહેલ છે. આ વાર્ત્તાઓ અમોએ ભારે મહેનત અને ખર્ચને ભોગે છપાવી બહાર પાડી છે, અને અમારા મિત્ર મી. વાચ્છાએ ઘણી મહેનત લેઇ કશાપણ બદલા વગર મિત્રભાવથી અમારે માટે તૈયાર કીધી છે જે માટે એ ભલા મિત્રના દિલોજાનથી આભારી છીએ, અને વાંચકોની તેમજ છાપાનીતે પસંદગી પામશે એવી આશા અમો રાખીશું.

કાંતાબિલ્ડીંગ,
કાલબાદેવી મુંબઇ.
તા. ૨૦-૧૨-૧૯૧૬.

માલેક અને આધપતિ
"જ્ઞાનવર્ધક અને માસિકમિત્ર"

અર્પણ પત્રિકા.

ગુજરાતી ભાષાની ઉન્નતિ અને પ્રગતિ
માટે જે કવિઓ, સાક્ષરો, વિદ્વાનો
અને લેખકોએ અહોનિશ પ્રયાશ કીધો
છે ને કરે છે તેમને માન અને
અહેશાનની લાગણીથી આ
પુસ્તક અર્પણ કરવામાં
આવે છે.

માલેક
"જ્ઞાનવર્દ્ધક અને માસિક મિત્ર."
તથા "વાર્તામાળા."

“ઇરાનીઅન નાઈટ્સ”નુ આ પુસ્તક ઇસ્વીસન ૧૯૬૭ના ૨૫ મા કાયદા પ્રમાણે સરકારમાં નોંધાવ્યું છે. અને ફરીથી છપાવવા વગેરેનો સર્વ હક **માણેકજી એદલજી વાછાએ** પોતાને સ્વાધીન રાખ્યો છે.

માણેકજી એદલજી વાછાકૃત્ત પુસ્તકો.

	રૂ૦ આ૦
ઇન્ડીઅન નાઈટ્સ યાને હીન્દી વાર્તાઓ.	૦-૧૦
એદલકાકા.	૦-૪
કલીફ હારૂન-અલ-રશીદ (ચિત્રો સાથે)	૨-૪
કાઉન્ટ ઓલ મોંટેક્રીસ્તો.	૬-૮
ગુજરાતી સાઈકલો પીડયા સર્વ વિદ્યામાળા (ભાગ ૧લો)	૧-૮
ગોલ્ડન ગુલ.	૧-૦
દખનની દંતકથાઓ (ચિત્રો સાથે)	૧-૦
નવી અરેબ્યન વાર્તાઓ (ચિત્રો સાથે)	૧-૮
પાંડુરંગ હરી.	૦-૮
બાપુ બ્રાહમણ.	૦-૪
મગરૂર મેરીયા.	૦-૮
માળી મદારી યાને ૧૮૫૭નો બળવો (ચિત્રો સાથે)	૦-૧૦
શાપુર તથા શરમાલ સપલ.	૦-૬
શીવાજી તથા રોખીનારા.	૦-૬
સુલતાની વાર્તાસંગ્રહ (ચિત્રો સાથે)	૨-૮
સોરાબશાની સોરતી.	૦-૧૦

☛ **ચેતવણી:**—ઉપલાં પુસ્તકોમાંના લગભગ સવ ખપી ગયાં છે, અને જે થોડાંક રહ્યાં છે તે સર્વ જાણીતા પુસ્તકો વેચનારાઓને ત્યાંથી મળશે.

સાંકળ્યું.

પાનું.

ઇરાનીઅન નાઇટસ.

મીનોચહેર ટોપલી ગુંથનારની વાત.

અરે યારો! નામ મારૂં મીનોચહેર! મારાં માદર પેદર જો કે ગરીબ હતાં, પણ રાસ્તી પર જાન કુરબાન કરનારાં હતાં. મારા પેદરનો ધંધો નેતર તથા વાંસની બનાવટની તરેહવાર ચીજોનું ગુંથણ કામ કરવાનો હતો. જ્યાં સુધી હું કુમારો હતો ત્યાં સુધી તો મારૂં ગુજરાન કરવા માટે કાંઇ પણ મુશ્કેલી મને નડી નહી, પણ જ્યારે હું સંસારમાં જોડાયો અને બે ચાર બાલ બચ્ચાંનો બાપ થયો ત્યારેજ મને મારાં કુટુંબનું પોસણ કરવાનું કામ વધુ અને વધુ મુશ્કેલ પડવા લાગ્યું. કોઇ દી એક દીવસની મજુરી તરીકે ચાર દેરમ હું કમાતો, તો કોઇ દહાડે અરધી રકમ પર પણ મને શોકર ગુજારી કરવી પડતી. એ રીતે મારાં કુટુંબને કોઇ દહાડે પેટ પુરતું ખાવાનું મળતું તો કોઇ દીન અડધી રોટી તથા પુશકળ પાણી પર શોકર કરવા પડતા.

મજબુત નેતરનો એક મોટો કરંડયો બનાવી, વધુ પૈસાની આશા રાખી, તે કરંડયો બાઝારના રસ્તા પર લઇ જઇ મેલ્યો, પણ કોઇએ પણ ત્રણ દેરમની માંગણી કીધેલી નહી જોઇ મોહોલ્લે મોહલ્લે તે લઇ હું ફર્યો, પણ સાંજ પડવા છતાં કોઇ તેનો ખરીદનાર બાહેર પડેલો નહી જોઇ રાત્રે કાંઇ પણ ખોરાક ખરીદયા વગર પેલો અભાગ્યો કરંડયો લઇ ઘરે પાછો ફર્યો. બીચારાં નીરદોશ બાળકો ભુખથી તળવળવા લાગ્યાં, અને ભુખ્યાંજ સુઇ જઇ કમતાકાતને મારે ઠંડીથી ઠરઠરવા લાગ્યાં.

બીજે દીને પોહોર ફાટતાંજ મારી બાયડીએ મને બેદાર કીધો અને કરંડયો પાછો બાઝારમાં લઇ જઇ વેચી બાલકો માટે કાંઇ પણ ખાવાનું લઇ આવવા મને કહ્યું. કરંડયો ઉપાડી હું પાછો વેચવા રસ્તે નીકળી પડયો, પણ રાત પડયા છતાં આગલાજ દીવસની માફક હાલ થયા.

ત્રીજે દીને પણ નહી વેચાવાથી ઘરમાંનાં થોડાંક કપડાં વેચી અમે ટુકરો જેટલો ખાધો, ને ચોથે દીને પાછો તેજ કરંડયો લઇ દાદગરની દરેહમાં બંદગી કરી વેચવા નીકળ્યો. અંતે બપોરના તદન થાકી જવાથી એક આતશકદેહના ઓટલા પર હું જઇ બેઠો, અને હું જો કે તદન થાકી ગયલો હતો તો પણ દાદગરની ખીદમતમાં હાજર થવાને હું તાકાત ધરાવતો હોવાથી જેમ તેમ ચાલીને ધીમે ધામે હું અગીઆરીમાં દાખલ થયો. મારા હમદીનો સાથે હું પણ નેમાજમાં સામેલ થયો. નેમાજ પુરી થતાં જ્યારે સઘળા પહરેજગારો ત્યાંથી પસાર થઇ ગયા ત્યારે લઠડતે કદમે હું પણ મારી દરવાજાની જગ્યા પર પાછો આસાએશ લેવા લેટયો. આતશકદેહમાં એક બુઝોરગ મોબેદજ બાકી રહેલો હતો. ધીરેથી સઘળાઓ ગયા પછી તે ઉઠયો અને દરવાજા પરથી પસાર થતાં મારી પર નજર કરી તે બોલ્યોઃ "અય બેવકુફ! તું પાક કલામથી ઉલટો ચાલી શરાબીમાં તારી ખરાબી કરે છે તેનું તને કશું ધ્યાન નથી."

મેં ડોલા ઉંચા કરીને જવાબ આપ્યોઃ "સાહેબ! હું કાંઇ એટલો તવંગર નથી કે મારાં કુટુંબનું પુરૂં કરતાં કાંઈ ફાજલ પાડી શકું અને વળી તેમાંથી આવી ચીજો ખરીદી તેનો ઉપયોગ કરી શકું.'

મને આ પ્રમાણે બોલતાં સાંભળી પેલો બુઢો, જે જાતે ઘણો દયાળુ હતો, તે, મારી પાસે બેઠો અને પોતાનું નામ સીઆમક છે એમ જાહેર કરી મને મારી હકીકત વીશે પુછવા લાગ્યો. મેં મારી સઘળી હકીકત કહી સંભળાવી જે સાંભળી તે રડવા લાગ્યો અને સોનાના સીક્કાઓથી ભરેલી એક થેલી મારા હાથમાં મેલતાં તે બોલ્યોઃ "અય મીનો! તાહરી ગીરદેશીની વાત સાંભળી હું ખરેખર ઘણો દલગીર છું. લે, આ થેલીમાં જે છે તે તારા જેવા શખસનાં કુટુંબનું એક વરસ સુધી ગુજરાન કરવાને પુરતું છે. જા, તારાં બાયડી બચ્ચાં સાથ બેસીને એક વરસ સુધી સુખેથી રોટી ખાજે અને તેના બદલામાં હું એકજ શરત તારી સાથે કરવા માંગું છું, તે એકે આવતે વરસે, એટલેજ કલાકે, એજ ઠેકાણે તું મને મળવાની મહેરબાની કરજે.

આટલું બોલી પેલો બુઝોરગ ત્યાંથી સપાટાબંધ ચાલી ગયો અને હું મારાં ખીલેલાં નસીબ પર દેવાનાની માફક વીચાર કરતો ત્યાંજ ચોટકી બેઠો. હું અરધી સ્વપનાની હાલતમાં હતો. મારે મનસે હું કોઇ ખુશ ખુઆબ જોતો હતો. મારા હાથમાંથી પેલી ઠેલી નીચે પડી ગઇ અને તેના અવાજથી હું ચમકી ઉઠયો. તે ઠેલી ઉંચકતાંજ મેં જાણ્યું કે મારાં

મારા સ્વાધીનમાં ખરેખર એક સારી જેવી રકમ હતી. મેં તે થેલી ખોલી અને તેમાં સમાવેલા સોનાના સીક્કાઓ જોઇ હું હરખથી દેવાનો થઇ ગયો. મારી સુસ્તી સઘળી ઉડી ગઇ. હું હરખથી હુશીઆર બની ગયો અને પેલાજ કરંડીઆમાં ખાવાને લાયકની તરેહવાર ચીજો ખરીદી ભરીને મારે ઘરે લઇ ગયો.

હું મલકાતે ચહેરે મારાં બાયડી છોકરાં હજુર જઇ ઉભો અને પેલા ભારથી લચી પડતો કરંડીઓ મારા માથાં પરથી નીચે ઉતર્યો. મારી ઓરતમાં ઇજતનો અંશ બહુ ભારે હોવાથી તેણી તો આ અચણુચ આવેલી આ ભાર જોઇ ભડકી ગઇ. મારા જઇ પહોંચવાની અગાઉ છોકરાંઓ કાંઇ ખાવાનું માંગતાં રડારોળ કરતાં હતાં અને તે સાહેબ પર સબુરી રાખવાને તેમના માદર તેમને શીખામણ દેતી હતી. મારા માથાં પરથી ઉતારેલો કરંડીઓ ખાવાની જણસોથી છલાછલ ભરેલો જોઇ તેઓ ખુશીથી મલકાતાં તે કરંડીઆની આસપાસ ફરી વલ્યાં. પણ મારી બાઇએ તેમને સઘળાંને તે કરંડીઆથી દુર રહેવા ફરમાવી મને ધાસ્તીથી પુછવા લાગીઃ "એ સઘળું તું કયાંથી મેળવવા પામ્યો? કોઇનું ખુન કરીને લુટીને યા ચોરીને કાંઇ લાગ્યો કે શું?"

મારી મહેરદારને મેં ઠંડી પાડી અને સઘળી હકીકત મારે મહોડેથી સાંભળી તેણીએ મારી અને મારાં બચ્ચાંઓની સાથે મળી તે પરવરનો આભાર માનવાની એક ટુંક પણ અસરકારક બંદગી કીધી અને પછી અમો સઘલાં હસી ખુશીથી ખાણાંને ઇનસાફ આપવા બેઠાં અને જે બુઝોરગે આ નેયામત ખાણું બખશી અમોને ખુશ કીધાં હતાં તેને ઘણી ઘણી દુઆ દેવા લાગ્યાં.

આ પ્રમાણે આખું વરસ મેં મારાં કુટુંબ સાથ અમનચમનમાં ગુજાર્યું અને વરસ પુરૂં થતાં પેલા બુઝોરગ સીયામકના ફરમાવ્યા મુજબ હું બરોબર એક વરસે તેજ કલાકે પેલીજ દરેહમાં નીમાજ પઢવા હાજર થયો. એક વરસની વાતપરના મારા ચીંદડેહાલ પોશાકમાં અને આજના આબરૂ ઇજત ભરેલા પોશાકમાં ઘણો ફરક હોવા છતાં પેલાએ મને તરતજ પીછાની લીધો અને પોતે જયાં બેઠેલો હતો ત્યાંથી તે ઉઠી આવી મારી પાસે બેઠો. નીમાજ પુરી થવા પછી જયારે સઘળા ધર્મચુસ્તો તે પવીત્ર મકાન છોડી ગયા ત્યારે સીયામકે મારી તરફ ફરી મને પુછયુંઃ "કેમ, અય બેરાદર! આખું વરસ તેં કેવી રીતે પસાર કીધું?"

'અય મેહરબાન શરીક! તાહરી મેહરબાની ભરેલી બક્ષેસથી મેં

આખું વરસ મારાં કુટુંબ સાથ ખુશી ખુરમીમાં અને તે સાહેબના શોકર કરવામાં તેમજ તું મેહરબાનને નેક દુઆ દેવામાં મેં ગુજાર્યું છે."

મારા જવાબથી તે ઘણોજ ખુશ થયો અને બોલ્યો: "હું જાણીને ઘણો ખુશી છું કે મેં આપેલી નજીવી બક્ષેસથી તું સુખ સંતોશમાં રહી શકયો છે. પણ તું એટલો નાહીંમત કેમ થઇ ગયો હતો? દુઃખને જોઇને ડરવું કેવું? મરદ બચ્ચાને તો હીંમત છાજે."

મેં તરતજ જવાબ દીધો: "દુઃખથી કાંઈ હું ડરતો નથી, પણ ભુખે મને અધમુઓ કરી નાખેલો હોવાથી હું લોથપોથ થઇ પડેલો હતો. મારામાં મરદને છાજતી હીંમતની કાંઇ પણ કોટાઇ નથી, પણ ગરીબીમાં ડુબતો કોઇ પણ હીંમતવાન પુરૂશ પણ હારી ખાધા વીના રહેતો નથી. મારી હીંમતની જો પરીક્ષા કરવીજ હોય તો, અય રહેમવંત અજીઝ દોસ્ત! સોંપ મને કાંઇ તેવું મુશકેલીનું કામ, અને જો કે હું તે કામ બજાવવાને હીંમતથી તેયાર થાઉં છું યા નહીં."

"તારામાં આટલી હીંમત હશે એમ મેં મુદલ ધાર્યું નહીં હતું, પણ જ્યારે તું તારી હીંમત સાબેત કરવાને ખાસ ખુશીજ દેખાડે છે તો ચાલ હું તારી તપાસ લેવાને તૈયાર છું. જો મારી તપાસની કસોટી પર તારી હીંમત ખરાં સોનાને મુલની સાબેત થશે તો સોનાના લાઠાઓથી તુંને નવાજવા વીના હું રહેનાર નથી. હું આજથી આઠ દીવસમાં ત્યાંથી મુસાફરીએ નીકળનાર છું. એ મારી મુસાફરી પુરી કરી ત્યાં પાછાં ફરતાં મને બરોબર બે મહીના લાગશે. બે મહીના સુધી મારી મુસાફરીમાં તું મારો સોબતી બનવા તૈયાર થશે? જો તેમ હોય તો લે આ ત્રીશ દીનાર તું તારી બાયડીને લઇ જઇને આપ. એટલી રકમમાંથી બે મહીના સુધી તે સુખથી ઘર ચલાવી શકશે અને તારા જીવને તારાં બાયડી છોકરાંના સંબંધમાં કરાર રહેશે. આજથી બરાબર આઠમે દીવસે આટલેજ વખતે ત્યાં તું મને મળજે અને આપણે ત્યાંથી તરતજ મુસાફરીએ નીકળી પડીશું. મુસાફરી માટે ચોખા અને મેવા લઇ લેજે અને ચોર લુટારાઓ સામે બચાવ કરવાને એક તેજ તલવાર તારી સાથે રાખજે."

પેલા બુઝોરગે આપેલા દીનાર લઇ હું મારે મકાને ગયો. મારી બાયડીને સઘળી હકીકત માંડીને મેં કહી અને તેણીએ અમારા ખેરખાહનો બોલ ઉપર રાખવાની મને સલાહ આપવાથી મેં મુસાફરીની તઇયારી કરવા માંડી. બે મહીના ચાલે એટલો અનાજ દાણો, મરી મસાલો, વગેરે મારાં ઘરમાં મેં ભરાવ્યો અને ચોખા મેવો વગેરે અમારા ખોરાક માટે લઇ લીધું.

બરાબર આઠમે દીવસે મેં મારાં બાયડી છોકરાંને મહોબત ભરી છેલ્લી સલામ કીધી અને પેલી કદેહમાં શીઆમકને જઇ મળ્યો. તે મને જોઇ ખુશી થયો અને અમે બંદગી પઢીને મુસાફરીએ નીકળી ચાલ્યા. શહેરની બહાર નીકળતાં સીઆમકે તઇઆર રાખેલા બે ઘોડાઓ પર અમે સવાર થયા. એક મહીના સુધી તો અમે તહરેવાર જંગલ, વેરાન, ખેતર, પહાડ, નાળાં પસાર કરી દુરદરાજ નીકળી ગયા. એટલા અરસામાં એવું કાંઇ જાણવા જોગ બન્યું નહીં હતું કે જેનું ખાસ વર્ણન કરવું પડે. અંતે મહીનો દીવસ રહીને અમે એક રસાળ બેટ તરફ આવી પુગ્યા. આ બેટ પર જવાને એક સુંદર પુલ બાંધેલો હતો. ત્યાંથી અમો પેલા બેટ પર ગયા, જ્યાં સુંદર ફુલ-ફલાદીની વચ્ચે એક સુંદર દેહરો ગોઠવાયલો હતો. આ દહેરાની વચ્ચોવચ એક સોનેરી ગુંબજ ઉભો કરવામાં આવ્યો હતો, અને તે ગુંબજ પર પડતાં સુરજનાં કીરણોથી તે સોનેરી ગુંબજ સોનેરી સુરજ સમ ચમકી રહેલો હતો.

પેલા બુઝોરગે મને કહયું: "અય મીનોચેહેર, આ સામે દેખાતા દહેરા તરફ જઇને જો કે તને શું દેખાય છે અને તું જે જોય તેની સઘળી હકીકત મને કહે." પેલા બુઢાના ફરમાવ્યા મુજબ હું તે દહેરા તરફ ચાલ્યો. પણ થોડે દુર જઇ પુગતાંજ બે વીકાળ સીંહો ઉભી યાળ કરી ત્યાં ઘુરતા ઉભા હતા. જો હું સહેજ પણ આગળ વધ્યો હતે તો જરૂરજ તેઓ મને ફાડી ખાતે. હું તો જીવ લઇને પાછો હટયો અને પેલાને જઇને મેં સઘળી હકીકત કહી; જે સાંભળી તે હસી પડયો અને બોલ્યો: "આવાં જનાવરોથી તું જો બીહવાનું રાખશે તો પછી મારૂં ધારેલું કામ પાર કેમ પડશે? જા, પાછો જા, અને મેં કહયું તેમ ખબર લઇ આવ."

મેં તો પાછા જવાને ના પાડયું: એટલે અંતે તે મારી સાથે આવ્યો. પેલા સીંહોની આગલ તે બેધડક ગયો. તેઓએ તેનાં બદન પર ધસારો કીધો, પણ તેણે તરતજ હાથ ઉંચો કરી કાંઇ કલામ ભણવાથી તેઓ ગરીબ ગાય જેવા બની ગયા અને ગુપચુપ ત્યાંથી ચાલતા થયા. પેલા પુલ પરથી પેલો દહેરો ઘણો નજદીક દેખાતો હતો, પણ જેમ જેમ અમો તેની આગળ જતા તેમ તેમ તે દુરને દુરજ દેખાતો જતો હતો. અમે એક જંગલમાં જઇ પડયા, જ્યાં સંખ્યાબંધ ઘોડેસ્વારો નાગી સમશેર સાથ અમો પર ધસી આવ્યા; પણ મારા સોબતીને મારી સાથે જોઇ તેઓ તરતજ પાછા ફર્યા. અંતે અમે પેલા દહેરા આગળ આવી પુગ્યા. ત્યાં જઇ પુગ્યા પછી સીઆમક બોલ્યો: "જા મીનો! આ દ-

હેરામાં દાખલ થા. તેના દરવાજા મજબુત સાંકળોની જંજીરથી બંધ કી-ધેલા છે. તે જંજીર તું કહાડી નાખ, તેટલાં હું તલેસમ કલામો ભણું છું."

તેના કહેવા મુજબ હું દહેરામાં દાખલ થયો અને પેલી મજબુત સાંકળ કહાડી નાંખી. પણ તે સાંકળો જમીન પર પડતાંની સાથ એવો તો મોટો ધડાકો કીધો કે ચોપાસની સઘળી જમીનને ગોયા એક મોટો ધરતી કંપનો આંચકો લાગ્યો હોય તેમ તે ધ્રુજવા લાગી. મારા તો હોશકોશ ઉડી ગયા હતા. મારાં મોંહપર લોહીનો એક છાંટો નહીં હતો અને ધ્રુજતો થડકતો હું દહેરાની બહાર નીકળી પડી સીયામક આગળ દોડી ગયો, ત્યાં જઇને જોઉં છું તો ગોયા કાંઇ બન્યુંજ નહીં હોય તેમ તે તલેસમી કલામો ભણવામાં મશગુલ હતો. આસરે એક કલાક સુધી તે આ એજમતી કલામો ભણતોજ રહયો. આ એજમત કલામો પડી રહી તે બંદગી કરી ઉઠયો અને મારી સાથે એક હરફ પણ બોલ્યા વીના તે પેલા દહેરા તરફ મજબુત કદમે ચાલ્યો. દહેરામાં દાખલ થયા પછી અરધો કલાક સુધી તે અંદર ઠોભ્યો, અને જ્યારે તે બહાર આવ્યો ત્યારે જોઉં છું તો તેના હાથમાં કોઇ ભેદ ભરેલી ભાશામાં લખેલી એક કેતાબ પકડેલી હતી. આ કેતાબ તેણે ખોલી અને તે ધ્યાન દઇને વાંચવા લાગ્યો.

કેતાબ વાંચવાનું પુરૂં થતાંજ તેના મોંહપર ખુશીની છાયા ફેલાઇ રહી. તે હસ્તે ચહેરે બોલ્યો: "અય મીનો! આ જેહાનમાં મને જે જોઇતું હતું તે મને મળ્યું છે. જો આ કેતાબ. એ કેતાબમાં મારે મનસે મોટો ખજાનો ભરેલો છે. તારે મનસે એ કેતાબની કાંઇ કીંમત નથી. તું તો કાંઇ ધન દોલતથી નવાજાય, તોજ તારાં મનની મુરાદ બર આવે. આ કેતાબમાં તેવી જરજવેરની જગ્યાઓનું જાબજા બયાન કીધેલું છે. માટે ચાલ જલદી. થા સવાર તારા તેજી અસપપર અને જ્યાં સુધી કલામોનો સાહયો આપણા સરપર છે ત્યાં સુધી તેનો લાભ આપણે લઇ લેવો જોઇએ."

આ પ્રમાણે બોલી પેલો બુઝોરગ એક જોરેમંદ જવાનની ઝડપથી પોતાના ઘોડાની પીઠપર ચહડી બેઠો અને ભારે જોશસાથ તેણે ચાહોમ આગળ વધવા માંડયું. તેનામાં અચંબુચ થઇ ગયલા આવા ફેરફારથી હું તો તાજુબજ રહયો. હયાં સુધી ધક્કેલા ખાઇ પેલી એજમતી કલામોથી ભરેલી કેતાબ તેણે મેળવી તો તે જુની પુરાણી કેતાબ એટલી તે શી કીમતી હશે તે મને સમજ પડી નહીં. અમે બે દીવસ સુધી જંગલ બી-

આબાનમાંજ ઘોડા દપટાવતા રહ્યા. તે ગંલજ બહુ લાંબું હતું. અંતે બીજા દહાડાની સાંજે અમો એક શહેરની નજદીક આવી પુગ્યા, જે શહેર એક ઉંચા પાહડનાં શીખરપર આવેલું હતું અને જેની આસપાસ રૂપેરી ચમકાટ સાથની દેવાલ ફરી વળેલી હતી. અમોએ તે શહેરની ચોપાસ જંગલમાંજ રાત તો પસાર કીધી અને બીજે દીવસે બારી બામદાદમાં ઉઠી ખુદા તાલાની દરગાહમાં શોકર ગુજારી અમારાં તે દીવસનાં કામમાં તેની યારી ચાહી અમોએ પેલાં શહેરની દીવાલ તરફ ચાલુ મુકયું.

અમે તે દેવાલની ચો તરફ સઘળે ફર્યા, પણ નહી તે દેવાલમાં કોઇ દરવાજો હતો યા નહીં તે દેવાલની અંદર આવેલાં શહેરમાં કોઇ જાતની વસ્તીની નીશાન હતી. સીયામકે સઘળી દેવાલ ચીપી ચીપીને તપાસી તો એક લોખંડની કડી જડેલો એક પથર તેને માલમ પડયો, જે પથરમાં જડેલી કડી ધરી તેણે ખેંચવા માંડી. ગમે એટલું જોર કરવા છતાં તે પથર એક તસુભાર પણ હીલ્યો નહીં. આથી સીયામકે અમારા ઘોડાઓને તેમની મજબુત લગામ અમારા કમરબંધની મદદથી પેલી કડી સાથ બાંધવા જણાવ્યું. આ પ્રમાણે ઘોડાઓને બાંધ્યા પછી તેમને ખુબ તરેહથી ચમકાવવામાં આવ્યા. તરતજ પેલો પથર હીલવા માંડયો અને ઘોડાઓ જોશબંધ નહાસવા જતાં તેમનાં જોશ સાથ પેલો પથર ઉછાલા સમેત બહાર નીકલી આવ્યો અને તે પથરના ખુલવા સાથ ત્યાંથી જમીનમાં ઉતરવાનો એક રસ્તો અમારી નજરે પડયો.

અમોએ ઘોડાઓને પાછા મજબુતીથી એક મોટાં દરખ્ત સાથ બાંધ્યા અને પેલાં ભોંયરાંમાં અમોએ ઉતરવા માંડયું. ભોંયરૂં તદન અધારૂં હતું અને ભારે સંભાલ સાથ તંતોસી તંતોસીને અમોએ આગલ વધવા માંડયું. આ પ્રમાણે અરધો કલાક સુધી અમે ચાલ્યા પછી કોઇ મોટી ધમણ ફુંકાતી હોય એવો આવાજ અમારે કાને પડયો. હું અને સીયામક બન્ને અટકી ઉભા અને વીચારવા લાગ્યા કે અધારાં ભોયરાંમાં ચાલતી આ ધમણની શી મતલબ હશે? અમો આ પ્રમાણે હજી તો અજબ થઇએ છઇએ તેવામ તો બે મોટા અઝદાહ અમારી નજરે પડયા, જેમના ફુંફારા અને સુસવાટા ધમણ ફુંકાતી હોય તેવા આવાજને જનમ આપતા જણાયા. તે બંન્ને અઝદાહની આંખોનો ચમકાટ એટલો ભારે હતો કે અંધારામાં પણ તેમનું રાક્ષસી બદન જોઇ શકતા હતા. બુઝોરગ તરતજ તેઓ તરફ ગયો અને પેલી પવીત્ર કલામોથી ભરેલી કેતાબ તેમનાં માથાંપર લગાડતાંજ તે અઝદાહોના ફુંફારા બંધ થઇ ગયા. આ પ્રમાણે પેલા અઝદાહોને શાંત કરી અમો આગલ

ચાલ્યા અને અંતે પેલાં શહેરનાં ચોગાનમાં અમો દાખલ થયા. ખરેજ! આ શહેર બહુ સુંદર હતું. તેનાં દીલખુશ ચોગાન, તેનાં બાદશાહી અએવાન, તેના મીનાર, તેના મહેલોની હારપર લાગેલી હાર જોઇ કોઇ પણ બેગાનો મરદ કહી શકે કે તે શહેર ખરેજ ભારે જાહોજલાલી ભરેલું હતું. પણ આવાં એક મોટાં શહેરમાં કોઇ ચલીઆંની પણ વસ્તી નહીં હતી એ ખરેજ ભારે તાજુબી ભરેલી બીના હતી. આ શહેર કયારે વસીયું હશે? કોણે વસાવ્યું હશે? કયારે તજાયું હશે? શા સબબ સર તે આવી વેરાન હાલતમાં પડયું હશે? એ સઘલા સવાલોની સામટી હારમાલા મારા મગજમાં ઉભી થઇ. મેં સીયામકથી તે સઘલી હકીકત જાણવા માંગી. પણ તેણે મારા એક પણ સવાલનો જવાબ નહીં વાલયો. અંતે એક મોટા સુંદર બગીચાના કટેરાઓ આગલ અમો આવી પુગ્યા, જે બગીચાની વચોવચમાં આસમાન સાથ સર લગાડી ઉભેલો એક રાજ્ય મહેલ આખા શહેરની સઘલી ઇમારતોને પોતાની મહાભારત રોણકથી શરમમાં નાખતો હતો. આહ! તે મહેલનો મનહરણ ચીતાર મારી આંખો આગલથી હજી ખીસ્તો નથી.

તેના બગીચામાં અમો દાખલ થયા અને એક દીલકશ ફુંવારાની ચોપાસ ગોઠવેલી આરસપહાણની બેઠકપર અમો ગોઠવાયા. પેલા બુઝોરગે પોતાની એજમતી કેતાબ કહાડી અને તેમાંથી તહરેવાર તલેસમાતી કલામો તે ભણવા લાગ્યો. અંતે તેણે તે કલામો ભણવાનું પુરૂં કીધું અને મને પેલા મહેલમાં દાખલ થવાનો તેણે હોકમ કીધો. તેના હોકમને તાબે થઇ હું તે મહેલમાં દાખલ થયો. તે મહેલની અંદર ઉંચી સીહડી બહુ કીમતી આરસપહાણની બનાવેલી હતી અને સીહડીની બંન્ને બાજુએ થોડે થોડે ખટકે સુંદર સંગેમરમરમાંથી કોતરી કહાડેલાં તરાંહ તરાંહનાં પુતલાંઓ ગોઠવેલાં હતાં. સીહડી પુરી કરી તેનાં બુલંદ દીવાનખાનામાં દાખલ થતાં મારી નજરે પડેલો દમામદાર દેખાવ હું કોઇ કાલે પણ ભુલનાર નથી. ખરેજ! તે દીવાનખાનાનો સણગાર કોઇ માણસાઇ હાથે થયલો નહીંજ હોવો જોઇએ, કોઇ જીન પરીનુંજ તે કામ હોવું જોઇએ. દીવાનખાનાની વચોવચમાં સો બતીનું એક ઝુમર બળતું હતું, જેના જાતજાતના ગોલાઓમાંથી પસાર થતી ઠંડી રંગની રોશનીથી આખું દીવાનખાનું ગોયા દીલપઝીર ચંદણીમાં ચમકી રહયું હતું. દેવાલ પર બહુજ દેલકશ ચીતારો પાડેલા હતા અને ચોતરફ રતનજડીત ખુરશી, મેજ, પલંગ વગેરે ગોઠવેલાં નજર આવતા હતા. દીવાનખાનાની વચોવચમાં આવેલાં ઝુમરની હેઠલ એક

સોનેરી તખ્ત ગોઠવેલું હતું જે તખ્તપર એક બુઢો માણુસ મરણ પામેલાં માણુસના જેવા ફીક્કાફ્ચ ચેહરા સાથ સુતેલો હતો; પણ તેની આંખો ખુલ્લી હતી અને તેમાં કાંઇ ખુદાઇ નુર ચમકતું હોય એમ માલમ પડતું હતું. મેં તેને ભારે ઇજત સાથે નમીને સલામ કીધી, પણ તેણે તે સલામનો કાંઇ પણ જવાબ વાળ્યો નહીં. મેં તેની સાથ વાત કીધી, પણ તે વાતનો પણ કાંઇ ઉત્તર તેણે પાછો ફેરવ્યો નહીં. હું હવે ગભરાવા માંડયો અને મારા મનમાં રમી રહેલા ધાસ્તીના વીચારોએ પેલાં માણુસને એવાં તો દેખાવથી મારી તરફ ટીકતો બનાવી મેલ્યો કે હું જીવ લઇને ત્યાંથી નાઠો અને સીયામક આગલ જઇ ધાસ્તીથી ફીકોફ્ચ બની ધ્રુજતો થથરતો ઉભો.

મારી આવી હાલત જોઇ સીયામક પુછવા લાગ્યો કે "છે શું?" મેં સઘળી હકીકત કહી સંભલાવી જે પુરી થતાંજ તે બોલ્યો: "શોકર પરવર-દેગારના! મારી રંજ અને જહેમતનો ગંજ મળવાનો વખત હવે નજદીક આવી લાગ્યો છે. જા તું પાછો જા. પેલા બુઢાની આગળ બેફીર તું જા, અને જે સંદુક પર માથું મુકીને તે સુતેલો છે તે સંદુક તું મને લાવી આપ."

સીયામકનાં ફરમાનને માથે ચહડાવી હું પાછો પેલા મહેલમાં દાખલ થયો અને પેલા બુઢા આગળ બેધડક ગયો. તે જે તખ્ત પર સુતેલો હતો તે પર ચઢવાને એક રૂપેરી સીહડી ગોઠવેલી હતી. તેનાં ત્રણ પગથીઆં ચઢવાનાં હતાં. પહેલાં પગથીઆં પર મારો પગ પડતાંની સાથ પેલો બુઢો માણુસ એક ઉછાલા સમેત તે તખ્ત પર ઉઠી ઉભો થયો. મારા પગમાં કાંઇ અજબ વીજલી આવી ગયલી હતી: એટલે બીજું પગથીઉં પોતાની મેલેજ ચઢાઇ ગયું. બીજાં પગથીઆં પર મારો પગ પડતાંજ પેલા બુઢાએ પોતાની પાસે પડેલી એક ભારે કમાન ઉઠાવી તેનો ચીલ્લો ચહડાવી મારી પર તીર મારવાને નેમ તાંકી. આ તીરકમાને મને મારા વીચારમાં તીરકમાન બનાવી દીધો અને બીજીજ પલે હું ઉભી પુછડીએ ત્યાંથી જીવ લઇને નાઠો.

સીયામક મારી રાહ જોતો બહાર તૈયાર ઉભો હતો. મને ફીકાફ્ચ ચહેરે દોડી આવતો જોઈ તે બોલ્યો "તું ભારે હીંમત માટે આપેલા કોલ આવાં હીચકારાંપણાંથી પાલે છે કે? અય નાહીંમત! આવ મારી સાથ; જો કે તારે માટે કેવો અખુટ ખજાનો ત્યાં દાટેલો છે." એમ બોલી તે મને હાથ પકડી અંદર ખેંચી ગયો અને પેલાં તખત આગળ અમો આવી પહોંચ્યા. ત્યાં જઇને જોઉં છું તો પેલો બુઢો તો પાછો પોતાની અસલ

હાલતમાંજ સુઇ ગયલો હતો. સીયામક પેલાં તખતનાં પહેલાં પગથીઆ પર ચઢયો કે તરતજ પેલો બુઢો છલાંગ મારીને અસલ માફક પાછો ઉભો થયો. મારો સાથી તરતજ બીજા પગથીઆં પર ચઢયો અને પેલા બુઢાએ આગળ માફકજ કમાનને ચીલ્લો ચઢાવી તીર તાંકવાની તઇઆરી કીધી. સીયામકે પોતાના હાથમાં પેલી એજમતી કેતાબ પકડી અને ત્રીજા પગથીઆં પર પગ મેલતાંજ તે બુઢાએ તાંકીને તીર ફેંકયો. સીયામકે તરતજ તે તીર પેલી કેતાબ પર જીહલી લીધો; કેતાબને તીર અફડીને ત્રણ ટુકડા થઇ નીચે પાછો પડયો. આ તીર એક તરફ ટુકડા થઇ પડયો કે બીજી તરફ પેલો બુઢો પણ પાછો તખત પર પટકાઈ પડયો અને તેની આંખમાં જે નુરી ચમકાટ ચમકતો હતો તે નદન નાબુદ થઇ ગયો. મારા શેઠે તરતજ તેનાં માથાં તળેની પેલી સંદુક ઉઠાવી અને તે સંદુક ખોલી તેમાંથી એક એજમતી ચાવી કહાડી લીધી કે જે ચાવી અખુટ ખજાનાનો ભંડાર ખુલ્લા મુકે તેવી હતી. તે ચાવી લઈ અમો ખજાનાના ભંડાર તરફ ગયા કે જયાં મોતી માણેક અને હીરાના ઢગના ઢગ પડેલા હતા. પેલા બુઢા સીયામકે મને પેટ પુરતાં જવાહીરો તે ઢગમાંથી લેવા દીધાં. મારા પોશાકનાં ખુણે ખુણામાં જેટલાં જવાહીરો સમાઇ શકે એટલાં સઘળાં મેં લીધા. સીયામકે તો ત્યાંથી કાંઈ પણ ઉંચકયું નહીં તે જોઇ મેં અજબ થઇ પુછયું: “અય આકેલ ખુદાવંદ! આ અખુટ ખજાનામાંથી તું કોઇ ચીજ કેમ ઉઠાવતો નથી? આ તારા હાથમાં પકડેલી કેતાબ તુંને દુનીઆમાં શી ખપ લાગવાની છે. આવો અખુટ ખજાનો તુંને બીજે કયે ઠેકાણે મલનાર છે? દુનીઆમાં ડહાપણ દોલીને શું કરવાનું છે? ડહાપણ જો પેટ ભરતું હતે તો પછી જોઇતેજ શું?”

તે બુઝોરગ માણસ બોલ્યો: “મારા બેટા! મારી જીંદગીની દોરી હવે તુટવાની અણીપર આવેલી છે અને ખરાં ડહાપણની ખોલ કરવામાંજ મેં મારી જીંદગી ગુજારેલી છે. અગર જો આદમ જાતનું ભલું કરવામાં હું મારી જીંદગી નહીં ગુજારૂં તો તે સાહેબની હજુરમાં હીસાબ આપવા જતાં મને મારાં પાપનોજ હીસાબ આપવો પડે, એટલુંજ નહીં પણ મેં જે ભલાઇ કરવાની પડતી મેલી હોય તેને માટે પણ મને સંતોષકારક ખોલાસો આપવો પડે. તારી વાત ન્યારીજ છે. તું બચરવાલ છે અને તારાં બાયડી છોકરાંનું પુરૂં કરવાની તારી ફરજ હોવાથી આ અખુટ ખજાનામાંથી જે તું ઉંચકશે તે તેમનાં ગુજરાણ માટે કામ લાગવાથી તે તારૂં કામ નદન વાજબી ગણાશે.

માટે તું તારેથી લેવાય એટલું લે; મને તો મારી આ કેતાબ એક નહીં ખુટે એવા ખજાના સમાન છે.”

મેં જેટલાં લેવાય એટલાં જવાહીરો લીધાં પછી અમો તે મહેલમાંથી પાછા બહાર નીકળ્યા. તેમાં સમાવેલી સઘળી દોલત હું લઇ જઇ શકયો નહીં તે માટે હું મારા મનમાં ઘણો દલગીર થવા લાગ્યો. અમે તે મેહેલથી કેટલેક દુર પુગ્યાં ત્યાં સુધી તે મહેલ તરફ ફરી ફરીને મેં જોયા કીધું. સીયામકે તે મહેલ તરફ નહીં જોવાને મને ઘણો સમજાવ્યો પણ જ્યાં આ જગતની પાદશાહી મેલવાય એટલી દોલત દાટેલી ત્યાં મારી નજર મારી ગમે એટલી ના મરજી છતાં ફરયા વીના રહેજ કેમ? મેં ફરી એકવાર તે મહેલ તરફ નજર ફેંકી અને જેવી તેના દીલખુશ મીનારાઓપર મારી નજર ઠરી કે તરતજ તે હવામાં પીગલી ગયો અને એકાએક ગુમ થઇ ગયો. મામલો જોઇ હું ઘણો તાજ્જુબ રહયો અને સીયામકને તે વીશે કહેતાં તે બોલ્યો: “ મીનો ! તે ફીરસ્તારની કરામતના ભેદભરમ સમજવામાં ફોકટનાં ફાંફાં મારવાનું કામ તું મેલી દે અને આપણી મુસાફરીમાં જે ફતેહ આપણે મેલવી છે તે પર શોકર કર.”

સીયામકની આ શીખામણ સાંભલી હું ચુપજ રહયો. અમોએ મારાં શહેર તરફનો રસ્તો લીધો અને કેટલીક મુદતે ત્યાં સહીસલામત જઇ પહોંચ્યા. પેલી બખ્તાવર અગીઆરી કે જ્યાં મારૂં કીસમત ખુલી ગયું હતું ત્યાં અમો અંતે આવી પહોંચ્યા. દાદારે અમને આપેલી મદદ માટે હઝારો હઝાર શોકર કરી અમોએ ત્યાં બંદગી પુરી કીધી અને પછી મારે મકાને જવાની મને રજા આપતાં બુઝોરગ સીયાયામક બોલ્યો: “મીનો ! જા, હવે તારાં બાયડી છોકરાંને જઇને મલ. તે રહેમદીલ પેદરે તને જે બેહદ દોલત બખશી છે તેપર સંતોશ પકડજે. લોભ લાલચમાં ફસતો ના. ખુશામદખોરા મીત્રો તારી દોલતપર તાંપી તુને છાપડે ચહડાવી ખુહાર કરશે: માટે તેમની સંગત સાંધતાં સંભાલજે. ગરીબોપર રહેમ રાખજે. દોલત આજે છે કાલે નથી તે યાદ રાખજે, અને નેકી ને નીતીના રસ્તાપર હમેશાં તારાં કદમ ધરજે.”

એટલું બોલી બુઝોરગ સીયામકે મને મહોબતભરી બગલગીરી કીધી. હું મારે મકાને ગયો. મારાં બાયડી છોકરાં મને પાછો આવેલો જોઇ ઘણાંજ ખુશ થઇ ગયાં અને મેં મેલવેલી દોલતથી હું બાકીના દીવસો અમનચમનમાં ગુજારવા લાગ્યો.

ત્રણ મુરખાઓની વાત.

મીસર દેસની રાજધાણી કેરો શહેરના એક સાંકડા મહોલ્લામાંથી ત્યાંનો હાકેમ સીરૂયેહ એક દીવસે ઘોડાપર સ્વાર થઇ ધીમે કદમે પસાર થતો હતો. તેવામાં તે એક કારીખાના યા કાવાખાના આગલ આવી પુગ્યો કે જ્યાં ત્રણ શખ્સો ભાંગની કેફમાં ચકચુર થઇ બેઠેલા હતા. હાકેમે તે ત્રણને ખુશ મીજ્નજમાં ગરક થયલા જોઈ પોતે પણ ખુશ ટકોરમાં તેમને સલામ કરી આગલ વધ્યો. પણ ત્યાંથી થોડે દુર જતાંજ તેનો રસ્તો બંધ થઇ ગયલો જણાયો; કારણ કે ઉંટોની એક હારની હાર ભારે બોજા સાથ સામેથી આવતી હોવાથી રસ્તો એટલો રોકાઇ ગયો હતો કે લોકોની વચેથી ઘોડાપર પસાર થવું બહુ મુશકેલ હતું. તે એક બાજુએ થઇ ઉભો રહયો જ્યાંથી પેલા કાવાખાનાવાલા ત્રણ શખ્સો તેની નજરે પડતા હતા, એટલુંજ નહીં પણ તેઓ કાંઇ તકરારમાં મોટે મોટે ઘાંડો પાડતા હતા તેના અવાજ પણ તેને કાને સંભલાતા હતા.

સીરૂયહે તે વાત શી થતી તે સાંભળવાની ઘણી કોશેશ કીધી પણ તે વાતનો એક શબ્દ પણ તે સાંભલી શકયો નહીં. અંતે પેલી ઉંટોની વંજાર પસાર થઇ ગઇ. તેનો મારગ ખુલ્લો થયો અને મહેલ તરફ જતાં રસ્તે પેલા ત્રણ શખ્સોનોજ ખ્યાલ તેને આવ્યા કીધો. તેઓએ તેના ગયા પછી લાંબા લાંબા હાથ કરીને અને ઘાંટા પાડીને શી તકરાર ચલાવી હશે તે જાણવાની તેને ઘણીજ ચટાપટી થવાથી તેણે મહેલમાં પુગતાંજ બે સવારોને કાવાખાના તરફ દોડાવ્યા કે પેલા ત્રણે જણાને મહેલમાં ખેંચી લાવે. પેલા સવારોએ જઇ તે ત્રણે જણાઓને હાકેમનો હુકમ ફરમાવ્યો અને તે હુકમને તાબે થઈ તે ત્રણે શખ્સો મહેલમાં આવ્યા.

જયારે તેઓને સીરૂયહે હજુર હાજર કરવામાં આવ્યા ત્યારે તેમને તકરારનો સબબ પુછતાં તેઓમાંના એકે જણાવ્યું :

"અય હાકેમ ! સલામત રહો ! ખુદા તારી ઉમર દરાઝ કરો ! તું નામદાર જ્યારે અમારી આગલથી ઘોડેસ્વાર થઈ પસાર થયો ત્યારે તેં કીધેલી સલામ અમો, ત્રણમાંથી કોણને કીધી હતી તે વીશે અમો વચે કસાકસી ચાલી અને લાંબા લાંબા હાથ અને મોટાં મોટાં ઘાંટાંનો સબબ તે સલામનું માન કોણને મલ્યું હતું તેના સંબંધમાં અમો વચે ચાલેલી તેજી તકરાર હતી."

આ સાંભલી સીરૂયહ હસી પડયો અને બોલ્યો:" તમો ત્રણે ભાંગ પીનારાઓ છો એમ મેં તમારા ચહેરાપરથી જોઈ લઇ જેણે ભાંગની જુમમાં

સઉથી વધુ મુરખાઇ ભરેલું કામ કીધું હોય તેને મેં તે સલામ કીધી હતી."

"ત્યારે તો અય ખુદાવંદ! તે સલામનું માન મનેજ મલવું જોઇએ!" એ પ્રમાણે એકે અવાજે તે ત્રણે ભાંગીઓ બોલી ઉઠયા.

હાકેમ એકદમ તેમને અટકાવી બોલ્યો: "તમે ત્રણે જ્યારે મુરખના પાદશાહ ગણાવાનો દાવો કરો છો ત્યારે તમારી ત્રણેની મારે પરીક્ષા કરી એ માન કોણુને આપવું તે મારે નક્કી કરવું જોઇએ: વાસ્તે તમારી હકીકત મને કહી સંભળાવો કે જેથી હું જાણું કે તમો ત્રણમાં સઉથી મોટો મુરખ કોણુ છે? તમો ત્રણે એકેક પછી તમારી વાત સંભલાવો. તું તારી વાત પહેલાં ચલાવ." એમ બોલી હાકમે એક તરફ આંગલી બતાવી અને તેણે પોતાની વાત નીચે મુજબ કહી સંભલાવી:

પેહેલા ભાંગ પીનારની કહાણી.

અય ખુદાવંદ! આજ કેટલાંક વરસની વાતપર મારી સોડે સારી દોલત હતી જે મારૂ રોજનું ગુજરાન કરવાને પુરતી હતી. એક દીવસે હું ફરતો ફરતો એક કાવાખાના આગલ આવી પહોંચ્યો અને ત્યાં એક કાફીનો પ્યાલો પીધા પછી ભાંગની એક ગોટી ચહડાવી, ત્યાંજ થોડો વખત બીજા ભાંગીઓ સાથ ખુબ ગોફતેગોમાં ગુંતાયો. અંતે ભાંગે મારા મગજપર અસર કરવા માંડી અને હું ત્યાંથી ઉઠી ખુલ્લી હવામાં લટાર મારવા નીકળી પડયો. રસ્તે ચાલતાં એક બીજાં કાવાખાના આગલ હું જઇ પહોંચ્યો, જ્યાં કાવાખાનાની બહાર સેંકડો લોકનું ટોલું એકઠું થયલું જોઇ હું પણ તેઓમાં સામેલ થયો. ત્યાં જઇને ઉભો રહયો: એટલે એક ઘણાજ મીઠા હલકથી ગાનાર જવાનને એક પરીચહેર નાઝનીનની દીલપસંદ હેકાયત શાએરીની ધુનમાં ગાતાં સાંભળ્યો. તે નાઝનીનની ખુપસુરતીનાં રંગીલાં દાસ્તાને ખરેજ મારૂં મન હરી લીધું. મારૂં ચીત્ત ચપીત બનાવી મેલ્યું. લયલી તેની આગલ કોઇ ચીજ નહી હતી. ઝુલીખાંની વખાણ, તેની તારીફ આગલ ધુલ સમાન હતી. તે નાઝનીનનું નેક નામ હરીદી હતું. હા! હરીદી એક ખરી હુરીજ હતી અને તે હુરના ચહેરાનાં નુરપર પુર મોહીત બની જ્યારે પેલા જવાને પોતાનું તે દીવસનું દાસતાન પુરૂં કીધું ત્યારે મેં મારા ગજવામાં જેટલા પઇસા હતા એટલા કાંઇ પણ આનાકાની વીના તેને કહાડી આપ્યા.

બીજે દીવસે મેં એજ પ્રમાણે ભાંગની ગોટી ચઢાવી પેલા કાવાખાના તરફનો રસ્તો લીધો અને પેલા જવાને તરતજ શરૂ કીધેલું બેનમુન હરીદીનું દાસ્તાન હું સાંભલવા લાગ્યો. જુદાં જુદાં દેશોના શાહજાદાઓ અને પીલતન

જેવી પેદાનીના પહેલવાનોએ હરીદીનો હાથ મેલવવાની હરીફાઇમાં કેવાં કેવાં હક્તેખાનો હઠાવ્યાં તેનું તે દીવસનું દાસ્તાન હતું. તે સઘલાઓને તેણીએ કેવી રીતે કાંઇ પણ મચક આપ્યું નહીં અને કેટલાક હોશનમંદ જવાનોએ તેણીની જુદાઇના ગમમાં કેવી રીતે જાન ખોહયા તેનું રંગીલું વરણન સાંભલી મારી રગેરગ લડાયક ઝુમ અને મહોબતના જુસ્સાથી ધડકવા લાગી. તે દીવસનું દાસ્તાન ખતમ થતાં મેં આગલા દીવસ કરતાં બેવડા પઇસા મોડી હરીદીનાં નામપર બક્ષેસ આપી દીધા.

ત્રીજે દીવસે તે જવાને પોતાનું દીલરૂબા દાસ્તાન આગલ ચલાવ્યું તેની ઘણો વખત અગાઉથી હું પેલાં કાવાખાનામાં જઇ બેઠો અને હસીસ ચઢાવી તેની ખુશ લહેરમાં લલકારતો પડયો. અંતે પેલા જવાને હરીદીની હકીકત ગાવા માંડી. ફીરેસ્તાઇ હોશનના શાહજાદા અને નવજવાન નામના ઉઠાવનાર દલેર પહેલવાનોને પડતા મુકી હુરીસમ હોસનવાલી હરીદાએ કોઇ હલકા હજામડા સાથ મહોબતનો ગાંઠ બાંધ્યો. આ વાત સાંભલતાંજ મારૂં લોહી ઉકલી આવ્યું. મારી મનમોહન હરીદી મારા હાથમાં આવવાનાં કાંઇ કુંડીબંધ હવાઇ કીલ્લાઓ મેં બાંધી રાખ્યા હતા તેવામાં આ હલકા હજામડાને આવી શોખાઇ કરતો સાંભળી મારો પીત્તો ઉછલી આવ્યો હતો. મારી રગેરગમાં અદેખાઇના આતશના શોલા ઉડવા લાગ્યા. પણ તે દાસ્તાન આગલ ચાલતાં મારાં ઉકલતાં લોહીને જરા ટાઢક વલવા માંડી: કારણ, હરીદીનાં માબાપના કાનપર પેલા હજામડાની વાત આવતાંજ તેઓએ હરીદીની સાથ તેની મુલાકાત કરવાના સઘલા દરવાજાજ બંધ કરી દીધા. હરીદાએ રડી કકલીને ભારે તોફાન મચાવ્યું, પણ તે સઘલું ફોકટ તેણીનાં માબાપે પેલા લુચ્ચાને ત્યાં આવતો અને તેણી સાથ કાંઇ પણ ખતપત્રનો વધીક સંબંધ રાખતો અટકાવ્યો. તે ત્રીજા દીવસનું દાસ્તાન હયાંજ ખતમ થયું. મેં છુટકારાનો દમ ખેંચ્યો. મારી હરીદીને પેલા હજામડાના હાથમાંથી છોડવી, તેના ઇનામ તરીકે મેં પેલા હેકાયત કહેનાર જવાનને મારાં ખીસાં સઘલાં ખાલી કરી નાખીને નવાજી નેહાલ કીધો.

આ પ્રમાણે ઘણાક દીવસો મનમોહન હરીદીનું દીલપઝીર દાસ્તાન સાંભલવામાં મેં ગુજારયા. હસીસ પોતાનું કામ કરતીજ હતી. એક દીવસે તેમને અદેખાઇના આતશમાં જલાવી મારતી હતી તો બીજે દીને મીઠી હરીદીના મનપસંદ ખ્યાલમાં મને રમાડી ગેલ કરાવતી હતી. પણ એક બીના દરરોજ બનતી હતી અને તે મારાં ખીસાં ખાલી થવાનો સોદો હતો.

મારી ખરચી હવે ખુટવા માંડી. હરીદી તરફના મારા પ્યારે મને ઘેલો

દેવાનો કરી મેલ્યો હતો. ખરચી ખુટવાને લીધે મારૂં પેટ ભુખ્યું ખાલી હતું, પણ મારૂં મગજ તરેહવાર વીચારોથી ભરેલું હતું. આ પ્રમાણે હવે ભુખે પેટે હું કાવાખાનામાં હરીદીનું દાસ્તાન સાંભલવા જતો હતો. મારી સઘલી દુનીઆજ હવે હરીદીમાં આવી અટકી હતી. હું ખાલી પેટે અને ખાલી ખીસે તેણીનું દાસ્તાન સાંભલવા દરરોજ પેલાં કાવાખાના-તરફ દોડતો હતો અને હરીદીનાં સુખદુખમાં મારૂં પોતાનું સુખદુખ સમજી લેતો હતો. એ પ્રમાણે એક દીવસ તે કાવાખાનામાં હું દાસ્તાન સાંભલતો હતો તેવામાં તે દાસ્તાન કહેનારો જવાન ગવઇઓ હુસ્કે હુસ્કે રડવા લાગ્યો. હું તરતજ તેની આગલ દોડયો અને મેં તેને ઘણા પ્યાર સાથ પુછ્યુ "અય અઝીઝ! બોલ, શું છે? કાં? એમ રડે છે કાં?"

તેણે જવાબ દેતાં બે ડચકાં ખાધાં અને બોલ્યો: "શું કહું યાર! આ દોરંગી દુન્યામાં આવું સઘલું ફોકટ છે. ગરીબ બીચારી હરીદી! હરીદી!"

મેં તેને દીલાસો દેતાં કહ્યું: "હા! તારૂં કહેવું સાચું છે. પણ શું થયું? હરીદીને શું થયું?"

તે જરા ગુસ્સે થઇ અરધો અજબ થઇ પુછવા લાગ્યો: "શું થયું? હરીદીને શું થયું તું પુછે છે? અરે, હરીદી તો બીચારી અંતે મરણ પામી!"

"હાય! હાય! હરીદી! હરીદી! તું મને એકલો મેલી કયાં ગઇ?" એમ બોલી હું મારૂં મ્હોડું માથું કુટવા લાગ્યો અને બદનનાં કપડાં ફાડી કહાડી બાલ પીખતો એક દેવાનાની માફક હરીદીને ભેટવા દોડયો. હું ખરેખર દેવાનોજ થઇ ગયો હતો. રસ્તે દોડતાં મારા હવાઇ ખ્યાલોમાં મેં હરીદીની લાસને દફન કરાવવા લઇ જતાં જોઇ અને અંતે દોડતાં દોડતાં દાકીને હું એક મકાનના દરવાજાપર ઉંધે મસ્તક પડયો. જ્યારે સુધ્ધીમાં આવ્યો ત્યારે જોઉં છું તો તરેહવાર લોક મારી આસપાસ ફરી વલેલું. મારાં ફાટાં તુટાં કપડાં સઘલાં લોહીમાં ગગરતાં થયલાં અને મારાં કુટેલાં માથાંમાંથી નીકલતું લોહી બંધ કરવાને તેપર તાણીને પાટા બાંધેલા. મારી સુદ્ધી આસ્તે આસ્તે ઠેકાણે આવવા લાગી અને ત્યારેજ મેં જાણ્યું કે હું તો મારાં મકાનનાજ દરવાજાપર બેહોશ થઇને પડેલો હતો. આ બનાવથી મને ઘણુંજ ખસીઆણું લાગ્યું. મારા આ મીત્રો મને પેલા કાવાખાનામાં લઇ આવ્યા અને ત્યાં બેઠાં બેઠાં અમો અમારી આગલી

પાછલી વાત યાદ કરતા હતા, તેવામાં તુ નામવર હાકેમ ત્યાંથી પસાર થયો અને અમોને સલામ અલેકુમ કરવાની તેં મહેરબાની કીધી. અય જેહાંપનાહ! આ મારી ખરી હકીકત છે, અને હું ખાતરીથી કહું છું કે મારા જેવો બેવકુફ આખી દુનીઆમાં એક પણ મલનાર નથી.”

હાકેમે આ મુરખાની વાત પુરી થતાં કહયું: “ તારી હકીકત સાચી હોવી જોઇએ; પણ મેં કીધેલી સલામ કોણને માટે હતી તે નક્કી કરવાનું કામ તારા બંને સાથીઓની વાત પુરી થતાં સુધી મારે મુલતવી રાખવુંજ જોઇએ: માટે તારા સાથીઓમાંના એકને હું હુકમ કરૂં છું કે તેણે પોતાની હકીકત મને કહી સંભલાવવી.

હાકેમ સીરૂયેહ આ હુકમ સાંભલતાંજ બીજા ભાંગીએ પોતાની હકીકત કહી સંભલાવવા માંડી.

બીજા ભાંગ પીનારની કહાણી.

“ અય ખુદાવંદ! હું એક તવંગર અને આબરૂદાર વેપારી હતો. ખુદાની મહેરથી મારી મહોરદાર ઘણી ખુબસુરત મલી હતી અને તેણીને પેટે થયલાં બચાં પણ ઘણાં ખુબસુરત હતાં. મારી જીંદગી સઘલી ખુશી ખુરમીમાં, એશઆરામમાં અને સુખશાંતીમાં પસાર થતી હતી, તે સુખના દહાડા દુ:ખના દીવસોમાં આજે બદલાઇ ગયા છે અને તે સુખનું સત્યાનાશ વાલનાર હસીસ સીવાય બીજું કોઇ નથી. એક દીવસે મારી મીઠી મહેબુબ સાથ અને મારાં મધુરાં બાલકો સાથ હું સુખચેનમાં બેસી હસીસની ગોટી ચહડાવી ખુશમીજાજમાં વાત કરતો બેઠો હતો. મારી બાયડી એક સુંદર ભરતકામ સાથ રોકાઇ હતી અને મારા વહાલાં બચ્ચાંઓ પોતાની નીરદોશ રમતમાં આખું ઘર ખુશાલીની ચીચીઆરીથી ગજાવી મારો જીવ ખુશ કરતાં હતાં. મારાં મગજમાં ભ્રુમરી ચલાવવા માંડી. મારાં બચ્ચાંઓની રમત ગમત મને અકારી લાગવા માંડી. મારી મીઠી મહેબુબની મધુરી મુરત માને મનસે ડરામણી દીસવા લાગી. મારૂં મકાન હીંદોલાની માફક હાલવા લાગ્યું. મારાં બચ્ચાંઓની હરખભરી વાતચીત નાના નાના દેવદરૂજોના દોર જેવી દેખાવા લાગી. મેં તેમને ચુપ રહેવા ફરમાવ્યું, પણ તેઓ જ્યાં ગેલગમતમાં ઘુંટાયાં, ત્યાં કાંઇ તેઓ ટરેલાં ટરે? હું એક ગમથી ના કહું કે બીજી તરફથી તેઓ બેવડી હસાહસ અને ખીખીખાખા ચલાવે. તેમની આ મોજમજા હું મારી મશ્કરી માનવા લાગ્યો અને તેમને એકદમ ચુપ રાખવાની મતલબથી મેં મારી લાકડી ભારે જોર સાથ ઓરડાની પાટીઆંની જમીનપર ઠોકી. છોકરાંઓ ચુપ થઇ ગયાં અને તેમને

વધુ ચુપ કરવાને મેં તે લાકડી પાછી જમીનપર ઠોકી. તે લાકડી પાછી ઠોકતાંની સાથ તે જમીનમાંથી પોકલ આવાજ નીકલ્યો. મને ભાંગની જુમ પુર જોમ સાથ ચઢી હતી અને તે જુમમાં મારા કાનમાં હસીસે ફુંક મારી કે "આ પોકલ આવાજ જમીનનાં પેટામાં છુપી રીતે દાટેલી ખજાનાની પેટીમાંથી આવે છે." ભાંગની જુમમાં આ ખ્યાલ આવતાંજ મેં વીચાર કીધો કે "ધીર ધર, આબેદ! જરા ધીર ધર! ઉતાવલો ના થા! ઓરત જાતના મોંહને તાલું મારી શકાતું નથી. તારો સઘલો ભરમ તારી ઓરત ફોડી નાંખશેઃ માટે પહેલાં તું તેને રૂખસદ આપ!"

એક તરફથી આ વીચાર મારાં મનમાં આવ્યો કે બીજી તરફથી મેં મારી બાયડીથી છુટાં થવાની વેતરણ કીધી. ભાંગની જુમથી ઘેરાયલી ન-સતસી રહેલી આંખો સાથ હું કુદકો મારીને મારી બેઠકપરથી ઉઠયો અને બોલ્યોઃ "અય ઔરત! જા નીકલ મારાં મકાનમાંથી. આજથી હું તુંને તીલાક આપું છું."

મારા આ બોલ સાંભલી મારી બીબી તો ઘભરાઇ ગઇ. તેણીએ તાજુબીમાં અને ગભરાતમાં પોતના હાથમાંનું ભરતકામ બાજુએ ફેંકી દીધું અને કાલાવાલા કરતી બોલીઃ "મારા વહાલા ખાવીંદ! શું છે? શું છે? મેં શો તમારો ગુનાહ કીધો?"

મેં ગુસ્સાથીજ પાછો જવાબ દીધોઃ "એક બોલ પણ તું બોલતી ના! આ ઘડીએજ તારાં બચ્ચાંઓને લઇને તું મારાં મકાનમાંથી ચાલીજા!"

"અય જાની જીગર! એ શી આફત? મેં બાર વરસ થયાં તારી સાથ સંસાર માંડયો છે તે દરમીઆન કોઇ કાલે પણ મેં તુંને કાંઇ પણ ગુસ્સે થવાનું કારણ આપ્યું નથી અને સુખસંપમાં તારી સાથ મેં તે મુદત ગુજારી છે, તો આજે અચબુચ આવી તાનાજનીને લાયક હું કેમ થઇ? બોલ, મારા વહાલા, બોલ! મેં શી કસુર કીધી?"

"હું કોઇ પણ વાતનો ખુલાસો કરવા માંગતોજ નથી. આ એક હજાર દીનાર છે તે તું લે. તારે ગમે એટલો સરસામાન હયાંથી ઉંચકી લઇ જા અને તારાં બચ્ચાંઓને લઇ તારા બાપને ઘેર ચાલતી પકડ!"

મારી ઔરત, ગરીબ બીચારી નીરદોશ નાર, તુટેલાં દીલે ઝરઝર રડતી પોતાના ઓરડામાં ગઇ અને મારા હુકમને બજુજ ગમગીનીથી તાબે થઇ, પોતાનાં બચ્ચાંઓને લઇને ત્યાંથી પોતાના બાપને ઘેર ગઇ. મારી બાયડી

છોકરાંના ગયા પછી હું હરખમાં આવી જઇ બોલ્યો: "હા! હવે હું એકલો પડયો ખરો! હવે આ ખજાનાની ખોલ કરૂં."

એમ બોલી હું મારી બેઠકપરથી ઉઠવા જતો હતો તેવામાં મને એક લપેરો આવી ગયો અને હું પાછો મારી બેઠકપર જઇ પડયો. "સબર, આબેદ, સબર!" ભાંગે આ પ્રમાણે મારા કાનમાં પાછો શબ્દ નાંખ્યો: "તું એટલી ઉતાવલ ના કર! ધર કે તુંને આ છુપો દાટેલો ખજાનો હાથ લાગ્યો તો તારા જેવા ભાંગી ભાંગની ઝુમમાં તે સોધ માટે કોઇ આગલ ભાંગડો નહીં વાટી દેશે તેની જામીનગીરી શી? તું તારી ઝુબાનના રસ્સને દાનેશમંદીની લગામથી કાબુમાં રાખી શકશે કે નહીં તે માટે તું તારી પહેલાંથી ખાતરી કરી પછી વધુ આગલ પગલાં ભર."

ભાંગના દેવે મારાં કાનમાં મારેલી ફુંકની મારીપર તરતજ અસર થઇ અને મારાં ગજવામાં આસરે પાંચસો દીનાર હતા તે લઇને હું સપાટાબંધ ત્યાંથી નીકલી પડયો અને જલ્લાદ પાસે ગયો. મારાં ખીસામાંથી પાંચસો દીનાર કહાડી પેલા જલ્લાદના હાથમાં મેં મુકયા અને કહયું "તારી મહેનતના બદલામાં આ પાંચસો દીનાર લઇ મારા પગનાં તલીઆંપર તું પાંચસો ફટકા ચાબુકના લગાવ; દરેક ફટકો લગાવતાં તું મને પુછ કે મેં કાંઇ જોયું છે, કાંઇ સોધી કહાડયું છે, યા કાંઇ મેલવ્યું છે?"

પેલો જલ્લાદ જોકે ખવાસે ખુની હતો તોપણ મારી અજાએબ જેવી અરજ સાંભલી તે મને પાગલ સમજ્યો. તેણે મારી અરજ નામંજુર કીધી. મેં ઘણી આજીજી કીધી ત્યારે આસપાસનાં લોકોએ જલ્લાદને સમજાવ્યો કે "એક માણસનાં બદન પર તેની કુલ મુખત્યારી છે અને તે માટે તે ગમે પોતાનાં બદન પર આજાબ ગુજારે તો તેને કોઇ પુછનાર નથી: માટે તું તારે તારૂં ઇનામ મેલવ અને એ બીચારાનાં મનની મુરાદ પણ પુરી પાડ."

અંતે પેલા જલ્લાદને મારી વીચીત્ર માંગણી કબુલ કરવાની ફરજ પડી. તેના માણસોએ મને એક બાંક પર સુવાડી મને તે બાંક સાથ મજબુત જકડી લીધો અને પછી ચાબકની ચીમકીએ મારા ઉઘાડા પગ પર સપોસપ સુસવાટા સસરાવવા માંડયા. દરેક ફટકો પડતાં મેં કીધેલી શરત મુજબ પેલો જલ્લાદ મને સવાલ પુછતો હતો. અને હું તે દરેક સવાલનો જવાબ બુમ બરાડા મારતાં મારતા પણ "ના" બોલી આપતો હતો. આખરે તે પાંચસો ફટકા પુરા થયા અને હું લોથ પોથ થઇ પડેલો હોવાથી કેટલાક

મને બાંધી ઉંચકીને મારે મકાને લઇ જઇ મેલી આવ્યાં. ઘણાક દીવસો સુધી મારાં સુજી આવેલાં તલીઆં જમીન પર ઠેરવાયાં નહીં અને મારા ખજાનાની ખોલમાં થતી આવી ઢીલથી મને ઘણી ચટાપટી થવા માંડી. હું જ્યારે ચાલી શકયો ત્યારે મેં પેલો ખજાનો શોધવાની પાછી તઇઆરી કરવા માંડી. ભાંગનો ભુત ભમાવાનું કામ કરયોજ જતો હતો. તેણે પાછી મારા કાનમાં ફુંક મારીઃ "અય! કેમ એ તું શું કરે છે? જો કોઇ તારી છુપી વાતનો ભરમ જાણવાની કોશેશ કરશે તો તે કોશેશ અટકાવી શકે તેવી હાલતમાં તું આવ્યો છે એવી તારી ખાતરી છે? નહીં, હજી તું તે વીશે ખાતર જમા રાખતો નથીઃ વાસ્તે જા, પાછો જા, અને એકવાર ફરી તારાં મનની મજબુતીની અજમાએશ કર."

ભાંગના ભુતે મને ભારોભાર ભમાવી મેલેલો હોવાથી મેં મારી તીજોરીમાંથી બીજા પાંચસો દીનાર કહાડયા અને તે રકમ લઇ હું સીપાહીના વડા આગલ ગયો. તેના ફરમાવ્યા મુજબ બેઠક લીધા પછી મેં તેને અરજ કીધી કે પાંચસો દીનાર લઇ મારા બરડા પર પાંચસો ફટકા ચાબુકના લગાવવા અને દરેક ફટકો લગાવતાં મને પુછવું કે "મેં કાંઇ શોધી કહાડયું છે, મેં કાંઈ જોયું છે, મેં કાંઇ મેળવ્યું છે?"

મારી પાસે દીનારની થેલી જોઇ જમાદારના મોંહમાં તો પાણી છુટવા માંડયું. જેનું નામ જમાદારખાં. તેને કાંઇ પુછવું પડે? તેણે તો મારા હાથમાંથી એક બોજો ઠેલી લીધી અને મારાં ખભાં સેકવાની તઇઆરીઓ કરી સપાટાબંધ સપોસપ ચાબકા ઝુરવા માંડયા અને દરેક ફટકે મને સવાલો પુછવા માંડયા. જ્યારે ચાબુકના ફટકા પુરા થયા ત્યારે હું લગભગ મરણ કાંઠે આવી પહોંચ્યો. મારો દમ મારા હોઠો પર ફફડતો હતો અને બીજા થોડાક વધુ ફટકા પડતે તો હોઠો પર આવેલો દમ નીકલી જઇ હું તદનજ ઠંડો થઇ જતે. મને તો લોથ પોથ હાલતમાં ત્યાંથી ઉંચકીને મારે ઘરે લઇ જવામાં આવ્યો. ઘણે દહાડે હું પાછો તટાર થયો. જ્યારે મારી સુદ્ધી ઠેકાણે આવી ત્યારે મેં કીધેલાં પાપ માટે મને ભારે પસ્તાવો લાગ્યો. મેં ભાંગની ઝુમમાં મારી જીંદગીનો સદનતર નાશ કીધો હતો અને તે નાતરસ વસાણુંને હું હજારો હજાર કદુવા દેવા લાગ્યો. અંતે મેં ઠરાવ કીધો કે મારી મનમોહન માશુકને અને મારાં ફુલ સમાન નીરદોશ બચ્ચાંઓને હું પાછાં ઘરમાં લઇ આવું; મારી દોલત મેં લગભગ ખુવાર કીધેલા હોવા છતાં તેમને પાછાં સુખ સંતોશ સાથ મારાં પેટમાં દાબું.

મે આવો ઠરાવ કીધો અને તેમને બોલાવી લાવવા કપડાં બદલવા ઉઠયો. કપડાંની સદુંક ખોલતાંની સાથ મારી પહેલી નજર પેલી નાપાક ભાંગની લલચાવનારી ગોટીઓ પર પડી. અરે તે બદબખ્ત ગોટી! જેણે મારૂં સત્યાનાશ વાલેલું, તેનેજ હું ફરી એકવાર તાબે થઇ ગયો. મેં તે દપ દેતી કે મોંહમાં મુકી અને મારી કમબખ્તી નવેસરથી શરૂ થઇ. ભાંગે પોતાની અસર કરવા માંડી. મારાં બાયડી છોકરાંને ઘર લાવવાના સઘલા વીચારો વા પર વખાતા થઇ ગયા અને ભાંગની ઝુમમાં પેલા દાટેલા ખજાનાના ખ્યાલે મારાં મગજમાં પાછું પોતાનું મકાન કીધું. કોઇ ગેબી આવાજે મારા કાનમાં પાછી ફુંક મારવા માંડી. "અરે મુરખ! આટલી બધી હાડમારી ખમી તું હવે ગુપચુપ શાનો ગગડી રહયો છે? ઉઠ! ઉઠ! તારાં મગજ પરના કાબુની તેં હવે પુરતી તપાસ કીધી છે. તારી ઝુબાન હવે તારો ભરમ કોઇ આગલ ખોલી શકનાર નથી. એ બીના તેં બબે વાર અચુક રીતે સાબેત કીધી છે. હવે ઉઠ! જા! પેલા ખજાનામાંથી તારે ગમે તેટલો ગંજ ઉઠાવ અને તારા ભવીશ્યના દહાડા રંગરાગમાં ગુજાર!"

હું તરતજ કુદકો મારી ઉઠયો. મારાં ખભાં તો તદન અકરસી આવેલાં હતાં પણ છતાં જેમતેમ કરી મારા ઓરડાની જમીનની વચોવચમાં જે કડાં સાથનું પાટીઉં હતું તે પાટીઆંનું ચોકઠું મેં ઉચકયું. જેવું તે ચોકઠું ઉચકયું કે ઓરડામાં સઘલે ગંધાગંધ થઇ રહી. હું તે ચોકઠું પાછું બંધ કરવા જતો હતો તેવામાં ભાંગે મારા કાનમાં પાછી ફુંક મારી: "અય મુરખ! તું શું કરે છે? આટલી આટલી હાડમારી ખમીને આટલી બધી મુશકેલીઓ વેઠીને તેં આ ચોકઠું ઉઘાડવાની ફનેહમંદ કોશેશ કીધા પછી અંતે તે પાછું બંધ શાનું કરે છે? ઉતર, ઉતર, માર અંદર કુદકો અને કર તારૂં ઘર ખજાનાથી તર!"

ભાંગે મારા કાનમાં મારેલી આ ફુંકે મને પાછો સાવધ બનાવ્યો. મેં ઉચકેલાં ફાલકાંની કોરેકોરથી નીચેનો ખાડો કેટલો ઉંડો હશે તે તપાસવાને હું તેના મોંહપર વાંકો વલી અંદર હાથ ફેરવવા લાગ્યો, પણ મારો હાથ કોઇ ચીજને અઠડયો નહીં અને ગંધ તો કહે જે: મારૂંજ કામ! મેં નાકે હાથ દીધો અને બદબોથી કંટાલી હું પાછો હઠવા જતો હતો તેવામાં ભાંગે પાછો મને ચેતાવ્યો: "હટ! હીચકારા! આગલા જમાનાના પહેલવાનોએ હફતેખાનો તોડી આ દુનીઆની પાદશાહી મેલવી, તે તારા જેવા નાહીંમતથી હશે કે? એવી બદબોથી તું

શું જાણતો નથી કે દુનીઆની સઉથી કીમતી દોલત દેવ દરૂજોનાં દોજખમાંજ દાટેલી મલી આવી છે? કુદ, કુદ, અંદર બેફીકર કુદ અને આ દુનીઆની કીંમતી દોલત સઘલી એક હાથ કરી લે!"

ભાંગની જુમ પુર જોશમાં મારાં મગજે ચહડી ચુકી હતી. મેં યાહોમ અંદર ઝીપલાવ્યું અને બીજીજ પલે ઘુંટણ પુર કાદવ કીચલ ને ગંધ મારતાં પાણીમાં હું જઇ પડયો! અરે તોબાહ! ઇલાહી તોબાહ! તે ગતરના ગંધારાથી મારો દમ ગુંગલાઇ જવા લાગ્યો. પેલું ફાલકું તો ગતરમાં ઉતરવાનું મહોડું હતું. આખા મહોલાની ગતર ત્યાંથી પસાર થતી હતી અને તે ગતરનાં મુખને ભાંગની ઝુમમાં હું બેકીમતી ખજાનાનો ભંડાર સમજ્યો હતો. બહાર નીકલવાના મેં ઘણાં પણ ફાંફાં મારયાં; પણ ફોકટ! મેં બહારથી મદદ મેલવવાને ભારે શોર બકોર કરી મેલ્યો! આડોશી પાડોશી દોડી આવ્યાં અને મારાં બંધ કીધેલાં બારણાં ભાંગી તેઓ ઓરડામાં દાખલ થયાં. મને ગતરના ગંદીલા ગારમાં ગોટાં ખાતો જોઇ તેઓ દુરનાં દુર રહેવા લાગ્યાં. મારાં બાયડી છોકરાંને મારી હાલતની ખબર થઇ. તેઓ દોડી આવ્યાં અને જે બીચારી ફીરેસ્તાઇ ખસલત ઓરતને મેં ખજાનાની લાલચપર મારાં ઘરમાંથી વગર વાંકે કહાડી મુકેલી તેણીએજ આવીને આવી બેઅબ લગામણી હાલતમાંથી મારો છુટકો કીધો. મને નહવાડી ધોવાડી સાફસુફ કરવામાં તે બીચારીનો બાકોનો દીવસ પસાર થઇ ગયો. હું નવાં કપડાં પહેરી બહાર નીકલ્યો અને મસ્જીદમાં નમાજ પડવા ગયો. મેં હવેથી કસમ લઇ ઠરાવ કીધો કે ભાંગની અડાસે જવું નહીં. પણ કસમ કસમની જગ્યાએજ રહી ગયા. મારી બાયડી છોકરાં સાથ થોડાક દીવસ મેં પાછા સુખમાં ગુજારયા અને અંતે આ સયતાની હવસને પાછો તાબે થઇ કાવાખાનામાં મારા દહાડા ગુજારવા લાગ્યો, જ્યાં તું નામદારે કીધેલી સલામનું માન હું મનેજ મલેલું સમજી બીજા મારા સાથીઓ સાથ તેની હોજા તાજી કરવા લાગ્યો."

આ વાત સાંભલી હાકેમ ખડખડ હસી પડયો: "હા! હા! હા! કેવો કીમતી ખજાનો તેં એકલાએજ મેલવ્યો! સારૂં થયું કે તારાં બાયડી છોકરાંનો તેં હીસો નહીં કીધો? અરે વાહરે તારી ભાંગ! તારા જેવા ભાંગીઓ જો દુનીઆમાં બધાજ બનતા હોય તો જીવતાં જીવત તેઓ સઘલા દોજખના ગંધીલા ગારમાં દટાય! બાલ બચ્ચાં પર હાડમારી પાડી, તારાં તનના તારે તારનો નાશ કરી, તારા પઇસાની ખુવારી કરી, અંતે તેં

ગતરના ગંધીલા ગારમાં વાસો કીધો. તેમ છતાં તું સુધર્યો નહીં એજ દેખાડે છે કે તું હજી આદમ જાતમાં આવ્યો નથી. ખરેજ ! તું મુરખોના સરદારમાં ખપે ખરો ! પણ હજી તો તારો ત્રીજો સાથી પોતાની હકીકત કહેવાનો છે. તેની હકીકત કેવી છે તે મારે સાંભલવી જોઇએ. તેની હકીકત સાંભલ્યા પછીજ હું ખાતરીથી કહી શકીશ કે તમો ત્રણમાં બેવકુફોનો બાદશાહ કોણ છે. જોઇએ હવે ત્રીજાની હકીકત આપણે સાંભલીએ."

ત્રીજા ભાંગ પીનારની કહાણી.

હાકેમનો હુકમ સાંભલતાંજ ત્રીજા ભાંગી તુરમહગદે પોતાનું દાસ્તાન શરૂ કીધું:

" અય જેહાંપનાહ ! આજ એક હફતાની વાતપર જો તેં મને જોયો હતે તો મારી સુખવાસી જીંદગીની અદેખાઇ કરયા વીના તું રહેતે નહીં. મારાં મકાનમાં ચોતરફ સઘલે સુખ નજર આવતું હતું. માલો ઝરથી હું ભરપુર હતો અને મારી મનમોહન મહેબુબની મુરત કોઇ રસ્તે ચાલતાને પણ દેવાનો બનાવી દે એવી હતી. હું થોડાજ વખતનો પરણેલો હતો અને મારા સંસારમાં સુખી હતો. એક દીવસે મેં રાબેતા કરતાં વધુ ભાંગ ચહડાવી હતી અને તેની ઝુમમાં હું ફરતો હતો તેવામાં મારી બાયડી સોલે સણગાર સજી હમામખાનામાંથી બહાર આવી. તેણીને તેવી રીતે આવતાં જોઇ હું તો કોઇ જીન્નતની હુરીનેજ ત્યાં આવતી સમજયો. મારૂં ચીત ચકભમ થઇ ચાલ્યું. મારી મહેબુબની મનમોહન મીઠી મુરતે મને ઘેલો ગાંડો બનાવી મેલ્યો. હું જઇને તેણી સાથે કોચ પર બેઠો અને બોલ્યો: " અય જાનેમન ! તારા જેવી ખુબસુરત પરી પેકર નાજનીન સાથ એકવાર ફરી પરણવાનું મને મન થાય છે માટે જા ! હું તુને આજથી તલાક આપું છું." એમ બોલી ભાંગની ઝુમમાં મેં તેણીને તલાક આપી દીધા અને તરતજ બીજે દીવસે કાજીને બોલાવી હું તેણી સાથ ફરીથી પરણુયો. મેં મારા તલાકની ખબર મારાં સગાં વહાલાઓને આપવાથી તેઓ ઘણાંજ અજબ થયાં, પણ જ્યારે મેં તેજ બાયડી સાથ બીજે દીવસે પાછું પરણવાનું જાહેર કીધું ત્યારે તે બનાવની ખુશાલીની મેજબાનીમાં તેઓ બહુ હરખ સાથ સામેલ થયાં. મેં ઘણોજ ઉંચી કીસમનો રેશમી લેબાસ લટકાવ્યો હતો અને એક મરદાને મરદ તરીકે મારા ઝરરીન કમરબંદમાં એક કીંમતી જવાહીરથી ગુંથાયલી કાતેલ કટારી ખોસી હતી.

મારી મનમોહન મેહરૂખના ઠઠેરાનું તો કાંઇ પુછવુંજ નહીં. તેણીને તો આ તલાકથી ઘણુંજ ફાવતું થયું હતું. બહુજ સુંદર સાજમાં તે સજાઇ હતી અને તરહેવાર ઘરેણાં ગાંઠાં અને જવાહીરમાં તે ગુંદાઇ નીકલી હતી. આ પ્રમાણે બન્ને તરીમ તરાક અને ઠઠેરાબંધ થઇ તે દીવસ બહુજ ખુશી ખુશાલીમાં ગુજારી અમોએ નોતરેલાં મહેમાનોની ખુબ બરદાસ્ત કીધી હતી. અંતે રાત પડવા આવી અને એકેક પછી એકેક મહેમાનો પોત પોતાને મકાને રૂખશદ લેવા લાગ્યા. જ્યારે સઘલાં મહેમાનોથી ઘર તદન ખાલી થઇ ગયું અને હું અને મારી માશુકજ ઘરમાં એકલાં પડયાં ત્યારે મારી માશુકે મને કહયું: "અય ખુસબખ્ત ખાવીંદ! હવે આપણે બન્ને એકલાંજ છીએ. કોઇ હવે જવાનું કે આવવાનું નથી: વાસ્તે આપણાં મકાનનાં નીચેનાં બારણાં બંધ કરી આવ તેટલાં હું મારી જણસ ઉતારીને સંદુકમાં ગોઠવું."

મારી બાયડીના આ બોલથી મારાં ભેઝામાં કાંઇ અજબજ ભુત ભરાઇ ગયો અને હું મીજાજમાંજ બોલ્યો: "શું? હું બારણું બંધ કરી આવું? એ તું શું બકે છે? આ કસબી પાઘડી, આ રેશમી કબાહ, આ ઝરરીન કમરબંદ, એ સઘલું શું તાહરા મકાનના દરવાજા બંધ કરવાને વાસ્તે મેં પહેરયો છે કે? જા, જા! તુંને જોઇએ તો દરવાજા બંધ કર. મને કાંઇ બંધ કરવાની જરૂર નથી."

મારા હાથની ધરતીને કાંઇ થોડો મીજાજ નહીં હતો. તે મારા કરતાં વધુ રાઈ રાખતી હતી. તેણીનાં મગજમાં મારા કરતાં વધુ મીજાજ મરડાટનાં મરચાં ભરેલાં હતાં. તેણીએ ઠઠેરાબંધ એક તણુકો કીધો અને બોલી: "આજે કાંઇ ભાંગ બાંગ પીધી છે શું? મારો સોલે સણગાર, મારી સાતીનનો ઝભો, મારી મોતીની માલા, મારો હીરાનો હાર, મારી ઝરરીન સપાટ; એ સઘલું શું એક લોંડીના જેવું કામ કરવાને વાસ્તે છે કે! જેમ તમોને તમારો લટકો વહાલો છે તેમ મને મને મારો મટકો પ્યારો છે. જો મારી સાથ તમારે સરોબરીજ કરવી હોય; તો ચાલો આપણે એક શરત કરીએ; તે શરત જે હારે તે જઇને બારણું બંધ કરે. કેમ કબુલ છે?"

મારી નખરાંદાર નાઝનીનના લહેકા લટકાએ તો મને મહોબતમાં મસ્ત બનાવી મેલ્યો હતો. તેણીનું કહેવું મેં તરતજ કબુલ કીધું એટલે તે બોલી: "જુઓ! આ દીવાનની એક બાજુ હું બેસું છું ને બીજી બાજુ તમે બીરાજો. આપણમાંથી જે કોઇ પહેલું બોલે તે શરત હારેલું કહેવાય. કેમ કબુલ છે?"

મેં આ નજીની સરત મોટી ખુશી સાથ કબુલ કીધી. ઓરત જાતની બાર ગજની જીભલી પાંચ પલ પણ ચુપકીદી પકડે એ બનવા જોગ હતુંજ નહીં: એટલે શરત જીતવાની અને મરડાટની ભરેલી મહેબુબને થોડાજ વખતમાં ઠેકાણે લાવવાની મને પુરતી આશા હતી. અમે અમારાં દીલ પરનાં કપડાં, જવેરાત, વગેરે સઘળાં જેમનાં તેમ રાખી તેજ પલે દીવાનની બન્ને બાજુએ ગુપચુપ ગોઠવાઇ બેઠાં અને અકેકનો ચહેરો ટીકતાં હસતાં બેઠાં. મારી બાયડી થોડાજ વખતમાં બોલશે એમ મને ઉમેદ હોવાથી મને બારે ગીલગીલીઆં છુટતાં હતાં. મારી બીબી પોતાનાં મનમાં એમ મલકાતી હતી કે હું તેણીને ખરાં દીલથી ચાહતો હોવાથી તેમજ તે દીને તેણી સઘલા સોલે સણગારમાં સજાઇ દીલકશ પરીચહેર બનેલી હોવાથી હું તેણીની સાથ વાતચીત કરયા વીના લાંબો વખત બેસી શકુંજ નહીં એમ તેણીની ખાતરી હતી. અમે આ પ્રમાણે બેઠા પછી બે ત્રણ કલાક વહી ગયા હશે ત્યારે થોડાક રાતના સાહુકારોની નજર અમારાં બારણાં પર પડી. તેઓ ગુપચુપ અંદર દાખલ થયા અને જેટલો બન્યો એટલો માલ ધીમે ધીમે ઘરમાંથી તેઓએ બહાર કહાડયો. અંતે તેઓ ઘર સાફ કરતા કરતા અમો જે ઓરડામાં બેઠેલાં હતાં ત્યાં આવી પહોન્યાં. અમોને બેઠેલાં જોઇને તેઓ પહેલાં તો ચમકયા અને છુપાઇ ગયા. પણ પછી તેઓમાંના એકે હીંમત પકડી એક નાની ચીજ પસાર કીધી. તેની હીંમત વધી. બીજી ચીજ પણ તેણે ત્યાંથી સાફ કીધી. અંતે બીજાઓએ તેમાં ભાગ લીધો અને અમારી નજરો નજર તેઓ ઓરડામાંનો સઘલો અસબાબ પસાર કરી ગયા. અંતે અમો જે ઓરડામાં બેઠેલાં હતાં તે ઓરડામાંનો ગાલીચો બાકી રહયો. તેઓએ તે ગાલીચો વટીક છોડયો નહી, અને અમારા પગ તે ગાલીચા પર મુકેલા હતા તે પગો દીવાન સાથે વટીક ઉચકીને તેઓએ ગાલીચો ચોરી લીધો. હવે તેઓએ અમારી ચુપકીદીનો લાભ લઇ અમારાં બદન પર હાથ નાખ્યા અને મારાં દીલમાંથી જેટલાં લેવાય એટલાં કપડાં તેમજ મારી બાયડીનાં જર જવેર સઘલાં કશારને જવે નફટાઇથી તેઓએ ઉતારી લીધાં.

આ પ્રમાણે અમારૂં ઘર તો શું પણ અમારા શીર પરનું વટીક સઘલું સાફ થઇ ગયું. તોપણ અમો બહોંસનાં મારયાં બેંતાલ આદમીઓ ગુપચુપ એક બોલ બોલ્યા વીના મરડાટમાં બેસી રહયાં. અંતે બામદાદ થવાનો વખત નજદીક આવ્યો અને પોલીસનો વડો પોતાનાં માણસોને દીવસના પાહરા પર ગોઠવવાને ફરતો ફરતો મારાં મકાન આગલ આવી લાગ્યો. હજી

કાંઇ ઝઝખલું થયું નહીં હતું અને મારાં બારણાં ઉઘાડાં જોઇ, તેમજ મારો કચરાકુચરી જેવો કાંઇક સર સમાન વેરાયલો વીખરાયલો પડેલો જોઇ, તે મકાનમાં દાખલ થયો. મારૂં ઘર લુટાઇ ગયલું હતું એમ તેની ખાતરી થવાથી તે ઉપર આવ્યો અને અમો બન્નેને એકેક સામે ઉપર કહેલી હાલતમાં ગોઠવાયલાં જોઇ તે ઘણો અજબ થયો. અમોને સવાલ પુછતાં તેનો કાંઇ જવાબ નહી મલવાથી તે ઘણો ગુસ્સે થયો અને પોતાનાં માણુસો તરફ ફરી મારી ગરદન છાંટી નાંખવા હુકમ કીધો. પેલાં માણુસોએ તરતજ પોતાની તેજ તલવાર મ્યાનમાંથી બહાર ખેંચી કે તેજ વખતે મારી બાયડીની જીભલી ઉપડી ગઇ: "સબર, સાહેબ, સબર! એ તો મારો ખાવીંદ છે. એને મારતા ના!"

હું હરખથી એક કુદકો મારી ઉઠયો અને બોલ્યો: "હા! હા! હા! અંતે તો હું જીત્યો! કેમ બીબી સાહેબ! બોલો તમે હારયાં કે નહીં?"

અમારી વચેની આ વાત સાંભલી પેલો ફોજદાર અને સીપાહી પેટ ધરી ધરીને હસવા લાગ્યા. તેઓએ જોઇ લીધું કે અમો બન્ને પહેલ્લે નંબરનાં બુમખ હતાં. એવકુફીમાં અમોએ અમારી સઘલી અસકેઆમત ખોઇ હતી. મેં તેઓને સઘલી વાત કહી સંભલાવી અને તેઓ અમારી મુરખાઇ પર ખુબ રવેસે હસી ત્યાંથી પાછા ચાલતા થયા. આખી રાતની હાકથી હું કંટાલી ગયલો હોવાથી જરા જીવને રાહત આપવા કાવાખાનામાં ગયો, જ્યાં અય આદેલ હાકેમ! અમોને તેં સલામ કીધી અને તે સલામ મારી પાકી ખાતરી છે કે તેં મનેજ કીધેલી હોવી જોઇએ."

હાકેમ આ છેલ્લા ભાંગીની વાત સાંભલી પોતાનું હસવું બીલકુલ રોકી શકયો નહીં અને કાંઇ પણ આનાકાની વગર તેણે કબુલ કીધું કે ખરેખર આ ત્રીજો ભાંગી મુરખોનો સરદાર હતો અને તેણે કીધેલી સલામ સ્વીકારવાનો હક એ ત્રીજા ભાંગીનેજ હતો.

તેણે તે ત્રણે ભાંગીઓને પોતાની તે બુરી ટેવ તાલવાની ભલામણ કીધી અને તેમનાં બચાં છોકરાં સાથ ભવીષ્યમાં તેઓ સુખી થાય એટલી દોલતથી તેમને સારી પેઠે નવાજી તેમણે ત્યાંથી રૂખસદ આપી.

પેલા ત્રણે ભાંગીઓએ પોતાની ભુલ જોઈ લીધી હતી અને તે દિવસથી આ સંસારમાં પાછા પોતાનો સંસાર ચાલુ કરી તેઓ નવેસરથી નવાં જન્મની સુખી જીંદગી ગુજારવા લાગ્યા.

વફાદાર યાસાનની વાત.

મેહરાબ અને યાસાન નામના બે જવાનો એકેક સાથ એટલી તો મીત્રાચારી અને ભાઇબંધી રાખતા હતા કે જેવી જોડીઆ ભાઇઓમાં પણ કોઇ કાલે નહીં જોવામાં આવે. આ બંન્ને એકેક પર જાન કુરબાન કરવાને તૈયાર હતા અને મક્કમ મીત્રાચારીની કહેવત તરીકે મેહરાબ અને યાસાનની દોસ્તીની વાત સાધારણે કહેવામાં આવતી હતી. આ બન્ને દોસ્તો એક સરખોજ પોશાક પહેરતા, સાથેજ ફરતા હતા અને સાથેજ ખાતા પીતા હતા. પણ તેમને એકજ વાતનો બલાપો હતો. વલી આ દુનીઆમાં બલાપાથી ખાલી છે કોણ? તે બલાપો તેમની દુકાનના સંબંધમાં હતો. તેઓની દુકાન એકેકથી દુર હતી: જેથી આખો દીવસ તેમને એકેકથી જુદું રહેવું પડતું હતું અને છેક સાંજને છેડેજ તેઓ એકેક સાથ મુલાકાત કરી શકતા હતા. પાસે પાસેની કોઇ દુકાન લેવાને તેઓ ઘણા તલપી રહ્યા હતા; પણ જે બજારમાં તેમની દુકાન હતી તે બજારમાં કોઇ કાલે પણ બે દુકાનો સામટી ખાલી નહીં પડતી હોવાથી તેઓ પોતાની આ એકજ મુરાદ બર લાવી નહીં શકતા હતા.

એતેફાક એવો બન્યો કે તેમનાં બજારમાં બે સામટી દુકાનો રાખનાર એક બુઢો યાહુદી વીશ વરસ થયાં ત્યાંજ પડયો પાંથરયો રહેતો હતો. એક દુકાનમાં તે પોતાનો માલ વેચતો હતો અને બીજી દુકાનમાં તે પોતાનું રહેઠાણ રાખતો હતો. તે એકલોજ હતો અને તેનાં બાયડી છોકરાં યા સગાં વહાલાંનું કાંઇ નામ નીશાનજ નહીં હતું. તેની પાછલ તેનાં માલ મીલકતનો વારેસ થનારૂં જો કે કોઇ નહીં હતું તોપણ તે પોતાનો માલ એટલો તો મોંઘે ભાવે વેચતો હતો કે કોઇ એમજ સમજે કે તેને કોઇ મોટા કુટુંબનું ગુજરાણ કરવું પડતું હશે. એ મુજબ તે બુઢો યાહુદી પુષ્કળ દોલત સંઘરતો હતો; પણ તે દોલતનું તે શું કરતો હતો યા ભવીષ્યમાં તે શું કરશે તે કોઇને ખબર નહીં હતી.

આ યાહુદીનાં મરણથી પેલી બે દુકાનો સામટી ખાલી પડી. મેહરાબ અને યાસાનને એવુંજ જોઇતું હતું. તેઓએ તરતજ તે દુકાનો તેમાંના સઘલા માલ સુધાં વેચી લઇ લીધી અને પોતાનો અરમાન એ રીતે પુરો કીધો. તેઓ હવે પોતાને સંપૂર્ણ સુખી અને સંતોશી સમજવા લાગ્યા. પણ આ સંપૂર્ણ સુખ અને સંતોષ સાંભળ્યાં છે કોણે?

એક દિવસે મેહરાબ પોતાની દુકાનની ભીંતમાં ખીલો ઠોકવા ગયો. આ ભીંત તે બંન્ને મીત્રોની દુકાનોને જુદી પાડનારી ભીંત હતી. મેહરાબ

મહા મુસ્કેલીએ તે ખીલો અંદર થોકી શકયો. પણ કેવી અજાએબી! તે ખીલો થોડોક અંદર ગયો કે પછી એકદમજ અંદર ઘુસી જઇ કાંઇ ખાલી જગ્યામાં પેસી ગયો, જે જગ્યામાંથી ખણુણુણુ કરી કાંઈ સીક્કાઓ અપડાતા હોય એવો આવાજ આવ્યો. મેહરાબને આ અવાજ સંભલાતાંજ પહેલાં તો એવું મન થયું કે મોટેથી બુમ પાડી યાસાનને કહે કે "યાસાન! યાસાન!! અરે હ્યાં આવ! આ દેવાલમાં તો સોના રૂપાના સીક્કાઓ ભરેલા છે." પણ બીજી પલે તેને એવો વીચાર આવ્યો કે પહેલાં તો ભીંતમાં શું ભરેલું હતું તે વીશે પોતાની પાકી ખાત્રી કરવા અને પછી જે રકમ તેમાંથી નીકળે તેમાંથી અરધો હીસો સરખો વહેંચી લેવાને યાસાનને ઇજન કરવું. આમ વીચાર કરી યાસાનને ત્યાંથી ખીસવાની વાટ જોતો તે બેઠો. પણ એતેફાક એવો બન્યો કે કેટલા દીવસો સુધી યાસાન પોતાની દુકાનમાંથી કલાક બે કલાક સુધી ખીસ્યોજ નહીં. મેહરાબને તો રાત દીન બીલકુલ ચેન પડેજ નહીં. કયારે યાસાન ખીસે કે, પેલી ભીતનું પેડું તે ફોડીને જોય એવી ઇનતેઝારીમાં તે રાત દીન ગુજારવા લાગ્યો. પણ યાસાન બંદો કાંઇ ત્યાંથી સસરયોજ નહીં. અંતે મેહરાબની ધીરજ ખુટી ગઇ: તેથી તેણે એક દિવસ તાલ લગાવી યાસાનને કહ્યું: "હું ધારૂં છું કે મારી દુકાનમાંથી દર રાત્રે કાંઇક ચીજો ચોરાય છે ખરી. આ ચોર કોણ છે તે પકડવાને આજ રાત્રે હું દુકાનમાંજ સુનાર છું."

પોતાના પ્રાચ કરતાં પ્યારા મીત્રને આ પ્રમાણે બોલતો સાંભળી યાસાનનું દીલ ઘણું દુખાયું અને તેથી તે બોલ્યો: "જયારે એમજ છે ત્યારે તો તુંને કાંઇ મારી મદદ જોઇએ: માટે હું પણ મારી દુકાનમાંજ આજ રાત્રે સુઇશ."

આવી વાત સાંભળી મેહરાબના પેટમાં આડાં ને ઉભાં આવ્યાં. પણ તે પોતાનો ભેદ ખુલ્લો કરવાને રાજી નહીં હોવાથી યાસાનને જેમ તેમ ત્યાં સુવાના ઠરાવથી વારવા લાગ્યો. પણ યાસાન કાંઇ સમજ્યો નહીં, અને મેહરાબને જોઇતી તક નહી મલવાથી તે ઘણીજ ચટાપટીમાં પડયો. જેમ જેમ મેહરાબ વધારે ને વધારે વીચારવંત બની ઘુવડ જેવો ફરવા લાગ્યો તેમ તેમ યાસાન વધુ ને વધુ કાળજીથી તેની આગળની આગળ રહેવા લાગ્યો. યાસાન તેનામાં થયલા આ અજબ ફેરફારનું કારણ જાણવાને ઘણોજ આતુર હતો. તેણે મેહરાબને શું દુ:ખ હતું, શી ફીકર હતી, કેવી ચીંતા હતી તે વીશે તરહેવાર સવાલો પુછ્યા, પણ મેહરાબે તે સઘલાના ઉડાવનારાજ જવાબો દીધા.

મેહરાબથી હવે વધુ વાર પોતાનો લોભ થોબાવી શકાયો નહીં: તેથી

એક રાત્રે છુપાછુપ પોતાની પોતાની દુકાને તે ગયો અને ત્યાં જઇ દુકાન ખોલી પેલી ભીંતમાંથી એકેક પછી એકેક ઇંતરડી ઉતારવા લાગ્યો. અંતે તેની નજર પીલી ચલકતી ધાતુના સીક્કાઓના એક ઢગલા પર પડી. "આહા! પરવરદેગારે એક લહેજામાં મને તવંગર બનાવી મેલ્યો છે. યાસાન અને હું બંને સાથે મળીને દરીઆવને કીનારે એક સુંદર મકાન બાંધી રહીશું અને અમારાં બચ્ચાંઓ સાથે તે મકાનને ફરતા બાગ બગીચામાં આખો દિવસ ગમત કરી રાત્રે અમો અમારી મહેબુબો સાથ રહીશું."

આમ મન સાથ ખ્યાલ કરતાં મેહરાબે તે સોનાના સીક્કાઓથી પોતાનાં ગજવા ભરવા માંડયાં: પછી તેણે પેલી દેવાલમાંથી ઉતારેલી ઇંતરડીઓ પાછી સરખી રીતે ગોઠવી. પોતે મેલવેલી દોલતથી ખુશીમાં અને હરખમાં આવી જઇ તેણે પોતાનાં મકાન તરફનો રસ્તો લીધો. આખી રાત તેને બીલકુલ ઉંઘ આવી નહીં. સહવારના પહોરમાં તે બીછાનેથી કુદકો મારીને ઉઠયો અને રાબેતા કરતાં વધુ જલદી દુકાન ઉઘાડી. યાસાન જેવો આવી પુગે કે તરતજ તેને ખુશ વધાઇથી વાકેફ કરવાને મેહરાબે ઠરાવ કીધો હતો ખરો, પણ જયારે યાસાન અંતે આવી પુગ્યો અને પોતાના મીત્રના મોહપરની છાપ દુર થયલી જોઇ તેને હસ્તે ચહેરે ઉભેલો દીઠો ત્યારે પોતે હરખમાં આવી તેને કોટી કીધી અને પોતાના મીત્રને પાછો અસલી ખુશ હાલતમાં જોઇ પોતે ખુશી દેખાડી. પણ મેહરાબ જે ઠરાવ કરીને આવ્યો હતો તે ઠરાવ યાસાનને જોતાંજ ઉડી ગયો અને કોઇ વધારે સારી તક પર પેલા સીક્કાઓનો ભરમ યાસાન આગળ જાહેર કરવાને તેણે વાજબી વીચાર્યું. એજ પ્રમાણે બે ત્રણ દીવસ વહી ગયા, પણ પોતે મેલવેલી દોલતનો ભરમ ખુલ્લો કરવાને મેહરાબનો જીવ ચાલ્યો નહીં. જ્યારે તે ઘર જતો ત્યારે યાસાનને પોતાની દોલતમાંથી અરધો અરધ હીસ્સો આપવાનો તે ખ્યાલ કરતો, પણ યાસાન જેવો સામો આવી ઉભો રહે તો કે તે વીચાર સઘલો હવામાં પીગલી જતો. અંતે તેણે એક દીને પોતાના મન સાથ ખ્યાલ કીધો: "આ દોસ્તને બદલે મારા દીકરાનાજ ભવીશ્યનું સુખ સાંધવાની એક પેદર તરીકેની શું મારી ફરજ નથી. શું દીકરા કરતાં દોસ્ત વધારે કહેવાય? નહીં. ત્યારે દોસ્તને મારી અરધી દોલત પર હક હોયજ શાનો? પણ નહીં! સબર. આ દોલત તો પેલી દેવાલમાંથી મલી છે, અને તે દેવાલ તો જેમ અરધી મારી તેમ અરધી યાસાનની ગણાય છે, તો તેમાંથી મલેલી દોલત પર પણ તેનો અરધો હક પુગવોજ જોઇએ.

આ પ્રમાણે મેહરાબ તો પેલી દોલત મેલવીને ભારે વમાસણમાં પડયો. શું કરવું તે તેને સુઝ પડેજ નહીં. એક વખત તેને એવો વીચાર આવે કે અરધી દોલત યાસાનને આપી દેવી અને બીજી વખત તેને એવો ડગડગો લાગે કે એ દોલત તેને આપવાને બદલે પોતેજ રાખવી. આ પ્રમણે ધચુપચુ મન સાથ તેણે ફરીને ફીકર ચીંતામાં દીવસ રાત ગુજારવા માંડયાં. આ દોલતને એક ઝેરી સરપ સમાન તે સમજવા લાગ્યો, પણ તેને નહીં તે છોડવા ગમતી કે નહી તેનો કાંઇ નીકાલ કરી નાખવા ગમતો હતો. એ રીતે છતી દોલતે તે ફીકરમાં દીન રાત ગુજારવા લાગ્યો. તેણે વીચાર કીધો કે "કાંઇ નહીં. હજી એ વીશે કાંઇ વધુ સારા ઠરાવ પર હું આવી શકીશ"

મેહરાબને વલી પાછો આ રીતે ફીકર ચીંતામાં પડેલો જોઇ યાસાન તેની વધુ ને વધુ દયા ખાવા લાગ્યો અને પોતાના અઝીઝ દોસ્તને ખુશ રાખવાની નેક નેમથી તે ઘણો ખરો આખો દીવસ મેહરાબનીજ દુકાનમાં બેસવા લાગ્યો. પોતાના દોસ્તની આવી રહેમદીલીથી મહરાબને મનમાં બહુજ ગુસો લાગતો હતો. કારણ તે પોતે એકલો બેસી પોતાની દોલતનો કેમ નીકાલ કરવો તે વીશે દરીઆફત કરવા ચાહતો હતો. અંતે જ્યારે યાસાન આખો દીવસ ત્યાંજ બેસી રહેવા લાગ્યો ત્યારે મેહરાબે દરરોજ બપોરને વખતે પોતાની દુકાનના પાછલા ભાગમાં ચટાઇ બીછાવીને સુઇ જવાનું બહાનું કહાડયું અને ઠાલી આંખ વીંચી રાખી તે પેલી દોલતનો વીચાર કરવા લાગ્યો. આ પ્રમાણે મેહરાબ જયારે બપોરે ઢોંગ કરી સુઇ જતો ત્યારે યાસાન તેની દુકાનપર આવતાં ઘરાકોને સાચવતો હતો.

એક દીવસે એજ પ્રમાણે મેહરાબ બપોરે સુતેલો હતો અને યાસાન તેની દુકાનપર ચોકી કરતો બેઠો હતો, તેવામાં એક બુઢો ખુંધો યાહુદી ત્યાં આવી ચહડયો અને યાસાનને પુછવા લાગ્યો:

"દાઉદનો દીકરો નેથાન કોહેન આજ બે વરસની વાતપર હયાંજ રહેતો હતોની?" યાસાને પોતાનાં નાકપર આંગલી મુકી પેલા યાહુદીને જવાબ દીધો: "ભાઇ! જરા ધીમે સાદે બોલ. મારો રફીક મીઠી ઉંઘમાં પડેલો છે."

પેલા ખુંધા યાહુદીએ પોતાનો સવાલ ધીમે અવાજે પાછો પુછયો અને યાસાને તેનો જવાબ "હા" કરીને આપ્યો. પેલો યાહુદી જેનું નાક ઘણુંજ લાંબુ હતું, તેણે તરતજ પોતાના લાંબાં નાકનાં પહોલાં ફીફરાંપર

એક આંગલીનો નરમ ટકોરો મારી કહયું :" હા ! મારી ખાતરીજ હતી કે તે આજ દુકાન હોવી જોઇએ : કારણ હયાં આવતાંની સાથ મારાં લાંબાં નાકે તેનાં છુપાવેલાં સોનાને સોધી કહાડયું."

યાસાને અજબ થઇને પુછયું: " સાચે ! તારૂં નાક લાંબુ છે એ વાત તો મારાથી ના પાડી શકાવાનીજ નથી: કારણ કે તે તો હું મારી નજરે નજર જોઇ શકું છું પણ તે નાકમાં સંતાડેલું સોનુ પારખી કહાડવાની શકતી છે; એવું જે તું કહે છે તે હું માની શકતો નથી: કારણ કે જ્યાં સુધી મને મારી તથા મારા મીત્રની હાલત માલમ છે ત્યાં સુધી તો સોના જેવી વસ્તુ આવવાની હયાં ઓવાઇજ છે એમ હું તુને ખાતરીથી કહું છું."

" હા ! હા ! મારા ભોલા જવાન, તારૂં કહેવું તદન સાચું છે. હયાં કાંઇ સોનાના સીક્કા તેં જોયા નથી યા તેમનો ખણખણાટ પણ સાંભળ્યો નથી એ વાત હું સમજી શકું છું: કારણ તે તો આ મકાનની ધરતી માતાનાં પેટમાં દટાયલી પડેલી છે. પણ જો એક વખત તેનુ પેટ ફોડવામાં આવે તો એ સઘલા સોનાના સીક્કા એકે સપાટે તારી નજરની સામે આંવીને ઉભા રહે એમ હું મજબુતીથી માનું છું."

" અંહં !" યાસાને હવે ટકોર કરવા માંડી: " જો એમજ ખરેખર હોય તો તું કોઇ ખરેજ ખુશ ખબર લાવનારો કાસદ ગણાય.

" વારૂં, તું આ દોલત કયાં દાટેલી છે તે જો અમોને બતાવે તો તેના બદલામાં તું શું ઇનામ માંગે છે ?"

" ઇનામ ! ઇનામ શાનું ? વલી તે દોલતના અરધા ભાગ પર મારો હક રહેવોજ જોઇએ. મારાં નાકની ખુબીથી તુંને જે મલે તેમાં અરધો હક હોવોજ જોઇએ, એમ તું વાજબી રીતે કબુલ કરવા વીના રહેનાર નથી."

" ભાઇ ! હું કાંઇ તુંને ઓલખતો નથી. હું તો આ મારા મીત્રની મહોબતનેજ મીઠી માનનારો છું: માટે મને માલ મતાની મહોતાજી નથી, અને અગરજો મને માલમતા મલે તો મારા મીત્ર મેહરાબ સાથેજ તેની દરાકાત કરવાનો હું ખ્યાલ કરી શકું. કોઇ બીજાનો કોઇ કાલે પણ થાઉં નહીં."

" પણ, જો હું તુંને ખજાનો છુપાવાની જગ્યા દેખાડીશ નહીં તો પછી તારા મીત્ર મેહરાબ સાથ તું હીસ્સો કયાં વહેંચી લેશે ?" પેલા ખુંધા યાહુદીએ પુછયું.

" એ તારૂં કહેવું બરાબર છે. પણ જો તારાં નાકની શકતીમાં મને

જો કાંઇ પણ એતબાર હોય તો આ દુકાનને ખુણે ખંચોલે ખોલ્લ કરી, તેની જમીન ખોદીને ઉકલપાઠલ કરી નાંખી, તેની દીવાલ વગેરે ભાંજી તોડી નાંખી તે ખજાનો સોધી કહાડવાની કોશેશ કરતાં મને કોણ અટકાવનાર છે?"

યાસાને આ ખોદીખણીને ભાંજી તોડી નાખવાની વાત કરતાંજ પેલો બુઢ્ઢો ચમકયો અને ચોપાસ પોતાની અંદર ગયલી ચલકતી ચશમો દોડાવવા લાગ્યો. આ પ્રમાણે તે દુકાનની દેવાલ, જમીન વગેરેની તપાસ ચલાવી પોતાની ખાતરી કીધા પછી તે બુઢ્ઢો બોલ્યો: "અગર જો આ મકાનનો ભાંજીને ભુકો પણ તું કરે તો પણ તારેથી ભુજીઓ પાપડ પણ ભાગવો મુશકેલ થઇ પડે એમ હું ખાતરીથી કહું છું; પણ એમ ભાંજ ફોડ કરવામાં કાંઇ તારૂં વલનાર નથી, મારૂં કહયું માની મારાં નાકની ખુબીથી તે છુપાવેલા ખજાનાની જગ્યા તુંને હું બતાવું, ત્યાંજ તું ખણી ખોદી આખી દુકાન સલામત ઉભી રહેવા દે કે કોઇનાં રૂવાંને પણ તારાં ખીલેલાં બખ્તની ખબર પડે નહીં. મારી મહેનતના બદલામાં તુંને જોઇએ તો મલી આવનારી દોલતનો ત્રીજો હીસો મને આપજે અને બાકીના બે હીસામાંથી તુંને જોઇએ તો તારા દોસ્ત સાથ અરધો હીસ્સો વહેંચી લેવાની તું મુરખાઇ કરજે."

"આહ! તારા જેવા માણુસ તો મીત્રને બદલે માલમતા સાથજ મોહબત બાંધે તો! પણ હું તુંને ફરી એક વાર કહું છું કે આખી દુનીઆની દોલત કરતાં મારા દોસ્તની દીલદારી મને વધુ પસંદ છે."

"જેમ તમારી મરજી. તું તારા મીત્ર મેહરાબ પર જીવ આપે છે ખરો, પણ મેહરાબ તેજ પ્રમાણે તારીપર જીવ કહાડી આપવા તઇઆર છે કે તે જોવાનું છે."

"મને તે વીશે કાંઇ પણ શક નથી." યાસાને ભાર મેલીને જવાબ દીધો.

પેલો યાહુદી મુછમાંજ હસી બોલ્યો: "ભલે, ભાઇ, ભલે. તુંને કાંઇ પણ શક નહીં હશે તો મારા સંપૂર્ણ શકથી તેનો ખંગ વલી જશે. હાલ તો તું પણ જે મહોબતની વાતો કરે છે તે મહોબત ભવિષ્યમાં કયાંની કયાં ગેબ થઇ જશે તે હું સારી પેઠે સમજું છું. ચશમને અને ચીતને ચકનાચુર કરનારી સોનાની ચમક તેં હજી કોઇ કાલે દીઠી નથી! આ ચીતને ચક્કરમાં ચકડોળ બનાવનારી ધાતુની ચમક આંખને આંજનારી અને દીલને આંજનારી છે. એક આદમની આંખ આ પીલા ચલકાતની ચમકતી ધાતુપર એકવાર ઠરી, અને તે ધાતુ તેના હાથમાં આવશે એવી તેની ખાતર થઇ ખરી, કે પછી સઘલી દુનીઆની માયા

મહોબતને છેલ્લી સલામ કરી ધક ને ધ્યાનજ રાખશે સોનામાંજ ભરી. સોનું ! આહા ! આ દુનીઆમાં તેની મોહમાયાને વશ થયા વીના રહયું છે કોણ ! સોનુ ! તે હાથમાં આવતાની સાથ એશઆરામનાં એવાન, મનહરણ મકાન, બગીચા ને બાગ, રામશની ને રાગ, ગાન તાન ગુલતાન, ખાનપાન ને માન, આ જગતમાં જીવતાંજ જીનીતનું સુખ જાણ ! "

" ખરી છે, અય બુઢ્ઢા ! તારી વાત સદાથી ખરી છે ! પણ તે કોણને વાસ્તે ! જેનામાં માયા મહોબત નહીં હોય તેવા પઇસાના પુંજારીને વાસ્તે. મારા જેવા મીત્રની મહોબત પર જાન કુરબાન કરવાને કાજે સોનુ નથી. સોનુ કાંઇ બુઢ્ઢાને જવાન બનાવી શકનાર નથી. સોનું કાંઇ પાપીને બહેસ્ત બખશનાર નથી. સોનું કાંઈ દરદીને આરામ આપનાર નથી. સોનુ કાંઈ દુઃખમાં દેલાસો દેનાર નથી. જા, ભાઈ, જા ! તારા સાત સોનાના ઢગ મારા એક સાચા મીત્રની ગરજ સારનાર નથી. જો સોનુ સુંઘવાની શકિત તારૂં નાક ધરાવતું હોય તો માગ તે બારે હકત્તાલા પાસ કે માણસોનો ખવાસ પારખવાની પણ તેનામાં શકિત આવે કે જેથી કેવાં માણસને શીશામાં ઉતારવાની કોશેશ ફતેહમંદ થાય તે તું સમજી શકે."

" ત્યારે શું આ દુકાનમાં છુપાવેલા ખજાનામાંથી ત્રીજો હીસ્સો મને આપવાને તું ના પાડે છે. "

" ના, ભાઇ ના ! મારે તમારી સાથ પઇસાની વાત કરવીજ નથી. તારા હસી કહાડવા જોગ ઢોંગ ધતુરા ને મક્કરપર મને બીલકુલ એતબાર નથી. હું તુંને ઓલખતો નથી, એટલુંજ નહીં પણ મેં તુંને આ શહેરમાં વઠીક કોઇ કાળે જોયો નથી. "

" હું હયાંનો રહેવાસી નથી. બહુ લાંબી મંજલેથી હું હયાં આવી પહોંચ્યો છું. મારૂં નામ એબરામ છે. આ શેહેરમાં હું આગળ જયારે આવ્યો હતો ત્યારે મને પાકું ધ્યાન છે કે તું છોકરવાન વયનો હતો. મારો મીત્ર નેધાન કોહેન ને વેલા બુઢ્ઢો હતો. મારા સાંભળવા મુજબ આજ બે વરસની વાતપર તે મરણ પામ્યો છે. "

" અંહ ! ત્યારે તો ભાઇ મીત્રની મહોબત તુંને હયાં ખેંચી લાવી છે ? કેમ, એ મહોબતનું જોશ કેવું છે તે તારાં આ ખેંચાણ પરથી તું સમજી શકતો નથી ? તારાં મીત્રના મકાનમાં અંતે તારાં નાકની શકિતની પરીક્ષા કરવા આવ્યો હશે ?"

" ગઇ ગુજરીની યાદે કાંઇ મને હયાં ખેંચ્યો નથી, પણ ભવીસ્યની

મીઠી આશાંઓ મને હયાં આજે ખેંચી લાવી છે. " પેલા ડાવકા યાહુદીએ તરતજ યાસાનને જવાબ આપ્યોઃ " જયાં સુધી આપણા દોસ્તો જીવતા હોય ત્યાં સુધી તેઓ આપણુને ઉપયોગમાં આવી શકે છે, જો કે તે વીશે પણ ઘણીક વાર આપણુને શક રહે છે; પણ જયારે તેઓ મરણ પામે ત્યારે તેઓને વાસ્તે વધુ વીચાર કરવામાં વલ્યુંજ શું ? "

યાસાને જોયું કે આ યાહુદી તેને પેશપેશ પુરો પડતો હતો; એટલે તેણે વધુ તકરાર કરવા માંડી વાલવાની નેમથી ઇબરામને કહ્યું: " બસ, ભાઇ, બસ ! હવે મહેરબાની કરી તું હયાંથી જા. મારો અજીઝ મીઠી નીંદમાં પોઢેલો છે તેને જરા આસાએશ લેવા દેઃ કારણ તે આસાએશમાં તો એ મોટી મોટી મોજ માને છે. "

તે બુઢા યાહુદીએ જવાબ દીધો : " તારા દોસ્તને ઉઠાડવાની કાંઇંજ જરૂર નથી. તું જયાં બેઠેલો છે ત્યાંજ જો આપણે ખોદવા માંડીશું તો થોડાજ વખતમાં મારાં નાકની ખુબીની સાબેતી તુંને મલશે. મને આશા છે. કે મારી મહેનતના બદલામાં તુંને મલતા ખજાનામાંથી કાંઇક વાજબી હીસ્સો તું મને આપશે. "

આમ બોલી પેલા બુઢાએ પોત્તાના દગલાના માહેલાં લાંબાં ખીસામાંથી એક ચાંચીઓ પાવડો ખેંચી કહાડયો, અને યાસાનના પગ આગળની જમીન ખોદવા માંડી. યાસાન તે બુઢાનાં આંધળાં એતબાર પર હસવા લાગ્યો. પણ થોડાજ વખતમાં તેનું હસવું તાજુબીમાં બદલાઈ ગયું. પેલા બુઢા યાહુદીએ તે ખોદેલા ખાડામાં તેને નજર કરવા કહયું અને યાસાન વાંકો વળીને જોય છે શું કે સોનેરી સીક્કાઓનો ઢગલો તે ખાડામાં પડેલો હતો. પેલા યાહુદીએ ખાડો મોટો કરવા માંડયો અને પછી યાસાનને ફરમાવ્યું કે તે ખાડામાં જેટલા સીક્કા હોય એટલા બહાર કહાડી તેના બે સરખા હીસા કરવા. યાસાને તે સીક્કાઓનો ઢગ બહાર કહાડયો અને બોલ્યોઃ "હું મેહરાબને તેના ખુઆબમાંથી બીદાર કરૂં અને તુને પુછું. કે તે તુંને કેટલો હીસ્સો આપવાને રાજી છે."

પેલો બુઢો યાહુદી એક શેરની માફક ઉછલ્યો અને યાસાનનો હાથ પકડી બોલ્યોઃ "યાસાન! તારા દોસ્તને બીદાર કરવા અગાઉ તું ચાર વાર વીચાર કરજે. તું શું કરવા માંગે છે? શું તારાં બાળબચ્ચાં નથી? અને જો હોય તો એક દોસ્ત કરતાં શું તે વધારે વહાલાં નથી?"

"જેમ મારાં બચ્ચાં છે તો તેજ મુજબ મેહરાબ પણ બચરવાલ બાપ છે. તેઓનો જન્મ થયો તે અગાઉ તો અમો જાની દોસ્ત બની ચુકેલા

હતા, અને હવે જ્યારે અમે બચ્ચાંના બાપ બન્યા છઇએ ત્યારે બચ્ચાંને એક તરફથી ચાહતાં બીજી તરફથી અમારી પોતાની દોસ્તી વધુ ને વધુ મજબુત બનતી જાય છે. અમારાં બચ્ચાંના લાભ સંભાલવાની સૌથી સરસ રીત અમો વચેની વફાદારીના વધારામાંજ સમાયલી હું સમજું છું."

મેહરાબ કે જેણે અત્યાર સુધી ઉંઘમાં પડવાના ઢોંગ કરી સઘલી વાત પહેલાંથી છેલાં સુધી સાંભળી હતી તે, આ શબ્દો સાંભળી એક કુદકો મારીને ઉઠયો અને બોલ્યો: "યાસાન! મેં તમો વચેની સઘલી વાતચીત સાંભળી છે અને તારી દોસ્તી સોનાની કસોટીપર પુરતી રીતે કસાઇ ચુકી છે, તે દોસ્તી સીવાય મને બીજા કશાંની આ જુઠી જગતમાં જરૂર નથી."

યાસાને કહ્યું: "તારા જેવા વફાદાર દોસ્તની મહોબત કરતાં મને પણ વધુ પ્યારૂં કશું નથી એ વાત ખરી છે, તોપણ જ્યારે તે બારે હકતાલાએ આપણને તવંગર બનાવવાની પોતાની ખાહેશજ દેખાડી છે ત્યારે તે તકનો લાભ આપણે લઇ તે કીરતારના શોકર કરવા ઘટે છે. આ બંને દુકાનો ભાડે રાખવાની આપણાં દીલમાં ખાહેશ પેદા કરનાર તે પાક પરવરજ હતો, અને જ્યારે તે ખાહેશ મુજબ વરતી આપણે તેનાં ફરમાનને તાબે થયા છઇએ. ત્યારે તે ફરમાનના આ એક વધુ હીસ્સા તરીકે મળેલી દોલતનો આપણે ઇનકાર કરવો સજાવાર નથી. આ બુઢા યાહુદીને લ્યાં સુધી મોકલવાનું કામ પણ તે કરીમે કારસાજનુંજ છે અને તે પરવર દેગારના હજારો હજાર શોકર કરી આ ઇમરામને ઘટતો હીસો વહેંચી આપવાની આપણી ફરજ આપણને હવે વગર અચકવે અદા કરવી ઘટે છે."

યાસાન આ ભાશા ચલાવતો હતો ત્યારે મેહરાબ તો કાંઇક પોતાનાજ વીચારોમાં ચકચુર બની ગયલો હોવાથી તેના અચકવા પછી તે બોલ્યો: "ભાઇ! તારે ગમે તેમ કર. તું સાચો ને વફાદાર છે અને ખોદાને બાર તારા વીચારો ચોખા ને સાફ જોવાયલા છે."

પોતાના મીત્રે કીધેલી આ વખાણ પર કાંઇ પણ ધ્યાન આપ્યા વીના યાસાન બોલ્યો: "જ્યારે મારીજ મુનસફી પર આ દોલતનો નીકાલ કરવાનું કામ તું મને સોંપે છે, ત્યારે તો ઇભિરામને થોડાક સવાલો મારે પુછવા છે." એમ બોલી તે ઇભરામ તરફ ફરયો અને બોલ્યો:

"અય બુઢા ઇભરામ! હું જે સવાલો પુછું તેના જો ખરા જવાબો મને મલશે તો હું તુંને ઘટતો હીસ્સો આપવા વીના રહેનાર નથી. બોલ,

આ તારૂં લાંબું નાક ખરેખર સોનુ રૂપું સુંઘવાની શકતી ધરાવે છે કે નહીં? જમીનમાં છુપાવેલો કે બીજે કોઇ પણ ઠેકાણે સંતાડેલો ખજાનો પારખી શકવાની તારામાં શકતી છે?"

તે યાહુદીએ જવાબ દીધો: "આવી અજબ જેવી શકતી ધરાવવા માટે તો હું પ્રખ્યાત થઇ ચુકેલો છું અને તેજ શકતીની જો વધુ સાબેતી જોઇતી હોય તો ખોદ આ દેવાલ કે જેમાં સોના રૂપાના સીક્કાઓ સંતાડેલા હું સુંઘી શકું છું."

મેહરાબ આ છેલ્લા બોલો સાંભળી ધભરાટમાં પડયો અને પુછવા લાગ્યો: "શું આ દેવાલમાં?"

"હા, એજ દેવાલમાં. જો આ ગીરમીત એ દેવાલમાં મને ફેરવવા દે તો હવડાંજ તમોને એ દેવાલમાં છેદ પાડી તે સીક્કાની સાબેતી આપું."

"જયારે એમજ છે ત્યારે તો તારી મરજી પડે ત્યાં ખોદ: કારણ તેં એક વખત જે ખજાનો સોધી કહાડયો છે તે સોધ પછી તારા કામમાં હરેકત કરવાનો અમને કશો હક નથી."

યાસાને આપેલી પરવાનગીનો તરતજ લાભ લઇ પેલો બુદ્દો ઇબરામ તરતજ પેલી દેવાલમાં કાણું પાડવા માંડી ગયો પણ હવે તે યાહુદીની અજબ થવાની વારી આવી હતી. કારણ જયાં તેણે કાણું પાડયું ત્યાં જો કે દેવાલમાં મોટો ખાડો હતો ખરો, પણ ખાડો તદન ખાલી હતો. આ દેખાવ જોઇ પેલો યાહુદી તો દધાઇને યાસાનને ટીકવા લાગ્યો; તેને આવો દીંગમુઢ જેવો બની ગયેલો જોઇ યાસાન ખડખડ હસી પડયો અને બોલ્યો. "કાંઇ પરવા નહીં, ઇબરામ, કાંઇ પરવા નહીં. હું સમજુ છું કે તારાં નાકે તુંને એક વાર દગો દીધો છે ખરો, પણ તેથી કાંઇ તારે હીંમત હારવી જોઇતી નથી. તેં જો મને એમ કહયું હતે કે નેધાન કોહેનના એક મીત્ર તરીકે તેના છુપાવેલા ખજાનાની સઘલી જગ્યા તુંને માલમ છે તો તે તારી સાચી વાતના બદલામાં હું તુને સારો જેવો હીસ્સો આપતે; પણ જયારે તારાં નાકની ખુબીની તેં જુઠી સહારાઇ હાંકી છે ત્યારે તો તારા અસલ હીસામાંથી કાપકુપ કરી તુંને સજા કરવી ઘટે છે."

"યાસાન મને માફ કર! હવે હું તુંને સાચુ કહું છું કે ખરેખર મારાં નાકની એમાં કશી પણ ખુબી છેજ નહીં. મારા હાલ પર તું દયા કરી મારી મહેનતનું મને ઘટતું આપશે તો મારા જેવા મીસકીન પર મોટી મેહેરબાની કીધેલી કહેવાશે."

યાસાને મેહેરાબની સલાહ પુછી અને તેણે તો માત્ર એકજ જવાબ દીધો:" તું ઇનસાફી અને નેક છે વાસ્તે તારી મરજીમાં આવે તે પ્રમાણે કરવાને તું મુખત્યાર છે."

આ સાંભલી યાસાને પેલી મલી આવેલી દોલતનો ચોથો હીસો પેલા યાહુદીને આપ્યો જે લઇ તેણે હજારો હજાર દુઆ દીધી અને હરખાતે હઇડે ત્યાંથી રૂખસદ લીધી.

તે યાહુદીના ગયા પછી યાસાને પેલી દોલતમાંથી બે સરખા હીસા કીધા અને મેહેરાબને તેમાંથી એક હીસો ઉંચકી લેવા કહયું, જે સાંભલી તે બોલ્યો: " નહીં નહીં. મને કાંઇ પણ જોઇતું નથી. મને એમાંથી કાંઇ પણ ઘટતું નથી: કારણ તારી દોસ્તીને હું લાયક નથી."

" શું ? તું કાંઇ દેવાનો બન્યો છે કે ? એ તું શું બોલે છે ?" યાસાને અજબ થઇ પુછયું.

" હું જે ખરૂં છે તે કહું છું. તારા જેવું અમીરી દીલ મારૂં નથી. આજ રોજે જે દોલત શોધવાને પેલા યાહુદીએ આ દેવાલ ખણી તે દોલત નહીં મલી તેનો સબબ એ કે આજ ઘણા દીવસો થયાં તે મને મલી હતી; પણ મારા મીત્ર સાથ સરખે હીસે તે વહેંચી લેવાને મેં ઘણી વાર વીચાર કીધો ખરો, પણ મારો જીવ તેમ કરવાને ચાલ્યો નહીં અને એક પછી એક દીવસ તે વહેંચણીનો દહાડો મેં મુલતવી રાખ્યાજ કીધો. હા, યાસાન ! હું તારીજ દોસ્તીને લાયક નથી અને ખરેજ હું ઘણો અભાગ્યો છું."

પોતાના દોસ્તથી આ સાંભલી યાસાન થોડો વખત ચુપજ બેસી રહયો, પણ પછી હસ્તે ચ્હેરે તે બોલ્યો: " પોતાનાજ વીચારો પર પોતે સાહેબી કરી શકે એવો માણસ દુન્યામાં છેજ કોણ ? તું કહે છે કે તેં દોલત વહેંચી લેવાનો દીવસ મુલતવી રાખ્યાજ કીધો તો તેમાં ખોટું કાંઈ કીધું નહીં: કારણ તારાં મગજની શાંતી થતાં તું કોઇ કાલે પણ મારો હીસો મને આપ્યા વીના રહેતે નહીં. તારા મીત્રને મીસ્કીન હાલતમાં મેલી મોજ મજાહમાં મહાલવાને તારૂં હઇડું કોઇ કાલે પણ કબુલ કરતે નહીં. ત્યારેજ તુંને માલમ પડતે કે સાચું સુખ શામાં સમાયલું છે. સોનાના સીક્કાઓ પર આપણી દોસ્તીની પરીક્ષા કસાઇ ચુકી છે અને હવે આપણા દુ:ખના દહાડા સુખમાં ફેરવાઇ ગયા છે. ચાલ, ચાલ; હવે તારાં

મનમાં જે હોય તે કહાડી નાખ અને તે ખુદાતાલાના શોકર કરી તેણે કીધેલી આ કરમ બક્ષેશમાંથી મારી સાથ સરખો હીસ્સો વહેંચી લે.”

પોતે મેલવેલી રકમ મેહરાબ પોતાને મકાને જઇ લઇ આવ્યો અને ચાસાન સાથ તે રકમનો તેમજ પેલી જમીનમાંથી મલેલી રકમનો એક સરખો હીસો વહેંચી લીધો. તેઓએ પોતપોતાના હીસામાંથી ચોક્કસ ભાગ બાજુએ કહાદી તે ગરીબોમાં ખેરાત કીધો અને નદીને કીનારે એક સુંદર મકાન લઇ બન્ને મીત્રો એકજ મકાનમાં સાથે વસી પોતાનાં બાલબચ્ચાં સાથ હસી ખુશીમાં દહાડા ગુજારવા લાગ્યા.

એક દાનેશમંદ હાકેમની વાત.

દેહસ્તાનનો હાકેમ મરણ પામ્યો ત્યારે તેનો કોઇ વારેસ વકીલ નહીં હોવાથી તેની ગાદીનો હકદાર દાવો કરનારૂં કોઇ નહીં હતું. તેના દરબારીઓ જે ઘણા જુલમગાર અને લુચ્ચા હતા તેઓએ જોયું કે તેઓમાંથી જો કોઇપણ ગાદીએ આવ્યો તો બાકીનાં બીજાઓને ઘણું દુખ ખમવું પડશે. તેથી તેઓએ અપસઅપસમાં એવો ઇરાદો કીધો કે કોઇ એવાં બોઢલાંને તખત પર લાવી બેસાડવો કે તે રાજપાટની ખટપટ સમજી શકેજ નહીં અને તેમનાં સીતમગરીનાં કામમાં તેમને હરકત યા સજા કરી શકે નહીં. આવા એક બોઢલાં બોચયાંને શોધી કહાડવાની તેઓએ કોશેશ કરવા માંડી. એક દીવસે તેઓ ફરતાં ફરતાં એક બોઢલા જેવો બુઢો મોચી બેસીને જોડા સીવતો હતો તેના મકાનથી થોડે દુર જઇ તેઓ સઘલાઓએ મસલહત કીધી કે આ બોચયાંને લઇ જઇને એક પુતલાંની માફક ગાદીપર બેસાડવો.

તેઓ આરાદનાં મકાન તરફ ચાલ્યા અને પોતાની નેમથી તેને વાકેફ કીધો. તે મોચીએ આવું માન મેલવવાને સાફ ના પાડી. એટલે પછી પેલા જુલમગારોના જુલમનું પુછવુંજ શું ? તેઓએ પોતાના સીપાહો સોડે તેને મુસ્કાતાત બંધાવી તેને મહેલમાં ખેંચી લઇ ગયા અને ભારે જુલમ જબરીથી તેને ગાદીનશીન કીધો.

આરાદ જો કે ગરીબ હતો પણ અક્કલમાં તે કાંઇ કમતી નહીં હતો. તેણે જ્યારે જોયું કે તેને જબરદસ્તીથીજ હાકમીપર બેસાડવામાં આવ્યો છે ત્યારે તેણે પાકો ઠરાવ કીધો કે પોતાની રઇએતને સંપુરણ સુખ બખશવું. અકેક પથી અકેક રાજ્યનાં ખાતાંઓ તેણે જાતે તપાસવા માંડયાં અને તેઓમાં દેખાતી ખોડ ખામીઓને પોતાને હાથેજ નીકાલ કરવા

માંડયો. ઇનસાફી ખાતું તો તેણે પોતાના હાથમાંજ રાખ્યું અને રઇએતના સઘલા અગત્યના મુકદમાઓના ચુકાદાઓ તે પોતેજ આપવા લાગ્યો. આવો મામલો જોઇ પેલા દરબારીઓ તો ઘણા ઘભરાતમાં પડયા. તેઓ કરવા ગયા એક અને બની ગયું બીજું. આરાદે તેમના જુલમના રસ્તા એ પ્રમાણે બંધ કીધાથી તેઓએ આરાદ પર વેર લેવાની વેતરણ કરવા માંડી. તેના ઇનસાફ માટે કુલ રઇએત તારીફ કરવા લાગી હતી અને તે રઇએતનો વિશ્વાસ તોડી તેને તેની નજરમાં હલકો પાડવાની નેમથી તેઓએ વીચીત્ર મુકદમાઓ ઉભા કીધા કે જે મુકદમાઓનો ચુકાદો આપતાં તેને ચોખું ભારીજ પડી જાય અને ભલા દાનેશમંદની અક્કલ પણ હેરાન રહે.

એક દીવસે ભર દરબારની અંદર તેના ચાર દરબારીઓએ આરાદને ખસ્યાણો પાડવાને બીડું ઝડફયું. તેઓમાંનો પહેલો પોતાની બેઠક પરથી ઉઠયો અને બોલ્યો:

નફટ વેપારીની કહાણી.

"જેહાંપનાહ સલામત! આજ રોજે તું નામદારને ખાસ તરદી આપવાને મને ફરજ પડી છે. બાબાજુનના મહોલા તરફ આ ત્યુનીસીઅન વેપારી પોતાની દુકાન રાખે છે. પહેલાં તો તેણે પોતાનો ધંધો ઘણી સારી દયાનતથી ચલાવવા માંડયો, પણ ધીરે ધીરે તેણે લુચ્ચાઇ કરવા માંડી અને માલમાં દગો કરવા લાગ્યો, એટલુંજ નહીં પણ માલના વજનમાં પણ એ લુચ્ચાઇ કરવા મંડયો. આવા એક લુચ્ચા વેપારીને આ મુલકના કાયદા મુજબ કાન કાપી નાખવાની સજા કરવામાં આવતી હોવાથી ત્યાંના કાજી આગળ તેને ઉભો કરવામાં આવતાં અને તેની લુચાઇ સાબેત થતાં કાજીએ તેનો ડાબો કાન કાપી નાખવાની સજા ફરમાવી. પણ જ્યારે તેની પાઘડી ઉતારી કાન કાપવાની તૈયારી કરવામાં આવી ત્યારે માલમ પડયું કે તે પાઘડી હેઠળ તેણે પોતાનો કાપી નાખેલો કાન છુપાવેલો હતો. તેનો ડાબો કાન આ પ્રમાણે તેની આગલી લુચ્ચાઇને માટે કપાઇ ચુકેલો હોવાથી કાજીએ તરતજ હુકમ ફરમાવ્યો કે તેનો જમણો કાન છાંટી નાંખવો. તેના જમણા કાનપર તેણે હાથ મુકેલો હોવાથી કાજીનો હોકમ અમલમાં મેલવાને તે હાથ ખીસાડવામાં આવ્યો તો સઘળાની અજાયબી વચે માલમ પડયું કે તેનો જમણો કાન પણ આગલી તેની દગાબાજીને લીધે કાપી નાખવામાં આવેલો હતો. એ રીતે તેના બન્ને કાન બાંડા હોવાથી કાજી વમાસણમાં પડયો અને તેણે

મારી સલાહ પુછી. મેં જોયું કે એવા મુસ્કેલ મુકદમાઓનો ફડચો તું નામદાર પોતાની દાનાઇ અને દુરઅંદેશીને જોરે એક લહેજામાં કરી શકે છે: માટે એ લુચ્ચા વેપારીને તારી દરબારમાં રજુ કરવો. આવી નેમથી હું આજે તેને ત્યાં લઇ આવ્યો છું અને એને જે સજા ઘટતી હોય તે સજા ફરમાવવાને તું દાદના દેનારને અરજ કરૂં છું."

જ્યારે પણ પોતાને કાંઇ હોકમ ફરમાવવો હોય ત્યારે આરાદ પોતાની ચોપાસ ઉભેલાઓને કરડાં નેણ અને ગુસ્સાની કરચલીથી ભરેલાં કપાલથી ઠઠરાવી નાખતો હતો. આ વેલા પણ તેણે પોતાનાં નેણ ચહડાવી કપાલની ચામડી પર કરચલી વાલી અને પેલા ગુનેહગાર તરફ ફરીને તે બોલ્યો:

"અય બદબખ્ત ! તારી લુચ્ચાઇની મોહકાણે તારા બે કાન એક પછી એક ખોહવા છતાં તું સુધરયો નથી ત્યારે તો તુંને સઉથી સરસ સજા કરવાની રીત એજ છે કે તારે કાંઈ પણ જાતનું કપડું, કોલાહ, યા તોપી માથાંના પોશાક તરીકે પહેરયા વીના ઉઘાડે માથે ફરવું કે જેથી તારા બાંડા કાન મરી રાંક પ્રજાના ભોલાં લોક જોઇ જેમ એક સાપથી ડરી તેઓ નાહસે તેમ તારા જેવા લુચ્ચાથી ચેતી નહાસતાંજ રહે. આ રીતની સજા તુંને જ્યારે થશે ત્યારેજ તું વેપારીનો ધંધો છોડી તારે લાયકના મહેનત મજુરીના ધંધામાંજ પડી તારા બાકીના દહાડા ગુજારશે."

પેલા લુચ્ચા વેપારીએ આ હુકમ સાંભલી શરમથી સર નીચું નમાવી દીધું: કારણ ઘડીભર તેના સેંકડો કાન હતે તો ખોહવાને તઇઆર હતે, પણ કાન વીનાના બાંડા આદમ તરીકે લોકો વચ્ચે ફરતાં તેનું મહોત થઇ જાય એમ હતું.

આરાદનો આવો હુકમ નીકલશે એવી કોઇ પણ દરબારીએ આશા રાખી નહીં હતી, પણ જ્યારે તે હુકમ તેઓએ સાંભલ્યો ત્યારે તેનાં ડહાપણ વીશે તાજુબીમાં તેઓ ગરક ગયા.

પેલા વેપારીને રજુ કરનારો દરબારી શરમનો મારયો એક ખુણાંમાં જઇ ભરાયો અને તેની જગ્યા રાખવા બીજો દરબારી બહાર પડયો.

એક પેદરની કહાંણી.

"અય દાનેશમંદ હાકેમ ! આ બે માણસોને આજ રોજે હું તું જેહાંપનાહ આગલ રજુ કરૂં છું તે એવી ખાહેશથી કે તું નામદાર તેમની વચે ઉઠેલા એક અજબ જેવા વાંધાનો વાજબી નીકાલ કરે. એમાંના એકનું નામ કામેલ છે. કામેલને ત્રણ છોકરા હતા તેમાંથી સઉથી નાનો દીકરો

ઘણોજ ખુબસુરત અને ચાલાક હતો. કામેલની સાથ જે શખસને વાંધો ઉઠયો છે અને જેને મેં હયાં રજુ કીધો છે તે બીજા શખસનું નામ સેલમ છે. સેલમ આજ દશ વરસની વાત પર પઇસે પુર હતો પણ તેને પેટ કોઇ બચ્ચું નહીં હોવાથી તેણે કામેલને કહયું કે: 'તારા સઉથી નાના દીકરા હોરમઝદને જો મને પાલવા આપે અને મારો પાલક કરી લેવા દે તો મારાં મરણ પછી સઘલી દોલતનો હું તેને વારેસ બનાઉં, એટલુંજ નહી પણ તારા દીકરાના બદલામાં એક ઘણુંજ સુંદર મકાન હું તુંને સ્વાધીન કરી દઉં. આ શહેરને નદી કીનારે મેં બંધાવેલું સુંદર મકાન જો તુંને પસંદ પડતું હોય તો તારા દીકરા હોરમઝદના બદલામાં રાખ.'

કામેલે જોયું કે 'મારો સઉથી નાનો દીકરો હોરમઝદ જશે તો પણ તેના બે વડા ભાઇઓ તો મારી સાથેજ રહેશે અને વલી મને એક મોટું સુંદર મકાનની માલેકી મળશે, એટલુંજ નહીં પણ સેલમના મરણ પછી સઘળી તેની દોલતનો વારેસ મારો દીકરોજ થશે: એટલે મને એમાં ખોઇવાનું શું હોય? માટે સેલમની આ રૂડી માંગણી મારે એક બોલે કબુલ કરવી' એમ વીચારી કામેલે હોરમઝદને આપી દેવા અને તેના બદલામાં પેલું નવું બાંધેલું સુંદર મકાન લેવાને કબુલ કીધું.

સેલમે તરતજ કામેલની ઇચ્છા તૃપ્ત કીધી. કામેલે પેલો બંગલો પોતાના નામપર કરાવી લીધો અને હોરમઝદને સેલમના મકાને તેના કરી લીધેલા દીકરા તરીકે મોકલાવી આપ્યો. હોરમઝદ ઘણો સમજુ છોકરો હોવાથી પોતાના કરી લીધેલા બાપ સાથ તે ઘણો જલદીથી હલી ગયો અને સેલમે એક સગા બાપ કરતાં પણ આલી પ્યાર તેની તરફ દેખાડી તેને તરેહવાર લાડ અને મહોબતમાં ઉછેર્યો.

આ બનાવને દશ વરસ ગુજરી ગયાં. કામેલે એટલા અરસામાં પોતાના દીકરા હોરમઝદને કાંઇ યાદ કીધોજ નહીં અને પેલાં ઘરનાં મોટાં ભાડાંની આવકથી પેદા થતાં નાણાંમાંથી વેપાર કરી તે પઇસે પુર થતો ચાલ્યો. હોરમઝદના બન્ને વડા ભાઈ તેટલી મુદતમાં મરણ પામવાથી કામેલે હવે હોરમઝદને પોતાના બેટા તરીકે પાછો લેવાની માંગણી કીધી, પણ સેલમે તે માગણી કબુલ રાખી નહીં. સેલમ તો હોરમઝદને એટલો ચહાતો હતો કે પોતાની નજર આગળથી ખીસાડતો નહીં હતો, અને તેજ મુજબ હોરમઝદ પણ પોતાના આ કરી લીધેલા બાપને સગા બાપ કરતાં વધારે ચાહી તેની આગળથી ખીસવા નહીં માંગતો હતો. સેલમે આ દશ વરસના અરસામાં અરધી અરધ દોલત ખોઇ હતી, પણ

હોરમઝદ તરફના પ્યારના જોરે તેની ખોહેલી દોલતનું દુઃખ તે ભુલી જતો હતો. સેલમની દોલત જેમ જેમ ઘટતી ચાલી તેમ તેમ હોરમઝદનો પ્યાર વધુ વધતોજ ચાલ્યો અને એ રીતે જ્યારે કામેલે હોરમઝદને પાછો માંગ્યો ત્યારે સેલમ અને હોરમઝદ વચેના પ્યારે એટલું તો મજબુત રૂપ પકડયું હતું કે તે કેમે કરી પણ તુટે નહીં.

અય નામવર હાકેમ! સેલમ અને કામેલની આ ટુંક હકીકત છે. હોરમઝદને બન્ને રાખવા માંગે છે જે નહીં બને એવું છે. તું નામદાર એ વીશે શો ચુકાદો આપે છે તે જાણવાને કુલ દરબાર આજ રોજે ઇનતેઝાર ખડી છે. સવાલ ઘણો નાજુક છે, પણ તું નામદારની અક્કલ આગળ તે સવાલનો ફેસલો કુચ બીસાદમાં નહીં હોવાથી તારી રાહાબરીની અમો ઇનતેઝારીથી રાહ જોઇએ છઇએ."

આરાદ પોતાનાં તખતપર ખડો થઇ બેઠો. કામેલ તરફ ફરી તેણે પુછયું: "અય કામેલ! હોરમઝદ તારો સગો બેટો છે, નહીં?"

"હા જેહાંપનાહ! એ મારૂં પોતાનું ફરઝંદ છે."

"તારી પાસે હાલ શી દોલત છે?" આરાદે પાછો સવાલ કીધો.

કામેલે પોતાનાં ઘરબાર, વાડી બંગલા, વહાણુ, વેપાર, વગેરેની વીગત કહી સંભલાવી.

"આ તારી માલમતા ખીસાડી શકાય યા એક ધણીને બદલે બીજા ધણીને વેચી શકાય તેવી છે કે?"

"હા, સાહેબ! એમાંથી કોઇ કોઇ ખીસાડી શકાય તેવી છે." કામેલે વીચાર કરીને જવાબ દીધો.

આરાદે હવે જરા નેણ કકડાબ્યાં અને ફરીથી કામેલને સવાલ કીધો: "બાકીની જે બીજી તારી મીલકત છે તે શું તું કોઇને વેચી સાટે તેના બદલામાં કોઇ નવીજ મીલકત તું ખરીદી નહીં શકશે?"

"હા જેહાંપના! તેમ બની શકે."

"તારાં જે બે બચ્ચાં મરણ પામ્યાં છે તેમની તરફ તું જે પ્યાર ધરાવતો હતો તેટલોજ પ્યાર તું શું બીજા બચ્ચાંઓપર નહીં કરી શકશે?"

"અય ખુદાવંદ! તે કેમ બની શકે? માલમતા વેચી શકાય, જર દોલત ફેરબદલી કરી શકાય, પણ આદમનાં અંતરમાંનો કુદરતી પ્યાર તે એક પરથી ઉતારી બીજાને કેમ આપી શકાય? તે કામ કોઇ કાલે પણ કરી શકાય તેવું નથી."

" શું અંતરની મહોબતની ફેરબદલી થઇ નહી શકે ? જ્યારે એમજ હોય ત્યારે તો અંતરની મહોબતને આદમના અંગત સુખ સાથ ભારે લાગતું વલગતું હોવું જોઇએ. અને જો તેમજ હોય તો પછી આ દુનીઆની ઠાલી માલમીલકત સરખાવતાં તે મહોબતનો દરજ્જો વધુ ઉંચો હોવો જોઇએ."

પોતાના દીકરા તરફની ખરી લાગણીનો સાચો ખ્યાલ આરાદનાં ભેજાંમાં ઉતરેલો જોઇ કામેલ ખુશ ખુશ થઇ ગયો અને તેની આ ડહાપણ ભરેલી તકરારને ટેકો આપવાને અરથે તે બોલ્યો:

" અય દાનવ દુરઅંદેશ હાકેમ ! તારો આ એકે એક હર્ફ સોનાના અક્ષરે લખી રાખવાને લાયકનો છે. આદમના અંતરની મીઠી મહોબત સાથ સરખાવતાં દુન્યાની તકલીદી માલમતા શી બીસાદમાં છે ? પહેલી ખુદાઇ છે, જ્યારે બીજી આ ફાની જેહાનની બનેલી છે,

" કામેલ ! હું જોઇને ખરેજ ખુશી છું કે મારી તકરારનો અર્થ તું પુરે પુરો સમજી ચુક્યો છે. તારા બોલવા પરથી આ વાત ખુલ્લે ખુલ્લી સામેતં થાય છે કે ખરી મહોબતની કદર તું બુજી શકે છે. તું સારી પેડે સમજતો માલમ પડે છે કે એક માણસને આપણે કરારને જીવે કહી શકીએ કે 'આ તારી માલમતા તું વેચી નાખ યા કોઇ બીજાને આપી દે, યા તેના બદલામાં કાંઇ બીજી ચીજ લઇ લે.' પણ એક માણસને આપણે એમ તો કોઇ કાલે પણ કહી શકીએજ નહીં કે આ આદમને તું ચાહવાનું બંધ કરી કોઇ બીજા આદમ સાથ મહોબત બાંધ."

" અય નામવર ! તારૂં કહેવું તદન રાસ્ત વ દરોસ્ત છે. એક માણસ સાથ જો આપણને મહોબત બાઝી હોય તો તે મહોબતથી તેને વારવાની કોશેશ કરવી એ સરતાપા બેવકુફી છે."

" કામેલ! તારૂં કહ્યું તદન રાસ્ત વ દરોસ્ત છે અને હવેજ તું સમજી સકશે કે તારા બેટા હોરમઝદ સાથ સેલમને ખરી મહોબત બાઝેલી હોવાથી અને સેલમ તેને પોતાનાં બચાં માફકજ ચાહતો હોવાથી તે બન્નેને છુટા પાડવાની કોશેશ કરવી એ સરતપા બેવકુફી કહેવાશે. વાસ્તે હોરમઝને સેલમ સાથેજ રહેવા દેવો ઘટે છે. હોરમઝદની બદલામાં તેં જે માલમતા મેળવી છે તેનો તારી મરજી પડે તે મીસાલ તું નીકાલ કરી શકશે."

" અય દાદખાં ! મારૂં કહેવું એમ છે કે હું મારા બેટાને ચાહું છું અને મારા વારેસ તરીકે હું તેનેજ કબુલ રાખી શકું."

"અંહં ! તું તારા બેટાને ચાહે છે ! આ વાત તું આજેજ જાહેર કરતો માલુમ પડે છેઃ કારણ આજ સુધી તો તેં તારા બેટા તરફના પ્યારની કાંઇ પણ સાબેતી આપી નથી. તેથી ઉલટુંજ તેં તારા તે બેટાનાં બદલામાં તો એક સુંદર મકાન લઇ ગોયા તારા બેટાને તેં વેચી નાખ્યો છે."

"પણ હું તે વખતે ઘણીજ ગરીબ હાલતમાં હતો."

"વાત હું કબુલ કરૂં છું. તે વેળા ગરીબ હતો ખરો, પણ દુનીઆમાં તવંગર માણસ કરતાં ગરીબ માણસ તો ઘણાં છે, તો પણ મેં તો કોઇ દહાડે પણ સાંભલ્યું નથી કે ફલાણાં ગરીબ માણસે કાંઇ દોલત મેલવવાના બદલામાં પોતાનાં બચાંને આપી દીધું યા વેચી નાખ્યું."

"અરે નહીં, નહીં. મેં મારાં બચ્ચાને વેચ્યું નથી! મારો દીકરો તો અલબતે મારોજ કહેવાય !"

"હોરમઝદ તારો દીકરો ખરો; તે કોઇ ના પાડતુંજ નથી. પણ તે દીકરા તરફ એક બાપ તરીકે જે પ્યાર તારે દેખાડવો જોઇએ તેનું કાંઇ પણ નામ નીશાન આજ સુધી તારી છાતીમાં હતું નહીં, એટલુંજ નહીં પણ એક મકાનના બદલામાં તેં તારા દીકરાને બીજાને આપી દીધો કે જેણે દશ વરસ સુધી તારા દીકરાને એક ખરા બાપના પ્યારથી ઉધારયો, એટલુંજ નહીં પણ હજી પણ તેને ખરા પ્યારથી ચાહે છે. તેં પોતે કબુલ કીધું છે તે મુજબ મહોબત કાંઇ એક માણસ પરથી ઉતારી બીજા માણસ સાથ કરી શકાતા નથી અને તેથીજ સેલમને હું એમ નથી હુકમ કરી શકતો કે હોરમઝદ પર પ્યાર કરવાનું તું માંડી વાલી કોઇ બીજા સાથ મહોબત બાંધ. તેથીજ હોરમઝદને સેલમ સાથેજ રહેવા દેવાને મેં વાજબી વીચારયું છે, કારણ સેલમ અને હોરમઝદ બન્ને અકેકને ચાહે છે અને તેમની તે પવીત્ર મહોબત ખુદાઇ હોવાથી આદમીનો હુકમ તે તોડી શકેજ નહીં. પણ હું ખુદ તારી પર મહેરબાની કરી શકું છું અને તે એ છે કે જ્યારે તું એમજ ઇચ્છે છે કે એ તારો ખરો દીકરો હોવાથી તારાં મરણ બાદ એજ તારી માલમીલકતનો વારેસ થાય, ત્યારે તારી તે ઇચ્છા પાર પાડવાને હું સેલમને હુકમ કરૂં છું કે તારાં મરણ બાદ તારી સઘળી માલમીલકત હોરમઝદને લેવા દે."

આરાદ અને કામેલ વચ્ચે અત્યાર સુધી થતી વાતચીતમાં પુરાવાને સેલમે વાજબી વિચાર્યું નહી હતું, પણ હવે જ્યારે કામેલની માલમીલકતના વારસાની વાત આવી ત્યારે સેલમ વચ્ચે બોલ્યો :

"અય ખુદાવંદ ! મને યા હોરમઝદને માલમીલકતના વારસાની કશી મોહતાજી નથી. અમારી પાસે જે છે તે પુરતું છે; વાસ્તે કામેલને જો કોઇ બીજો વારેસ કરી લેવાની મરજી હોય તો ભલે કોઇ ગરીબનાં બચ્ચાંને એ પોતે પાલક કરી લે અને તેને પોતાનાં મરણ બાદ પોતાની સઘળી માલ-મીલકતનો તેને વારસ બનાવે."

હાકેમ આરાદે જવાબ દીધો: "નહીં, તેમ કોઇ કાલે પણ બનશે નહીં. જે માણસે પોતાનાં પેટનાં બચાં પર પ્યાર નહીં કીધો તે પારકાં પર કયે પ્રકારે પ્યાર કરી શકશે ? પોતાનાં બચ્ચાંને બદલી લેવાનું સારું તેણે એક રહેવાનાં મકાન બદલ કીધું તો પારકાંનાં બચ્ચાંને તો કેવી નીરજીવ ચીજને માટે તે વેચવા કહાડે તે આપણુને સમજી લેવાનું છે. હું હુકમ કરૂં છું કે કામેલની મરજી મુજબ કામેલનાં મરણ બાદ તેનો વારેસ હોરમઝદ થાય અને કામેલની મરજી આજ દશ વરસ થયાં જે હતી તે મરજી મુજબ હોરમઝદ તારા કરી લીધેલા દીકરા તરીકે તારીજ સાથે રહે."

આરાદનો આવો મકકમ ઠરાવ સાંભલી સઘલી દરબાર દંગ થઇ ગઇ અને કામેલ તેમજ સેલમને તેના હુકમ મુજબ ચાલવું પડયું.

બાંડા કાન વાલા લુચ્ચા વેપારીની અને કામેલ અને સેલમની હકીકત રજુ કરનારા બન્ને દરબારીઓ આરાદની ચાલાકીથી મહાત થઇ બાજુએ જઇ ઉભા કે ત્રીજો દરબારી હાકેમનું પાણી તપાસવાને બહાર પડયો. તે આરાદની ગાદી આગલ આવી સર ઝુંકાવી એક બુરખાવાલી બીબીને રજુ કરતાં બોલ્યો:

એક કંજુસની કહાની.

"અય આદેલ અને આકેલ હાકેમ ! તું નામદારના એકે એક સખુનમાં સ્યાણુપણની સંપુરણુતા સમાએલી માલમ પડે છે. તારી તકરારની વજુદીથી તારી તરફ માન અને મરતબાની લાગણી વીના અમો જોઇ શકતાજ નથી. તારી સારી સમજ અને સબુરી એટલી અપાર છે કે એક પછી એક તેનો લાભ લેવાને અમોને કાંઇ પણ આંચકી લાગતી નથી અને તેથીજ આગલા બે મુકદમામાં તેં કરેલા અકકલમંદ ફેસલા પર આફરીન કરી એક ત્રીજો મુકદમો તું નામદાર હજુર રજુ કરવાની હું હીંમત કરૂં છું.

તું જેહાંપનાહની સામે ખડી કીધેલી આ પરદેનશીન ઓરત પર નજર નાખવાની રહેમદીલી કર. આ ઓરત દેખાવે ઘણીજ કાવલી અને મરી રહેલી હોય તેવી છે. એ કહે છે કે તેણીની આ બુરી હાલતનું કારણ તેણીનો ખાવીંદ તેણીને ભુખે મારી નાખે છે, જ્યારે તેણીના ખાવીદનું કહેવું તેથી

ઉલટુંજ છે. તે કહે છે કે 'આ ઓરત હડહડતું જુઠું બોલે છે. તેણીને પેટ પુરતું ખાવાને તેમજ શકિત લાવવાને અરથે તે તહરેવાર ઉપાયો કરે છે પણ તે દીલ લેતીજ નથી. જંગલમાં ભુખ્યાં ડાંસ જેવા તીડો જેટલું ખાય તે કરતાં વધારે ખાણું ખાઇ તે તેના ઘરમાં ખોરાકનો કચડઘાણ કહાડે છે પણ તે દીલ પર ચરબી ચહડાવતીજ નથી.' આ પ્રમાણે ઓરત ખાવીંદ પર ભુખે મારવાનું તહોમત મેલે છે અને ખાવીંદ ઓરતને ખાધરી જાહેર કરી ફીકફી રહેવાની તકસીરવાર જણાવે છે, તો બેની વચ્ચે ખરૂં કોણનું માનવું અને ખોટું કોણનું માનવું તે નકકી કરવાને અમો તો અશકત હોવાથી તું નામદારની હજુરમાં એ મુશકેલ ચુકાદો કરવાને અમોએ નક્કી ઠરાવ્યું છે."

હાકેમ આરાદે આ સઘલી ફેરીએત સાંભલી લઇ રાબેતા મુજબ પોતાના ભવાંનો ચીલ્લો ચહડાવ્યો અને ગુસ્સાથી ચકચકતી ચસ્મોએ ચોતરફ નજર ફેંકી. સઘલી દરબાર ચુપ બનીને હાકેમના બોલો સાંભલવાને ઇનતેઝાર બની રહી. અંતે પેલા ખાવીંદનાં બદન પર માથાંથી પગ સુધી નજર કરી તે બોલ્યો: "તારૂં નામ શું છે?"

"હજુર, મારૂં નામ મહમદ છે." પેલાએ સર નમાવી જવાબ દીધો.

"મહમદ, તું સાચું કહે છે કે આ ઓરતને તું પેટ પુરતું ખાણું આપે છે?"

"હા, ગરીબ પરવર." મહમદે સર ઝુંકાવી જવાબ દીધો.

"અય ઓરત! તું શું હજી એમ કહેવા માંગે છે કે તારો ખાવીંદ તુંને પેટ પુરતું ખાવાનું આપતો નથી અને ભુખે મારે છે?"

તવાઇ ગયલી ઓરતે પોતાના દીવાસલી જેવા પતલા હાથ લાંબા કરી કાંદી જેવાં સલીદાર આંગલાંથી પોતાના ખાવીંદને બતાવી બોલી: "એ હંમેશાં મારી પર ભુખમરો પાડે છે અને મને આવી અરધી મુએલી હાલતમાંજ રાખે છે."

આરાદ હવે મહમદ તરફ ફર્યો અને પુછ્યું: "મહમદ! શું તું ગરીબ છે?"

"નહીં સાહેબ! તું નામવરના નેક અમલમાં કરીમો રહીમની બક્ષેશથી મારી પાસ એટલો પઇસો છે કે જો હું ચાહું તો ઘણીક બીબીઓને મારાં જનાનખાનામાં રાખી શકું, પણ મને માત્ર આ એકજ મહેબુબ વહાલી છે તેથી હું બીજીઓનો ખ્યાલ કરતોજ નથી." મહમદે ફગલીને જવાબ દીધો.

"અંહ ! તું ઘણીક બીબીઓને રાખી શકે તેવી હાલતમાં છે ? વારૂ, તો ખુલાસો કરની કે આ એકજ ઓરતને તું પેટ પુરતું ખાવાનું કેમ નથી આપતો ? ઘડી ભર ધાર કે એ પુશકલ ખોરાક ખાય છે તોપણુ શું થયું ? તું તેણીનું પેટ ભરાય તેટલું આપતો કેમ નથી ?" મહમદે પાછો આજીજી ભરેલે સાદે જવાબ દીધો, અને તે જવાબ સાંભલી પેલી ઓરતે એક હાયનો દામ ખેંચ્યો.

"મહમદ ! તારૂં કહેવું હું હાલ તુરત તો કબુલ રાખી શકતો નથી. તું ખરો છે કે તારી ઓરત સાચું બોલનારી છે તેની પરીક્ષા આજની આજ થઇ શકે તેમ નથી. એક વરસની ટુંક મુદતમાં જે તે નક્કી વાતની હું ખાતરી કરી શકીશ: એટલા વાસ્તે હું હુકમ કરૂં છું કે જ્યારે તું પઇસે પુર છે અને આ ઓરતને અંતકરણથી ચહાનારો છે, ત્યારે તો એ ઓરતને ખાતર તારે એક અખતરો અજમાવવો જોઇએ છે. તારી આ તાવદાન જેવી મરેહાલ થઇ રહેલી બીબીને મારા સુલયમાન વઝીરના જનાન-ખાનની બીબીઓને એક વરસ સુધી હું સ્વાધીન કરૂં છું. એક વરસ સુધીનો એને લગતો સઘલો ખાવા પીવાનો અને પહેડવા ઓઢવાનો ખરચ હું તારે શીર નાખું છું. અગર જો એક વરસની મુદતમાં અમનચમનમાં રહી એ મ્હોડાં પર લોહી પણ નહીં લેતાં જેવીને તેવી સુકી સોટી જેવીજ રહેશે તો હું એમ સમઝશ કે એ કહે છે તેમજ હોવાથી આંગ લેતી નથી અને તારૂં કહેવું તદ્દન ખરૂં છે. પણ જો પેટપુરતું ખાઇ પીઇને એ તન-દરોસ્ત બનશે તો હું નક્કી માની લઇશ કે તેં એ બીચારીપર નાહક જુલમ ગુજારયો છે, એટલુંજ નહીં પણ ચોરી પર વલી સરજોરી કરી તેં મારી માનભરી દરબારને ઠગવાની કોશેશ કીધી છે. એમ નકી સમજી હું તેજ વખતે તુંને ગરદન મરાવવાનો હુકમ કરીશ કે ફરીથી તારા જેવા બદમાશો પોતાને વસ પડેલી નાજુક નીરદોશ નાજનીનોપર એક ખવીશની ખાશીએત દેખાડનારો ભુખે મારવાનો જુલમ ગુજારવાની હીંમત કરે નહીં."

આ કરડા પણા ઇનસાફી હાકેમના આ છેલ્લા બોલો સાંભલી મહમદ ધ્રુજવા લાગ્યો: કારણ તે જુલમગારની ખાતરી હતી કે બીજે વરસે તો જરૂર તેની ગરદન જવાની. તે ધ્રુજતો ધ્રુજતો દરબારમાંથી બહાર નીકલ્યો અને તેની બાયડીએ હાકેમના હજારો હજાર શોકર કીધા.

હાકેમ આરાદે પોતાની અપાર અકલ અને બેહદ બહોશીથી આ ત્રણ મુશકેલ મુકદમાઓના જે ફડચા કીધા તે જોઇ આખી દરબાર દંગ થઇ

ગઇ હતી. તેના દરેક ચુકાદામાં દુરઅંદેશી, ડહાપણ, અને દાનાઇનો દરંગ ભરેલો હતો. સઘલા દરબારીઓ એકે અવાજે તેના અદલઇનસાફ વીશે અંતઃકરણથી આફ્રીન કરવા લાગ્યા. જે ચાર દરબારીઓએ આરાદને મહાત કરવાની બાજી રચી હતી તેમાંના ત્રણનો તેણે જે તદબીરથી ખુરદો કીધો હતો તે જોઇ ચોથાએ ચુંકે ચાં કરવાની પણ હીમત ચલાવી નહીં. ચાલાક હાકેમે જોઇ લીધું કે તેની સામે જે ચંડાળ ત્રીકડીએ ચોકડું રચ્યું હતું તેઓ તદન તનરી ગયા છે, તોપણ તેમને વધુ દાબી દેવાની મતલબથી તેણે ફરી પોતાના ડોળા કકડાવ્યા અને સઘલા દરબારીઓપર એક પછી એક તે કકડાવેલા ડોળા ફેરવી તેણે સવાલ કીધો: "મારા કોઇ બીજા માનવંત મદદનીશને પોતાની મુશકેલી દુર કરવી હોય તો ભલે તે તરતને તરત હયાં રજુ કરે. કારણ હવે હું દરબાર બરખાસ્ત કરવાનો ઇરાદો રાખું છું."

આ સાંભળી પેલા ચોથા દરબારીએ જોયું કે જ્યારે હાકેમે મહોડે ચહડીનેજ માંગણી કીધી છે ત્યારે તો પોતાના સાથીઓ વચે રૂસવા થવા કરતાં બહેતર એજ કે પોતાનું નસીબ અજમાવી જોવું અને હાકેમ આરાદની ચાલાકીનો ચોખો ચાંપી જોવો.

એક તાવીજની કહાણી.

આ પ્રમાણે વીચારી તેણે ધ્રુજતે કદમે ગાદીની સામે જગ્યા લીધી અને સર ઝુંકાવી તે બોલ્યો: "અય ડહાપણ અને દાનાઇના દરીઆવ! તું નામદાર માટે એક મુકદમો હું રજુ કરવાની રજા લઉંછું. તું નામદાર હજુર આ બે ભાઇઓને હું હાજર કરૂંછું. એ બન્ને ભાઇઓ જોડીઆ છે. તેઓ જનમથીજ એક બીજાની સાથે ઉછરયા છે, એટલુંજ નહીં પણ તેઓનો અરસપરસનો પ્યાર એટલો તો ઉંડો છે કે તેઓ એકેકથી કોઇ કાલે પણ છુટા પડયા નથી. તેઓનો બાપ થોડાક દીવસ થયાં મરણ પામ્યો છે અને તે મરહુમ બાપની ખાહેશ મુજબ ચાલી તેની માલમીલકત, સરસામાન, જર ઝવેર વગેરે સઘલું એક સરખે હીસે વહેંચી લેવાને તેઓએ બહુ ખુશી સાથ કબુલ કીધું છે. પણ તેમ છતાં એક ચીજની વહેંચણી કરતાં તેમના વચે વાંધો ઉઠયો છે. તે ચીજના જો બે ટુકડા થઇ શકતા હતે તો તેનો નીકાલ સહેજમાં આવી જતે, યા જો બીજે કોઇ ઠેકાણે મલી શકતી હતે તો તેના બદલામાં થોડાક પઇસાની આમ તેમ છુટ મુકી તેઓમાંથી એક તેવી ચીજ ખરીદીને તે ખુટ પુરી પાડતે. પણ તેમ બની શકતું નથી. જે ચીજ વીશે વાંધો પડયો છે તે એવી ચીજ

છે કે આ દુનીઆમાં તેની જોડ મલવી મુશકેલ છે, તે ચીજ એક તલેસમાતીક માદરયું છે: જે માદરયું જેની છાતી પર લટકતું હોય તે આખી દુનીઆમાં સઉથી વધુ દાનેશમંદ ગણાય છે.

બન્ને ભાઇઓ આ માંદરયું માંગતા હોવાથી બન્ને વચ્ચે નહીં પટાવી શકાય એવો વાંધો ઉઠયો છે. મોઝા નામનો ભાઇ કહે છે કે જો તેનો બીજો ભાઇ ફરઝન પેલું માદરયું તેને આપી દે તો પોતાના બાપની દોલતમાંથી કાંઇપણ બીજી ચીજ લેવાની તે ખાહેશ રાખતો નથી. ફરઝન જણાવે છે કે તેનો ભાઇ જે સરતે માદરયું માગે છે તે શરતે તે માદરયું જો તેને તે રાખવા દે તો તે પોતાને ઘણોજ ભાગ્યશાલી સમજશે. બન્ને ભાઇઓ દુનીઆની દોલતની દરકાર કરતા નથી, પણ દુનીઆની દાનાઇને પસંદ કરે છે: અને તેથી તેઓ બન્ને પેલું માંદરયું મેલવવાને ઇનતેઝાર છે."

હાકેમ આરાદે આ સઘલી હકીકત સાંભલી લઇ બંને ભાઇઓ તરફ ગુસ્સાભર જુસાથી ચશમો ફેંકી અને પછી એક ભાઇ તરફ ફરી બોલ્યો: "મોઝા! તારા જોડયા ભાઇને આ તલેસ્માતીક માદરયું ઘણું પસંદ છે તો તારા ભાઇની તે ખાહેશ પાર પાડવાને તું શું રાજી નથી?"

"અય ખુદાવંદ! કુલ દુનીઆની દોલત એ ડહાપણનો ખજાનો ધરાવતાં માદરયા આગળ હું ખાક સમાન સમજુ છું, માટે મારા ભાઇની ખાહેશ હું પાર પાડી શકતો નથી. ભલે મારો ભાઇ એશઆરામના અગવાનોમાં અમનચમન કરે તે હું ખુશી સાથ જોઇ શકીશ, પણ કોઇ તેને મારા કરતા વધુ ડહાપણવાલો વીચારે તે મારાથી સાંખી શકાવાનું નથી; માટેજ આ માદરયું મેલવવાને હું એટલો ઇનતેઝાર છું."

"અં હં! એ તલેસમાતીક માદરયામાં એટલી બધી ખુબી સમાયલી તું સમજે છે? ઠીક. વારૂં, ફરઝન! તેં તારા જોડયા ભાઇની ખાહેશ તો આ ભર દરબાર વચે સાંભલી લીધી હશે, તો શું આ દુનીઆમાં એશ આરામ અને મોજમજાહ ભોગવવાનાં સાંધણો એક હાથ કરી તારા ભાઇને આ માદરયા જેવી રમત આપી દેવાને તું રાજી નહીં થશે?"

"નહીં, ખુદાવંદ! કારણ આ દુનીઆની દોલતથી તો હું આ જેહાનનુંજ સુખ ભોગવી શકીશ, જયારે ડહાપણથી તો પેલી જેહાનનું સુખ પણ હું હાંસલ કરી શકીશ. એવા ખ્યાલથીજ મેં એ માદરયાંને બેમુલ ગણ્યું છે, અને મારા બાપની સઘલી દોલત મારા જોડયા ભાઇને આપી દેવાને હું હરખ સાથ તૈયાર થયો છું."

હાકેમે આ સાંભળી મોઝાને ફરમાવ્યું કે પેલું માદરયું તે પોતાની છાતી સાથ લાગે તેમ લટકાવે કે જેથી તેની ખરી ખુબી શું છે તે નજરોનજર પીછાણી શકે.

મોઝાએ આરાદના હુકમને તાબે થઇ પેલું માદરયું પોતાની છાતી સાથ લાગે તેમ લટકાવ્યું અને તે જોઈ હાકેમ બોલ્યો: "હું જાણીને ખરેજ ખુશી છું કે તું દોલત કરતાં ડહાપણ વધારે પસંદ કરે છે. કારણ ડહાપણ દોલત કરતાં પણ વધુ ચઢીઆતું છે. પણ, અય શ્યાણા મોઝા! તું શું સમજી શકતો નથી કે તારા ભાઇ સાથ સુલેહ સંપમાં રહેવું એ વધુ ડહાપણ ભરેલું છે અને તે સુલેહ સંપ મેળવવાને માટે જે કાંઇ નજીવા ભોગ આપવા પડે તે ભોગ આપવાને આપણે હમેશાં હરખાતે હઇડે તઇઆર થવું જોઇએ? તારા ભાઇની મરજી મુજબ તું ચાલે તો તે ડહાપણની શરૂઆતજ કહેવાશે: કારણ સ્યાણા સમજુ માણસો હમેશાં નજીવી વાતોમાં નાખતી કરીનેજ દુનીઆ જીતે છે. આ પ્રમાણેનું ડહાંપણ તું પણ હવે દેખાડી તારા ભાઇને આ માદરયું આપવામાં કાંઇ હરકત જોશે નહીં એમ નક્કી માનું છું."

"અય જેહાંપના! હું ફરી એક વાર કહું છું કે મારા ભાઇને માલમીલકત, ધનદોલત, જે માંગે તે આપવા હું તઇઆર છું, પણ તલેસ્માતીક માદરયું તો હું કોઇ કાલે પણ તેને આપનાર નથી. તે એકજ ચીજ છે જે મેળવવાને હું ઇનતેઝાર છું."

મોઝાનો ઉપલો જવાબ સાંભળી હાકેમ આરાદ બોલ્યો: "હં! ત્યારે તો હજી તારા વીચારમાં કાંઇ સુધારો થયો નહીં. લાવ, એ માદરયું મને આપ."

મોઝાએ તે માદરયું આરાદના હાથમાં મેલ્યું, જે ફરઝનને આપતાં હાકેમ બોલ્યો: "ફરઝન, લે. આ માદરયું તારી છાતી સાથ લાગે તેમ લટકાવ."

ફરઝને નમીને તે માદરયું પોતાના હાથમાં લીધું અને હાકેમના હોકમ મુજબ તે છાતીએ લટકાવ્યું. આ પ્રમાણે કીધા પછી તેના ચહેરા પર એવી તો ખુશાલી ખીલી નીકળી કે અગર જો તે હાકેમની દરબારમાં નહીં હતે તો પોતાના વહાલા ભાઇ મોઝાને તે બહુજ પ્યાર ભરી બગલગીરી કરતે.

તેની આવી અચુક ખુશાલી જોઇ આરાદ બોલ્યો: "આ! હા!

આ માદરયાંએ તારાં મન પર કાંઇક અજબ જેવી અસર કીધેલી માલમ પડે છે. તારાં દીલમાં હવે ડહાપણે વાસો કીધેલો માલમ પડે છે અને મારી પાકી ખાતરી છે કે તે ડહાપણને જોરે તું હવે નજીવી વાતોની ખટપટ છોડી દઇ તારા ભાઇને ખુશી કરવાને ખાતર એ માદરયું તું આપી દેશેઃ કારણ, તારામાં જે ડહાપણ આવી ચુકેલું છે તે એ માદરયાંને જોરે તારા ભાઇમાં પણ ઉતરશે."

આ બોલો સાંભળી ફરઝન બોલી ઉઠયોઃ "શું? હું આ માદરયું મારા ભાઇને આપું! અરે! તેના કરતાં તો હું મરી જાઉં તો બહેતર! આ માદરયું મારી પાસથી હવે લેવાને કોણની હીંમત છે તે હું જાણવા માગું છું. મારા ખંજરનો તે ભોગ થઇ પડયા વીના રહેનાર નથી એમ ખાતરીથી માનવું."

ફરઝન આ છેલ્લા બોલો બોલતાં લગભગ દેવાના જેવો થઇ ગયો હતો તે જોઇ આરાદ બોલ્યોઃ "આ માદરયાંની ખરી ખાસીએત શી છે તે હું હાલ તરત કાંઇ કહી શકતો નથી; તમો બંને ભાઇઓએ એક પછી એક પોતાની છાતીએ જ્યારે એ લટકાવ્યું ત્યારે તેણે કાંઇ તમારામાં ડહાપણ ઉમેર્યું નથી એટલુંજ નહીં પણ સામું એ માદરયાંના કબજા ખાતર તમો બંને ભાઇઓ અકેકના દુશમન તરીકે કામ કરવાને તૈયાર થયા છો. જ્યારે એમજ છે ત્યારે તો હું હોકમ કરૂં છું કે આ માદરયું આજથી બીજાં દશ વરસ સુધી મારા મહેલના ખજાનામાંજ રહેવા દેવું અને તે મુદતને છેડે તમો બંને ભાઇઓમાંથી જેનામાં વધુ ડહાપણ અને વધુ આદમીઅત માલમ પડશે તેને એ માદરયું સ્વાધીન કરવામાં આવશે."

હાકેમ આરાદનો આ હુકમ સાંભળી બંને ભાઇઓ કાંઇ પણ ચું કે ચાં કર્યા વીના ત્યાંથી બહાર નીકલ્યા અને પોતાની ખોટી જીદ પર પસ્તાવો કરવા લાગ્યા. મહેલની બહાર નીકલતાંજ તેમની ખાતરી થઇ કે હાકેમે કીધેલો ઇનસાફ તદન વાજબી હતો. પેલું માદરયું ખરેખર ડહાપણનું નહીં પણ કંકાશનું મુલ હતું, અને તે માદરયાંનો કબજો મેલવવાને ખાતર જયારે બંન્ને ભાઇઓ અકેકનાં ગલાં કાપવા તઇયાર થયા હતા ત્યારે તે માદરયું તેમના હાથમાંથી જતાંજ તેઓ બંને અરસ-પરસ અકેકને ગલે વલગાડવા લાગ્યા અને પાછા આગલ માફક સુલેહસંપમાં રહેવા લાગ્યા.

આરાદે પેલા ચારે દરબારીઓના ચાર મુકદમાઓનો એ પ્રમાણે ફેસલો કીધા પછી તે ચારે દરબારીઓ તરફ હસ્તે ચહેરે ફરયો અને બોલ્યો:

"મારા સ્યાણા દરબારીઓ! મારી રઇઅતનાં સુખને ખાતર નજીવી બાબતો પર પણ હું જાતે ધ્યાન આપવાને પસંદ કરૂં છું તેની છેલ્લામાં છેલ્લી સાબેતી તમો ચારેએ રજુ કીધેલા મુકદમાનો ફેસલો કરીને મેં આપી છે અને હજી પણ હું તમોને ખાતરી આપું છું કે જે ખુદાતાલાએ મને આ ગાદી બખશવાની કરમબક્ષેશ કીધી છે તેનાં પાક ફરમાનને માન આપી મારી રઇઅતના ભલાંનાંજ કામોમાં હું મારી જીંદગી ગાલી નાખીશ. મારી પક્કી ખાતરી છે કે મારી આવી ચાલથી તમો જેવા સ્યાણા અને સમજુ દરબારીઓ ખુશી થતા હોવાજ જોઇએ, અને જે પ્રમાણે રઇયતનાં ભલાંને ખાતર હું દીલોજાનથી મહેનત કરૂં છું તેજ મુજબ તમો પોતે પણ કુલ ખલકતનાં સુખને ખાતર મારા દાખલાની નકલ કરવાની ઇનતેઝારી રાખતા હશો એમ હું નક્કી માની લઉં છું. મારી ગરબડી રઇયતનાં સુખને ખાતર હું જે કામો કરૂં છું તેની તમો બાબજા તારીફ ગાઓછો તે પરથીજ મારે સમજી લેવું જોઇયે કે તમો પોતે પણ તેવાંજ તારીફ લાયક કામો કરવાને ભારે ઇનતેઝારી રાખતા હોવા જોઇયે. તમારાં જેવાં અશરાફ માણસો કાંઇ પોતાની નેકી મહોડેથી બોલીનેજ નહીં બેસી રહેતાં નેક કામો કરીને બતાવી આપવામાંજ પોતાની ખરી ખુબી સમજતા હોવા જોઇયે. તેવાં નેકીનાં કામો કરવાની તક તમે હરદમ સોધતા હશો અને તેવી તક મલતાં ખુદાતાલાના હઝારો હઝાર શોકર કરી તેવી ફરજ અદા કરતા હશો એમ હું તમો સધલાઓની નેક નદયત પરથી સમજી શકું છું.

તમારા જેવા રઇયતના નેકખાહો માટે આજે એક સોના જેવી તક હાથ લાગી છે. નવરોજ આવી પહોંચ્યો છે અને આપણા શહેરનાં ગરીબ લોકોમાં એ મહીનાના વપરાશ માટે ચોખાની ચાર ગુણીઓ હું ખયરાત કરવા માંગુંછું. કોઇ કમબખ્તે આ ચોખાની સાથ બારીક કાંકડીઓ મેલી મુકી છે જે રંગે કાલી હોવાથી તરત માલમ પડી આવે છે. આવા ચોખા જો હું વહેંચાઉં તો મારી ઇજતને નુકસાન પહોંચવાની મને ફીકર રહે છે. હું પુર ઉમેદ રાખું છું કે તમો મારા ચાર નેકખાહો એ ચારે ગુણીમાંથી અકેકી ગુણ મને સાફ કરી આપવાની તસ્દી લેશો અને તમારા પવિત્ર હાથની તે મદદ મને બેઇજતીમાંથી બચાવશે. મેં મારા મહેલના એક અલાહેદા ઓરડામાં આ ચારે ગુણીઓ મેલાવી છે, જ્યાં

તમોને મારા ખાસ ખીદમતગારો લઇ જશે. મને બીજે ઠેકાણે હાલ જરૂરનું કામ હોવાથી હું ત્યાં જાઉં છું: માટે ખરેજ દલગીર છું કે તમો સંગાતે બેસી તમારી જહેમત ભરેલી મહેનત મારી નજરે નજર જોઇ શકતો નથી. પણ હું એક બે કલાકમાં પાછો ફરીશ તેટલાં તમોએ તમારૂં પુરૂં કીધેલું કામ હું પોતે નજરે નજર તપાસી તમોને ભારે શાબાશી આપવાની આશા રાખું છું."

પેલા ચારે દરબારીઓએ ફીકાફચ ચહેરાથી સાંભલ્યાજ કીધું અને ટુંકોટચ જવાબ આપવાને પણ તેમની ઝબાન નહીં ઉપડવાથી ધીલાંધચ પગલાંએ તેઓએ હાકેમના ખાસ હથ્યારબંધ ખીદમતગારો સાથ તેના મહેલ તરફનો રસ્તો શરમથી નીચી મુંડીએ લીધો. ત્યાં તેમને એક અલાહેદા ઓરડામાં મોકલવામાં આવ્યા, જ્યાં ચાર ચોખાની ગુણો. ચોખા ચુંટવાની થાલો, ચોખા ઉફણવાનાં સુપડાંઓ, ચોખા ચાલવાના ચાલણાઓ વગેરે મુકેલા જણાયા. આ સઘળો હીણુપસ્તીનો સોદો જોઇ તેઓ તો ભારે ખસ્યાણા પડયા. પણ ગલે ગાંઠ ને મહોડે ડુચો દઇ તેઓ ગુપચુપ હાકમે ફરમાવેલાં કામ પર અપસ અપસમાં બડબડતા ખડભડતા મંડી ગયા. તેઓને ત્યાં બેસાડી પેલા ખીદમતગારો દરવાજા પર ચોકી પહોરા ભરવા ઉભા, જે જોતાંજ તેમની ખાતરી થઇ કે હાકમે તેમને થોડા વખત માટે આ પ્રમાણે નજરકેદ કરી બંદીવાનના જેવી જીંદગી ગુજારવાની ફરજ પાડી. મીઠી ઝુબાનથી તેમને ભારે નામોશીમાં નાખ્યા હતા.

હાકેમે તેમને કહ્યું હતું કે તે એક કલાકમાં પાછો ફરશે તેને બદલે કલાકોના કલાકો નીકળી ગયા અને સાંજ પડવા આવી તોપણ હાકેમનું તો કાંઇ નામ નીશાન પણ મલે નહીં.

પેલા ચારે દરબારીઓ ભારે ફફડાટ ખબરાતમાં પડયા અને હાકેમને મનમાં ને મનમાં હજારો હજાર કદુઆ દઇ તેની પર લાગ ફાવતાં વેર લેવાને મનમાં ને મનમાંજ મલીદો જમવા લાગ્યા.

અંતે હાકેમ આવી પુગ્યો અને ચારે દરબારીઓએ કેટલા ચોખા ચુંટયા હતા તે તપાસવાનું કામ શરૂ કીધું. તપાસ કરતાં તેઓમાંના એકનું કામ ઘણું ઓછું થયલું જણાયાથી તે બોલ્યો : "હું તુંને બદનામ કરતો નથી: કારણ આદમજાદ કોઇ કાલે પણ સમજી શકતું નથી કે તેની ખરી શકતી શી છે? તેં તારી કાયનાત ઉપરાંતનું કામ હાથ ધરવાથી હજી તે પુરૂં થઇ શકયું નથી વાસ્તે લાવ હું તુંને મદદ કરૂં. હું કાંઇ એવાં હલકાં કામમાં

એમ સમજતો નથી: કારણ મારી રઇયતનાં ભલાંને ખાતર હલકાં કામ કરવાને પણ હું કોઇ કાલે પણ શરમાઉં નહીં."

એમ બોલી હાકેમ આરાદ તેની સાથે ચોખા ચુંટવા મંડી ગયો. જ્યારે ચારે ગુણમાંના ચોખા એ પ્રમાણે ચુંટાઇ રહયા ત્યારે અંધારૂં થવા માંડયું હતું. ચારે ગુણીઓમાં તે ચોખા ભરવામાં આવ્યા અને ગુણીઓનાં મોંહ બંધ કરી તેઓ બહાર નીકલ્યા. બહાર પહેરેગીર તરીકે ચોકી કરતા ઉભેલા પેલા હથ્યારબંધ ખીદમતગારોને આરાદે હુકમ કીધો:

"આ મારા ચારે દરબારીઓએ ચોખા ચુંટવાનું કામ બહુજ સફાઇ અને સીફતથી સરનજામ ઉતારયું છે અને હું ફરમાઉં છું કે એઓને ભારે ઇજ્જત સાથ તમો આપણા મહેલના મોટા દરવાજા સુધી વલાવી આવો."

પેલા ચારે દરબારીઓ બહુજ શરમીનદા થઇ મહેલમાંથી બહાર નીકલ્યા અને મહેલના દરવાજા પર પેલા ખીદમતગારોએ તેમને નજર કેદ જેવી હાલતમાંથી છોડયા પછી તેઓ એક બીજાને કહેવા લાગ્યા: "હાકેમનો ફેસ્તો કરવા જતાં આપણી પોતાની ફજેતી તેણે કરી મેલી છે. પેલા હથીઆરબંધ ખીદમતગારોને મહોડેથી આ ચોખા ચુંટવાનાં વહીતરાંની વાત આખા મહેલમાં ફેલાશે અને મહેલમાંથી તે શહેરમાં જતાં કાંઇ પણ વીલંબ લાગવાનો નથી. એની સાથ દુશમનાઇ રાખવી એ આપણા પોતાના હાથેજ પોતાનાં ગલાં પર છરી ફેરવવા બરાબર છે. કાલ બામદાદે દરબારમાં આપણ કયે નાકે જઇશું? આખી દરબાર આપણા ચહેરા તરફ જોતી જશે અને હસતી જશે. ત્યાં આપણને ઉભું રહેવું પણ ભારી પડશે. ખરેજ! આપણે ભારે બેવકુફમાં ખપ્યા છઇએ. ફરીથી આવા દેખઇતા બુસખ પણ બાતેનના બાહોશ હાકેમ સાથ એવાં ચેડાં કહાડતાં આપણે ખુબ સંભાલ રાખવી જોઇએ."

બીજે દીવસે તેઓ દરબારમાં ગયા ત્યારે તેઓએ પોતાના હાકેમ તરફ બતાવેલાં માન મરતબાથી બીજા દરબારીઓ પર પણ ભારે અસર થઇ. હાકેમ આરાદની સામેની લાગણી રફતે રફતે નાબુદ થતી ગઇ. તેની દાનેશમંદી અને ડહાપણની પુરતી પીછાણ થઇ ચુકી. રાજગાદી પર કોઈ બુબખને બદલે બાહોશ હાકેમ બીરાજયો હતો એમ સઉ કોઇની ખાતરી થઇ અને હાકેમ પોતાની રઇએતમાં તેમજ પોતાના દરબારીઓમાં ભારે માન મેલવવા લાગ્યો અને તેના તાબા હેઠલના અમલદારો સઘલા સુધરીને ઇનસાફી રાહ પર ચાલવા લાગ્યા.

કારૂનનાં ખજાનાની વાત.

તવારીખનવેશો એકે અવાજે કહે છે કે ઇરાનની તવારીખમાં નોશીરવાન આદેલની બરોબરીઓ મલક બીજો એક પણ મલવો મુશકેલ છે. પાદશાહી દીલ અને મનની મોટાઇની બાબતમાં તેની બરોબરીઓ બીજો કોઇ પણ પાદશાહ હતો નહીં. તેનો સ્યાણો વઝીર બુઝરજ મેહર સઘળા સદગુણો પર આફ્રીન કરવા છતાં તેની ગુસ્સાની એબ માટે અફસોસ કરતો હતો.

એક દીવસે કાંઇક વાત નીકલતાં બુજરજ મહેર વચમાં પુરાયો: "અય ખુદાવંદ! કુલ ફલકના અય રહેમદીલ મલક! તારી દરબારમાં આવતા પરદેશીઓ વગેરેનાં ટોળેટોળાં તરફની તારી પરોણાગત અને ઉદારતાની તારીફ મારા જીવને ખુશ કરે છે. તારાં રૂડાં રાજયમાં તેમનો જન્મ થયો અને તારી સલતનતની સીતલ સાહયા હેઠળ તેઓ સુખ સંપમાં પોતાનાં દીન ગુજારે છે અને તારાં રાજ્યમાં પરદેશથી આવી વસનારા વેપારીઓ વગેરે દુવા ગુજારે છે કે આવા હાતમ દીલના શહેનશાહના અમલ હેઠળ આવી વસવાને તે રહીમબક્ષ કીરતારે તેમને રૂડી બુદ્ધી બક્ષી.

'અય આલમ પનાહ! શહેરે કેનઝાકામાં કારૂન નામનો એક જવાન રહે છે જે જોકે એક ખાનગી આસામી છે તોપણ રાજાઓ અને શહેનશાહો કરતાં તેનો દોર દમામ અને જાહોજલાલી જબરી અને દુનીઆના બીજા રાજા તો શું પણ મને જો તું માફ કરે તો કહું કે, ખુદ તારા જેવા હાતમ દીલના સાહની સખાવત તો તેની સખાવત આગળ કાંઇજ બીસાદમાં નથી."

આ બોલો પોતાના કાનપર પડતાંજ નોશીરવાન તો ગુસ્સાથી લાલ ને પીલો થઇ ગયો. "અય મેહર વઝીર! તુંને ખબર છે કે એક હાકેમ આગળ જુઠું બોલવાની એક રઇયત જો સહેજ પણ બેઅદબી ભરેલી હીમત કરે તો તેની સજા માટે તેની ગરદનજ જવી જોઇયે?"

વઝીર આ ગુસ્સાની અગાઉથી આશા રાખતો હોવાથી તે માટે તદન તઇયાર બની રહેલો હતો એટલે તેણે તરતજ પાછો જવાબ દીધો: "અય ખુદાવંદ! રાસ્તી સીવાય જો બીજી કાંઇ પણ વાત આ ઝુબાને કીધી હોય તો ભલે તે ઝુબાન તારી શમશેરના એકજ જરબથી તું છાંટી નાખ. કેનઝાકા ખાતેની મારી છેલ્લી મુસાફરી વેળાએ મેં આ કારૂનને નજરો નજર દીઠો હતો. તેના ઘરમાં એક મહેમાન દાખલ મેં તેની પરોણાગત ચાખી હતી. જો કે તારા અખુટ ખજાના પર મારી

ચશમ રાતો દીન રમતી રેહેવાથી હીરા મોતી યા માણેક જવાહીર જોવાની ટેવ પડી ગઇ છે, તોપણ તેની દોલતના દેખાવથી હું ખરેજ દંગ બની ગયો હતો; અને તેના દીલનું દુલ્લાપણું! હું કહું છું કે તેનું બ્યાન હું કરી શકતો નથી. આદમની ઝુઆન, તેનાં મનની મોટાઇ અને તેનાં દીલની દુલાઇની સીફત કરવાને લાચાર છે એટલુંજ હું કહી શકું છું."

બુઝરના આ બોલો નોશીરવાનના ભેજામાં ગુસ્સાનો આતશ સલગવવાને પુરતા હતા. તે વાઘની માફક બરાડ મારી બોલ્યો: અય વઝીર! મારા જેવા એક શહેનશાહની સપાટીપર એક ખાનગી આસામીને મુકવાની કોશેશ કરવી એ સરફ બેહયાઇ છે! તારી શેખાઇને માટે તુંને સજા થવીજ ઘટે છે."

તેણે આટલા બોલો બોલતાં ચોપ્દારોના વડા તરફ નીશાની કીધી કે તરતજ તે આગલ આવી નમીને ઉભો, અને શાહે વજીર તરફ આંગલી કરી તેને કયદ કરવાની નીશાની કરતાંજ તેણે વઝીરને પોતાના કબજામાં લીધો.

આ પ્રમાણે વજીરને બંદીવાનની હાલતમાં મુકી નોશીરવાન દરબારમાંથી મહેલમાં ચાલી ગયો. પોતાના ખાવીંદને ગુસ્સાથી તપતપતી ચશમો સાથ પોતા તરફ આવતો જોઇ નોશીરવાનની ઓરત પરીજાદ બહુ ગભરાઇ. તેણીએ તેને ઠંડો પાડવાની કોશેશ કરતાં પુછ્યું: "અય ખાવીંદે મન! તારી મહેરવંત ચશમો આજે ગુસ્સાના શોળાથી લાલચોલ કેમ બની છે?"

શાહે પોતાની મહેબુબ આગળ સઘળી બીના વીગતવારે કહી સંભળાવી જે ધ્યાન ધરીને સાંભળ્યા પછી પરીજાદે ભારે મોહબતથી તેનો મીજાજ મીઠો કરી તેને સમજાવ્યો કે "એવી વાતથી ગુસ્સો કરવાની કશી જરૂર નથી. બુઝરે કહેલી વાત સાચી છે કે જુઠી તેનો નીકાલ બહુ સહેલાઇથી આવી શકશે. કેનઝાકા ખાતે કોઇ વિશ્વાસુ માણસને મોકલવાથી વઝીરની વાતની સચ્ચાઇ યા ખોટારૂં જાહેર થઇ જશે. જો વજીરની વાત ખોટી હોય તો તેને સજા કરવામાં તું વાજબી ગણાશે, પણ જો તેની વાત સાચ્ચી હોય, કે જેમ બનવું મુશકેલ છે, તો વજીરને તે માટે સજા કરવી એ શાહ જેવા એક આદેલ હાકેમને નામુનાસેબ છે."

પરીજાદની આ સલાહ શાહને ઘણી પસંદ પડી તેથી તે બોલ્યો: "અયે મહેબુબે મન! તારી દાનાઇ ભરેલી સલાહ પર અમલ કરવાને હું તઇયાર છું: કારણ બુઝર મેહર જેવા વફાદાર વજીરને ઘટતો ઇનસાફ

આપવાને એજ સઉથી સરસ રસ્તો છે. અગર જો વજીરની વાતની તહેકીક કરવાને કોઇ એવા માણુસને હું મોકલાઉં કે જે વજીર પર વેર લેવાને તલપેલો હોય તો તે મને આવીને વજીરની વાત ખોટી છે એમજ સમજાવે, અને જો એની સાથ કોઇ મલતીઓ હોય તો તે વજીરની વાત સાચીજ છે એમજ મનાવવાની કોશેશ કરે: વાસ્તે સઉથી સરસ ઇલાજ એજ છે કે કેનઝાકા ખાતે મારે જાતે જવું અને વજીરની વાતની તહેકીક નજરે નજર કરવી. અગરજો વજીરની વાતમાં સચાઇ હશે તો હું તેને તેની હીંમત માટે પુરતો બદલો વાળવાને કાંઇપણ બાકી રાખનાર નથી, પણ જો તેની વાતમાં કાંઇ પણ સહરાગાત જેવું મને માલમ પડશે તો નક્કી માનવું કે તે પોતાનો જાન ખોશે."

આ પ્રમાણે શાહે પોતાનો ઇરાદો પોતાની માશુક આગળ કહી સંભલાવ્યો અને પોતે કેનઝીકા ખાતે જવાની સઘળી તઇયારીઓ છુપાછુપ કરવા લાગ્યો. એજ રાત્રે પોતે એકલોજ કેનઝાકા જવાને છુપાછુપ પોતાના મહેલમાંથી બહાર નીકલવાની તેણે તઇયારી કીધી. પરીજાદે તેને એકલો જતાં ઘણો વારયો પણ તે સમજયો નહીં. તે એકલોજ મહેલની બહાર નીકલી પડયો, અને ત્યાં તઇયાર રાખેલા એક ઘોડાપર સવાર થઇ કેનઝાકા તરફ ચાલતો થયો.

ત્યાં આવી પહોંચતાં તેણે પહેલીજ ધરમશાલામાં ઉતારો લીધો, જેનો માલેક એક આબરૂદાર બુઝરગ માણુસ હતો.

શાહ નોશીરવાને પેલા બુઝરગ માણુસને પુછયું: "અય પીર મરદ! આ શહેરમાં કારૂન નામનો એક તવંગર જવાન માણુસ રહે છે કે જે માણુસ એક શહેનશાહ કરતાં પણ વધુ માલ ખઝાનો અને ઉદાર દીલ ધરાવે છે એવી મેં સાંભળેલી વાત શું સાચી છે?"

પેલા પીર મરદે શાહ તરફ નજર કરી તેને માથાંથી પગ સુધી તપાસી કહ્યું: "અય જવાન મરદ! મારાં એક મુખને બદલે એકસો દહન હતે અને દર દહનમાં એકસો ઝુબાન જો દોડતી હતે તોપણ તે સઘળી ઝુબાનો તેની તવંગરીના જોરની અને તેની સખાવતનાં જોરની વખાણ કરવાને લાચાર થઇ પડતે એમ હું તુંને ખાત્રીથી કહું છું."

આ સખુનો સાંભળી શાહની કાંઇક ખાત્રી થઇ કે વજીરનાં વચનોમાં કાંઇક વજુદ હોવું જોઇએ. તે દીવસે તો તે ઘણોજ થાકી ગયલો હોવાથી તેણે પુરતી આસાએશ લીધી અને બીજી દીને સહવારના ઉઠયા પછી નાસ્તો

પાણી કરી તે શહેરમાં ફરવા નીકળી પડયો. ચાલતાં ચાલતાં એક દરજીની દુકાન આગળ તે આવી ઉભો, અને કારૂનના મકાનનું ઠેકાણું તે દરજીને પુછ્યું: "અય જવાન! તું કયા મુલકથી આવ્યો છે? તું કોઈ દીવસે આગલ અહીં આવ્યોજ નહીં હોય એમ માલમ પડે છેઃ કારણ કે કારૂનનું નામ તેમજ ઠામ કુલ રઈયતને માલમ છે. રાજાનો મહેલ કદાચ કોઈને ખબર નહીં હોય, પણ કારૂનનું મકાન તો નાના બચ્ચાંને પણ ખબર હોવુંજ જોઈએ."

શાહે આ સાંભલી પોતાની જીભ કરડી અને ખામોશી અખતીઆર કરી બોલ્યો: "હું ઇયાં તદન બેગાનો છું. આ શહેરમાં મારી પીછાણનું કોઈજ નહીં હોવાથી કારૂનનું મકાન જો તું બતાવશે તો હું તારૂં હેસાન માનીશ."

આ સાંભલી પેલા દરજીએ પોતાની દુકાને કામ કરતા એક નાના છોકરાને શાહ સાથે મોકલ્યો કે જે તેને કારૂનનું ઘર દેખાડે. તે છોકરો એક મોટાં મકાન આગળ આવી ઉભો જે બહુજ ઉંચી જાતના પથરાઓનું બાંધેલું હતું અને જેનાં બારી બારણાં સુંદર સંગેમરમર અને ઉંચા આરસપહાણના પથરોનાં બનાવેલાં હતાં. આ મકાન આગળ શાહને છોડી પેલો છોકરો ચાલતો થયો. શાહ અંદર દાખલ થયો તો એક ખુલ્લા ચોકમાં આવી પહોંચતાં સંખ્યાબંધ નોકરો આમ તેમ ફરતા, કોઇ કોઇ વાત કરતા અને કોઇ કોઇ ખેલ ગમત કરતા માલમ પડયા. તે નોકરોમાંથી એકની તેની પર નજર પડતાં તરતજ તે બા અદબ આદા તેની હજુરમાં આવી ખડો થયો અને સર ઝુકાવી પુછ્યું: "બંદાને શું ફરમાન છે સાહેબ?"

"આ શહેરમાં હું મુસાફરી કરતો આવી પહોંચ્યો છું અને આ મકાનના માલેક કારૂનની મુલાકાત કરવાને ઇંતેઝાર છું."

પેલા નોકરે તરતજ ફરીથી કુરનસ બજાવી એક સુંદર દીવાનખાનામાં લઇ જઇ ત્યાં બેઠક લેવાની તેને ઇઝતભરી અરજ કીધી, અને શાહને ત્યાં બેસાડી તે પોતે પોતાના માલેકની હજુરમાં ખબર આપવા દોડયો.

શાહ તે દીવાનખાનામાં ગોઠવેલું કીમતી રાચરચીલું તપાસતો હતો તેવામાં દીવાનખાનાની દુરની બાજુનું એક બારણું ઉઘડયું અને એક ખુબસુરત નવજવાન હસતે ચહેરે તેની બેઠક તરફ આગળ વધ્યો. શાહ આગળ તે જવાને આવી પહોંચતાંજ પોતાનો હસ્ત લંબાવ્યો અને બોલ્યો:

"મુજ જેવા કમતરીનના મકાને આપે પધારયા! તમારી તકલીફ ફરમાવવાની નેક મકસદ મને જણાવશો તો મુજ મીસકીનથી જેટલું બની શકશે એટલું હું બાખુશીથી બજા લાવીશ."

એમ બોલી તે જવાન, જે કારૂન પોતે હતો, તેણે શાહનો હાથ નાજુકાઇથી પોતાના હાથમાં લીધો અને જે દરવાજામાંથી તે ત્યાં દાખલ થયો હતો તે દરવાજા તરફ લઇ ચાલ્યો. તે દરવાજામાં દાખલ થતાં શાહ તો ત્યાંનો દેખાવ જોઇ ભારે તાજુબ રહયો. એક રાજાના મહેલના જેવાંજ દીવાનખાનામાં તેને લઇ જવામાં આવ્યો હતો જયાંના સુંદર સાતીનના સેજ અને દુમસની ગાદીઓથી ચકચકતી ખુરશીઓ, સેંકડો બતીઓવાલાં ઝુમરો, અને નકશીદાર આઇનાઓ વગેરેનો સણગાર ચીતને ચકભમ કરી નાખે તેવો હતો. તેઓ ત્યાં પહોંચ્યા પછી એક સુંદર બેઠક પર ગોઠવાયા અને કારૂને પોતાના મહેમાનની મકસદ પુછતાં શાહે જવાબ આપ્યો:
"હું શહેરે મદાહનનો એક વેપારી છું અને તારી જાહોજલાલી અને તારાં નેક કામોની વાતો સાંભલી તે ખુદ નજરે નજર જોઇ ખાતરી કરવાની મતલબથી હું તારી મુલાકાતે આવ્યો છું. શહેરમાં દાખલ થતાં જે પહેલીજ ધરમશાલા આવે છે ત્યાં મેં ઉતારો લીધો છે."

હજી તો શાહ આટલો ખુલાસો કરે છે તેટલાં બાર ગુલામો પોતાના હાથમાં અકીક અને બીલોરની બનાવેલી સુંદર શુરાહીમાં ઠંડાં દીલખુશ શરબત લઇ આવ્યા અને તેમની પાછળ બાર ખુબસુરત લોંડીઓ સોનેરી રૂપેરી ખાનચાઓમાં પરવાલીઆં પ્યાલાં, જમરૂદી જામ, ખુશબોદાર ફુલો, મઘમઘતાં મીશટાન અને મીઠાશદાર મેવા લઇ પોતાનાં ગુલબદન તન નાજુક ગુલછડી સમ લટકાથી લહેકાવતી ત્યાં આવી હસતે ચહેરે તેઓ સામે આવી ઉભી. કારૂન તરફથી સેજ ઇસારો થતાંજ તેઓએ પોતાના હાથમાંનો બોજો મોતીની સીપથી જડેલી નકશીદાર સીસમી નાજુક તીપાઇઓ પર ગોઠવ્યો અને તે નખરાંબાજ નાઝનીનોના હાથોએ શીરીન શરબતી જામ પર જામ ભરી કારૂન અને શાહને નજર કીધી. શરબત અને મેવાનો દોર પુર જોશમાં ચાલ્યા પછી મેવા ને મીશટાનનો મારો ચાલ્યો અને શાહે જોઇ લીધું કે જો કે તે પોતે શરબત અને મેવા મીશટાનમાંજ મોટો થયો હતો પણ આજ સુધી આવાં લહેઝતદાર શરબત યા સ્વાદીષ્ટ મીશટાન તેણે કોઇ કાલે ચાખ્યાં નહીં હતાં.

શરબત મીશટાન ખાણી પરવાડયા પછી તેઓ પાછા ગોફતેગોમાં મશગુલ થયા. કારૂને પોતાના સોદાગર પહરોણાની તહરેવાર ખબર

આરીએત પુછી, અને શાહે જેમ ઉડાવી શકાય તેમ તહરેવાર રીતે પોતાની સોદાગરીની હકીકત કહેવા માંડી. આ પ્રમાણે ગોફતેગોમાં કેટલોક વખત ગુજારયા પછી જમવાનો વખત થતાં કારૂને પોતાના મહેમાનનો હાથ પોતાના હાથમાં લીધો અને ભારે ઇજત સાથ તે તેને જમવાના ઓરડામાં લઇ ગયો. આ ઓરડાનો દેખાવ આગલાં સઘળાં દીવાનખાનાના સણુગારને શરમાવે તેવા હતો અને ત્યાં બીછાવેલા સુંદર ગાલીચાઓની મનપસંદ તરાહ આંખે ઉડીને વલગે તેવી હતી. ખાણાને માટેના સઘળા રકાબી અને વાસણો એટલાં તો કીમતી હતાં કે કોઇ મોટા શહેનશાહના મહેલમાં પણ તેવાં હોય નહી, અને તે સઘળા સણુગારને હોરદમામને છાજતાંજ ખાણાંનાં વાશું પણ હોવાથી તે મકાનના માલેકના લહેજત અને શોખની ખરી ગોટાઇ કોઇના કહ્યા વીના માલમ પડી આવતી હતી. ખાણું પુરૂં થતાંજ તેઓ બીજાં દીવાનખાના તરફ ચાલ્યા, જ્યાં હજારો ઝગઝગતી બતીઓના ભભુકદાર તેજમાં આંખોને આંજી નાખે એવા ચમકારથી ચમકતાં જર ઝવેરો સાથના શોભીતા સાજમાં સજાઇ બેઠેલી સીમીનતન સુંદરીઓ સરસ સાટીનના સણુગારેલા સેજોપર પુતલાં પુરે ગોઠવાઇ બેખબર બની બેઠેલી હતી. આહ! તે દીલખુશ દેખાવનું દીલપઝીર દાસ્તાન એક કમીની કલમથી કરવાનાં કરતાં એક ચીતારાની ચંચલ પીંછીથી વધુ ઇનસાફ પામવાને લાયક હતું.

તે દીવાનખાનામાં દાખલ થતાંજ શાહની ચશમોને ચીતરી ચહડવા માંડી. રાજમહેલની મોજ મજાની તેને નવાઇ નહીં હતી. એશ આરામનાં અએબાતોની તેને ઓનાઇ નહીં હતી. નખરાંદાર નાઝનીનો તો તેણે બેશુમાર જોઇ હતી. અણુદદ રોશનીથી ચમકી રહેલી હજારો તેજસ્વી બત્તીઓ વચ્ચે તેણે પોતાની જીંદગી ગુજારી હતી. પણ આ કારૂનના દીવાનખાનાના દેખાવ પર પહેલીજ નજર પડતાં તે સઘળું શાહને મનસે આ જેહાનનું જીનેસ્તાનજ હતું. તે દેખાવ જોઇ શાહ દંગજ બની ગયો અને પોતાના મેજબાનની મોટાઇ પર આફરીન કરવા લાગ્યો.

આ દીવાનખાનામાં તેઓ જઇ પુગતાંજ પેલી ચહેરેનમુન નાઝનીનો ખડી થઇ ઉભી અને બન્નેએ પોતપોતાની બેઠક લેતાંજ તેઓએ બુલબુલી કંઠે ઝાંઝરના ઝમકાર અને સીતારના રણકાર સાથ નાઝ નખરાંથી નાચ કરતાં ગાયણ ગાવા માંડયું.

ગાયણ જેવું પુરૂં થયું કે શાહે કારૂનને કહ્યું: “ અય મહેરબાન મેજબાન! અત્યાર સુધી તારા મહેલમાં મેં જે નવીન નવાઇઓ અને મોડી

મોજ ભોગવી છે તેવી કોઇ રાજ્ય મહેલમાં પણ નહીં ભોગવતું હશે. આ કોમલ કંઠી હુરીઓના હલકમાં આ ફુલકના મલકે ફુલ ખલકનો મીઠાશ મુકી દીધેલો માલુમ પડે છે.”

હજી તો શાહ આફરીનના હરફ પુરા કરે તે અગાઉ પેલી રામશગરોના કરતાં વધુ નુરમંદ હોશનવાલી નાઝનીનો શીશાઝ શરાબની શુરાહીઓ લઈ ઠુમકતે પગલે તેમની આગળ આવી પુગી અને લાલ અર્ધીઝી જામોમાં સુરખ રંગી શરાબનો દોર ત્યાં ચાલી રહ્યો. એક તરફથી શરાબનો રંગ જામી રહ્યો કે બીજી તરફથી પેલી રામસગરોએ પોતાના કોયલ સમ કોમલ કંઠ પાછો ખોલવા માંડ્યો અને શરાબો શરોદના ખુશ બહારમાં ચકચુર બની શાહ ત્યાં લગભગ બેહોશ જેવો બની બેઠો. તે હજી તો આ ખુશ લહેરમાં મસ્ત બની બેઠો હતો તેટલાં કારુન તેની આગળથી એક બીજા ઓરડામાં ગયો અને થોડાજ વખતમાં ત્યાં પાછો ફર્યો. તેના એક હાથમાં જાદુઇ લાકડી પકડેલી હતી અને બીજા હાથમાં એક બહુજ દીલખુશ નમુનેદાર ઝાડ લીધેલું હતું કે જે ઝાડનુ થડ શુધ સફેદ ચાંદીનું, પાંદડાં લીલાં પાણાનાં અને ફળ લાલ માણેકનાં બનાવેલાં હતાં. આ ઝાડને મથાલે એક ઘણોજ મનહરણ દેખાવનો મોર બેસાડેલો હતો, જેનાં બદનમાંથી ખોતનની ખુશબોનો દીલખુશ મહેકાર ચોતરફ ફેલાઈ રહેતો હતો. તેણે તે ઝાડ લાવીને શાહના પગ આગલ મુક્યું અને તે ઝાડ પર બેઠેલા મોરનાં માથાંપર પેલી જાદુઇ લાકડી લગાડી. તરતજ તે મોરે પોતાનું માથું નીચું નમાવ્યું, પોતાની પાંખ ફફડાવી, પોતાની પુછડી પહોલી કીધી અને જમની તેમજ ડાબી બન્ને તરફ અવારનવાર ફરી બહુજ મનપસંદ અત્તરનો છંટકાવ ચોતરફ કરવા માંડ્યો. હજી તો આ અજબ કરામતને જોતાં શાહની તાજુબીનો અંત નહીં આવ્યો હતો તેટલાંજ કારુને પેલું ઝાડ પાછું ઉપાડી લીધું અને પેલા ઓરડામાં પાછો ચાલી ગયો.

કારુનની આવી અધીરાઇથી શાહ ઘણો તાજુબ રહ્યો અને તે ગયા પછી પોતાના મન સાથ તે બોલ્યો: “ આ પ્રમાણે કરવાનો શો સબબ ? મને લાગે છે કે આ જવાન માણસની જેવી સીફત ગાવામાં આવે છે એટલી સીફતને તે લાયક નથી: કારણ કે જ્યારે આ અજબ કરામતથી તાજુબ રહી હું હજી તો ઝબાન ખોલી શકતો નથી, તેટલાંજ તે અધીરો બની આ કરામતી ઝાડ ઉંચકી લઇ જાય છે કે જેથી હું તેને માટે માંગણી કરી શકુંજ નહીં. મારો વજીર આ શખ્સને મોટાં મનનો કહે છે તો તેનાં મનની મોટાઇ ક્યાં રહી ? ”

નોશીરવાન હજી તો આ પ્રમાણે પોતાના ખ્યાલમાં મશગુલ બની બેઠો છે તેટલાંજ કારૂન વળી પાછો ત્યાં આવી પહોંચ્યો અને તેની પાછલ એક ઘણુંજ બેનમુન ચહેરાનો મોતી અને હીરાથી મઢાએલા સોનેરી સાજમાં સજ્જ થએલો નવજવાન છોકરો એકજ માણેકમાંથી કોતરી કહાડેલું અને શુંખર રંગ શરાબથી ભરેલું એક નાનું પ્યાલું લઇ ત્યાં આવી ઉભો. શાહ આગલ આવી પહોંચતાંજ તેણે એક પગ ગાલીચા પર વાલી નાખ્યો અને એવી અર્ધ બેઠેલી હાલતમાં તેણે પોતાનું સર ઝુંકાવી પેલી માણેકી જામ શાહને નઝર કીધી. હસતે ચહેરે તે જામ તેના હાથમાંથી લઇ તેનાં ફીરેસ્તાઇ રોશન પર અને પેલી બેમુલી જામ પર આફરીન કીધી. બહુજ મીઠા હલકે તે છોકરાએ પેલી જામ માહેલો શરાબ નોશ કરવાને શાહને અરજ કીધી.

શાહે તેની અરજ મંજુર કરી તે જામ એકે ગોટે ખાલી કરી પાછી પેલા છોકરાને આપી. તે છોકરાએ તે જામને હાથ લગાડ્યા વીના તે જામ પાછી નોશ કરવાને શાહને અરજ કીધી. આ અજબ જેવી અરજથી શાહ તાજુબ રહ્યો, પણ તેની અજાયબીનો શો પાર ! તે પેલી ખાલી જામ જોવા જાય છે તો પાછી છલોછલ ભરાયલી હતી. શાહ પેલા છોકરા તરફ જોઇ ફરી હસ્યો અને ફરી તે જામ તેને પાછી આપતાં જામ તરફ નજર કરી તો ફરી તે ભરાઇ ગયલી હતી. વળી પેલા છોકરાએ તે જામ નોશ કરવાની અરજ કીધી. અને વળી પાછી તે ભરાતી જણાઇ, જે કરામત જોઇ શાહ પેલાં ઝાડ અને મોરની વાત તદ્દન વીસરીજ ગયો. એ તલેસમ શો હતો તે વીશે શાહે કારૂનથી ખોલાસો માંગતાં તેણે કહ્યું: "અય મહેરબાન મહેમાન ! આ તલેસમાતી જામ એક અસલી પીર મર્દને હાથની બનાવેલી છે જે ઘણુંક ખુદાઇ ભેદોથી બીજા આદમીઓ કરતાં વધુ માહીતગાર હતો !" આટલું બોલી તેણે પેલા છોકરાનો હાથ પકડી પેલા ઓરડા તરફ ચાલુ મુક્યું.

કારૂનની આવી ચાલથી શાહને બહુજ ઝાંઝ ચઢી. તે પોતાને મનસે બડબડવા લાગ્યો: "એ આ તે કંઇ જાતની રીતભાત અને કઇ જાતનો વીવેક ? હું ધારૂછું કે એનું ભેજું કાંઇક ખીસેલું છે. એ તહરેવાર નવી નવાઇની કરામતી બનાવતો મારી આગળ લાવે છે, મને તેથી રીઝાવે છે, અને જોય છે કે જેવી તે ચીજ મને પસંદ પડી કે તરતજ તે પાછી પસાર કરી જાય છે. આફા ! ખુદા ! આવાં માણસને તું મોટાં મનનો જણાવે છે !"

પેલા છોકરાને અંદર મેલી કારૂન શાહ આગળ પાછો ફર્યો. પેલા રામસગરોએ શીરીન સરોદથી તેમનાં દીલ ખુશ કરવા માંડયાં અને સાકીઓ શરાબ શરબતની જામો ફેરવવા લાગી. અંતે મોડી રાત થવાથી શાહે પોતાના મેજબાનથી રૂખસદ ચાહી. કારૂને ઘણીજ મહોબતથી ચાહ સાથ બગલગીરી કરી બીજે દીવસે તેને ત્યાં પાછા પધારવાનું ઇજન કીધું. નોશીરવાને તે ઇજન બાઇજત ના પાડતાં કારૂનને જણાવ્યું કે તેણે જે બાદશાહી રીતે તેની પરોણાગત કીધી હતી તેથી તે એટલો તો ગુંચવાડામાં પડયો હતો કે તેનો ઉપકાર માનવાને કઇ લફ્ઝ વાપડવા તે તેને સમજ પડતી નથી. કારૂને તેની વધુ સારી બરદાસ્ત નહીં થઇ શકી તે માટે માફી ચાહી અને અંતે બન્ને છુટા પડયા.

ધરમશાળા તરફ જતાં શાહ પોતાને મનસે બોલવા લાગ્યો: "મારા વઝીરે કહેલી વાતમાં સચાઇ હતી ખરી, પણ એક વાતે તેનું કહેલું ખોટું હતું. દોરદમામ અને જાહોજલાલીમાં તો રાજાઓ અને શહેનશાહો કરતાં કારૂન સાત દરજજે સરસ કહેવાય એમાં તો કશો પણ શક છેજ નહીં, પણ મનની મોટાઇમાં તો તે મારી સપાટી પર આવે એ બનવુંજ મુશકેલ છે. તેણે એક મહેમાન દાખલ મને શી નવાજેશ કીધી? એક મેજબાન દાખલ તેણે મને શી યાદગારી આપી? પેલાં કરામતી ઝાડ, તલેસમાતી મોર, અને જાદુઇ જામ માટે મેં કાંઇ કમતી તારીફ નહીં કીધી હતી અને તે સઘળાં છતાં તે જાણે કાંઇ સમજ્યોજ નહીં હોય તેમ તેણે તે ચીજોને માટે ચુપાકીજ કીધા. તે માત્ર પોતાની દોલતનો દમામ દેખાડવાને આરજુ રાખતો માલમ પડે છે: જેથી દુન્યામાં તેની વાખવાણી થાય. હું તો કહું છું કે તેના જેવા સુમગમીલો બીજા થોડાજ હશે અને તેવા એક કંજુસને મારા કરતાં વધુ સખીદાતા અને મારા કરતાં વધુ મનની મોટાઇ ધરાવનારો કહેવામાં બુઝરે જે ખોટી વાતો કીધી છે તે માટે હું તેને જતો મેલનાર નથી."

આવા આવા વીચારો કરતો ધીરે ધીરે હવા ધોરતો શાહ પેલી ધરમશાલા આગલ આવી પહોંચ્યો. ધરમશાલાના આંગણાંમાં તેણે સંખ્યાબંધ ઘોડા અને ઉંટ ઉભેલાં જોયાં જે દરેકની ઉપર શેત્રંજી, તંબુ, ગલીચા, અને બીજાં કાંઇ ને કાંઇ માલ લાદેલો હતો. વળી ધરમશાળાના ઓટલા પર કેટલાક ગોલામો સોનેરી રૂપેરી ખાનચાઓમાં મેવા મીશટાન લઇને ઉભેલા હતા, અને તેઓની વચે કારૂનના મકાનમાંનો પેલો જાદુઇ જામ લાવનારો ખુબસુરત છોકરો તે જામ અને પેલુ કરામતી મોરવાલું ઝાડ લઇને શાહને ખાતર ખોટી થતો હતો.

શાહને દુરથી આવતો જોતાંજ પેલો છોકરો આગળ વધ્યો અને એક ખુશબોથી પમરતો રૂકો તેના હાથમાં મેલ્યો. પેલો રૂકો શાહે ઉખેડી વાંચ્યો તો તેની તાજુબીનો પાર રહ્યો નહીં. તે રૂકો નીચે પ્રમાણે હતો:—

"અએ અજીઝ મહેમાન! તમારી પરોણાગત મનપસંદ રીતે થઇ નથી તે માટે હું ખરેખર ઘણોજ દલગીર છું. તમારી મહેમાની કરવામાં મેં જો કાંઇ કસુર રાખી હોય તો તે માટે દરગુઝર ચાહી આ રૂકા સંગાતે જે નજીવી ચીજો નઝર કરૂં છું તે મનઝુર રાખશો તો તમારૂં ઘણુંજ અહેશાન સમજીશ. મેં મોકલાવેલી ચીજોમાં રૂપેરી ઝાડ, તલેસમાતી મોર, ખુબસુરત જવાન અને તેના હાથ માહેલી જાદુઇ જામ પણ જોશો. એ સઘળું તમો સુખેથી વાપરજો: કારણ મારો એ કાનુનજ છે કે મારા મહેમાનને મનપસંદ ચીજ તેને પસંદ પડી કે તે વખતથીજ તે તેનીજ થયલી હું સમજું છું."

કારૂન તરફથી આવેલો આ રૂકો વાંચી નોશીરવાન તો તાજુબીનાં દરીઆવમાં તદનજ ગરક ગયો. કારૂનના મનની મોટાઇ વીશે તેણે થોડાજ વખત અગાઉ હલકું મત બાંધ્યું હતું; તે ઘણોજ શરમીંદો બની ગયો અને તે શરમીંદગીની વચ્ચે કારૂનની આવી મોટાં મનની અને દુલાં દીલની સખાવતથી તે તદનજ પોતાને કચડાઇ ગયલો માનવા લાગ્યો. પોતાના મનમાંજ ખશીઆણો પડી તે બોલ્યો કે: "આફ્રીન છે અય ખુદા, આફ્રીન છે તારી અકકલહુપર! આજ રોજે તેં મને એક એવો આદમ દેખાડયો છે કે જેણે મારૂં ગુમાન ને તકોબરી એક તડાકામાં તોડી નાંખી છે. અય નોશીરવાન! ફરીથી હવે તું ગરૂરી ભરયા કાંઇ લફ્ઝ બોલે તે અગાઉ એકસો વાર વિચાર કરજે. યાદ રાખ કે તારી રઇયતમાંનો એકજ આદમ તારી કુલ દોલતને ખીસામાં સમાવી દે એવી શકતી ધરાવનારો હસ્તી ભોગવે છે. પણ એવો એક આસામી આટલી બધી દોલતના દરંગ તે કયાંથી લાવ્યો હશે તે મને સમજ પડતી નથી તેની સાથની મારી મુલાકાત દરમ્યાન તેને એ સવાલ મારે પુછવોજ હતો. આ બાબતની ચોક્કસ તપાસ કીધા વીના મદાઇન પાછું ફરવું મને લાજમ નથી. મારાંજ રાજ્યમાં વસતો એક માણુસ મારા કરતાં વધુ દોર દમામથી રહે અને તેના સંબંધમાં હું અનજાણપણું દેખાડું એ મને શોભા ભરેલું નથી. હું પાછો એની મુલાકાતે જઇ પુછપરછ કરીશ કે એ સઘળી દોલત તેણે કયાંથી અને કેમ મેળવી?"

તેણે પેલા કારૂનના નોકરોને ત્યાંજ ડોણી જવા કહયું અને ફરમાવ્યું કે તે પોતે કારૂન પાસે જતો હોવાથી તે પાછો ફરે ત્યાં સુધી તેઓએ,

ત્યાંથી ખીસવું નહીં. પોતાની ઇનતેઝારી નહીં ખમી શકાવાથી તે તરતજ કારૂનનાં મકાન તરફ દોડયો અને તેની આગલ જઇ પોતાનું ખરૂં નામ નહીં પણ પોતાની રાજવંશી પદવી તેની આગલ જાહેર કરી દીધી અને પછી બોલ્યો: "અય અજીજ દોસ્ત કારૂન! તેં મોકલેલી ભેટ સોગાદો એટલી કીમતી છે કે તે કબુલ રાખવી એ હું ગુનાહ સમજું છું. તારી માયા મહેરબાનીનો આટલો બધો લાભ લેવો મને લાજમ નથી. શહેર તરફ હું પાછો રવાના થાઉં તે અગાઉ તે તારી નઝર તારી તરફ પાછી રવાના કરવાની મને રજા આપ."

શાહના છેલ્લા બોલો સાંભલી કારૂન ઘણો દલગીર થતો માલમ પડયો: "અય ખુદાવંદ! કમનસીબ કારૂને તારી પદવી પહેલાંથી પીછાણી નહીં તેથી કદાચ તારી પરોણાગતમાં કાંઇ કસુર થઇ હશે એમ હું સમજું છું. મુજ મીસકીન તરફની કમીની ભેટ તુંને પસંદ નથી આવું માલમ પડે છે: કારણ જો તે તને પસંદ પડી હતે તો તું પાછી વાળતે નહીં."

નોશીરવાને જવાબ દીધો: "નહીં, નહીં! તું એમ ના સમજ. હું ખુદાને હાજર નાજર જાણી કહું છું કે તારી મહેમાનદારીથી મારો જીવ ખુશ થયો છે. પણ તારી આ ભેટ સોગાદ એટલી બધી કીમતી છે કે તે મંજુર કરી શકાતી નથી. એક રાજવંશી તરફથી થતી ભેટ સોગાદ તારી નઝર આગલ કુચ બીસાદમાં નથી, અને એવીજ જો ભેટ સોગાદ આપવાનું તું ચાલુ રાખશે તો ચંદરોજમાં તારા ખજાનાના કુવા હશે તો તે વહીક ખાલી થઇ જશે, એવી શીખામણ તુંને દેવાની હું મારી પવીત્ર ફરજ સમજું છું."

આ છેલ્લા બોલો સાંભલી કારૂન હસ્યો અને શાહને કહ્યું: "અય જહાંપનાહ! હું તારે મહોડેથી સાંભલીને ખુશી છું કે તારા દરજ્જાની જાણ નહીં હોવા છતાં મેં દીધેલી તારી મહેમાનદારીથી તું ખુશી થયો છે અને મેં મોકલેલી નજીવી ભેટ કાંઇ ગુસ્સાથી નહીં પણ બીજીજ ખારતી ફીકરથી પાછી વાળવાને તેં વાજબી વીચાર્યું છે. પણ હું તુંને ખાતરી આપું છું કે એ ભેટ સોગાદ કબુલ રાખવાની હું તુંને ફરજ પાડીશ. હું એટલી તો ગંજાવર દોલત ધરાઉં છું કે આના કરતાં બીજી દશ ઘણી વધુ સરસ ભેટો હું દરરોજ કરયો જાઉં તોપણ તે કોઇ કાલે ખુટે એવું નથી. તું મારા બોલવાથી તાજુબ થતો જણાય છે તેમાં હું કાંઇ નવાઇ જોતો નથી: કારણ આટલી મોટી દોલત કોઈ સોડે હોય એમ માનવું મુશકેલ છે. પણ મારી

કીસ્સા કહાણીથી જો તુંને હું વાકેફ કરૂં તો તે તારી તાજુબી હું જરૂર દુર કરી શકીશ એમ પક્કી ખાતરી છે. તારા જેવા એક માનવંત મીત્રને મારી કહાણી કહી સંભલાવવામાં હું કાંઇ ખોટું જોતો નથી."

આમ બોલી કારૂને નોશીરવાનનો હાથ પોતાનાં હાથમાં માન મહોબ્બતથી પકડયો અને તેને એક એવા દીલખુશ દમામદાર દીવાનખાનામાં લઇ ગયો કે જ્યાંનો ભપકો ભાન ભુલાવે તેવો હતો. અત્તરની ખુશબોથી આખો ઓરડો બહેક બહેક થઇ રહેલો હતો, જેમાં બીછાવેલા સુંદર ગાલીચા પર વચ્ચે વચમાં ગોઠવેલાં એક જહવેરોથી જડેલાં જગમગતાં ઝલકાટવાલાં સોનેરી તખત પર શાહને લઇ જઇ બેસાડયો. એક રઇયતનાં મકાનમાં પોતે હાજર છે એવો શાહને ખયાલ વટીક રહયો નહીં અને કારૂનની કહાણી અરધી જાગતી અને અરધી ખુઆબ જેવી ખુશ હાલતમાંજ તેણે સાંભલવા માંડી.

કારૂનની કહાણી સાંભળી શાહ તો ગોયા પોતે કાંઇ સ્વપનુંજ જોતો હોય એવી હાલતમાં આવી પડયો. કહાણી પરથી શાહને માલમ પડયું કે ગુસ્તાસ્પ નામના એક શખ્સનો તે બેટો હતો, અને શાહના હાથ નીચેના કેનઝાકાના હાકેમને તેમજ તેના વઝીરને દર મહીને કારૂન તરફથી હઝારો રૂપીઆ ભેટ આપવામાં આવતા હતા એટલુંજ નહીં પણ તે હાકેમ અને તેનો વઝીર ઘણાજ બેશરમ હોવાથી કારૂનને વારંવાર શરમમાં નાખી તેને નીચવવાની નીચ પેરવી કરતા રહેતા હતા.

કારૂનના અખુટ ખજાનાની વાતો સાંભળી શાહને તે જોવાની ભારે ઇનતેઝારી પેદા થઈ. તેણે કારૂનને કહયું: "અય અજીઝ દોસ્ત! હું તારા અખુટ ખજાનાની હકીકત સાંભળી એટલો તો તાજુબ બન્યો છું કે તારી વાતમાં રાસ્તી કમ હોય એવો મને કાંઇક શક જાય છે. તારો ખજાનો ગમે એટલો મોટો હશે તોપણ તે કાંઇ ખુટયા વીના રહે એ હું માનતો નથી. તારી મહેરબાનીનો બદલો વાલવાને હું શકતીમાન નથી, તેમ છતાં હજી એક વધુ મહેરબાની માંગ્યા વીના મારા મનની મુરાદ પાર પડનાર નથી. જો તું મને બેઅદબ નહીં સમજે તો હું એક વધુ મહેરબાનીનો તલબગાર છું. તારો આ અખુટ ખજાનો કયાં છે અને કેટલો છે તે હું નજરે નજર જોવા ચાહું છું અને હું તુને કસમ ખાઇને કહું છું કે મારી ઝબાનથી તે ખજાનાની છુપી વાત કોઇ પણ સાંભળી શકનાર નથી."

કારૂન ઘણોજ દલગીર ચહેરે બોલ્યો: "અય ખુદાવંદ ! તારાં હુકમમાં

આ ખજાનો જોવાની મોરાદ બરપા થઈ તે જાણી હું ખરેજ દીલોજાનથી દલગીર છું. મારો ખજાનો તુંને દેખાડવાને હું ના પાડતો નથી; પણ ઘણીજ કઢંગી નાપસંદ શરતો કરીનેજ તે હું દેખાડી શકીશ."

કારૂને જવાબ દીધો: " અય માયાવંત મોટાં મનના મેજબાન ! તારી શરતોની કાંઇ પરવા નહીં. ગમે એવી તે સખ્ત હશે તોપણ તે મારે મંઝુર છે."

કારૂને જ્યારે જોયું કે તેનો મહેમાન પાકો ઠરાવ કરી બેઠો હતો ત્યારે તેણે પોતાની શરતો જાહેર કરવાને વાજબી વીચાર્યું.

" આ ખજાનો કયાં છે તે તું જાણે નહીં એટલા માટે તારી આંખોને પાટા બાંધવા પડશે. તુંને પોતાને ઉઘાડે માથે ઉઘાડે પગે અને કાંઇ પણ હથીઆર વીના ત્યાં આવવું પડશે, એટલુંજ નહીં પણ હું તારી સાથ ચાલતી વેળા હાથમાં નાગી શમશેર પકડીને ચાલીશ અને જો મારી મહેરબાનીના બદલામાં કાંઇ પણ લુચ્ચાઇ રમવાની સહેજ પણ કોશીશ તું કરશે તો તેજ વેળા તારા બદનના હું ટુકડા કરી નાખીશ. હું જાણું છું, અય દોસ્તે મન ! કે મારી આ શરત ઘણીજ સખત છે અને તારી મુરાદ મારે પાર નહીં પાડવી જોઇએ; પણ તેં મારા ખજાનાની હકીકત તદન ખાનગી રાખવાને જે કસમ લીધા છે તે કસમ પર મને એતબાર છે અને તારા જેવા દોસ્તના મનની મુરાદ પુરી કરવાને હું કાંઇ પણ બહાણે માંડી વાળું એ મારે માટે તારા મનમાં સારો વીચાર નહીં ઉતપન્ન કરે એમ હોવાથી હું ઉપલી શરતોએ તુંને મારો ખજાનો દેખાડવાને કબુલ થાઉં છું."

" હું તારી આ મહેરબાનીનો બદલો કદી પણ ભુલનાર નથી અને તેનો ગેરઉપયોગ પણ હું કરનાર નથી એટલું તારે સારી પેઠે યાદ રાખવું."

કારૂને કહયું: " મારાં માણુસો મોડી રાત્રે જ્યારે ભર ઉંઘમાં પડેલાં હશે ત્યારે હું તારા ઓરડામાં આવીશ અને મેં કહેલી શરતો મુજબ હું તુંને ખજાનો દેખાડવા લઇ જઇશ."

શાહે તે વખતની બહુજ ઇન્તેઝારીથી રાહ જોયા કીધી. તેની ખોઆબગાહમાં ગયા પછી તે બીસ્તરાપર અછાડપછાડ કરવા લાગ્યો. તે રાતના ઉંઘને અને શાહને વેર વસ્યું હતું અને મોડી રાત થવાની તે વાટ જોતો પડયો. અંતે મોડી રાત થઇ અને કારૂન પોતે આપેલાં વચન મુજબ તેને લેવા આવ્યો: " અય ખુદાવંદ ! મારા સઘલા નોકર નફરો

ખુશ નીંદમાં ગીરેફ્તાર થયાં છે. સઘલું શાંત છે અને મારો ખજાનો દેખાડવાને હવે હું આપણી શરત મુજબ તઇઆર છું."

શાહે ખુશીથી બીછાનાની બહાર કુદકો માર્યો અને બોલ્યો: "અય અજીઝ દોસ્ત ! હું તારી સાથે ગમે એવે ઠેકાણે જવાને તઇઆર છું. તુંને ફરીથી હું કસમ ખાઇ કહું છું કે તારા ખજાનાનો ભરમ મારી છાતીમાંજ હમેશાં સમાયલો રહેશે."

કારૂને તેની આંખે પાટા બાંધ્યા અને બોલ્યો: "અય જેહાંપનાહ ! મને આ બેઅદબી માટે માફ કરજે. પણ મારી શરતો મારે બહુજ સખત રીતે અમલમાં લેવાની મને ફરજ પડે છે જે માટે હું ઉમેદ રાખું છું કે તું દરગુઝર કરશે."

"હું તારી આ શરતો માટે મારાં મનમાં કાંઇ પણ ખોટું લેતો નથી. કારણ તારા ખજાનાની સંભાળ રાખવી એ તારી ફરજ છે."

• હવે શાહનો હાથ પકડીને કારૂન તેને પોતાના મહેલની બહાર લઇ ચાલ્યો. કેટલેક દુર સુધી ચાલ્યા પછી તેઓ કાંઇક કાંટા કચરાવાળી પહાડી જગ્યાએ આવી પુગ્યા હોય એમ શાહને માલમ પડયું. આવી જગ્યાપર થોડોક વખત સુધી ચાલ્યા પછી તેઓ એક સીડીપરથી નીચે ઉતરવા લાગ્યા. આ સીડી સીધી નહીં પણ ગોલની ગોલ વલણદાર હતી. આ સીડીપરથી ઉતર્યા પછી તેઓ વળી પાછા ચાલવા લાગ્યા અને અંતે કારૂને થોભી જવા કહયું: શાહ ગુપચુપ ઉભો રહયો અને કારૂને આગળ [illegible] એક ગુફાનાં મોંહપર ધાંકલો એક મોટો પથરો બાજુએ ખીસાડી ગો[illegible]: આ ગુફા અંદરથી બહુ ઉંડો અને વીશાળ હતો. આ ગુફામાં પહેલાં તો તેમને વાંકા વળીને દાખલ થવું પડયું પણ અંદર જતાં ગુફાની ઉંચાઇ વધતી ચાલી અને તેનાં ભીતરમાં પેઠા પછી એક ઘણીજ ઢળાણવાલી બહુજ અંધારી ગલીમાં તેઓ દાખલ થયા. ચોપાસની શરદ હવાપરથી શાહને માલમ પડતું હતું કે તેઓ કોઇ ઉંડા ગારમાં ચાલે છે, પણ તે ગાર કયાં હતો તેથી તે તદન બેખબર હતો. આ શરદીવાળી અંધારી ગલીને છેડે હવે તેઓ આવી પુગ્યા અને કારૂને શાહની આંખોપરથી પાટા છોડતાં આહ ! શું ચશમને ચકીત બનાવનારો દેખાવ ! ચોતરફ ઝગઝગતી બતીઓનો જમકાટ ચમકી રહયો હતો અને એક આરાસ્તા કીધેલાં [illegible] [illegible]વચમાં એક મોટું સંગેમરમરનું વાસણ ગોઠવેલું હતું. આ [illegible] [illegible] પચાશ ફીટ હતું અને તેની ઉંડાઇ ત્રીશ ફીટની [illegible] [illegible] મોટું

વાસણુ જોઇ તાજુબ રહયો અને કારૂનને તે વાસણુની મતલબ પુછવા લાગ્યો: "અય દોસ્ત! એ વાસણુમાં બહુ કીમતી ખજાનો ભરેલો છે. એની ઉંડાઇ અને એનો ઘેરાવોજ તુંને કહી શકશે કે એમાં કાંઇક ખાંડીબંધ સોનું સમાઇ શકે. એનાં ભીતરમાં જો નજર કરવી હોય તો લે આ સીડી અને ચઢ ઉપર એટલે તુંને ખરો ખ્યાલ આવશે."

કારૂને ત્યાં મેલેલી એક નાજુક સીડી લઇ પેલાં રાક્ષસી વાસણુની સંગીન કોરને અઢેલાવી ગોઠવી અને ઉપર ચહડી તે વાસણુમાં શું હતું તે જોવા લાગ્યો. આ અણુહદ ખજાનો જોઇ શાહ તો દંગજ થઇ ગયો. કારૂન તેની તાજુબી જોઇ બોલ્યો: "અય ખુદાવંદ! તારે ગમે એટલી ઉંડાઇમાં તું હાથ ઘાલી જો કે એ વાસણુ ઉપરથી હેઠે સુધીની ત્રીસ ફીટની ઉંડાઇમાં નક્કર સોનાના લાડાઓથી ભરેલું છે અને આજ કેટલાંક વરસો થયાં હું એમાંથી ખર્ચ કરૂં છું પણુ હજી બે આંગળી જેટલી ઉંડાઇ હું ખરચી શકયો નથી તો તું શું એમ ડર રાખે છે કે એ મારો ખજાનો ખુટી જશે! વળી તું જો ધ્યાન ધરીને તપાસે તો તુંને માલમ પડશે કે આ સંગેમરમરનું ગંજાવર વાસણુ કાંઇ પથરનાં થાંબાઓ પર ટેકેવેલું નથી; તેને ટેકાવનારા આ બાર થાંબાઓ નક્કર સોનાના બનાવેલા છે."

શાહ તે દોલત જોઇ ખરેજ દંગ બની ગયો હતો પણુ કારૂનને કંઇક વાજબી સલાહ આપવાની મતલબથી બોલ્યો: "અય કારૂન! હું જોઉં છું કે આ દોલત કાંઇ કમતી નથી પણુ જમાનાઓ પછી એ દોલત નહીં ખુટે એવું છેજ નહીં."

કારૂને આ બોલો સાંભળી જવાબ દીધો: "હું એમ નથી કહેતો કે એ અખુટ છે, પણુ એ ખજાનાની સાથ તું બીજો ખજાનો જોશે ત્યારે મારી દોલતનો તુંને ખરો ખ્યાલ આવશે." એમ બોલી તે શાહને એક બીજા ઓરડા તરફ લઇ ચાલ્યો. આ બીજા ઓરડામાં પણુ આગલા ઓરડામાં જેવું વાસણુ હતું તેવુંજ એક વાસણુ હતું પણુ તે વાસણુ આગલાં કરતાં ઘણું નાનું જોઇ શાહ તાજુબ થયો કે એમાં તે વળી વધુ સોનું કેટલું હશે. આ વાસણુનો ઘેરાવો પચીશ ફીટનો અને ઉંડાઇ પંદર ફીટની હતી. કારૂને કહયું: "આ સીડી લઇ એ વાસણુમાં નજર કર કે એમાં શું ખજાનો ભરેલો છે." એમ બોલી કારૂને ત્યાં ગોઠવેલી એક નાજુક સીડી તે વાસણુની કોરને ટેકાવી અને શાહે ઉપર ચઢીને તે વાસણુમાં નજર કીધી. આહાહાહા! અજબ આબ ધરાવતાં ઉમદા ગોહરોથી તે વાસણુ છલાછલ ભરેલું હતું: હીરા, મોતી, માણેક,

પરવાલાં, અકીક, નીલમ, પોખરાજ ને જમરૃદનો તેમાં પારજ નહીં હતો. શનીશચર, પાણું, લાલ ને લસણીઆનો આંખ અંજાવનારો ચમકાર સઘળે ઝમકી રહયો હતો. શાહને એમજ લાગ્યું કે તે કોઇ ખુશ ખુઆબમાંજ ગીરફતાર હતો. આ વાસણમાં હાથ ફેરવી ફેરવીને જાતજાતનાં જવાહીરોનો બેનમુન ઝમકાટ તપાસતો તપાસતો તાજુબીમાં ગરક થઈ ઉભો. કોઈ જીન પરીઆનાં જાદુને જોરે તે ત્યાં આવી ઉભો હોય એમજ તેને લાગવા માંડયું અને ભારે અજાયબીની આંખો સાથ કારૂનને તે તીકતો ઉભો. અંતે પોતાની અક્કલ ગુમ કરે એવાં વાસણ પરથી તે નીચે ઉતરયો અને બોલ્યો: "અય કારૂન! આ ખજાનો એટલો તો અનહદ છે કે હું કહું છું કે તારી ઉમર દરમ્યાન જો તું હાલ કરતાં દશ ઘણો પણ તે ઉડાવતો રહે તો તે ખુટે નહીં એમ છે!"

શાહના આ બોલો સાંભળી કારૂન હસવા લાગ્યો અને બોલ્યો: "અય અજીઝ મહેમાન! આ અપાર દોલતના બખશનારાઓના ચહેરા હું તુંને દેખાડી શકીશ." આમ બોલી તે શાહને એક બીજા ઓરડામાં લઈ ગયો જયાં વચોવચ ગોઠવેલાં એક સોનેરી તખ્તપર રાજા રાણીનું એક ખુબસુરત જોડું ગોઠવાયલું હતું, અને પોતાના સર પર તેઓએ જહવેરોથી જડેલાં કીમતી તાજ ગોઠવ્યાં હતાં. આ જીવતાં જોડાંને ત્યાં બેઠેલાં જોઇ શાહ ચોંકી પાછળ હઠયો. તેઓ બન્નેએ પોતાનાં ડોકાં એકેક તરફ એવી રીતે ઢલાવ્યાં હતાં કે ગોયા તેઓ એકેક સાથે કાંઇક છુપી વાતો કરતાં હોય. નોશીરવાનને ચોંકતો જોઇ કારૂને તેના ખભાં પર હાથ મુકી કહયું: "ચોંક ના, અય અજીઝ બેરાદર! એ જોડું જીવતાં જેવું જણાય છે, પણ ખરેખર તો તે તેમની માત્ર મુરતી છે. કારીગરે એ પુતલાં બનાવવામાં પોતાનો એવો તો ઉમદા હુન્નર દેખાડયો છે કે એ પુતલાંઓમાં માત્ર જીવ મુકવાનીજ ખોટી છે. આ પુતલાઓ એક મહેલ દીપાવવાને લાયકનાં છે, પણ હયાંથી તેમને ખીસાડવાનું કામ મુશકેલ હોવાથી એ લાલચને હાલ તરત તો મારવી પડે છે. જા, તું બેફીકર તેમનાં તખત તરફ જા, અને તેમના પગ આગળ ગોઠવેલી અબનુસની તખતીપર શો લેખ લખયો છે તે વાંચ."

કારૂનનાં કહેવા મુજબ શાહ તે તખત તરફ દીલમાં કંઇક ડર રાખતો આગલ વધ્યો. તખત સુધી પહોંચ્યા પછી તેણે કાંઇ પણ ખયાલ વીના કુદરતીજ લાગણીથી તે પુતલાંઓને નમન કીધું અને પછી પેલી અબનુસની તખતી પર કોતરેલો લેખ વાંચવા માંડયો જે નીચે પ્રમાણે હતો:

"બહુ લાંબી જીંદગી દરમ્યાન આ સઘળો ખજાનો મેં એકઠો કીધો છે. મેં સેંકડો શહેરો વસાવ્યાં છે અને સેંકડો તારાજ કીધાં છે. મેં મારા દુશમનોને હરાવ્યા છે અને તેમનાં રાજ્યનાં રાજય જીતી લીધાં છે. મારા જમાનામાં હું બહુજ બળવાન બાદશાહ ગણાતો હતો પણ તે બળવાન બાદશાહને પણ મહોતના દેવને નમવું પડ્યું છે, અને આજે તેનું બદન મટીસે મલી મટી બની ગયું છે. મારી આ મહોતની હાલત પરથી દરેક માણસે શીખામણ લેવી જોઇયે છે. તેણે યાદ રાખવું કે મારા જેવા બળવાન બાદશાહને પણ અંતે મહોતને તાબે થવું પડયું હતું અને દરેક માણસજાતને એજ પ્રમાણે મોડે વહેલે મરવાનું સરજેલું છે. જે કોઇ માણસના હાથમાં આ મારી દોલતના દરંગ આવે, તેણે એક વાત સારી પેઠે યાદ રાખવીઃ જેમ એક વેળા આ દોલત ખરચતાં ખુટશે તેમજ એક વેળા તેની પોતાની જીંદગીની દોરી પણ તુટશે. જગમાં જીવી ભલાઇનાં કામો કરી લેવાં, નેકી અખત્યાર કરવી, ગરીબોને મદદ કરવી અને દરેક રીતે આ દોલતનો એવી રીતે ઉપયોગ કરવો કે જેથી તે આ જેહાનમાં તેને જેમ કામ લાગે તેમ તે દોલતથી પાર પાડેલાં નેક કામોના નતીજે તેને પેલી હમેશગીની જેહાનમાં પણ મલે. તેની દોલત જો બુરાં કામમાં વાપડવામાં આવશે તો નકકી યાદ રાખવું કે તે કાંઇ તેને મહોતમાંથી બચાવી શકશે નહીં પણ જો તે ભલાં કામમાં વાપડશે તો જેમ આ દુન્યામાં તેમ પેલી જેહાનમાં તે સંપુર્ણ સુખ મેળવશે."

આ તખતી વાચતાં શાહના ચહેરા પર તરેહવાર ફેરફારો થતા કારૂને પોતાની ચાલાક નજરે જોયા હતા. અંતે શાહ કોઇ ખુઆબમાંથી બેદાર થતો હોય તેમ ધીમે કદમે કારૂન તરફ પાછો ફરયો અને બોલ્યોઃ

"કારૂન! તારી દોલતના આ દરંગ જોઇ જેટલો હું હેરત થયો નથી તેટલો આ તખ્તીપરનો લેખ વાંચી હું તાજુબ થયો છું. ખરેજ! આ લેખનો એકેક અક્ષર લાખો લાખ સોનાના સીકકાના મુલનો હું સમજું છું. તું જે જીંદગી ગુજારે છે તે તારી ખરી હકીકતથી વાકેફ થયા પછી હું પસંદ કરૂં છું અને તદન વાજબી વીચારૂં છું. પણ એ રાજા રાણી કોણ હશે? આ તખ્તીમાં તો તેમનાં નામ નીશાન વટીક નહીં મલે અને તવારીખમાં તો આ રાજા રાણી વીશે એક હરફ પણ લખાયલો મેં વાંચ્યો નથી."

કારૂન હવે શાહને બીજા ભીતરના ઓરડામાં લઇ ગયો, જ્યાં અત્યાર સુધી જોયલી દોલતને ભુલાવે એવો અખુટ ખજાનો ભરેલો હતો. તે ખજાનો

તહેરેવાર તલેસ્માતીક જણસોથી ભરેલો હતો, જેમાં શાહને આપવામાં આવેલાં જાદુઇ ઝાડ જેવાં બીજાં કેટલાંક ઝાડો ઉપરાંત તેવીજ બીજી સંખ્યાબંધ જાદુઇ જણસો ત્યાં ગોઠવેલી હતી. આ દુનીઆની દોલત ધરાવતા ગુફાની અંદરજ રહી તેનાં ભીતરમાં ભરાયલા ભેદી ભરમોની કાંઇક વધુ ભાલ કહાડવાને શાહ ઘણોજ આતુર હતો, પણ કારૂને તેને કહયું કે ત્યાં વધુ વખત થોભવાથી તેના મહેલના નોકરો જાગી ઉઠશે અને તેણે આજ સુધી રાખેલી સઘળી સંભાળ અને સાવચેતી પાણીમાં જશે. બહુજ ઉદાશ દીસે શાહે તે તલેસમાતીક ગુફા છોડયો. તે ગુફામાંથી નીકળવા અગાઉ કારૂને પોતાની શરત મુજબ શાહની આંખે ફરીથી પાટા બાંધ્યા અને પોતાના હાથમાં નાગી તલવાર પકડી તે શાહને પાછો પોતાના મહેલ તરફ લઇ ચાલ્યો. તેઓ મહેલમાં જઇ પહોંચ્યા ત્યારે બામદાદ થવા આવી હતી. શાહે કારૂનનું બહુજ અહેશાન માન્યું અને કારૂને પોતાની ભેટ સોગાદો તે લઇ જનારા ગોલામ દાસીઓ સુધાં કબુલ કરવાની શાહને એક વાર ફરી અરજ કીધી. શાહે હવે કાંઇ પણ આનાકાની વગર તે અરજ કબુલ રાખી અને કારૂનથી છુટાં પડતાં કોઇ કેવાક જાની દોસ્તથી તે છુટો પડતો હોય એમ શાહને લાગ્યું. શાહ જયારે પેલી ધરમશાળા આગળ જઇ પુગ્યો ત્યારે પેલાં ગોલામ દાસીઓ વગેરે તેની રાહ જોતાં ઉભાં હતાં. તેને આવતો જોઇ તેઓ ખુશી થયાં, અને જયારે શાહે તેમને પોતાની સાથ ચાલવા કહયું ત્યારે તેમના હરખનો પાર રહયો નહીં. કારૂને મોકલાવેલા એક ગુલદાર અરબી ઘોડાપર શાહ સવાર થયો અને તેની પાછળ સઘળાં સરવસે શહેરે કેનઝાકા છોડી મદાઇન તરફ કુચ કરવા માંડી.

શાહ જયારે કારૂનને ત્યાં પરોણાગત ચાખતો હતો ત્યારે તેને ભેટ થયલાં ગોલામ, દાસી, ઘોડા, ઉંટ અને બીજો કીમતી સરસામાન ધરમશાળામાં લાંબો વખત ખોટી રહેવાથી તે કીમતી ભેટ સોગદો વીશે શહેરે કેનઝાકામાં બહુ ભારે ચરચા ચાલી રહી. કારૂનની અપાર દોલતની વાતથી આખું શેહેર ચકચહડી રહયું, અને શાહને તાબેના કેનઝાકાના હાકેમની દરબારમાં અંતે તે વાત જઇ પહોંચી. આ હાકેમનો વઝીર નામે શયેતાન ઘણોજ બદકાર અને જુલમગાર હતો, અને પોતાની નીચ નેમ પાર પાડવાની જયાં વાત આવી ત્યાં કોઇ પણ જાતનું શયતાની કામ કરવાને તે અચકાય નહીં તેવો હતો. આવા એક શયતાનને ત્યાં એક ફીરેસ્તા સમાન ખસલતની પરીચહેરે નવજવાન બેટી હતી. આ બેટીનું નામ અરનવાજ હતું અને તેણીની ઉમરે માત્ર અઢાર વરસની હતી. શયેતાન

જેટલો ખરાબ નહીં પણ તેના જેવોજ નીચ મતલબી માણસ કેનઝાકાનો હાકેમ હતો. આ હાકેમના ભાઇનો એક દીકરો હતો જેને સાધારણે શાહજાદા અહબાદ તરીકે ઓળખવામાં આવતો હતો. શાહજાદા અહબાદ અને અરનવાજ વચ્ચે મહોબતનો ગાંઠ બંધાયો હતો અને હવે થોડાજ દીવસમાં તેમની શેહાદી થવાની તઇયારીઓ ચાલી હતી. શાહને મળેલી ભેટ સોગાદની વાતો સાંભલી શયતાને મન સાથ વીચારયું કે આ કારૂન તરફથી દર મહીને તેને તેગજ હાકેમને જે ભેટ સોગાતો થાય છે તે સોગાતો પરજ શીકર કરીને બેસી રહેવાને બદલે જો તેના આ છુપા ખજાનાનોજ પટો મેલવાય તો કેવું સુખ થઇ જાય ? આ છુપા ખજાનાનો ભરમ કેમ જાણી લેવો તે વીશે પોતાનાં મનમાંજ યુક્તીઓ રચી રાખી અને તે યુક્તીમાં પોતાની ફીરેસ્તાઇ ખસલતની બેટી અરનવાજની ખુબસુરતીની મદદ લેવાને તેણે વાજબી વીચારયું.

શાહ એક ગમથી કેનઝાકા છોડી મદાઇન તરફ રવાના થયો કે બીજી ગમથી શયેતાને તેજ દીવસે અરનવાજને પોતાની હજુરમાં બોલાવી. અરનવાજ પોતાનાં પેદરનાં ફરમાનને માન આપી તેની હજુરમાં આવી સર નમાવી ઉભી રહી. તેણે તેણીનું માથું પ્યારથી પસવારી કહયું: "અય બેનમુન બેનઝીર બેટી ! તારી બેહદ ખુબસુરતીની મદદ મને જોઇયે છે. આજ રાત્રે તું સઉથી સરસ સાજ સજી કારૂનના મહેલમાં જજે. તારાં સઘળાં નાજ નખરાં અને તારી સઘળી ખુબીઓથી તું તેનું તન મન જીતી લઇ તેનો ખજાનો કયાં છુપાવેલો છે તે જાણી લેવાની કોશેશ કરજે."

પોતાના પેદરનો આવો અજબ જેવો હુકમ સાંભલી અરનવાજ તો દંગ થઇ ગઈ અને ધ્રુજવા લાગી. "અય મહેરબાન પેદર ! તારી તાબેદાર બેટી તારાં કોઇપણ ફરમાનને સર પર ચહડાવવાને તઇયાર છે એમ તું સારી પેડે જાણે છે; પણ તેં હાલ જે હુકમ ફરમાવ્યો છે તે કેવો બેહુદો છે તેનો તેં કાંઇ પણ ખયાલ કીધો છે ? તારી કુંવારી જવાન બેટીને તું કેવી કઢંગી હાલતમાં મુકે છે તેનો કાંઇ તુંને ખયાલ છે ? તારાં ખાનદાનની કીરતીને તારો હુકમ જો હું બજા લાઉં તો કેવી એબ લાગશે અને શાહજાદા અહબાદને મારી આ ચાલથી કેવું અપમાન થશે તેનો તુંને કાંઇ પણ વીચાર છે ?"

શયેતાને જોયું કે તેની બેટીની સઘળી તકરાર તદન વાજબી હતી, એટલે તેને પટાવી લેવાની મતલબથી તે બોલ્યો: "અય અસીલ બેટી !

એ સઘળા સવાલો પર મેં બહુજ લાંબો દરીઆફ્ત કીધા પછીજ આવાં સેવટ પર હું આવેલો હોવાથી હવે તે સવાલો વીશે ફરી વીચાર કરવાની કશી જરૂર નથી. હું તુંને એટલુંજ કહું છું કે કાંઇ પણ વીચાર કરવા વીના મારૂં આ ફરમાન તું બજા લાવ."

આ સાંભળી તે રાંક છોકરીની આંખમાં પાણી આવી ગયાં અને પોતાના પેદરને કાલાવાલા કરતી બોલી: "અય મહેરબાન પેદર! આ લોભ લાલચ અને હવસના જુસ્સાને દાબવાની કોશીશ કર! કારૂનની હકદાર દોલત લુટવાના લોભથી તું પરહેઝ રહે, અને તેનાં નસીબમાં જે સુખ સરજેલું હોય તેમાં ખુદાને ખાતર ખલલ ના કર!"

"ચુપ! અય બેઅદબ! ચુપ! બકબક ના કર!" શયેતાને હવે પોતાના ગુસ્સા પરનો કાબુ ખોહી દીધો. "તું જેવી નાદાન છોકરી મારા જેવા બુઝરગને સલાહ આપવાની બેશરમી કરે તે કયો બાપ સાંખી શકે? હું તુંને હુકમ કરૂં છું કે તું કારૂન આગલ આજ રાત્રે જાય, અને જો તેનો ખજાનો જોયા વીના જો તું પાછી ફરી છે તો યાદ રાખજે કે હું તુંને જરૂર બેજાન કરી નખીશ!"

પોતાના નીચ પેદરને આવાં જહનુનમાં ચહડેલો જોઇ અરનવાજ ત્યાંથી હુસ્કે હુસ્કે રડતી ચાલી ગઇ. સાંજ પડતાં પોતાની દાસીઓને બોલાવી તેણીએ સઘ્ગ્લો સોલેસણગાર સજ્યો અને પોતાનાં સઘળાં કીમતી ઘરેણાઓ તેણીએ તે રાત માટે લટકાવ્યાં. અરનવાજની કુદરતી ખુબસુરતી એટલી તો ઉમદા હતી કે ઘરેણાં યા પોશાકના સણગારની તેણીને કાંઇ પણ જરૂર હતી નહીં.

રાત પડવા આવી કે શયેતાને તેણીને પોતાની હજુરમાં બોલાવી અને પોતાના હુકમ મુજબ તે ઘણાજ સરસ ઠાઠમાં સજાએલી હતી તે જોઇ તેણે ધારયું કે કારૂન બેટી પર પહેલીજ નજરે મોહી પડયા વીના રહેનાર નથી. તે પોતે અરનવાજને લઇને બહુજ છુપી રીતે પોતાનાં મકાનમાંથી નીકલ્યો અને કારૂનનાં મકાનના દરવાજામાં અરનવાજ દાખલ થઇ ત્યાં ઉભો રહયો. અરનવાજના અંદર દાખલ થયા પછી થોડો વખત તે ત્યાં થોભ્યો, અને પછી જયારે તેની ખાતરી થઇ કે હવે તેણી કારૂનની હજુરમાં પહોંચી હશે ત્યારેજ તે પોતાનાં મકાન તરફ પાછો ફરયો.

અરનવાજ જેવી કારૂનના મહેલના દરવાજામાં દાખલ થઇ કે તેણીએ કારૂન આગળ જવાની માંગણી કીધી. કારૂનના નોકરો તેણીની માંગણીથી

બહુજ તાજુબ રહયા પણ અરનવાજની અદબ અદા આગળ ગમે એવા બદચીચારો પણ નહાસી જનારા હોવાથી તે નોકરો સમજયા કે આ કોઇ ખાનદાની ઓરત છે પણ કાંઇક મતલબથી ત્યાં રાત્રે છુપી રીતે આવી છે. એક ખુબસુરત દાસી અરનવાજને કારૂનની હજુરમાં લઇ ગઇ. તેણીને આવતી જોઇ કારૂન પોતાની બેઠક પરથી ઉઠયો, અને બાઆબરૂ ઇજતથી તેણીને બેસવાને ઇસારત કીધી. તેણીએ બેઠક લીધા પછી થોડેક છેટે પોતાની બેઠક લીધી, અને આવી એક સુંદર નાઝનીનને રાતની વખતે તેનાં મકાનમાં આવવાની શી મતલબ હતી તે વીશે તેણે ઘણીજ ઇજત અને નાજુકાઇથી સવાલ કીધો. અરનવાજે પુર શરમથી પોતાનું સર નીચું નમાવી જવાબ દીધો: "અય દોલતમંદ જવાન! તારી ભલાઇની તહરેવાર હકીકત મારે કાને આવવાથી તારી ખુશ સંગતમાં આજની રાત ગુજારવાનો ખ્યાલ કરી હું હાલ આવી છું, અને બામદાદ અગાઉ હું હયાંથી પાછી રવાના થવાનો ઇરાદો રાખું છું."

કારૂન આ બોલો સાંભળી પોતાનાં મન સાથ બહુજ તાજુબ રહયો પણ પોતાનો ઉમદા ખવાસ છોડયા વીના તે બોલ્યો: "અય પરીપેકર બાનુ! તારી દીલપઝીર મુલાકાતથી હું ખરેજ ખુશ છું અને ખુદાના શોકર કરૂં છું કે તું જેવી ચહેરેનમુન નાઝનીનની સંગતમાં આજની રાત હું ખુશ ગોફ્તેગો કરી ગુજારીશ."

કારૂને પોતાની બે ખુબસુરત દાસીઓને બોલાવી અને ખાણાની તઇયારી કરાવી. તહરેવાર મેવા મીશટાનોથી તેઓ ખુશ ગોફ્તેગોમાં મશગુલ થયાં. તેઓ આ પ્રમાણે એકલાં પડયાં હતાં ત્યારે કારૂન પોતાની આ ખુબસુરત મહેમાનને શીરીન શરાબની જામ પોતાને હાથે ભરી આપયો અને તેણીની હકીકત જાણવાની ખાહેશ દેખાડી. તેણીએ કારૂનને આવો નેક ખસલતનો જોઇ હીંમત પકડી અને પોતાના અંતરની સઘળી વાત તેની આગલ ખુલ્લી કરવાની તકનો તેણીએ તરતજ લાભ લીધો. પોતે જે હાલતમાં આવી પડી હતી તેથી શરમીંદી થઇ તેણીએ પોતાની છાતીમાં દાબી રાખેલો જુસ્સો સઘળો આંખ વાટે ખાલી કીધો. તેણીને ધસાધસ રડતી જોઇ કારૂન ઘણોજ દલગીર થઇ ગયો અને તેણીને ઘણી સમજાવી પટાવી આ અચબુચ ઉભરી નીકળેલા ગમના જુસ્સાનો સબબ તેણીને પુછયો: "અય બાનુ! શું છે? હું નહીં ધારતો કે મેં એવી કાંઇ પણ ચાલ ચલાવી હોય કે જેથી તારી નાજુક લાગણીઓ દુખાઇ હોય. બોલ, અય બાનુ! તારી આ અચબુચ પેદા થયલી દલગીરીનો શો સબબ છે?"

અરનવાજ ફોકેફોક રડી પડી બોલીઃ “ અરે ખુદા ! હું હવે તુંને વધુ વાર ઠગવા માંગતી નથી. અય કારૂન ! તારી સાથે વાતચીતમાં રાત ગુજારવાને મેં જે વાત કીધી છે તે સઘળી જુઠી જાણુજે. હું તો એક ઉંચ કુલની ઓરત છું, મારો બાપ તારી અખુટ દોલતની વાતથી જાણીતો છે, પણ તે દોલત તેં કયાં છુપાવેલી છે તે જાણવાને તે બારે ઇનતેઝાર હોવાથી તેણે મને હયાં મોકલી તે ખજાનો નજરે નજર જોવાને હોકમ કીધો છે, અને જો એ હુકમ હું નહીં બજા લાઉં તો તેણે મને મારી નાખવાની ધમકી આપી છે. મારા બાપની નીચ મતલબને ખાતર તેણે મારી દામાનની પાકીજગીનો ખ્યાલ વટકી કીધો નથી. પણ અય નેક જવાન ! તું જેવા આબરૂદારની સંગતમાં તે દામાનને કાંઇ પણ ડાઘ લાગવાનો મને ડર નથી. હું એક બીજાજ જવાન સાથ શેહાદી કરવાનાં વચનથી બંધાયલી છું અને મને આશા છે કે મારી દામાન પાક રાખી, મારા મનની મુરાદ તું બર લાવી, મને એબમાંથી અને મોતમાંથી એકે સપાટે તું બચાવી તારાં નેક નામમાં અને નેક કામમાં ઉમેરો કરશે, એવી મારી પકી ખાતરી છે.”

અરનવાજના આવા બોલો સાંભળી કારૂન ઘણોજ તાજુબ રહયો. નીચ પૈસાના બુરા હવસને શરણુ થઇ બાપે જે હેવાનીયત દેખાડી હતી તે પર લીઆનત નાખી કારૂન બોલ્યોઃ “ અય પાક દામાન બાનુ ! હું ખરા દીલથી ખુશી છું કે તારા હયાં આવવાનો ખરો ભેદ તેં મારી આગળ ખુલ્લો કીધો છે. તારી નેક ખાહેશ હું બર લાવી મારો ખજાનો તુંને દેખાડીશ, અને તારા ધારેલા ખાવીંદને તું બેશીકર સાફ તન મનથી જઇ મલવાનો સંતોશ ભોગવજે.”

કારૂનના શબ્દોથી અરનવાજની આંખમાં હરખનાં પાણી ભરાઇ આવ્યાં અને તે હેશાનની લાગણી સાથ બોલીઃ “ અય નેકખાહ જવાન ! તારાં મનની મોટાઇની બાદશાહી સખાવતની મેં જે વાતો સાંભળી છે તે બોલે બોલ સાચ્ચી તો શું પણ તુંને પુરેપુરી ઇનસાફ આપવામાં ઓછી હોવી જોઇએ એમ તારી આ અમીરી ચાલ પરથી હું ખાતરી સાથ જોઇ શકું છું. હું મારા જાનો જીગરથી ઉમેદ રાખું છું કે તે કરીમો રહીમ તારી આ કરમ બક્ષેશનો બદલો વાળવાને મુજ જેવી કમતરીનને કાંઇક તાકાત બક્ષે.”

કારૂને હવે ખજાનો દેખાડવાની પોતાની શરતો તેણીને કહી સમજાવી અને જે ઓરડામાં તેણે શાહને સુવાડયો હતો તેજ ઓરડામાં તેને મોડી

રાત સુધી ખુઆબ કરવા જણાવ્યું. મોડી રાત્રે તે ઓરડામાં આવી પહોંચ્યો અને તેણીની આંખે પાટા બાંધતાં બોલ્યો: "અય બાનુ! મારી આ બેઅદબી માટે હું દરગુજર ચાહું છું, પણ એટલી સંભાળ લીધા વીના હું કોઇને પણ મારો ખજાનો દેખાડતો નથી."

અરનવાજે કહ્યું: "અય મહેરબાન જવાન! તું તારે ગમે તે કર. તારાં મનની મોટાઇ માટે મને એટલો તો ઉંચો ખ્યાલ છે કે હું તારી સંગતમાં કાંઇ પણ ડર રાખતી નથી."

અંતે તેઓ બન્ને મહેલની બહાર નીકળ્યાં અને કારૂને પોતાનો છુપો ખજાનો દેખાડયો. જેમ નોશીરવાન પેલાં રાજારાણીનાં પુતલાં જોઇને ચોંકયો હતો તેમ અરનવાજ પણ ચોંકી. કારૂને તેણીને ધીરજ આપી તેમને લગતી હકીકત કહી સંભળાવી. તે રાણીને ગળે જે મોટાં મોતીની એમુલી માલા લટકાવેલી હતી તે ધ્યાન ધરીને તપાસતી હતી એમ જોઇ તે માલા રાણીનાં ગલામાંથી બહાર કાઢી અરૂનવાજનાં ગલામાં ઓળાવી અને બોલ્યો: "તારો બાપ તું આ ખજાનો જોઇ ગઇ છે તેની સાબેતી માંગશે: માટે આ માલા મારી તરફની એક અદના નઝર તરીકે તું કબુલ રાખ, અને હયાં નજર આવતાં જરજહવેરાતમાંથી તારી મરજી પડે તેટલાં તું લે."

કારૂનની આટલી બધી મહેરબાનીથી ઘણીજ લજવાવા લાગી, જે જોઇ પોતે પોતાને હાથે કેટલીક સુંદર ચીજો ઉંચકીને હાથમાં મેલી, અને તે સઘળી ચીજો તેના પોતાનાજ માલ તરીકે ગણવાને તેણીને સમજાવ્યું. અંતે તે ખજાનો જોઇ અરનવાજ તેના મહેલમાં પાછી ફરી અને કારૂનની રજા લઇ બામદાદ થવા અગાઉ પોતાના બાપનાં મકાન તરફ ચાલતી થઇ.

અરનવાજનો બાપ શયેતાન તેણીની રાહ જોતોજ બેઠો હતો. તે ખજાનો જોઇ આવશે કે નહીં તેની ચટપટીમાંજ તેનો જીવ પડેલો હતો. પણ ગલામાં પેલી મોતીની માલા જોતાંજ તે સમજયો કે તેની મતલબ પાર પડી છે. પોતાની દીકરીને જોતાંજ તેણે સવાલ કીધો: "કેમ, તું કારૂનનો ખજાનો જોઇ આવી?"

"હા, મારા મહેરબાન પેદર! કારૂનનો ખજાનો હું જોઇ આવી છું અને તે ખજાનાની મોટાઇનો તુંને ખ્યાલ આપવાને એટલુંજ કહેવું બશ થશે કે કુલ ખલકના જુદા જુદા મુલકોના ખજાના જો એકઠા કરવામાં આવે તો તે સઘલા સાથે મલીને પણ આ ખજાનાની બરોબરી કરી શકે નહીં. પણ કારૂનના આ ખજાનાની મોટાઇથી મારાં મન પર જે સારી

અસર થઇ છે તે કરતાં સો દરજ્જે બહેતર અસર તેનાં મનની મોટાઇએ કીધી છે. ખરેજ! તે જવાન જેટલો ધનની મોટાઇ ભોગવનારો એટલો મનની મોટાઇ ધરાવનારો છે."

આટલું બોલી તેણીએ પોતાની મુલાકાત દરમીઆન બનેલી સઘલી બીના પોતાના લોભી ઘાતકી બાપ આગલ કહી સંભલાવી.

હવે કારૂન આગલથી ગયા પછી શાહ નોશીરવાને શું કીધું તે જોઇએ. શાહ પેલા ગુલામો, દાસીઓ, ઘોડા, ઉંટ અને બીજો કીમતી સામાન લઇને કેનઝાકાથી નીકલ્યો તે અંતે મદાઇન આવી પહોંચ્યો. મદાઇન આવી પહોંચતા વાર તેણે પોતાના વજીર બુઝરજ મેહરને બંદીખાનેથી બાઇજત બોલાવી મંગાવ્યો. વજીર જ્યારે શાહની હજુરમાં આવ્યો ત્યારે તેણે હંમેશ મુજબ પોતાની કુરનસ બજાવી પોતાની બેઠક લીધી. શાહ પોતાના તખ્ત પરથી નીચે ઉતર્યો અને બુઝરને બગલગીરી કરી બોલ્યો: "અય વજીર! તારી કહેલી વાત બોલેબોલ સાચી ઠરી છે. મેં જાતે કારૂનના મનની મોટાઇનો અને ધનની બેસુમારીનો અનુભવ મેલવ્યો છે. તુંને આટલા દીવસ સુધી દુઃખ દેવા માટે હું ખરેજ દલગીર છું. પણ તેનો ઘટતો બદલો વાલવાને જેમ હું તૈયાર છું, તેમ કારૂનને પણ તેના હાતમ દીલનો કાંઇક નજીવો પણ બદલો વાલવાને હું ફીકરમંદ છું. તેના અખુટ ખજાના આગળ અને તેણે કીધેલી ભેટ સોગાત આગળ મારો ખજાનો અને મારી ભેટ સોગાત તો તદન નાચીઝ હોવાથી તેની મહેરબાનીનો બદલો કેમ વાલવો તે વીશે હું તારી કીમતી સલાહ માંગું છું. ધન દોલતનો તો તે મહોતાજ નથી. હું તેને કઇ રીતે નવાજી શકું તેના અંદેશામાં હવે હું પડયો છું."

"અય જેહાંપનાહ! હું જાણીને ખરેજ ખુશી છું કે મારા બોલવાની સચાઇનો તેં પોતેજ તારી નજરે નજર પુરાવો મેલવ્યો છે. કારૂનને હવે કેમ નવાજવો તે તારી મુશકેલી હુ સમજી શકું છું: કારણ કે આપણી પાસે એવું કાંઈ પણ નથી કે જેનો તે મહોતાજમંદ હોય. જ્યારે તેના સંબંધમાં મુજ મીસકીનની સલાહજ માંગવાની તું મહેરબાની કરે છે ત્યારે હું જણાવું છું કે કારૂનને નવાજવાની સઉથી સરસ રીત એ છે કે જે શહેરમાં તે પોતાનું મકાન કરી બેઠો છે તેજ શહેરની હાકમી પર તેને ગોઠવવો: એમાં તુંને ભારે શોભા છે અને તેને મોટું માન છે. જો તું નામવર રજા આપે તો આજને આજ એક રૂકો લખી કેનઝાકાના હાકેમ

પર રવાના કરૂં અને કેનઝાકાની હાકેમી કારૂનને સપોરદ કરવા ફરમાન મોકલાવું. આ ફરમાન લઇ આપણો કાસદ આજને આજ રવાના થશે અને થોડા દીવસ રહી પાછળથી હું પોતે ત્યાં જઇ કેનઝાકાની ગાદી પર આ નવા રાજાને હું ઘટતી કીયા સાથ તખ્તનશીન કરીશ."

"ખરેજ અય દાનાવ વઝીર! તારી આ સલાહ તદન વાજબી છે. કારૂનને બદલો વાલવાની એજ રીત હું અખ્તીઆર કરૂં તો તેમાં મારી શોભા છે, અને કારૂનને ઇજત છે. વળી એમ કીધાથી કેનઝાકાના હાલના હાકીમ અને તેના બદકાર વઝીર શયેતાન પર હું વાજબી વેર લઇ શકીશઃ કારણ એ બંન્ને બદમાશો આજ સુધીમાં કારૂન પર તહરેવાર દમાણ ચલાવી તેની પાસથી પુશકલ દોલત એકઠી કીધી છે. તેઓ હાકમીને બીલકુલ લાયકના છેજ નહીં."

શાહ નોશીરવાને પોતાના વઝીરની સલાહ મુજબ તરતજ એક ફરમાન લખી કહાડી એક કાસદને સાનસીપર બેસાડી કેનઝાકા તરફ રવાના કીધો. ત્યાર પછી તે પોતાની મહેરદાર આગલ ગયો અને પોતાની મુસાફરીની સઘલી વાત તેણીને હસ્તે ચહેરે કહી સંભલાવી. તેણીએ બહુજ આતુર ચહેરે સઘળી વાત સાંભલી અને શાહે કારૂન તરફથી મળેલી દાસીઓને રજુ કીધી. તે દાસીઓમાંની એકની અપાર ખુબસુરતીથી તેણી ઘણીજ ખુશ થઇ અને શાહને સુચના કીધી કે બુઝરને તેની રંજના બદલામાં પુર ગંજથી નવાજવો. શાહે પોતે પેલી તલેસમાતી દારૂની જામ રાખી કારૂન તરફથી મળેલી બાકીની સઘળી કીમતી ચીજો બુઝરને બખશી દીધી. બુઝરે ઘણા આભાર સાથ આ ભેટ કબુલ રાખી અને પછી તેણે કેનઝાકા જવાની તઇયારી કરવા માંડી.

પેલો ખાસ રૂકો લઇ રવાના થયલો કાસદ કેનઝાકા ખાત્તે જેવો જઇ પહોંચ્યો કે તેણે તરતજ ત્યાંના હાકીમની દરબારમાં હાજર થઈ તે રૂકો તેને સ્વાધીન કીધો. આ રૂકો વાંચી તેના હોંશકોશ ઉડી ગયા. તેણે પોતાનાં વઝીર શયેતાનના હાથમાં તે રૂકો મેલ્યો. અરે "શું આ ફરમાનને તાબે થવામાં મારી શોભા છે?"

શયેતાને તે વાંચી જવાબ દીધોઃ "એ ફરમાનને તાબે થવાની કાંઇજ જરૂર નથી. કારૂનને આપણા રસ્તામાંથી દુર કરવોજ જોઇયે. તેને બેજાન કરયા વીના હું એવી સીફતથી તેને મુરદાં જેવો બનાવીશ કે દરેક જણ તેને મુવેલોજ સમજશે. ત્યાર પછી તેને પાછો જીવતો કરી હું તેને એવી તો જગ્યાએ કેદમાં રાખીશ કે જ્યાં તેની હસ્તીની કોઇનાં ફવાંને પણ

ખબર નહીં પડે. ત્યાં તેની ઉપર જેટલો બનશે એટલો સીતમ ગુજારી તેણે પોતાનો ખજાનો કયાં છુપાવ્યો છે તે જાહેર કરવાની ફરજ પાડીશું, અને પછી તે ખજાનો આપણે હાથ કરી શાહની સામે તે જરને જોરે જબરદસ્ત જંગ જગાડીશું"

શયેતાનની આ ધીરજ આપનારી વાત સાંભલી કેનઝાકાના હાકીમની ફીકર જરા મટી ગઇ. તેણે શહેતાનને શાબાશી આપી કહ્યું: "શાબાશ! તારી વાત તો મને બહુ પસંદ છે. ગમે તે રીતે તું કારૂનને જેર કર અને મારૂં રાજ મારા હાથમાંજ રહે તેવી સીફત લગાવ. વારૂં, તેટલાં આ રૂકાનો જવાબ હું શું મોકલાઉં?"

"એ રૂકાનો જવાબ મોકલવાનું કામ મારૂં છે. જેમ કુળ ખલકતે આપણે ઠગીશું તેમજ ખલકના મળકને પણ ઠગવામાં આવશે. મેં ધડેલો ધાટ મને પાર પાડવા દે, અને પછી તું જોયા કર હું શું જવાબ મોકલાઉં છું."

એમ બોલી શયેતાને પોતાની સાથ કેટલાક દરબારીઓને લીધા અને કારૂનની મુલાકાતે ગયો. કારૂને પોતાની હમેશની રૂડી રીત મુજબ તે સઘળાઓને માન આબરૂ આપી બેસાડયા, ગોફતેગો કીધી, અને પછી તેઓ સાથ એક સુફરે બેસી ખાણું લીધું. શરાબનો દોર ચાલી રહયો અને શયેતાને તે તકનો લાભ લઇ કારૂનની જામમાં કાંઇક ઝેરી ભુકી તે નહીં જોય તેમ હોમાવી દીધી. કારૂને તે ઝેર ભેળેલો શરાબ પીધો અને થોડીજ પલમાં તે બેહોશ બની પડયો. ખાણાના સુફરા પર ગડબડ મચી રહી. કારૂનનાં નોકર નફરોએ તેને સુદ્ધીમાં લાવવાની તહરેવાર કોશેશ કીધી પણ સઘળી ફોકટ. તે તો મુરદાં જેવો થઇનેજ પડયો હતો. શયેતાનની સાથ આવેલા દરબારીઓના ચહેરા પર ભારે ધભરાત ફેલાઇ રહયો. તેના જેવા કસરેવજને કાંઇ કારસતાન કરતાં નહીં આવડે એવું હોવાથી તેણે ભારે શોરબકોર મચાવી મેલ્યો, અને પોતાની દહાડી પીખવા લાગ્યો. કારૂનની સઘળી માલમતાનો કબજો લઇ કેનઝાકાના હાકીમના મહેલમાં તે મોકલાવી આપી. કારૂનનાં મરણની ખબર વીજલીક વેગે આખાં શહેરમાં ફેલાઇ ગઇ અને શહેરની આખી પ્રજા અનેકવાર આ હાતમ દીલના કારૂનની માયા મેહેરબાનીનો લહાવો લઇ ચુકેલી હોવાથી પ્રજાનાં શું નાનાં કે મોટાં, શું બુઢાં કે જવાન, સઘળાં ફોકેફોક રડતાં તેનાં મકાન આગળ આવી પહોંચયાં. આખી પ્રજા ભારે શોકમાં ગીરફતાર થઇ ગઇ અને સઘળાંઓ કામ ધંધો બંધ પાડી આ હાતમ દીલના સખી નરના ગમમાં ચકચુર થઇ ગયાં.

કારૂનની લાસને ભારે ગમખવારી વચ્ચે શહેરની બહાર આવેલાં બાદશાહી દુખમા તરફ લઇ જવામાં આવ્યો. શયેતાન તેની લાસ આગલ તદન લાચાર થઈ ફસડાઇ પડયો અને લોકોએ તે ભારે ગમમાં ગીરેફતાર થયલા વજીરને જેમ તેમ ત્યાંથી લોથ પોથ થયલો ઉંચકી તેને મકાને રવાના કીધો. દોખમામાં ચઢાવ્યા પછી સઘલાંઓ છેલ્લો સેઝદો કરી પોતપોતાને મકાને સીધારયાં અને તે મકાનમાં શયેતાનના ખાસ હોકમથી તેના બે વીશ્વાશુ ખીદમતગારો ચોકી કરવા રહયા. રાત પડી અને આ દોખમાની ચોતરફ અંધારાં અને શાંતીનું રાજ ચાલ્યું. કોઈ આદમની મકદુર નહીં હતી કે આવી અંધારી રાત્રે ત્યાં એકલા ફટકવાની હીંમત કરે. પણ શયેતાન તો બેધડક પોતાનાં મકાનમાંથી મોડી રાતે બહાર નીકલ્યો અને પેલાં દોખમામાં દાખલ થયો. તેના વીશવાશુ નોકરોને તેણે અગાઉથી સમજાવી રાખેલા હોવાથી તેઓ તેની રાહ જોતાજ બેઠા હતા. તેઓએ તેણે આપેલા હોકમ મુજબ ગરમ પાણી તઇયાર રાખ્યું હતું. શયેતાને ત્યાં આવી પહોંચતાંજ પેલાં મકાનમાંથી કારૂનની લાસ બહાર કહાડી અને તેને ગરમ પાણીનું બહુજ સારૂં ગોસલ આપ્યું. આ ગરમ પાણીના ગોસલથી કારૂનનું ઠંડું થઇ ગયલું લોહી પાછું ફરવા લાગ્યું અને તેની લાસમાં પાછો જીવ આવતો જણાયો. કોઇ લાંબા ખુઆબમાંથી બીદાર થતો હોય તેમ કારૂને આંખ ઉઘાડી જોયું, અને શયેતાનને પોતાની સામે ઉભેલો જોઇ તેણે ઘભરાઇને પુછયું: "અય નેક વઝીર! હું કયાં છું? મને આવાં ડરામણાં મકાનમાં કોણ લઇ આવ્યું? મારી આ શી હાલત થઇ?"

"કંગાલ! જાણ કે આ સઘળું તોફાન મારૂં પોતાનું પેદા કીધેલું છે. મારા બસમાં તુંને વશ લાવવાની મતલબથી મેં આ સઘળો પ્રપંચ રચ્યો છે. તારો ખજાનો કયાં છુપાવેલો છે તે જો તું મને જલદી જાહેર નહીં કરશે તો યાદ રાખજે અય નાદાન પોરયા! કે તારાં તનના તારેતાર તોડી નાખે એવી શીક્ષા તુંને કરી તે જગ્યાનું નામ જાણ્યા વીના હું તુંને જીવતો જવા દેનાર નથી."

કારૂને હવે જોઇ લીધું કે તેની આ દયા કરવા જોગ હાલતનું મુલ આ નાપાક વઝીર હતો. તેણે તરતજ હીમ્મતથી જવાબ દીધો: "તારે ગમે એટલો સીતમ તું મારી પર ગુજાર, પણ મારો ખજાનો કયાં છુપાવેલો છે તે તું કોઇ કાલે પણ જાણી શકનાર નથી: કારણ કે મારા જેવા એક નાજીવને બચાવીને તારા જેવા જાલમ જુલમગારના હાથમાં આખી જેહાંનને જેર કરનાર જર ઝવેર જેવું જબરદસ્ત હથીઆર આપવું એ મારી

આજ સુધીની સઘળી ભલાઇ અને નેકીને નાબુદ કરવા બરાબર છે. જા, તારાથી થાય એટલી સયતાની સીતમગીરી બજાવી લે, પણ મારી આ ઝબાનથી કોઇ કાલે પણ તે ખજાનાની નીશાન તો તુને મલનારજ નથી.”

સુયેતાન તો આ સખુનો સાંભલતાંજ એક શેરની માફક બરાડયો, અને પોતાના ઝભા નીચે છુપાવેલો વાઘરીના ચામડાંનો ગુંદેલો એક મોટો ચાબુક કહાડી કારૂનનાં નગન દીલપર સરોસર ફટકા લગાવી તેને લોહીથી ઝરઝરતો કીધો. અંતે આ માર નહીં ખમાવાથી કારૂન બેસુદ્ધ બની ગયો અને શયતાને તેજ હાલતમાં તેને પાછો ઉંચકાવી પેલા દોખમામાં તેને બંધ કરાવ્યો. આ મકાનના બારણાને તાલુ દઇ તે કુલુફની ચાવી પોતાના વીશ્વાસુ નોકરોને સોંપી તે ત્યાંથી ભારે ગુસ્સામાં પોતાના ઘર તરફ રવાના થયો. સહવારના પહોરમાં તે કેનઝાકાના હાકીમ આગળ ગયો અને પોતે કારૂનને જીવતો કરી તેના પર કેવી સખ્તી ગુજારી હતી તેથી તેને વાકેફ કીધો. હાકીમ આ સાંભળી ગભરાયો પણ શયેતાને તરતજ કહયુ: “કાંઇ પરવા નહીં. એ હુજતી પોરયાને પાણી પાણી કરી નાખવાને મારી પાસે એવી એક યુકતી છે કે જે એની પર અજમાવતાં એને ખુદા આવશે અને પોતાની મેલે એની જીભે જીર આવતાં તે ખજાનાની જગ્યા એને જાહેર કરવાની ફરજ પડશે.”

પોતાના વઝીરની તાલતલાવત પર આફ્રીન કરી તે મતલબી હાકેમ બોલ્યો: “પણ શાહના રૂકાનો જવાબ આપણે મોકલવો જોઇએ તેનું કેમ ? હું શો જવાબ લખું ?”

તે તરકતી વજીરે તરતજ જવાબ દીધો: “અય ખુદાવંદ ! એમાં લખવાનું શું છે ? આ પ્રમાણે લખી જણાવ કે તારાં નેક ફરમાનને માન આપી મેં કારૂનને તખ્ત પર બીરાજવાને અરજ કરનારો રૂકો લખી મોકલ્યો. જે રૂકો વાંચતાં તેને એટલી તો ખુશાલી ઉપજી કે હરખથી તેનું હઇડું ઉભાઇ ગયું, અને તે રૂકો વાંચી તેની ખુશાલીમાં મારો પેગામ લઇ જનાર વજીર દરબારીઓ વગેરે સાથે બેસી ખાણું લેતાં તે હરખનો મારયો મરણ પામ્યો !”

આ વાત સઘળા સંજોગો સાથ બંધબેસ્તી જણાવાથી હાકેમે તરતજ તે સલાહ મુજબ એક કાગજ લખી કહાડી પેલા શાહનાજ પેગામચી સાથ નોસીરવાન પર રવાના કીધો. વજીરે હવે પોતાનાં મનમાં ગોઠવેલી યુક્તી અમલમાં મુકવાની મતલબથી રાતે દોખમા તરફ ચાલુ મુકયું. રસ્તામાં

તેણે તરેહવાર નવી સયતાની યુકતીઓ રચી કહાડી અને અંતે તે દોખમા આગલ આવી પહોંચ્યો: પણ ત્યાં આવી પહોંચતાં તેની અજાયબીનો શો પાર! દરવાજો ખુલ્લો હતો અને મકાન તદન ખાલી હતું. તેણે ઘભરાત અફરાતમાં ચોપાસ પોતાના ખીદમતગારોની તલ્લાસ કીધી પણ ત્યાં કોઇ કાળું ચલ્યું પણ ફટકતું નહીં હતું. શયેતાનને હવે ધ્રુજરાં છુટવાં માંડયા. તે તરતજ હાકેમના મહેલ તરફ દોડયો અને સઘળી હકીકતથી વાકેફ કીધો. આ બીના સાંભળી હાકેમ તો ધાસ્તાનો મારયો અધમુવો જેવો થઇ ગયો. તે બોલ્યો: "હવે આપણું શું થશે? આ કારૂન તો જરૂર મદાઇન તરફ દોડી સઘળી કેફીએતથી શાહને વાકેફ કરવાનો!"

હાથમાંથી આવો સરસ શેકાર છટકી ગયો તે માટે શયેતાન હાથ પર હાથ અફાળવા લાગ્યો અને બોલ્યો: "અરે! મેં કાલને કાલ જો એનો જાન લઇ લીધો હતે તો આજે આવી અફસોસકારક અને ઇનતેઝાર હાલતમાં તે આપણુને મુકી નહીં જતે! પણ હજી કાંઇ મોડું થયું નથી. એ નાપાક પોરયાને આપણે આપણા ઘોડેસ્વાર સીપાહોની મદદથી પકડી કહાડી શકીશું. તે કાંઇ હયાંથી ઘણે દુર ગયો નહીં હશે. તેની પુઠ જેમ બને તેમ જલદી પકડીશું તો હજી પણ તે આપણા સપાટામાં આવી શકશે."

હાકીમે પોતાના વજીરને ગમે તેમ કરી કારૂનને પકડવાની રજા આપી. શયેતાને હાકીમની બે ઘોડેસ્વાર ટુકડીઓ તઇયાર કરવા હોકમ કીધો. એકની સરદારી તેણે સેનાપતીને સોંપી, અને બીજીની પોતે લઇ તે બન્ને ટુકડીઓ જુદી જુદી દશાએ કારૂનની શોધમાં નીકલી પડી.

આ પ્રમાણે આ ઘોડેસ્વાર ટુકડીઓ જંગલ, પહાડ અને ગામડાંઓમાં કારૂનની તલાસ કરતી હતી ત્યારે શાહનો વજીર બુઝર મદાઇન તરફ જતાં અરધે રસ્તે પેલા કાસદને મલ્યો. તે કાસદે બુઝરને ખબર આપી કે હવે કેનઝાકા તરફ રવાના થવાની તકલીફ લેવાની કાંઇ જરૂર નથી: કારણ કારૂન તો મરણ પામ્યો હતો અને તેની લાસને દફનાવતી વેળા તે પોતે ત્યાં હાજર હતો.

બુઝર આ ખબર સાંભળી ઝારઝાર રડયો અને કેનઝાકા તરફ જવાને બદલે પોતે મદાઇન તરફ પાછો ફરયો. ગમગીન ચહેરે તેને તરતજ પાછો ફરેલો જોઇ શાહ નોશીરવાન બહુ ઇનતેઝારીથી તેની ગમગીનીનો સબબ પુછવા લાગ્યો. બુઝરે કારૂનનાં મરણની ખબર કરતાંજ શાહે ગોયા પોતાનો

સગો ભાઇ ખોયો હોય તેમ હાય પર હાય ને આફ્શોશ કરવા માંડી. અંતે પેલા કાસદના હાથમાંથી કેનઝાકાના હાકીમનો જવાબ તેણે લીધો અને પોતાના વજીર સાથ પોતાનાં ખાનગી ઓરડામાં જઇ તે રૂકો ઉખેડી બે ચાર વાર ફરી ફરીને વાંચ્યો. આ રૂકો એ પ્રમાણે ચીપીચીપીને વાંચ્યા પછી તેણે તે પોતાના વઝીરના હાથમાં મેલ્યો અને બોલ્યોઃ "અય દાનેશમંદ! હું ધારૂં છું કે આ રૂકાની ખબર કાંઇ ભેદ ભરેલી માલમ પડે છે. કારૂનનું મહોત લાવનાર આ ખુશ ખબર નહીં, પણ કેનઝાકાનો હાકેમ અને તેનો લુચ્ચો વજીર પોતે છે. કારૂન જેવા સાત શહેનશાહોને ભુલાવે એવો દરજ્જાનો માણુસ હાકેમ થવાની ખુશ ખબરના હરખથી ફાટી જાય એ વાત હું કોઇ કાલે પણ માની શકનાર નથી."

"અય જેહાંપનાહ! તારી અક્કલપર હજારો હજાર આફ્રીન? લાંબો દરીઆફ્ત કરતાં મને પણ આ મરણમાં કાંઇ કસરેવજી કારેસતાન નજર આવે છે, અને હું ઇચ્છું છું કે આ હાકીમ અને વજીર બંન્નેને જેમ બને તેમ જલદી કયદ કરી હયાં આપણે લઇ આવ્યે."

"મારો પોતાનો એવોજ વીચાર છે. જા, બુઝર જા! ઝડપ કર. મારા ઘોડેસ્વારોમાંથી દશ હજાર ચુંનદા સવારો લઇ એકદમ કેનઝાકા તરફ તું ધસ્યો જા અને આ બન્ને શયતા-નોને જીવતા ને જીવતા મારી હજુરમાં પકડી લાવ."

નોશીરવાનના હુકમ મુજબ બુઝરે તરતજ દશ હજાર ઘોડેસ્વાર માણુસની ફોજ પોતાની સાથ લીધી અને ગારો ઘોડે કેનઝાકા તરફ તેઓએ કુચ કરવા માંડી.

હવે કારૂન કેવી રીતે પેલી કબરમાંથી છુટકારો પામ્યો તે આપણે તપાસીએ. શયેતાનના જોરબંધ મારેલા મારથી બેહોશ થઇ ગયા પછી તે જ્યારે પાછો સુદ્ધીમાં આવ્યો ત્યારે કોઇ માણુસોના હાથો તેનાં બદનની આસપાસ ફરી વલતા જણાયા. તે હાથોએ બહાર ઉંચકી કહાડયો અને તેમ ઉંચકી કહાડી ધીમેથી બાહેર શરદ જમીન પર તેને ગોઠવ્યો. કારૂને વીચારયું કે તેને ઉંચકનારાં માણુસો બીજાં કોઇજ નહીં પણ પેલો લુચ્ચો વજીર અને તેનાં બદમાશ માણુસો હશે.

"અય ખુનીઓ! મને જો મારી નાખવાની તમારી મતલબ હોય તો જેમ બને તેમ જલ્દી કરો! મને વધુ વાર રીબાવ્યાથી કાંઇ તમારૂં વલવાનું નથીઃ કારણ હું કસમ ખાઇને કહું છું કે તમારા જેવા શયતાનોના

હાથમાં ગરીબો પર સીતમ ગુજારવાનું હથીઆર હું કોઇ કાલે પણ મેલનાર નથી."

"અય નેક જવાન! ફીકર ના કર! તુંને કાંઇ પણ ઇજા કરવાને બદલે સીતમગારોના હાથમાંથી તુંને બચાવવા અમે આવ્યા છઇએ!"

આ બોલો સાંભળી કારૂને પોતાની આંખ્યો જેમ તેમ ઉઘાડી અને પોતાની સામે ફીરેસ્તાઇ સમાન રોશનથી ચમકતો અરનવાજનો ચહેરો તેણે દીઠો.

"આહા! બાનુ! તારી ફીરેસ્તાઇ મદદની આવા ડરાંમણા મકાનમાં મેં સ્વપને પણ આશા રાખી નહીં હતી. તારી સાથનો આ જવાન કોણ છે?"

પોતાની સામે હસતા ચહેરાના એક નવજવાનને ઉભેલો જોઇ કારૂને અરનવાજને સવાલ કીધો.

"કારૂન! તારો ખજાનો જોવાની અગાઉ મેં ખુદા પાસ દીલોજાનથી દુઆ ચાહી હતી કે તું જેવા નેકને કોઇ કાલે પણ હું કામ લાગું. મને સ્વપ્ને પણ ખબર નહીં હતી કે આટલી ટુંક મુદતમાં તમોને મહોત કરતાં વધુ બદતર હાલતમાંથી બચાવવાની તે કરીમે કારસાજ મને તાકાત બખશશે. મારી સાથ જે જવાન છે તે મારો ભવિસ્યનો ખાવીંદ શાહજાદો છે કે જેણે તમોને બચાવવાને માટે ભારે ઇનતેઝારી દેખાડી છે."

આ છેલ્લાં શબ્દો અરનવાજે પુરા કરતાં શાહજાદો આબાદ બોલ્યો: "અય નેકબખ્ત જવાન! તારા જેવા એક અસરાફ આદમીનો જાન બચાવવાને મારા જેવા એક હજાર જાન કુરબાન કરવાને હું તઇઆર છું, એમ તારે ખાતરીથી માનવું."

શાહજાદા આબાદે આમ બોલી પોતાના બદીઆનના ગજવામાંથી એક નાની શીશી ખેંચી કહાડી, જે બહુજ ઉંચી જાતના શીરાઝી શરાબથી ભરેલી હતી. આ શીશીમાંથી થોડોક શરાબ તેણે કારૂનને પાયો, જે પીતાં તેનામાં ગરમી અને તાકાત આવી. કારૂન આ પ્રમાણે હુશીઆર થતાં તેણે અરનવાજને પૂછયું કે તે ત્યાં કેમ આવી ચહડી હતી. અરનવાજે નીચે મુજબ ખોલાસો કીધો:—

"અય નેકખાહ જવાન! હું જયારે તારાં મકાનમાં આવી હતી ત્યારે મતલબ ખાતર તારી હજુર મેં મારા ખાનદાનનું નામ જાહેર નહીં કીધું હતું. હવે તે જાહેર કરવામાં હું કાંઇ હરકત જોતી નથી. મારા બાપનું

નામ શયેતાન છે જે કેનઝાકાનો વજીર છે. મારા બાપની બદકાર ચાલથી હું વાકેફગાર હોવાથી તારાં મરણની વાત સાંભળતાંજ મેં ધાર્યું કે એ જુલમગારે તેમાં કાંઇ પણ કાવતરૂં કીધેલું છે. તારાં મરણનો ખરો ભેદ મેળવવાની મતલબથી મારા બાપના એક વિશવાસુ ગોલામને મેં પેટ પુરતી લાંચ આપી, અને સઘળી દગાબાજીથી તેણે મને માહીતગાર કીધી. આ મકાનનો હવાલો તેને સોંપેલો હોવાથી મેં થોડાક કલાકને ખાતર આ દરવાજાની કુંચી તેની પાસેથી માંગી લીધી. ત્યાર પછી મારા વહાલા આબાદને મેં આ વાતથી વાકેફ કીધો, જે પોતાના થોડાક વીશવાસુ નોકરોને સાથે લઇ મારી સાથે બહુજ ઝડપથી હયાં આવ્યો, અને આ ડરામણા મકાનમાંથી તુંને બચાવવાનો સંતોશ હાંસલ કીધો."

અરનવાજના શબ્દો સાંભળતાં કારૂનની આંખોમાં પાણી આવી બદકાર બાપને ત્યાં આવી નેકકેરદાર બેટી કઇ રીતે પેદા પડી હશે તે વીશે કારૂન અજબ થનો બેઠો. શહાજાદા આબાદે તેને આ પ્રમાણે અંદેશામાં પડેલો જોઇ કહયું: "અય નેકનામ જવાન ! વખત ઘણો કીમતી છે, અને આપણે જેમ બને તેમ જલદી હયાંથી નહાસવું જોઇએ. બામદાદ પડતાં તો શયેતાન હયાં આવી પહોંચશે અને તુંને નહીં જોતાં ચોતરફ તારી શોધમાં સવારોને દોડાવશે. હું હાલ તરત તો તુંને મારા મકાનમાં લઇ જઇ રાખું છું: કારણ મારે ત્યાં તુંને છુપાવેલો છે એનો કોઇને પણ ખ્યાલ આવનાર નથી."

પછી કારૂનને એક ગુલામનો લેબાશ પહેરાવી તેઓ ત્યાંથી નીકળી ચાલ્યાં; અરનવાજ પેલી ચાવી લઇને પોતાના બાપને ઘર ગઇ અને શહાજાદો આબાદ બીચારા કારૂનને લઇ પોતાને મકાને ગયો, જ્યાં એક છુપા ઓરડામાં તેણે તેને છુપાવ્યો. અરનવાજે પેલી ચાવી પેલા ગોલામને પાછી સ્વાધીન કીધી અને જાણે કાંઇજ બન્યું નહીં હોય તેમ પોતાના ઓરડામાં જઇ બેઠી.

આગળ આપણે જોઇ ગયાં તેમ શયેતાન બીજી સહવારે ઉઠતાં વાર તો કેનઝાકાના હાકીમનાં મકાનમાં ગયો હતો અને પોતે કારૂન પર કીધેલો જુલમ વરણવી તેની પર વધુ જુલમ ગુજારવાની નેમથી દોખમા તરફ રવાના થયો હતો, જ્યાં જઇ પહોંચતાં કારૂનને ત્યાંથી ગેબ થઇ ગયલો જોઇ ભારે ઘભરાતમાં તે મહેલ તરફ દોડયો હતો અને સેનાપતી અને તે ઘોડેસવારોની મદદ સાથ કારૂનને ઢુંડવા નીકલી પડ્યા હતા.

કારૂનની શોધમાં કેનઝાકાના સેનાપતી અને વજીરે ઘણાક દીવસો ગાલ્યા, પણ અંતે તેને મેળવવાની આશા છોડી તેઓએ શોધખોલ માંડી વાલી. શહાજાદો આબાદ તેમની બધી હીલચાલની છુપી ખબર રાખતો હતો, એટલુંજ નહીં પણ શયેતાનનો તે જમાઇ થનાર હોવાથી તે બદમાશ વજીર પોતાના હેતવંતા તરીકેજ તેને ગણીને તેની આગળ પોતાની હીલ-ચાલની બધી વાત કરતો હતો. શહાજાદા આબાદે પોતાની ખાતરી કીધી કે હવે કારૂનની પુઠ પકડવાનું માંડી વાળવામાં આવ્યું છે ત્યારે તેણે અરન-વાજ સાથ મસલત કરી એક બહુજ તેજી ચાલનો ઘોડો તઇયાર કીધો, જે ઘોડાનાં જીન સાથ પુશટીકારક ખોરાકી બાંધી તેના ભીત્તરમાં સોના રૂપાંના સીક્કા ઠીસી ઠીસીને ભરયા. આ ઘોડા પર તેણે કારૂનને સરદારનો પોશાક પહેરાવી સવાર કીધો અને બહુજ વહાલથી તેનેથી છુટાં પડતાં તે બોલ્યો: "અય નેકનામ કારૂન! તારો રસ્તો હવે તદન સલામતી ભરયો છે. તું હવે હયાંથી જેમ બને તેમ જલદી બહાર નીકળી જા, અને કોઇ સલામત જગ્યાએ થોડીક મુદત ગુજાર અને કેનઝાકામાં હવે પછી શું બને છે તેની ખબર રાખતો રહેજે કે જેથી લાગ ફાવવે તું હયાં આવી તારી માલ મીલકત પાછી મેલવી શકે. અમે તારી તરફથી રાત દીન હયાં તપાસ ચાલુ રાખીશું, અને જેવી કાંઇ નાદર તક હાથ આવશે કે તરત તુંને લખી જણાવીશું."

કારૂને તે જવાન શાહજાદાનું ઘણુંજ અહેશાન માન્યું અને અરનવાજને પોતાની હજારો હજાર દુઆ કહી તેણે ત્યાંથી રૂખસદ લીધી.

કારૂને શહેરે મદાઇનનો લાંબો રસ્તો લીધો અને થોડા દીવસમાં ત્યાં આવી પહોંચ્યો. ત્યાં જઇ પહોંચતાં ત્યાંના વેપારી બજાર તરફ તેણે પોતાના ઘોડાને વલાવ્યો: કારણ કે તેને ઉમેદ હતી કે આજ સુધીમાં તેણે જે હજારો પરોણાઓને પોતાની મેજબાની ચખાડી હતી તેઓમાંના કોઇ પણ સાથ તેનો અચાનુચ ત્યાં મેલાપ થશે. તે આવા વીચારથી શહેરના ઘોરી રસ્તાઓ પર ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તે ચોપાસ પોતાની નજર દોડાવતો હતો, પણ તેની નજરે એક પણ એવો ચહેરો નહીં આવ્યો કે જે તેણે આગલ જોયો હોય. અંતે તે એક બહુજ સુંદર મહેલ જેવાં મકાન આગળ આવી પહોંચ્યો ત્યાં ચાલી રહેલી સીપાહ ચોકીદારોની ધમાલ પરથી તેણે વીચારયું કે કોઇ મોટા દરબારી અમલદારનું આ મકાન હશે. તે આ મકાનની ખુબસુરતી પર આફરીન કરતો અને ત્યાં આવતાં જતાં લોકોની દોડધામ તપાસતો પોતાના ઘોડાની પીઠ પર સ્વાર થઇ મહેલના દરવાજાથી થોડેક

દુર ચોગાનમાં ઉભો હતો, તેટલાં તે મહેલની બારીએ એક ઘણોજ ખુબ-સુરત ગુલામનો છોકરો આવી ઉભો. કારૂનની અને તે છોકરાની નજર એક થઇ ગઇ. કારૂને તે ગુલામને તરતજ ઓળખ્યો અને તે છોકરાએ પણ કારૂન તરફ હસીને ડોકું નમાવ્યું, એટલુંજ નહીં પણ હરખાતે ચહેરે તે જોશભર બારી આગળથી અંદર દોડી ગયો.

આ મહેલ મદાઇનના કોઇ દરબારીનો નહીં પણ શાહ નોશીરવાનનો હતો. પેલો ગુલામી છોકરો તરતજ શાહ આગળ દોડયો અને પોતાના ધણી આગળ ઘુંટણુ મરડીએ પડી બોલ્યો: "અય જેહાંપનાહ! એક ખુશ ખબર હું કહેવા આવ્યો છું. મારા અસલ ધણી કારૂનને મેં અબઘડી એક સુંદર ઘોડા ઉપર સ્વાર થઈ ઉભેલા આ મહેલના દરવાજા પર જોયા છે. શાહ આ ખુશ ખબર સાંભળી પહેલાં તો ચમકયો, પણ પછી હસીને બોલ્યો: "અય નીમકહલાલ નોકર! તારા તે હાતમ દીલના શેઠના વીચારથીજ તારૂં ચીત્ત ચક્રભમ થઇ રહેલું હોવાથી તેની ને તેનીજ સુરત તારાં મનની ચશમો હજુંર રમતી હોવી જોઇએ, અને તેથીજ કોઇનો ચહેરો જોઇ તેં તારા તે પુરાણા મહેરબાનનોજ ચહેરો માની લીધો છે. જા, દેવાના, જા! કારૂન તો બીચારો કયે દીવસનો બહેસ્તનશીન થયો છે!"

"નહીં, નહીં, અય મહેરબાને મન! હું મારી આ કુમલી આંખોને ઠગવા દઉં એટલો નાદાન નથી. હું તમોને ખાતરી આપુ છું કે તે મારો હાતમ દીલનો શેઠ કારૂનજ છે!"

શાહ નોશીરવાનનાં મનમાં આથી વસવસો ઉભો થયો. તે દીલોજાનથી ઇચ્છતો હતો કે કારૂન મુએલો પણ પાછો જીવતો થાય, અને ઘડીભર દગાવાની નહીં તો મનનો કાંઇક ખતરો વટીક દુર કરવાને શાહે ત્યાં જઇ જાતે તપાસ કરવા ચાહયું. શાહ પોતે તે બારી આગળ દોડયો અને પેલા જવાન ગુલામને નીચે દોડી જઇ કારૂન આગળ જવાની રજા આપી. કારૂને પેલા ગુલામને પહેલીજ નજરે પીછાણ્યો હતો અને બારી આગળથી હસતો અંદર દોડી જતો જોઇ તે સમજયો હતો કે તે તેની આગળજ મળવા આવતો હશે.

આ આશામાં તે ત્યાંજ થોભ્યો, અને પોતાના ઘોડાપરથી ઉતરી તેનું જીન વગેરે સરખું કરવામાં ગુંટાયો. થોડાજ વખતમાં તેની વકી મુજબ પેલો ગુલામનો છોકરો મહેલ તરફથી વીજલીક ઝડપે દરવાજા તરફ દોડતો આવતો જણાયો, અને આવતાંની વાર કારૂનના પગ પર તેણે પોતાનું

માથું મુકી દઇ બહુજ હરખથી તેની કદમબોશી કરવા લાગ્યો. કારૂને તેને પ્યારથી હાથ પકડી ઉઠાડી પુછ્યું કે જે રાજવંશીને ત્યાં તેણે તેને મોકલ્યો હતો તે રાજવંશી એજ મકાનમાં રહેતો હતો કે?

"અય મહેરબાને મન! તમારા આ સવાલ પરથી મને માલમ પડે છે કે તમે કયા રાજવંશીને તમારે ત્યાં પરોણા તરીકે રાખ્યા હતા તે તમો બરાબર જાણુતા વટીક નથી. એ રાજવંશી બીજા કોઇજ નહીં પણ આપણા પાક મજહબના પાશબાન શાહ નોશીરવાને આદેલ હતાં. આ મહેલ પણ તેવણુનોજ છે અને તેવણુ તમોને મલવાને ઘણુાજ ઇનતેઝાર હોવાથી તમોને લઇ આવવા મને હયાં મોકલ્યો છે."

આ વાત સાંભળી કારૂને તે કરીમે કારસાજના હઝારો હઝાર શોકર કીધા અને તે છોકરાની સાથે મહેલમાં જવા ખુશીથી તઇયાર થયો. પેલા છોકરાએ નીશાની કરતાંજ એક સીપાહી ત્યાં આવી ઉભો, જેના હાથમાં ઘોડાની લગામ આપી કારૂન મહેલમાં દાખલ થયો. પેલો છોકરો હરખાતે હઇડે તેને શાહના ઓરડામાં લઇ ગયો. શાહ એક દીલખુશ દીવાનપર બેઠેલો હતો, જયાં કારૂનને આવતો જોઇ તે ઝડપથી ઉઠયો, અને તે જવાન સાથ બહુજ જોશભરી બગલગીરી કરી હરખથી ઉભાતી છાતી સાથ કાંઇક ઘડીઓ સુધી જોરથી ચાંપી રાખ્યો. જયારે શાહનો હરખ નરમ પડયો ત્યારે કારૂનનું સર પોતાના હાથે ઉંચું ઉઠાવી તે બોલ્યો "અય હાતમ દીલ જવાન! ઉઠાવ તારૂં સર, ખોલ તારી નેક ચશમો, અને જો કે જે પરોણાને એક સાદો સોદાગર સમજી તેં તારો બેમુલો ખજાનો દેખાડયો હતો તે એજ છે કે કોઇ બીજો."

કારૂન જે શરમથી નીચું જોતો હતો તેણે પોતાની આંખો બહુજ ધીરેથી ઉંચકી અને બહુજ શરમીનદ થઇને બોલ્યો: "અય જેહાંપનાહ! મારા જેવા એક મીસ્કીનનાં મકાનની મહેમાની ચાખવાને તું જેવા પરવરે મહેરબાની કીધી હતી એવું હું આજેજ જાણું છું, અને તારા જેવા એક રાજવંશીની પરોણાગત મારાથી બરાબર થઇ નહીં તે માટે ખરેજ હું ઘણો શરમીનદો થઇ પશેમાન થાઉં છું!"

આમ બોલી તે તરતજ શાહના પાંઉપર પડયો અને તેની કદમબોશી કીધી. શાહે તેને પુર પ્યાર સાથ પાછો ઉંચકયો અને પુછ્યું: "અય કારૂન! તું તો મરી ગયો હતો તે પાછો જીવતો કેમ થયો? બોલ, તારી સઘળી કેફીએતથી મને વાકેફ કર."

આ પ્રમાણે બોલી શાહે હેતથી કારૂનનો હાથ પકડી પેલાં દીવાનપર લઇ જઇ પોતાની પાસે તેને બેસાડયો; અને કારૂને બધી વાત શાહને જાહેર કીધી. શયેતાને તેની પર કીધેલા સીતમની વાત સાંભલતાં શાહ લાલ ને પીલો થઇ ગયો અને દાંત પીસી પીસીને પોતાનો ગુસ્સો દાબી રાખ્યો. અંતે કારૂને વાત પુરી કરતાં શાહ બોલ્યો:

"તારી પર ગુજારેલા સીતમનો મુલ સબબ હું પોતેજ છું. તારી બાદશાહી મેજબાની ચાખી હું મદાઇન પાછો ફરયો કે મેં મારા વજીર બુઝરની મસલહતથી તારી મેહેરબાનીનો બદલો વાલવાની એક યુકતી રચી. મેં કેનઝાકાના હાકેમપર ફરમાન લખી મોકલ્યું કે 'કેનઝાકાની હાકમી કારૂનને સ્વાધીન કરી તારે હ્યાં ચાલી આવવું.' હાકેમને આ મારૂં ફરમાન મલતાંજ તે ફરમાન બજા લાવવાને બદલે તેણે પોતાના રસ્તામાંથી તુંને દુર કરવાને બાજી રચી. પણ તેમ કરતાં તેના બદકાર વજીર શયેતાને એવી યુકતી ગોઠવી કે જેથી તારી પર ભારે સીતમ ગુજારી તારો ખજાનો કયાં દાટેલો છે સે તેઓ જાણી લે. તેટલા માટેજ તેઓએ તારો જાન લેવામાં ઢીલ કીધી, અને તેજ બદબખ્તની નેક બેટીની મદદથી આજે તુંને સહીસલામત જોવાને હું નશીબવાન નીવડયો છું. પણ તારો કીનો લેવાને મેં અગાઉથી ફરમાનો કહાડયાં છે. આજ દીવસ થયાં મારા નેક વજીર બુઝરને દશ હજાર ઘોડેસ્વારો સાથ કેનઝાકા તરફ રવાના કીધો છે અને તે પાક પરવરદેગારનું ચહાવું હશે તો ચંદરોઝમાં તે ચંડાલોને જીવતા ને જીવતા પકડી તે મારી હજુરમાં હયાં લઇ આવશે. તેટલાં મારા મહેલમાં તું મહેમાણ તરીકે રહેજે, અને જે મારો મરતબો છે તેજ મરતબો તું ભોગવે એવો હુકમ હું આ પલેજ મારા દરબારીઓ પર રવાના કરૂં છું."

કારૂનને એકવાર ફરીથી ગલે લગાડી શાહ ત્યાંથી ઉઠયો અને એક હજુરીઆને હોકમ કરતાંજ તે દવાત કલમ લઈ આવ્યો. શાહે પોતાના હાથેજ કારૂનને લગતું હોકમનામું લખી કહાડી તે સઘળા અમલદારો અને દરબારીઓમાં ફેરવવા હુકમ કીધો. ત્યારપછી તે કારૂનને મહેલના બગીચાઓમાં ફેરવવા લઇ ગયો. પેલો નાનો ગુલામ આ સઘળો રાહઘાટ જોઇ ઘણોજ હરખમાં આવી ગયો. પેલા સીપાહ આગલ જઇ કારૂનના ઘોડાને બાદશાહી તબેલાઓમાં લઇ જઇ તેની બરદાસ્ત કરવાને તેણે ફરમાવ્યું. અને પછી પોતાના પરવરોની નોકરીમાં તે પાછો હાજર થયો. શાહને ખબર હતી કે કારૂનના બગીચા સાથ સરખાવતાં તેના મહેલના બગીચા તો કાંઇજ બીસા-

ફમાં નહી હતા, તોપણ પોતાના મહેમાનનો જીવ ખુશ કરવાની મતલબથી તે તેને પોતાના બગીચામાં લઇ જઇ ફેરવવા લાગ્યો. બગીચાની વચોવચ કાલા સંગેમરમરના બાર સુંદર સ્તંભોની ઉપર અબનુસ અને સુખડનાં સુગંધી લાકડાનું એક ગુંબજ રેકું છત્તર ગોઠવેલું હતું. આ સ્તંભોની નીચે એક દીલખુશ આરસપહાણની હોજમાં નીરમળ ફુવારાનાં નીર મોતીની માલા માફક ઉછલી પાછાં વલ ખાઈ પડતાં હતાં. કોયલકંઠી પંખીઓના શીરીન શરોદો ચોપાસનાં ફલફલાદીનાં ઝાડો પર મનુસ્યોનાં મન રંજન કરવાને ચોમેર ચાલી રહયા હતા. નવ નવીન રંગોની રમતમાં રમતાં રમણીક ફુલો પોતાની સુગંધથી છલછલ થતી ડેલીઓમાંથી દેમાગને તર કરે એવી દીલચમન ખુશબોની લહેકીથી ફુવારાનાં પાણીથી શરદ બનેલી દીલખુશ હવાને ભરી નાખતાં હતાં. આવી મનપસંદ કુદરતની હલીઆરી વચે કારૂનને લઇ શાહ પેલી છત્તર નીચેની હોજ તરફ ચાલ્યો. ત્યાં હસ્તે ચહેરેના ખુબસુરત ગુલામો દીલનુછના, સાબુ, સુગંધી તેલો, ખુશબોદાર ભુકીઓ, વગેરે સોનેરી રૂપેરી તબાકોમાં લઇ તેમની ખીદમતમાં ખડા ઉભા હતા. શાહે અને કારૂને તે હોજમાં ગોસલ કીધું અને તેઓ નાહી રહયા પછી પેલા ગુલામોએ સારીપેઠે દીલ નુછી સુગંધી તેલો, ભુકીઓ વગેરે તેમને આંગે ચોલી તેમને સુંદર પોશાકો પહેડાવ્યા. શાહ પોતાના મહેમાન સાથ ત્યાર પછી ખાણું ખાવા બેઠો અને ખાણાને ઇનસાફ આપી લહેઝતદાર શરાબો નોશ કરી તેઓ ફુરસદે બેઠાઃ થોડીવાર શાહ પોતાના મહેમાનને રાણી આગલ લઇ ગયો.

તેણી પોતાના આરાસ્તા કીધેલા દીવાનખાનાની વચ્ચોવચ ગોઠવેલાં એક સોનેરી તખ્ત પર બીરાજેલી હતી અને તેની પરીપેકર દાસીઓ તે તખ્તની આસપાસ સીતાર, સુંદરી, ઢોલક, તબુરા, વાંસલી વગેરે હાથમાં લઇને ગોઠવાયલી હતી. તેમનાં આ સઘળાં હથીઆરો તે વેળા શાંત હતાંઃ કારણકે એક મધુર કંઠી મનમોહન સુંદરીના દીલકશ ગાયણ પર તેમનું ધકધ્યાન રોકી રાખ્યું હતું. આ ગાયણમાં ખલલ નહીં કરવાની નેમથી શાહ અને કારૂન પહેલાં તો ચુપજ બની દુરથી ઉભા રહયા અને તે પુરૂં થતાંજ તેઓએ પોતાનો દેખાવ દીધો. પોતાના વહાલા ખાવીંદને આવતો જોઇ તે તરતજ તખ્ત પરથી નીચે ઉતરી અને કારૂનનો હાથ પકડી શાહે તેણી સાથ ઓળખાણ કરાવી. "અય જાનેમન જે નેક જવાનને તારી હજુરમાં આજે હું લઈ આવ્યો છું, તે મારો મહેરબાન દોસ્ત કારૂન, તે

કેનઝાકાનો મારો મેજબાન છે, જેની બીન હરીફ મેજબાનીની વાત મેં તારી આગળ કહી સંભળાવી હતી."

કારૂન તરતજ શહેનશાહજાદીની કદમબોશી કરવાને વાંકો વલ્યો. પણ તેજ વખતે મહેલની બહારથી કાનફાડી નાખે એવા હરખના પોકારો ઉઠવા માંડયા. શાહ, કારૂન વગેરે હજી તો તાજુબીથી તે તરફ કાન કરી સાંભળે છે તેટલાં એક કાસદે દોડતા આવી શહેનશાહજાદીની એક દાસીને ખબર કીધી કે વઝીર બુઝર આવી પહોંચ્યો છે અને શાહને આ રૂકો આપવાને ફરમાવે છે. પેલી દાસીએ તે રૂકો લઇ જઇ શાહના હાથમાં મેલતાંજ શાહે કાંઇ પણ ઢીલ કરયા વીના તે ઉખેડી વાંચ્યો. તેનાં ચહેરા પર ખુશાલીની છાપ ફરી વલી અને કારૂન તરફ ફરી તે રૂકો તેના હાથમાં મેલતાં બોલ્યો: "અય વહાલી! હું જણાવવાને ઘણોજ ખુશી છું કે મારો નેક વજીર કેનઝાકાથી પાછો ફરયો છે અને ત્યાંના જુલમગાર વજીર શયેતાનને કેદ કરી લાવ્યો છે. કેનઝાકાનો હાકેમ તો ડરને મારે ત્યાંજ મરવા સુતેલો છે. હું ને કારૂન સઘળી હકીકત જાણવાને ઘણાજ ઇનતેઝારી હોવાથી હાલ તો તારી રજા લઇએ છીયે."

એમ બોલી શાહ ત્યાંથી કારૂનને લઇ પોતાનાં દીવાનખાના તરફ રવાના થયો. થોડાજ વખતમાં બુઝર ત્યાં આવી પહોંચ્યો અને અવલથી આખર સુધીની સઘળી હકીકત શાહને કહી સંભલાવી. શાહે મહેલનાં ચોગાણમાંજ એક જલ્લાદને બોલાવી શયેતાનનું સર તેનાં તનથી જુદું કરવા હોકમ આપ્યો, પણ કારૂન તુરતજ વચ્ચે પડયો અને બોલ્યો: "અય નેક દીનના પાસબાન! મારી આટલી અરજ કબુલ કર અને શયેતાનની જીંદગી તેની નેક ખસલત બેટી અરનવાજ ખાતર બચાવ. અરનવાજ અને શાહજાદા આબાદની શેહાદીની ખુશાલીની જામમાં આ કમબખ્તની આવી કજાથી કડવાશનો કતરો નહીં પડે એટલું સારૂં. મારી પર જે મહેરબાની કરવાને તેં ગોઠવણો કીધી છે તે મહેરબાની મને ચાખતો એ જોશે, એટલેજ એને પુરેપુરી સજા થયલી હું માનું છું."

"અય રહેમદીલે કારૂન તારા જેવાં મોટાં મન અને હાતમ દીલનાં માણસોનેજ રાજ તાજ છાજે છે! કેનઝાકાનો હાકેમ તરીકે તારા જેવા હાકેમ ગાદીપર આવવાથી ખરેજ ત્યાંની રઇયત સંપુર્ણ સુખ સંપ અને શાનતી મેલવશે" શાહે કારૂનનાં સરપર હાથ મેલી આ પ્રમાણે તેને કેનઝાકાનો હાકેમ જાહેર કીધો.

"અય જેહાંપનાહ! એક વધુ મહેરબાનીની તારી સોડે મારે તલબ કરવાની છે. તે એ છે કે શહાજાદા આબાદ અને અરનવાજને કેનઝાકાનું રાજ તાજ સોંપવાની હું તુંને ઓાજરખવાહી કરૂં છું. તેઓ તેને તદન લાયક છે. મને તો તારા જેવા મહેરબાનની પનાહ હેઠળ રહેવાનો સંતોશ છે, એ હું મોટી શહેનેશાહત સમજું છું."

શાહે કારૂનનાં આવાં હામત દીલ પર હઝારો હઝાર આફરીન કરી તેનાં માંગવા મુજબ શહાજાદા આબાદને અને અરનવાજને કેનઝાકાનું રાજ તાજ બખસ્યું, અને કારૂન ફરીથી પોતાના કેનઝાકાના મહેલમાં જઈ અસલ માફક એશ આરામ અને સખાવતમાં પોતાના દીન ગુજારવા લાગ્યો.

એક સોદાગરની વાત.

કયાનુશ નામનો મોઉરૂનો એક વેપારી બહુજ લોભી અને લુચ્ચો હતો. ખુબ રવેસે દોલત એકઠી કરયા કરવી એજ તેનું કામ હતું. પણ તે જે દોલત એકઠી કરતો હતો તે કયાં જતી હતી તે વીશે કોઈ જાણતું નહીં હતું. તે પોતાનો માલ ઉંટો પર લાધી એક શહેરથી બીજે શહેર લઈ જતો હતો અને પાછો ફરતાં તે શહેરનો માલ લાવી પોતાનાં શહેરમાં વેચતો હતો. એ રીતે તે બેવડો વેપાર ચલાવતો હતો.

એક દીવસે કયાનુશનું એક ઉંટ મરી ગયું. તેની જગ્યા પુરવા જીઅફરામ નામના એક બીચારા ગરીબ સાદરી વેચનાર સોડે એક બુઢું ઉંટ હતું તે વેચાતું લીધું. આ ઉંટની કીંમત પઠતાં તેણે જીઅફરામ સાથ એકસો જાતની રીકઝીક કીધી અને તે ઉંટ અંતે એટલું તો સસતામાં પડાવી લીધું કે લગભગ તે તેને મુફતજ પડેલું કહેવાય. બીચારો જીઅફરામ ઘણો અસરાફ માણસ હતો અને પોતે ગરીબ હોવાથી તે ઉંટનું પુરૂં કરી શકતો નહીં હતો. આજ સુધી તે ઉંટ તેણે પોતાની પાસે રાખ્યું: તેનું કારણ એ કે તેના મરણ પામેલા બાપ તરફથી મળેલી દોલતમાં એક ઘર અને ઉંટજ હતું, અને પોતાના મરહુમ બાપની એક યાદગાર નીશાન તરીકે તે તેણે રહેવા દીધું હતું. પણ જ્યારે તેનું પોશણ નહીંજ થઈ શકયું અને કયાનુશે જ્યારે તે લેવાની ખાહેશ દેખાડી, ત્યારે તે જનાવરને પોતાને ત્યાં ભુખે મારવાને બદલે કયાનુશને ત્યાં પેટ પુરતું ખાવા મોકલવાની મતલબથી જીઅફરામે તે ઘરડું ઉંટ વેચી નાંખ્યું.

બીજી વાર જ્યારે કયાનુશ પોતાની વનજાર લઇ બીજાં શહેર તરફ જવા નીકળ્યો ત્યારે તેણે પેલાં ઘરડાં ઉંટ પર પણ માલ લાધ્યો. મોઉર શહેરથી થોડાક દીવસના રસ્તા પર એક રેતીનાં રણમાંથી જ્યારે તે વનજાર પસાર થતી હતી ત્યારે પેલું ઘરડું ઉંટ એક એકાંત જગ્યાએ આવી પુગતાં વનજારમાંથી છુટું નીકલી ગયું અને એક ટેકડીની પછવાડે જઇ ત્યાં ઘુંટણ મરડીએ પડયું અને પોતાની પીઠ પર લાધેલો માલ ઉતારવાને વખતે એક ઉંટ કેવો આવાજ કહાડે તેવો આવાજ કહાડવા લાગ્યું. પેલાં ઉંટ પર વનજારમાંના એક હબસીની નજર પડતાં તે તરતજ તેની પાછલ દોડયો અને તેને જેમ તેમ ત્યાંથી ખેંચી લાવી પાછું વનજારનાં બીજાં ઉંટો સાથ જોડી દીધું,

પોતે જે જે શહેરોમાં ફરતું હતું તે તે શહેરોમાં ફરી આવી કયાનુશ પોતાનાં વતન તરફ પાછો ફરતો હતો ત્યારે ફરી પેલી એકાંત જગ્યા આગલ આવી પહોંચતા પેલું જીઅફરામ પાસથી લીધેલું ઘરડું ઉંટ પાછું પેલી ટેકડીની પાછળ દોડી ગયું અને ત્યાં જઇ વળી ઘુંટણ મરડીએ પડી પોતાની પીઠપરનો માલ ઉતારવાનો અવાજ કરવા લાગ્યું. આ વેળા કયાનુશ પોતે તેની પુઠે પુઠે ગયો અને જોયું તો જે જગ્યાએ કોઈ પણ વેપારી માલ ઉતારે નહીં તે જગ્યાએ તે ઉંટ જઇ બેઠું. કયાનુશે પેલાં ઉંટની આ વીચીત્ર ચાલપર લાંબો વીચાર કીધો. તેણે વીચાર્યું કે આ ઉંટ એકની એક જગ્યાએ જઇ બેસે છે તે પરથી ખુલ્લું માલમ પડે છે કે એનો આગલો ધણી એને તે જગ્યાએ લઇ જઇ બેસાડતો હશે અને એની પીઠપરથી કાંઇ માલ ત્યાં ઉતારી છુપાવતો હશેઃ એ જગ્યાએ કાંઇ કીંમતી માલ ખજાનો કાં નહીં છુપાવ્યો હોય ?

આવો વીચાર કરી કયાનુશ તે જગ્યાએ એક દીવસે પેલાં ઉંટને લઇ એકલો ગયો. તેણે પોતાની સાથ જમીન ખોદવા માટે પાવડો, કોદાલી વગેરે હથીઆરો લીધાં હતાં. પેલું ઉંટ આગલ માફકજ પાછું તે જગ્યાએ જઇ બેઠું અને કયાનુશે ત્યાંજ પેલા કોદાળી પાવડાની મદદથી ખોદવા માંડયું. તેણે ખોદવાનું કામ કીધાને ઘણો વખત નહીં ગયો હશે એટલામાં એક કોદાલી તથા પાવડાની જોડી ત્યાંજ દટાયલી તેને મલી. આ શોધથી તેની ખાતરી થઇ કે આગલ આ જમીન ઉંડાણમાં ખોદાયલી હોવીજ જોઇએ. તેણે હવે બેવડી ઉલટથી કામ કરવા માંડયું અને તેની મહેનતનો બદલો થોડાજ વખતમાં મલ્યો. ખોદતાં ખોદતાં

પહેલાં એક સીક્કાની ઠેલી તેને હાથ લાગી, પછી બીજી, પછી ત્રીજી, એ પ્રમાણે લધાય એટલી ઠેલીઓ તેને હાથ આવી. આ ઠેલીઓ ખલાસ થઇ રહેતાં એક મજબુત લોખંડની સંદુક તેની નજરે પડી, જે સંદુક બહુજ ચોકસાઇથી લોખંડનાં ચાપડાઓ વગેરેથી બંધ કીધેલી હતી. કયાનુશે પક્કી ખાતરીથી ધારયું કે આ સંદુકમાં સીક્કા ઉપરાંત કાંઇક વધુ કીંમતી ચીજો હોવી જોઇએ.

તેણે પેલી સઘળી ઠેલીઓ પેલાં ઉંટ પર લાધી અને એ રીતે તેણે દેખાડેલી દોલતનાં ઇનામ તરીકે તેની પીઠ પર બેવડો ભાર લધાયો. ઉંટને એ પ્રમાણે લાધ્યા પછી કયાનુશે પેલી સંદુક પાછી તેના અસલ ખાડામાં સેરવી દીધી અને તેની ઉપર પાછું મ્ટોહું વાલી સઘળી જમીન સરખી કરી નાંખી, દોલતથી લધાયલાં પોતાનાં ઉંટ સાથ પાછો ફરતાં તેણે આખે રસ્તે તે દોલત કોણુની હશે તે વીશે અંદેશો કરયા કીધો. શું આ દોલત જીઅફ્રામના બુઢા બાપની તો નહીં હોય ? આ સવાલે આખે રસ્તે તેનાં મગજને રોકી રાખ્યું. કયાનુશ પઇસા પર પુર પ્યાર રાખતો હતો એ વાત ખરી, લેકીન કોઇને પણ નુકશાન કરીને યા કોઇની સોડે ઘણુ લુચ્ચાઇ કરી પઇસો છીનવી લેવાનું કામ તે ધીક્કારતો હતો. આ દોલતના સંબંધમાં તેનાં મનમાં ભારે વસવસો ઉતપન થયાજ કીધો. તેણે પોતાને મનસે કહ્યું: "આ બુઢું ઉંટ, જેણે આ કીમતી ખજાનો મને મેલવી આપ્યો છે તે ઉંટ, મેં પઇસા ખરચીને જીઅફ્રામ પાસે વેચાતું લીધેલું હોવાથી એ ઉંટની મદદથી મને મળેલી દોલત મેં લુચ્ચાઇથી નહીં પણ નશીબથી મેલવેલી કહેવાવી જોઇયે."

આ પ્રમાણે પોતાનાં મન સાથ વમાસતો કયાનુશ અંતે પોતાને મકાને જઇ પહોંચ્યો. ત્યાં ગયા પછી પેલી સીક્કાની ઠેલીઓ ગોઠવતાં વળી કયાનુંશનું હઇડું ડંખવા લાગ્યું. તેને બીલકુલ ચેન પડયું નહીં: તેથી પોતાનાં મનને રાહત આપવા તે અંતે જીઅફ્રામ પાસે ગયો. પોતાની સાદી ચટાઇ વેચવાની દુકાનપર જીઅફ્રામ પોતાના ધરાકોની સેવા બજાવતો બેઠો હતો. કયાનુશને જોઇ જીઅફ્રામ ખુશ થયો અને બાઇજત તેને બેઠક આપી તેની ખબેર આફીએત પુછવા લાગ્યો. અરસપરસની આ પ્રમાણેની રાબેતાની તાજીમ તવાજો પુરી થયા પછી કયાનુશે પુછ્યું:

"જીઅફ્રામ"! તારા બાપને તો બધું ગામ તવંગર સમજતું હતું, ત્યારે તારા વારસા તરીકે આ ભાગું તુટું ઘર અને એક બુઢું ખખડી

ગયલું ઉંટજ મેલીને તે કેમ મરણ પામ્યો હશે?" જીઅફ્રરામે જવાબ દીધો "કયાનુશ ! તું વાત કહેછે તે સાચી છે; પણ મારા મરહુમ પેદરનો ખવાસ તું પીછાણી નથી શકયો. ગરીબ લાચારોને તે ભારે મદદ કરનારો હતો. દરેક ગરીબ માણસને તે પોતાના ભાઇ તરીકે મહોડેથીજ ગણીને તે બેસતો નહીં હતો, પણ પોતાનાથી બની શકતી મદદ તેને આપતો હતો. કોઇ કોઇ વેળા મારા મનમાં કાંઇક એવો સુબેહ ઉત્પન થાય છે કે આ સઘળા સખાવતનાં કામો પાછલ ખરચવાને મારા બાપ પાસ કાંઇક મોટી દોલત હતી જે દોલત તેણે ચોક્કસ ઠેકાણે છુપાવેલી હતી. પોતાનાં મરણ ટાંકણે આ દોલત કયાં છુપાવેલી હતી તે મને કહેવાની તે મતલબ રાખતો હતો. આ પ્રમાણે કહેવાનાં અને માનવાનાં મારી પાસે ખાસ મોતેબર કારણો છે અને તે કારણો હું તુંને કહી સંભલાઉં છું.

"પોતાનાં મરણની થોડીજ ઘડી અગાઉ તેણે મને પોતાની નજદીક બોલાવી મંગાવ્યો અને કહ્યું: "બેટા જીઅફ્રરામ ! મારે તુંને કાંઇ ઘણીજ છુપી વાત કહેવી છે. તારાજ કાન પર તે વાત આવે એટલા માટે તું મારી છેક નજદીકમાં આવ. તે વાત તુંને જાહેર કરૂં તે પહેલાં બંદગી પઢવામાં આપણાં સુખનું જે સઉથી સરસ સાંધણ હોય તે તે કીરતાર આપણને બક્ષે !"

"મારા બાપનાં આ ફરમાનને તાબે થઇ હું તેની સાથ બંદગીમાં મશગુલ થયો. પણ હજી તો અમારી બંદગી ખતમ થાય નહીં તેટલાં તો મારાં બાપે પોતાનો છેલ્લો દમ ખેંચ્યો; અને તે પાક પરવરે એવુંજ ફરમાવ્યું કે મારા સુખનું સઉથી સરસ સાંધણ સંતોશ, સબુરી અને ગરીબાઇમાંજ મારે સમજવું. શોકર તે કીરતારનાં કે હું મારી ગમે એવી ગરીબીમાં સંતોશ, સબુરીવાલો અને સુખી છું."

આટલું બોલી જીઅફ્રરામે પોતાની છાતી પર હાથ મુકી તે પરવરદેગારની જનાબમાં પોતાનું મીશકીન સર ઝુકાવ્યું. તેના આવા એતબારથી કયાનુશના મનમાં વધુ ચટપટ થવા લાગી અને બોલ્યો:

"વારૂ, જીઅફ્રરામ ! ધાર કે પરવરદેગારે તુંને તે છુપી દોલત બક્ષી હતે તો તેનો કેવી રીતે રૂડો ઉપયોગ કરવો તે શું તું સમજે છે?"

જીઅફ્રરામે વલી આસમાન તરફ ડોકું ઉંચું કરી કહયું: "તે તો પરવરદેગારને ખબર ! જો ખુદાનું ચહાવું એવુંજ હોય કે મને તે તવંગર બનાવે, તો તેવી તવંગરીમાં કેવી રીતે ચાલવું તેની રૂડી સમજણ પણ તે

મારાં મનમાં સાથે સાથેજ મેલ્લે એમ હું માનું છું. જો મારી હાલની હાલતની તું વાત પુછતો હોય તો ખાતરીથી કહુ છું કે મારી ગરીબાઇમાંથી હું કાંઇ સહેલાઇથી છુટું એવું મને માલમ પડતું નથીઃ કારણ હું રાતને દીવસ કામ કરૂં છું, પણ નશીબ આગલનું આગલ દોડયા કરે છે, ને મારી સઘલી મહેનત મજુરી આજને કાલ તો ફોકટમાં જાય છે. જો હું બલદો ખરીદ કરૂં છું તો તેઓ નદી નાલાંમાં જઇને ડુબી મરે છે. જો હું કાંઇ સામાન ખરીદ કરી તે વેચવાની કોશેશ કરૂં છું તો જેમનો તેમ તે વેચાયા વગર પડી રહે છે; જો તે સામાન વેચતો નથી તો કોહી, સડી જાય છે. આ દુનીઆમાં આ કંગાલ મકાન સીવાય બીજી કાંઇ પણ વધુ દોલત ધરાવવાનું મારી સરજતમાં જો નહીંજ લખ્યું હશે તો તે કોઇ કાલે પણ પાર પડવાનું નથી. એવી હાલત માટે હું દલગીર નથી. ખુદાના હું શેકર કરૂ છું કે દશ વરસ થયાં પણ હજી ખરાબ કામોને હું વશ થયો નથી. એ મારે મનસે હું એક મોટી દોલત સમજું છું. હું ખુદાના ફરમાનને તાબે થઇ ચાલું છું અને બહેસ્તમાં જવાનાં કામ શીવાય મેં બીજા કાંઇ પણ કામો કીધાં નથી. એજ મારી મોટી તવંગરી હું સમજુંછું. કોઇ કોઇ વેલા મારી ગરીબાઇનો ચચડાટ મને લાગી આવે છે, પણ તે મારે માટે નહીં પણ મારાં ફુલ જેવાં નીરદોષ બચ્ચાંઓને ખાતર, કે જેઓ મારા જેવા કમબખ્તને ત્યાં પેદા પડવાથી બીચારાં શરદી તેમજ ગરમીમાં એક સરખી રીતે સંકટ સોશે છે."

જીઅફરામની આ સઘળી ફીલસુફી ભરેલી વાતોથી તો કયાનુશનું હઇડું તેને એવડું ડંખવા લાગ્યું. તેણે જીઅફરામને વધુ સમજાવવાની મતલબથી કહયું: "તારા જેવા એક નેક માણસને આવી ગરીબાઇનીજ હાલતમાં રાખી મેલવું એ વાજબી નહીં કહેવાય."

"કાં વાજબી ન કહેવાય ?" જીઅફરામે તરતજ પુછયું. "શું દુનીઆમાં મારા જેવાં બીજા હજારો નેક આદમીઓ નથી કે જેઓ મારા જેવીજ મીસકીન હાલતમાં હોય ?"

પોતાનાં ડંખતા અંતઃકરણને મનાવી લેવાની મતલબથી કયાનુશ બોલ્યો. "તે જે હોય તે. તારો બાપ જયારે તવંગર હતો ત્યારે તારે આવી ગરીબી હાલતમાં પડી રહેવું જોઇતું નથી. વાસ્તે હું તુંને કહું છું તે સાંભળ. આજથી તુંને હું મારો ભાગ્યો બનાઉં છું. શહેરની બાહેર મારાં બે મકાનો છે. એક તારા કુટુંબોને વાસ્ને છે અને એક મારા કુટુંબ

ને માટે છે. આપણે બન્ને ભાઇઓ તરીકે એકેક સાથ રહીશું અને જેમ આગલા વખતના બાપ બપાવાઓ કરતા હતા તેમ આપણાં છોકરાંઓની શેહાદી અરસપરસ કરી આપણે પણ વહેવાઇના સાટાંથી જોડાઇ ખરેખર સગા સ્નેહી થઇશું.

કયાનુશ જેવા પઇસાપર પ્યાર કરનારા એક માણસને મહોડેથી આવી વાતો સાંભળી જીઅફ્રરામ તો તદન તાજુબ થઇ રહયો. કયાનુશે પેલું બુદ્ધું ઉંટ વેચાતું લેતી વખતે જીઅફ્રરામ સાથ એટલી તો રીકજીક કીધી કે અંતે તે પાણીને મુલે તેણે પચાવી લીધું હતું. આવો એક શખ્સ જીઅફ્રરામપર અચપુચ આટલી બધી મહેરબાની કરવા થાય તેનો શો સબબ ? જીઅફ્રરામ તો આ સઘળા વિચારોથી ચુપજ બની રહયો.

કયાનુશને તેનું હઇડું ડંખતું હતું. જીઅફ્રરામની દોલત તેણે પચાવી પાડી હતી અને પોતાનાં ઘરમાં લઇ જઇને ગોઠવી હતી. તેજ દોલતમાં તેનો હીસ્સો કરી પોતે ઘણોજ ઉદાર દીલનો છે એવું દેખાડવાની કોશેશ પોતે કરતો હોવાથી કયાનુશના અંતઃકરણમાં ભારે વસવસાના મોજા ઉછાલા મારતા હતા. પણ જીઅફ્રરામને ખરી હકીકતથી વાકેફ કરી પોતાનો જીવ ખુલ્લો કરવાને કયાનુશથી બને તેમ નહીં હતું. તેનાં હઇડાં પર ભેદનો મોટો ભાર હતો અને તે ભાર ઓછો કરવાની મતલબથી જીઅફ્રરામને તેની હકદાર દોલતમાંથી થોડોક ભાગ આપવાને તે તઇયાર હતો. પણ જીઅફ્રરામ તો તેની માંગણી સાંભલતાંજ ચુપ થઇ ઉભો હતો તે જોઇ તેને વધુ ચટાપટી થવા માંડી. અંતે કયાનુશે તેને પુછયું: " કેમ! તું મને જવાબ કેમ નથી આપતો ?"

જીઅફ્રરામ પોતાની દહાડી પસવારી પોતાની છાતી પર હાથ મુકી બોલ્યો: " કયાનુશ, તારી માંગણી માટે તો હું તારૂં હેશાન માનું છું. પણ તે વીશે કાંઇ પણ વીચાર જાહેર કરૂં તે અગાઉ મારા મરહુમ બાપે જેમ પરવરદેગારની બંદગી કરી તેની મરજી મુજબ ચાલવાની ખાહેશ દેખાડી હતી, તેમ મારે પણ પહી તેની બશારત મેળવવી જોઇયે કે જેથી તારી આ માંગણી મનઝુર કરવી કે નહીં તે મને માલમ પડી આવે. જો હું મારી હાલની ગરીબી હાલતમાંજ રહું છું, તો મારી મરજીનો હું માલેક ગણાઉં છું અને વીચાર આચારોનું છુટાપણું ભોગવું છું. પણ જો તારી દોલતમાં મારા આ બે મજબુત હાથ મેલવીનેજ હું તારો ભાગ્યો થાઉં છું, તો તારી દરેક ખાયશ મુજબ ચાલવાની મુંગી ફરજથી ગોયા હું બંધાઇ જાઉં છું, અને તેમ જો હું નથી ચાલતો તો નીમકહરામમાં ખપું છું:

માટે મારે ખુદા તાલાની બશારત પામીનેજ એ કામ કરવું યા નહીં કરવું તે નક્કી કરવું જોઇયે."

જીઅફરામના આવા ડહાપણના બોલો સાંભલી કયાનુશ તો ઘણોજ શરમીનદો બની ગયો. તેણે પોતાની નજર નીચી નાંખી દીધી અને પછી કાંઇક ઉંડો વીચાર કરી તે બોલ્યો: "ચાલ, વારૂં, જયારે એમજ છે ત્યારે તો હું તુંને કાલ સુધીની મહેતલ આપું છું. કાલ સહવારે મારાં ઘરના આગલા ભાગમાં જે તાડનાં ઝાડોનો જુંખડો છે ત્યાં તું આવજે, અને તારો પાકકો ઠરાવ મને જાહેર કરજે."

આટલું બોલી તે જીઅફરામથી છુટો પડયો. જીઅફરામ આતશ કદેહમાં નમાજ પઢવા ગયો કે જેથી ખુદા તરફની આગાહી થાય તો કયાનુશની માંગણીનો કેવો જવાબ આપવો તે તેને સુહજ પડે. જીઅફરામ હાથ મ્હોં પાક કરી ખુદાની નમાજમાં ખરાં દીલે મશગુલ થયો. તેણે સાચાં એકીનથી તે કીરતારની મદદ ચાહી અને તે કરીમે કારસાજે તેની મુરાદ મુજબ તેના બાપનાં રૂહને તેની રાહબરી કરવા ફરમાવ્યું. તેના બાપનો અવાજ નીચે મુજબ તેને કાને પડયો: "તારા કરતાં જેની પાસે ઓછા પઇસા હોય તેનીજ સાથે ભાગીઓ થજે તેજ માણુસ સાચી રાહ સમજતો હોવો જોઇએ. જો તારા કરતાં ગરીબ હોય, છતાં સાચી રાહ સમજતો નહીં હોય તો તેની સાથ જોડાવાનો બીલકુલ ખ્યાલ કરતોજ ના. લુચ્ચા અને સુમબખીલ સાથ આબરૂદાર માણુસોના જોડાવાથી તે આબરૂદાર માણુસો પણ બગડી જાય છે, તેમજ કોઇ આબરૂદાર માણુસની સંગત સાંધવાથી લુચ્ચા લફંગા યા સુમબખીલો પોતાની અસલ ખાસીએત છોડતા નથી, એટલું યાદ રાખજે."

જીઅફરામે પોતાના બાપનો અવાજ તરતજ પીછાણ્યો અને તે રહીમો કરીમની સદહઝાર શોકર કીધી. બીજે દીવસે સહવારે પોતે કીધેલી ગોઠવણ મુજબ કયાનુશને મકાને ગયો અને ત્યાં જઇ પેલાં તાડના જુંખડાં નીચે કયાનુશની વાર જોતો ઉભો. થોડી વારે કયાનુશ સામેથી આવતો તેને જણાયો. તેના ચહેરા પર ફીકર ચીંતાએ છાપ મારેલો હતો અને તે પોતાનાં કદમ બેહુ ધીમેથી ઉઠાવતો હતો. જીઅફરામે તેને સલામઅલેક કીધા પછી પુછયું: "અય ભાઇ! હું કાંઇ પણ ધન દોલત ધરાવતો નથી છતાં ખુશાલ ચહેરે અને કાંઈ પણ ફીકર વીના ફરતો ફરૂં છું; જયારે તું તો પઇસે પુર છે, ત્યારે તું આટલો ગમગીન અને ફીકરમંદ કેમ?"

"જીઅફરામ! મારો ધંધો વેપાર મને ફીકરમંદ અને ગમગીન બનાવે છે, અને તેથીજ હું મારા ધંધામાં તુંને ભાગીઓ બનાવવા માગુંછુ."

"જ્યારે ધંધા ધાપાનીજ એટલી જંજાલ છે ત્યારે તો તેનો બોજો થોડોક ઓછો કરી નાખી વધુ શાનતીમાં અને સુખમાં તું કેમ નથી રહેતો?" જીઅફરામે આ પ્રમાણે ભોલાઇથી સીધો સવાલ કીધો.

"નહીં, નહીં, નહિં, તેમ બની શકેજ નહીં." કયાનુશે બેચેન બની જવાબ આપ્યો: "વેપારની અંદર તરેહવાર સોદા થાય છે: કોઇ સોદામાં ખોટ અને કોઇમાં નફો હોયછે. એટલા અરથે એક વેપારીના રસ્તામાં જે કાંઇ કામ આવે તે સઘળું તેને બજાવવું પડે છે. પણ હવે એ સઘલી તકરાર બાજુએ રાખી હું તુંને પુછવા માંગું છું કે તેં શો ઠરાવ કીધો છે? તું મારો ભાગ્યો થશે?"

જીઅફરામે ગંભીરાઇથી જવાબ દીધો: "કયાનુશ! તારી માંગણી પર મેં પુરતો ખ્યાલ કીધો છે, એટલુંજ નહીં પણ તે રહીમો કરીમની બશારત ચાહી છે. મારા મરહુમ પેદરનાં રૂહ તરફથી મને જે બશારત થઇ છે તે એ છે કે મારે જો ભાગીઆ તરીકે કોઇ પણ સાથ જોડાવું હોય તો તે મારા કરતાં કમતાલેવંત સાથ જોડાવું."

"અં: હં! એમ છે! ત્યારે તો તારા જેવાઓ ગરીબીમાં સબડયા કરે તેમાં નવાઇ નહીં? તવંગર બનવાને મેં તુંને આપેલી તક તું ખોહી દે છે, તો યાદ રાખજે કે રેતીનાં રણમાં ચાલતો મુસાફર પહેલીજ તકે મલતાં ઝાડોનાં જુખડાંના શીતલ છાંયાનો જો લાભ નથી લેતો તો પાછલથી તેને પસ્તાવું પડે છે; આવાં માણસને જો ત્યાર પછી આખે રસ્તે રણમાંની રેતી અને તપતા આફતાબ સાથજ કામ લેવું પડે તો તેણે પછી બડબડવું નહીં જોઇએ."

જીઅફરામે જવાબ દીધો: "હું બીલકુલ બડબડતો નથી. હું તો તુને એમ કહું છું કે હું મારી ગરીબાઇમાં સંતોશી અને સુખી છું."

કયાનુશ, કે જેણે આખી રાત પોતાનાં બીછાનામાં તરફડીઆં મારીને કહાડી હતી તે, જીઅફરામનો આવો જવાબ સાંભળી ઘણોજ ખીજવાઇ ગયો અને બોલ્યો: "ઠીક, ઠીક! તુંને ગમતું હોય તો ગરીબાઇમાંજ ગગડી રહે. સોનાના દીરમને બદલે તારાં ઘરનાં કાણાંવાલાં છાપડાંમાંથી વરસાદનાં ટીપાં આવે તે ઝીલીને સબુરી પકડ. જ્યારે કેડેથી નાણનો ટુકડો મલ્યો હોય ત્યારે ખાઇને સંતોશ પકડ, અને જ્યારે તે પણ નહીં મલે ત્યારે સુકા

પુલાવ પર શોકરાના કર. હવે તારી સાથ મને કાંઇપણ લાગતું વળગતું નથી."

આ પ્રમાણે બોલી કયાનુશે ત્યાંથી ચાલતી પકડી. રસ્તે જતાં તેણે વીચાર કીધો: "ખરેખર! આ જીઅફ્રરામ પોતાની બેવકુફીથીજ ગરીબાઇમાં પડી રહયો છે તો પછી તેનાં ભલાંને વાસ્તે મને આટલી બધી જંજાલ ખેંચવી એ સરતાપા બેવકુફી ભરેલું છે." પોતાનાં મકાનમાં તે જઇ પહોંચ્યો કે મેવા ને મીસટાન પર તેણે હાથ ચલાવ્યા તથા શરબત ને શરાબ નોશ કરી તર થઇ પોતાના દીકરાઓ સાથ ફરવા નીકલી પડયો.

ફરતાં ફરતાં તેણે પોતાના દીકરાઓને કહયું: "હું થોડા દીવસમાં વલી પાછો સફરે જવાનો ઇરાદો રાખું છું. મારી ગેરહાજરીમાં મારા ફરમાવ્યા મુજબ સઘળું કામ તમો તપાસીને લેજો, અને જો મારાં ફરમાનને માન આપીને તમે ચાલશો તો પેલા ગરીબ—"

કયાનુશ એમ બોલવા જતો હતો કે "પેલા ગરીબ જીઅફ્રરામની કોડી વગરની હાલતે નહી પુગશો." પણ જીઅફ્રરામનું નામ તેનાથી ઝુબાન પર લેવાઇ શકાયુંજ નહીં. તેમ કરવાને તેની હીંમતજ ચાલી નહીં: કારણ જે ગરીબ જીઅફ્રરામને માટે તે આ પ્રમાણે પોતાનાં બચ્ચાંઓનાં મનમાં ધીક્કાર ઉત્પન્ન કરવા માંગતો હતો તેજ ગરીબની બાપીકી દોલત પચાવી પાડીને તે આજે મોટામાં ખપવાની કોશેશ કરતો હતો. આ પ્રમાણે જીઅફ્રરામનું નામ ઝુબાન પર લેવાથી તે પરહેજ રહયો અને પોતાની અસલ વાત તેણે ફેરવી તોલી, બીજીજ વાતો પર તેણે પોતાના દીકરાઓનું ધ્યાન દોડાવ્યું. પણ તેનાં પોતાનાં મગજમાં તો જીઅફ્રરામના બાપનીજ દોલતની વાત રમ્યા કરતી હતી. તેણે પોતાનાં મનસે સંતોશ લેવાની મતલબથી ઘણીક વાર એવી પણ તકરાર કીધી કે કદાચ આ દોલત જીઅફ્રરામના બાપની નહીં હોય; પણ તે તકરાર કરતાં વલી પેલી બાકી રહેલી સંદુક તેને યાદ આવી: તેણે પાકો ઠરાવ કીધો કે બીજીવાર એકલીજ મુસાફરી કરી તે સંદુક હવે લઇ આવવી અને તે સંદુકમાંથી કદાચ એ દોલતને લગતો કાંઇ ખરો દસ્તાવેજ તેને હાથ લાગશે.

કયાનુશે આવા વીચારથી બીજી વારની એકલી સફરે જવાની સઘળી તઇયારી કરી. આગલ માફકજ પેલાં ઉંટને પોતાની સાથ લઇ પેલા એકાંત પહાડ તરફ તે ઉપડી ગયો. ત્યાં જઇ તેણે પેલી સંદુક પાછી ખોદી કહાડી અને તેનું ઢાંકણ ફોડીને ઉઘાડતાં તેની અંદર ઘણાંજ કીમ્મતી ઝવેરાતો નજર આવ્યાં. આ સઘળાં ઝવેરાતોની વચ્ચે વચમાં એક ચમર

પત્રની બીંદડી ગોઠવેલી હતી. તે બીંદડી તેણે ધ્રુજતે હાથે ઉઘાડી વાંચી તો તેમાં નીચે પ્રમાણે લખેલું હતું:—

"હું જીઅફરામનો પેદર ! આ સંદુક ખોલનાર નસીબવંત નરને જાહેર કરૂં છું કે આ સંદુકની સાથે દાટેલો હયાંનો સઘળો છુપો ખજાનો મારી હલાલ મહેનતનું ફલ છે. આ સઘળી દોલત મારા એક પુરા દીકરા જીઅફરામને આપી જાઉં છું, કે જે મારાં નેક ફરઝંદે મારી તરફ હંમેશાં ઇજત અને નમનતાઇ ભરેલી ચાલ ચલાવી છે અને જે હંમેશાં ખુદાની રાસ્ત રાહ પરજ ચાલનારો છે; એ મારા અશરાફ બેટાને આ મારી દોલત એવી દુવા સાથ આપી જાઉં છું કે તે તેનાં ફરઝંદો અને તેનાં ફરઝંદોનાં ફરઝંદો લાંબી આલઅવલાદ સુધી એ દોલત સુખ સંતોશ સાથ વાપરી તે કરીમો રહીમની સઘળી નેક નેમો બર લાવવામાં એક ખાકી તરીકેની પોતાની પાક ફરજો અદા કરે."

આ લેખ વાંચતાંની સાથ કયાનુશનું મગજ ધુમવા લાગ્યું. આજ સુધી તે પોતાનાં મનને એવા ખ્યાલથી મનાવી લેવાની કોશેશ કરતો હતો કે કદાચ આ દોલત જીઅફરામના બાપની નહી હોય; પણ હવે તો તેની ખાતરી થઈ કે આ દોલત તેનીજ છે અને તે દોલત પર જીઅફરામ સીવાય બીજા કોઇનો પણ હક નથી. કયાનુશ કોઇને દુ:ખ દઇ પોતે સુખી થવા નહીં માંગતો હતો. કોઇની દોલત પચાવી પાડવી એ તો તેને કોઇ કાલે પણ પસંદ નહીં હતું. તેણે સવાબનાં યા નેકીનાં કામો જેમ કીધાં નહીં હતાં, તેમ આવાં પાપનાં કામો કરવાથી પણ તે ડરતો હતો: એટલે તેનું મગજ હવે શું કરવું તે વીચારોથીજ ધુમવા લાગ્યું. તેણે તે સંદુક પેલાં ઉંટ પર લાધી પોતાનાં શહેર તરફનો રસ્તો પાછો ધરયો; પણ આખે રસ્તે તેણે જીઅફરામની આ હકદાર દોલતનોજ વીચાર કરયા કીધો. ખુદાની નજરમાં ગુનેહગાર ઠરી જીઅફરામની આ દોલત હવે પચાવી જવાનું તેને પસંદ પડયું નહી: તેજ વખતે વલી તે દોલત એમની એમ જીઅફરામને આપી દેવા પણ તેનો જીવ ચાલ્યો નહીં.

આવી ડામાડોળ હાલતમાં અંતે તે પોતાને મકાને પાછો આવી પહોંચ્યો. પેલી સંદુકને એક વધુ મોટી પેટીમાં તેણે બંધ કીધી અને પછી તે પેટી પોતાના સુવાના ઓરડામાં મુકાવી. આ પેટી તેણે એવી તો સીફતથી ગોઠવાવી હતી કે દીવસને વખતે કોઇ કોઇ વાર તે પેટીનો એક બેસવાની બેઠક તરીકે પણ તે ઉપયોગ કરી શકતો હતો. દરરોજ એક વખત તે પેટી ઉઘાડી તપાસ કરતો હતો કે તે જેમની તેમ સલામત

છે યા નહી. તે પેટીને બહુ મજબુત તાળાંઓથી તે બંધ રાખતો હતો અને બનતાં સુધી કોઈ પણ પારકાંની નજર તે પેટી પર પડવા નહીં દેતો હતો. આ પેટી તો તેને મનસે એક ભારે પસ્તાવાનું મુલ થઇ પડયું. "કાજીજી ભેંસ નહીં લાયા, બડા પાપ લાયા" વાલી એ તો વાત હતી. તેનો જીવ રાત દહાડાની ફીકર ચીંતાથી તવાઇ ચાલ્યો. તેનાં મનમાં દગદગો લાગ્યાજ કરતો હતો કે તેની આ લુચ્ચાઇ માટે તેને આસમાન તરફથી બહુ જબરો ફટકો કોઇ દહાડે પડશે અને તેની ખાનાખરાબી કરી નાખશે. પણ હવસ! જરનો જોરાવર હવસ! તેના સઘળા ભલા વીચારોને જબરીથી દાબી દઇ તે ગરીબડા જીઅફરામની હકદાર દોલત પચાવીજ પાડવા તેને લલચાવતો હતો. આ બે જુદી જુદી જાતના નેક અને બદ જુસ્સાઓની વચ્ચે કયાનુશની હાલત બહુજ ખરાબ થઇ ગઈ. રાત દીન તેને એકનો એકજ ધખારો આવ્યા કીધાથી તે અંદરનો અંદર ગલાતો ગયો. છતી દોલતે, છતાં સુખે, તે હીનભાગ્ય અને દુ:ખી થઇ ગયો. રાતના તેને ઉંઘ નહીં હતી કે દીવસના તેને ભુખ નહીં હતી: કરાર શો તે સમજતો નહીં હતો. આરામ તેની તબીએતમાંથી ઉડી ગયો હતો. ઉંઘને તેની આંખ્યો સાથ વેર વસ્યું હતું. મેવા મીશટાનો તેની ઝુબાનને ઝેર સમાન થઇ લાગ્યાં હતા. ખુશી ખુરમી તેનાં મનમાં બલાપો કરતી હતી. રંગ રાગ ને રામશની તેની ગમગીનીની જામને ગજબના શરાબથી છલાછલ ભરતી હતી. જીઅફરામનું નામ રાત દીન તેની તનની તેમજ તેનાં મનની આંખો સામે રમી રહેલું હતું. તેણે આવી હાલતમાંથી છુટવાનો એકજ રસ્તો જોયો અને તે રસ્તો જીઅફરામ જે શહેરમાં હોય ત્યાંથી સેંકડો કોશ દુર જઇને વસવાનો હતો. આવા વીચારથી તેણે પોતાના વાડી વજીફા ને બાગ બગીચા વેચી નાંખ્યા. પોતાના વેપારની સઘળી જણુસો વેચી નાંખી, બીજા વેપારીઓ સાથનો પોતાનો લેણી દેણીનો હીસાબ સઘળો ચુકતે કરી નાંખ્યો, અને તેમ કીધા પછી ત્યાંથી બહુ દુરનાં એક શહેરમાં જઇ રહેવાની તેણે તઇયારીઓ કરવા માંડી,

પણ ખુદાની મરજી કાંઇ ઓરજ હતી. તે શહેરમાંથી તેને ખીસવા દેવાની તે કરીમે રહીમની ખાહેશ નહીં હોવાથી ત્યાંથી ઉપડી જવાની થોડાજ દીવસ અગાઉ તેને બહુ સખત તાવ ચહડી આવ્યો. આ બોખારે તેને પલંગ પર એવો તો પટકયો કે પંદર દીવસ સુધી તો તેની બીલકુલ કાંઇ શુધબુધ વટીક રહી નહીં. આવી બેખબરી ભરેલી હાલતમાં તે પડેલો હતો ત્યારે બોખારની ઝુમમાં તે તહરેવાર લવારો બકારો કરતો હતો:

જેમાં પેલા બુઢ્ઢા ઉંટ, પેલો ફુપો ખજાનો, જીઅફ્રામની વાત, હંમેશાં આવ્યાજ કરતી હતી. તે પોતાની બેખબરીમાં પોતાના પાપ માટે ભારે પસ્તાવો કરતો હતો, અને જો પોતે સારો થાય તો જીઅફ્રામને તેની હકદાર દોલત સઘળી સપોરદ કરી દેવાને તે કોઇ કોઇ વાર બોલતો હતો.

સલેમાનઝર નામનો એક બુઢ્ઢો યાહુદી તબીબ કયાનુશની દવા દારૂ કરતો હતો. કયાનુશના આ લવલવારા પરથી તે સઘળો ભરમ પામી ગયો હતો, અને પોતાની તબીબી બાહોશીનો સઘળો ઉપયોગ કરી કોઇ પણ પ્રકારે કયાનુશને બચાવી જીઅફ્રામની હકદાર દોલતમાંથી પોતે સારો જેવો હીસ્સો પચાવી પાડવાની તે નેમ રાખી દરદીને હુશીઆર કરવા પાછલ બહુ મહેનત કરવા લાગ્યો. તેણે બહુજ સીફ્તથી કયાનુશની આસપાસથી સઘળાં નોકર નફરોને અને ખેશ આશનાઓને દુર કીધાં. કયાનુશની તબીએતમાં તેમની હાજરીથી વધુ બગાડો થશે એમ સમજાવી તેણે તેમને ઓરડાની બહારનાં બહારજ રાખ્યાં, અને દરદી જ્યારે પાછો સુદ્ધીમાં આવી ખરો ખોલાસો કરે તે વખતની કાગને ડોળે રાહ જોતો તે રાત દહાડો તેની આગલજ ગોઠવાઇ રહયો.

અંતે તે શુભ વખત આવી પહોંચ્યો. કોઇ લાંબા ખુઆબમાંથી સજાગરૂ થતો હોય તે મુજબ કયાનુશે બીછાના પર હીલચાલ કરવા માંડી, અને ધીમે રહીને ડોલા ઉઘાડી તે આસપાસ જોવા લાગ્યો. સલેમાનઝરે હવે પોતાનો દાવ સાંધ્યો. તેણે જોયું કે કયાનુશનો સઘળો ભરમ જાણી લેવાનો આ સઉથી સરસ વખત હતો તેણે દરદીનું કપાલ પ્યારથી પસવાર્યું અને બોલ્યો: "કયાનુશ! તારી આવી હાલત કેમ થઇ તે એક તબીબ તરીકે હું સારી પેઠે સમજી શકું છું. ખુદાને માનનારો છે એમ દેખાડવાનું ડોલ ઘાલે છે ખરૂં, પણ ખરેખર જોતાં તો તું ખુદાનો ખ્યાલ વટીક કરનારો માલમ નથી પડતો. જીઅફ્રામ જેવા ગરીબ માણસને અને તેનાં બચ્ચાં છોકરાંઓને તેં રખડાવી રાખ્યાં છે, અને તે પારકો પઇસો પચાવી પાડી સુખી થવા માંગે છે તો તે કેમ બની શકશે?"

સલેમાનઝરના આ શબ્દો સાંભળી કયાનુશ ડોલા ફાડીને જોવા લાગ્યો બહુ લાંબા ખુઆબમાંથી તે બીદાર થયો હતો અને સાત પરે શાંતી રાખેલો પોતાનો ભરમ આ પ્રમાણે ખુલ્લો થઇ ગયલો જોઇ તે ઘણોજ તાજુબ થયો હતો સલેમાનઝરે આ સોના જેવી તક હાથથી જવા દીધી નહીં. તેની તાજુબીમાં વધારો કરી પોતે એક મોટા નજુમીમાં ખપી મોટા લુમકો મેલવવાની આશાથી તેણે આગળ ચલાવ્યું:

"કયરનુશ! જો સાંભળ! તારો સઘળો ભેદ ભરમ મને પુરેપુરો ખબર છે. જે દોલત તારી નથી, તે તેં પચાવી પાડી છે. પરવરદેગારે તુંને આ મુજબ બીમારીને બીછાને પટકયો છે. તુંને મારવો યા જીવાડવો એ એલમના જોરે મારા હાથમાં વાત છે. મારી મહેનતનો બદલો મને મલવો જોઇએ. આ દોલત જો તું એકલો ખાવા માંગશે તો તે તુંને કદી પણ હજમ થનાર નથી. એમાં પણ તારે ભાગ કરવો જોઇએ. તારો જાન બચાવનાર હકીમ એવા ભાગને સઉથી વધારે લાયકનો છે: કારણ તે જો તારી જીંદગી બચાવશે તોજ તું આ પચાવી પાડેલો પારકો પઇસો ભોગવી શકશે. હું તુંને પાછો તનદરૂસ્ત બનાઉં તેમાં મને શો ફાએદો? તું સારો થાય કે ન થાય, પણ મારી મહેનતના પઇસા તો તારી તરફથી આ તારાં ફરઝંદો તરફથી મને મલશેજ. તું મરે યા જીવે તો તારી પાસથી હું વાજબી ઇનામની આશા રાખું છું, અને તે ઇનામ આ પચાવી પાડેલા પઇસાંના હીસ્સામાંથી મને મલવું જોઇએ. બોલ, તું મને આ ઇનામ આપશે?"

કયાનુશ જે ધ્રુજતો ધ્રુજતો આ સઘળી વાત સાંભલતો હતો તે નબલા અવાજે બોલ્યો: "અય હકીમ! તારી કાબેલીઅત પર મને પુર ઇતબાર છે. આ બીમારીને બીછાણેથી ઉઠાડ અને હું તુંને પચાશ સોનાના દીરમ આપીશ."

"પચાશ સોનાના દીરમ! અરે, એ શું બકે છે?" સલેમાનઝર તાજુબ થઇને બોલ્યો: "પચાશ સોનાના દીરમ તો ખાલી મારી મહેનતનું દામ થયું; પણ તારો ભરમ છુપો રાખવાની કીંમત તું શી કરેછે? તારાં દીલપરથી પાપનો થોડો ભાર ઓછો કરવાને તું શું દામ આપેછે? અરે? મને તો કમમાં કમ પાંચસો સોનાના દીરમ જોઇશે, અને તે જો પહેલી માંગણીએજ મને નથી મલ્યા તો પાંચસો પરથી મારો બુક હજાર દીરમ પર ચહડી જશે. પછી તે હજાર દીરમ પણ મલતાં જો કાંઇ પણ વખત લાગ્યો તો પછી જોજે, સંભાલજે! હું એથી ઓછું તારી પાસથી મનઝુર કરનાર નથી અને પછી તું જોજે કે હું શું કરીશ!"

"શું? એક હઝાર સોનાના દીરમ! અરે એ શું બકે છે? શા વાસ્તે તુંને એક હઝાર સોનાના દીરમ હું આપું? હું તુંને પાંચસો દીરમ પણ આપવાને રાજી નથી. અગર જો હું તુંને તે આપું તો ખુદા મને તે ગુનાહ કદી પણ માફ કરે નહીં; જો તું કહે છે તેવો ગુનાહ મેં કીધો હોય તો તુંને તેવી રીતે મેળવેલી દોલતમાંથી કાંઇ આપવું, એ બેવડો ગુનાહ કીધેલો કહેવાય."

સલેમાનઝરે જોયું કે બાજી હાથથી ગઇ હતી. તેણે હવે જોયું કે હાલ વાત લંબાવવામાં કાંઇ સાર નથીઃ કારણ, બીમાર માણુસ હંમેશાં ઘણું જીદદી બને છે. તેણે વાત માંડી વાળી અને કહયુંઃ “ જ્યારે એમજ છે ત્યારે તો તુંને બચાવવામાં મને કાંઇ પણ લાભ છેજ નહીં.” આટલું બોલી સલેમાનઝર બીછાનાની પાસેજ મેલેલી એક સંદુક પર ગોઠવાઇ બેઠો અને કયાનુશ ગુપચુપ પોતાના વીચારમાં પડયો. તે બીમાર માણુસનો ઓરડો તદન અંધારો હતો. ખુણામાં મેલેલી એક ઝાંખી રોશની પોતાનાં નબલાં કીરણથી ત્યાં ગોઠવાયલાં માણસોના માત્ર આકાર દેખાડી શકતી હતી. દવા દારૂનો વાસ ત્યાં ભરાઇ બેઠેલો હતો. બારીનાં બંધ કીધેલાં ફાલકાંઓમાંથી બહાર ચાલતા પવનના સુસવાટાનો ધીમો સપાટો કોઇ કોઇ વેળા ઓરડામાં દાખલ થઇ પેલી ઝાંખી બત્તીને આમથી તેમ હીલાવતી. ઓરડામાંના સરસામાનનો ઓલો આ બાજુથી પેલી બાજુ કુદકા મારતો થવાથી ભમતા ભુત ડાકણના ખ્યાલી આકારોને બીછાને પડેલાં બીમારની નજર સામણે ઉભા કરતો હતો. તે બીમારનાં મગજમાં આવા ખ્યાલો ઉભા થવાથી તેણે કીધેલા ગુનાહો માટે તેને સજા કરવા આવેલા આવા આકારોથી તે ઘણોજ ડરવા લાગ્યો. તેણે પોતાની પાસે બેઠેલા બુઢા તબીબ સલેમાનઝર પર નજર કીધી. તે બુઢા તબીબનું લાંબું નાક, વલી ગયલી હડપચી, ગલી ગયલી આંખ, દબાઇ ગયલાં ડાચાં, ચીમરાઇ ગયલો ચહેરો, તથા સોરટીઆં જેવા હાથ તેની નજરે પડતાંજ તેણે કીધેલાં પાપ માટે તેને સજા કરવા આવેલા કોઇ દોજખી દેવ સમાન તે સમજવા લાગ્યો. કયાનુશે પોતાનું બેદન તટાર કરી બીછાના પરથી અરધું ઉંચકયું અને સલેમાનઝર તરફ જોઇ તે બોલ્યોઃ

“ સલેમાનઝર ! ચાલ જલદી; બચાવનારી દવા મને આપ અને તુંને પાંચસો દીરમ આપવા હું કબુલ થાઉં છું. ”

“પાંચસો દીરમ પહેલાં જોઇશેઃ પછી હું તુંને દવા આપશ. પહેલાં પાંચસો દીરમ લાવ. ”

“ પણ તે હાલ મારી પાસે તઇઆર નથી ” દરદીએ કાલાવાલા કરતા અવાજે કહયું.

“ તું મને કહે કે તેં તે કયાં મુકેલા છે, અને હું તે લઇ આવીશ.” સલેમાનઝરે જવાબ દીધો.

“ તેમ તારાથી લાવી નહીં શકાશે. એક કામ કર. મારા હબશી

ગુલામ બનકાલાને હયાં બોલાવ. તેની પાસે હું મારી તીજોરી તેમજ તીજોરીની ચાવી મંગાઉં."

સલેમાનઝરે પેલા હબશી ગુલામ બનકાલાને બોલાવ્યો અને કયાનુશે તેની સાથે હબશી બોલીમાં વાતચીત કરવા માંડી. સલેમાનઝર હબશી ભાષા સમજતો નહીં હોવાથી તે વાતચીતની શી મતલબ હતી તે તે સમજી શકયો નહીં. પોતાના શેઠના હુકમો સર પર ચહડાવી બનકાલા ત્યાંથી ચાલતો થયો. સલેમાનઝરની નજર બારણા તરફજ હતી. બનકાલા થોડા વખતમાં પાછો ફર્યો. આ વખતે તે એકલો નહી હતો, પણ પોતાની સાથે તે બે કદાવર અંગના હબશી ગુલામોને લઇને પાછો ફર્યો હતો. આ બન્ને ગુલામોને બીછાનાની બન્ને બાજુએ તેણે ગોઠવ્યા અને હબશી જબાનમાંજ તેમને કાંઇક હુકમ દીધો, જેના જવાબમાં પેલા હબસીઓએ સર ઝુકાવ્યું. હબસીઓને એ મુજબ ગોઠવી બનકાલા ત્યાંથી પાછો ઓરડાની બહાર નીકલી ગયો. સલેમાનઝરને આ સઘળી ગોઠવણ પસંદ પડી નહીં. તેણે કયાનુશને કહયું:"આ માણસોનું હયાં શું કામ છે? તેઓને હયાંથી બહાર મોકલાવી દે."

કયાનુશે જવાબ આપ્યો:" એમનું તો હયાં ઘણુંજ અગત્યનું કામ છે. બનકાલા પેલી તીજોરીની ચાવી, જે એક છુપી જગ્યાએ હું રાખું છું તે, લેવા ગયો છે. જેવો તે ચાવી લઇને આવશે કે હું આ બે હબસીઓની મદદથી તે તીજોરી મારી હજુરમાં ઉંચકાવી મંગાવીશ. તે તીજોરી હયાં વધુ વખત રહેવી નહીં જોઇએ: માટે આ હબસીઓને હયાં અગાઉથી તઇઆર રાખવામાં આવ્યા છે."

સલેમાનઝરે જોયું કે હવે વધુ બોલવામાં કાંઇ સાર હતો નહીં. તે ગુપચુપ બેઠો અને અવાર નવાર દરદી તરફથી પેલા હબસીઓ પરથી દરદી પર નજર ફેંકતો રહયો.

કયાનુશે જ્યારે જોયું કે બનકાલાને ગયાને ઘણો વખત થયો, ત્યારે વાતમાં વખત ગુજારવાની મતલબથી તેણે સલેમાનઝરને પુછયું:" મને પાછો તટાર કરવાને વાસ્તે તું શો ઇલાજ કરશે?"

"હું શું કરીશ તે તું જોયા કરજે!"એમ બોલી સલેમાનઝર પાછો પેલા હબસીઓને જોવા લાગ્યો.

અંતે બનકાલા પાછો ફરયો. પણ આ વેલા તે એકલો આવ્યાને બદલે પોતાની સાથ જીઆફરામને લેતો આવ્યો હતો. બનકાલા કાંઇ ચાવી લેવા ગયો નહીં હતો. તે તો જીઅફરામને બોલાવવાજ ગયો હતો.

કારણ, કયાનુશે તેની ભાશામાં તેને તેજ પ્રમાણે હુકમ કીધો હતો અને તે પાછો ફરે તેટલાં સલેમાનઝર તેને કાંઇ હરકત નહીં કરે તે મતલબથી બનકાલાએ પેલા બે હબશી ગોલામોને કયાનુશની મદદ માટે બીછાનાની બન્ને બાજુએ ગોઠવ્યા હતા. કયાનુશના હુકમ મુજબ બનકાલા તરતજ જીઆફરામને મકાને ગયો અને પોતાના શેઠની ખરી હકીકતથી વાકેફ કરી તેને જણાવ્યું કે પોતાના મરણ અગાઉ કાંઇ ઘણીજ અગત્યની છુપી વાત તેને કહેવાને માટે તેના શેઠે તેને બોલાવવા મોકલ્યો છે. જીઅફરામ તરતજ તે મરતાં માણસનાં વચનો સાંભલવાને પેલા ગુલામ સાથ નીકળી પડયો. બનકાલા અને જીઆફરામને સાથે આવેલા જોઇ પેલા યાહુદી તબીબનો ચહેરો નીરાશ થઇ ગયો. જીઆફરામને જોઇ કયાનુશ ઘણોજ ખુશ થયો અને બોલ્યોઃ

"જીઆફરામ ! મારી અરજ કબુલ રાખી તું અતરે આવ્યો તે જોઇ હું ખરેજ ખુશી છું. આવ, મારી આગલ આવ, અને ખરાં દીલથી પસ્તાવો કરતા આ ગુહનેગારને તું જો. તારી નેક ચાલથી મારી બુરી ખાસીએતો પર કાંઇપણ અસર થઇ નહીં, અને મારી શુધ ઠેકાણે લાવવાને ખુદાએ મને આ બીમારીના બીછાને નાખ્યો છે ! હુ તે કીરતારના શોકર કરૂં છું કે મહોત અગાઉ પસ્તાવો કરવાની મને આ રીતે તક આપી છે. જીઆફરામ ! જે બુઢું ઉંટ તારા બાપે તુંને વારસામાં આપ્યું હતું તે ઉંટ તો તારા બાપે દાટેલા છુપા ખજાનાની જગ્યા મને દેખાડનાર હતું; કારણ, તેજ ઉંટ પર તે ખજાનો લાધી લાધીને હયાંથી બહુ દુર આવેલા એક પહાડી ખડક પાછલ છુપાવી આવતો હતો. આ ખજાનો તારી પાસે મેં ખરીદેલાં પેલાં બુઢ્ઢાં ઉંટે મને દેખાડયો અને જે દોલતનો તું હકદાર માલેક કહેવાય તે દોલતનો હું ધણી થઇ બેઠો. મેં તુને તેમાંથી ભાગ આપવાની યુકતી રચી, પણ કર્મભાગ્યે તે વાત તુંને પસંદ પડી નહીં. અંતે તારી ગરીબાઇ જોઇ, તારી નેકી દેખી, મારાં દીલમાં ભારે પસ્તાવો લાગ્યાજ કીધો અને જે શહેરમાં તું હોય ત્યાંથી નાસી જવાની નેમથી મેં મારી સઘલી માલમીલકત વેચી નાખી બીજાં શહેરમાં જઇ રહેવાની ગોઠવણો કીધી. પણ ખુદાનું ચહાવું જુદુંજ હતું. મારાં પાપનો પસ્તાવો છાંજ કરાવવાની મતલબથી આ મહોતને બીછાને તે કરીમો રહીમે મને નાખ્યો અને તે આફતભરી બીમારીની જોડે જોડ મને એક એવો શયતાની તબીબ મલ્યો છે કે જે આ હરામ દોલત તેના હકદાર માલેકને પાછી અપાવવાને બદલે મારી સાથે સરખે હીસ્સે વહેંચી લેવા તઇઆર થયો છે,

અને જો હું તેને તે હીસ્સો નહીં આપું તો મને મારી નાખવા વકીક તેણે ધમકી આપી છે.

"તેની આ કમકમાટ ભરેલી ચાલ, તેનો હવસ અને તેની શયતાનીએ મારાં દીલમાં દોલતના દેવની દહેસ્તની સુરતનો ડર પેદા કીધો છે. મારાં પાપનો હવે હું પસ્તાવો કરૂં છું અને એ શયતાની તબીબના લોભી ખવાસેજ મારી શુદ્ધ ઠેકાણે લાવી તારી સઘળી દોલત તુંને સ્વાધીન કરી દેવાના મુસ્તકીમ ઠરાવ પર લાવી મુકયો છે. આ હકીમને ઉડાવીને મેં તુંને તેડું મોકલ્યું હતું, અને હવે હું તુંને જણાઉં છું કે જે પેટી પર એ ખવીસ હકીમ બેઠેલો છે તેજ પેટીમાં તારો સઘળો ખજાનો ભરેલો છે !"

આ શબ્દો સાંભળતાંજ સલેમાનઝર વીજળીનો ઝટકો લાગ્યો હોય તેમ ચમકયો ! જે સંદુક પર તે બેઠેલો હતો તેજ સંદુકમાં આટલી બધી દોલત ભરેલી હતી એમ જો તેને અગાઉથી ખબર પડતે તો કયાનુશની બેહોશ હાલતમાંજ તે આ સંદુક ફોડી તેમાંથી સઘળું પસાર કરી જતે.

કયાનુશે હવે આગલ ચાલાવ્યું: "જીઆફરામ ! તુંજ વીચાર કર કે આ યાહુદી શી શીક્ષાને લાયક છે. એક કલાકના અરસામાં એણે પાંચસો સોનાના દેરમ મારી પાસે માંગ્યા, ને જો નહી આપું તો મને મારી નાખવા એ તૈયાર થયો. જીઆફરામ ! તું એક માણસ છે. તારી મરજીમાં આવે તે મુજબ એની સાથે ચાલજે; પણ મારી કસુર માફ કરવાને તો હું બે હાથ જોડી કાલાવાલા કરૂં છું."

જીઆફરામ તો આ વાત સાંભલી દંગજ થઇ ગયો. થોડી વાર વીચાર કરી તે બોલ્યો: "કયાનુશ ! તારાથી થયલી ભુલ હું ખાખુશીથી માફ કરૂં છું, અને તેના ટેકામાં તારી આગલી ઇચ્છા મુજબ આજથી આપણે ભાગીદાર છઇએ. આપણે બન્ને અકેકના ભાઇ માફક બાકીના દીન ગુજારીશું. આપણાં છોકરાંઓ અકેક સાથે ભેલાઇ જયારે વખત આવશે ત્યારે નેકાહના ગાંઠથી જોડાશે. સલેમાનઝરને તો એ શીક્ષા હું કરૂં છું કે આ સંદુક ઉઘાડી એની નજરે એમાની દોલત એની નજરે પાડવી અને પછી હાંકી કાઢવો."

જીઆફરામની સુચના દરદી કયાનુશને ઘણી પસંદ પડી. તેણે પેલી સંદુકની ચાવી પોતાની કમ્મરેથી કાઢી જીઆફરામને આપી. જીઆફરામે સંદુક ઉંઘાડી તો તેમાં ગોઠવેલા સંખ્યાબંધ સોનાના લાકડાઓ અને ઝરજવાહેરો જોઇ સલેમાનઝરની છાતી તો ફાટીજ ગઇ. પોતાની જીદથી તે ખજાનાનો થોડો હીસ્સો પણ તે હવે ગુમાવી બેઠો હતો. કયાનુશે તેને

હબસીઓ મારફતે ઘરમાંથી હાંકી કાઢયો. આખું હાઉ કરતાં તે થોડામાંથી પણ બાટેલ થયો હતો.

બીજા હાથ પર ક્યાનુશનાં અંતઃકરણ પરથી પાપનો મોટો બોજો હવે ઓછો થયો અને તેની તબ્યત દીન પર દીન સુધરતી ગઇ. થોડા મહીનામાં તો તે તદન ટટાર બન્યો અને બન્ને ભાગીદારો કાંઇ પણ ખટપટ વગર વેપાર ચલાવવા લાગ્યા. તેમનાં બચ્ચાં બાળાં જ્યારે શેહાદી કરવાની લાયકની ઉમરના થયાં ત્યારે બન્ને ભાગીદારો વધુ નજદીકની સગાઇમાં જોડાયા, અને બુઢાંઓ કહી ગયાં છે તેમ ખાધું, પીધું, ને મોજમજાહ કીધી.

અરમીન તથા ગુજકની વાર્ત્તા.

તબ્રીસ્તાનના વઝીર ખુસરવનો અરમીન નામનો એક અતી ખુબસુરત બેટો હતો, જેની ખુબસુરતીની જોડી આસપાસના મુલકોમાં મલવી મુશ્કેલ હતી, જેને લીધે વઝીર ખુસ્રવ પોતાના આ બેટાને નજરથી કદી ખસાડતો નહી. ફકટ હમકારાને દીને નીમાજ પઢવા તે તેને વીલો મુકતો હતો. એક દહાડે જ્યારે અરમીન બંદગીથી ફારેગ થઇ દાદગાહમાંથી બાહેર નીકલી પોતાના પેદરને ત્યાં જતો હતો ત્યારે તેણે એક બુઝરગ મરદને કેતાબોના ઢગ સાથે એક ઠેકાણે બેઠેલો દીઠો. આ શખસ ઘણો ઇલ્મી હોવો જોઇએ એવો વીચાર લાવી અરમીન પોતાના રખ્સ પરથી નીચે ઉતરી પડયો અને સલામ કરી તેની પાસે કઇ કેતાબો હતી તે જોવા જાણવા માગી અને તેનો ધંધો શો હતો તે પુછયું. આ સાંભળી પેલા બુજરગ શખ્સે કેતાબો ઉઘાડી દેખાડી, જેમાં તરેહવાર ખુબસુરત આદમોના ચેહેરા ચીત્રેલા હતા. એમાંની એક કેતાબમાં એક ઓરતનો ચેહેરો અરમીનની નજરે પડયો, જેની ખુબસુરતીનો જોડો તેણે કદી જોયો યા સાંભલ્યો નહી હતો.

જુવાનીના પુર બહારમાં હોયાથી અરમીન તરતજ તેની પર મોહીત થયો અને તેણે પેલા પીર મરદને પુછયું: "અય ચીતારા ! આ ચીત્ર મને વેચ."

કેતાબ વેચનારે પોતાના બન્ને હાથોની વચ્ચે વાંકો વલી જમીન ચુમી અને કહયું: "ઓ મારા ઉમરાવ ! કાંઇ પણ કીમ્મત વગર એ તારૂં સમજ."

અરમીને એકસો મોહોર તેને આપ્યા અને પેલું ચીત્ર ખરીદી મકાને ગયો અને રાત દીન તેને જોઇ વીલાપ કરવા લાગ્યો. છ દીવસ એમ ગુજાર્યા પછી તે હમકારાને દીને બંદગીથી ફારેગ થઇ આતશ દાદગાહમાંથી બાહેર નીકળી પેલા કેતાબો વેચનારની શોધમાં ગયો તો તે આગલીજ જગ્યે બેઠેલો

જણાયો. અરમીન પાછો પોતાના ઘોડા પરથી ઉતરી પડયો અને સલામ કરી બોલ્યોઃ "અય ચચા! આ ચેહેરો જેણે ચીતાર્યો તેનું નામ શું તું મને નહી જણાવે?"

"ઓ મારા ઉમરાવ! બલ્ખમાં ગુળ લતા પર રહેતા રહામ નામના એક ચીતારાએ એ ચીતર્યું છે. લેકીન તેણે કોણનો ચેહેરો જોઇ એ રંગ્યું છે તેથી હું બીનમાહીતગાર છું."

અરમીન આથી તેનો ઉપકાર માની તથા થોડાક દીરમ તેના હાથમાં સેરવી પોતાના પીતાના મેહેલમાં પાછો ફર્યો, અને ગુપચુપ એક મોટા કોથલામાં સોનાના સીકકા તથા ઝવેરાતો ભરી બીજે દીનની સહવારની આતુરતાથી રાહ જોવા લાગ્યો. ઝઝકલું થતાંજ તે કોઇને જણાવ્યા વગર ત્રીસ હજાર મોહરનો અવેજ ધરાવનાર પેલો કોથલો ઉપાડી બાહેર નીસર્યો અને જે ઠેકાણેથી સહવારના પ્રદેશો ખાતે વનજારો ઉપડી જતી હતી, તેમાંની એક વનજારમાં ભેલાઈ એક બુઝરગ સાથે તેણે ઓલખાણ પાડી અને પુછ્યું: "અય ચચા! અહીંથી બલ્ખ કેટલે તફાવતે હશે?"

"ઓ મારા બેટા! તું કયાંથી આવ્યો? બલ્ખ તો ઘણે દુર છે."

"અય ચચા! જો તું મારા ભોમ્યા દાખલ બલ્ખ આવે તો તારી મહેનતના બદલામાં હું તુંને સો મોહર ઉપ્રાંત આ મારો ઘોડો બક્ષીસ આપીશ."

"તું જે કઆલો કરે છે, તેનો સાહેદ ખુદા છે! આજની રાત તું મારા પોરોણા દાખલજ પસાર કર."

બીજે દીને ભોમ્યા સાથે તેણે મુશાફરી ચાલુ કીધી, જે તેને ટુંક રસ્તે અતી ઉતાવલથી મુશાફરી કરાવતો લઇ ચાલ્યો, કે જેથી ઘોડો તથા મોહોરોનો તે જલદી માલીક થાય. આખરે તેઓ બલ્ખની બાહેરની દીવાલો આગળ જઇ પોહોંચ્યા કે પેલો ભોમ્યો બોલ્યોઃ "ખુદાની મહેરબાનીથી આપણે ધારેલી જગ્યાએ આવી પુગ્યા છીએ. અય મારા ઉમરાવ! આ બલ્ખ છે."

અરમીન ઘણો ખુશ થયો અને ઘોડો તથા ઠેરવેલા સો મોહોર ભોમ્યાને આપી કોથલો ઉઠાવી દરવાજામાં દાખલ થયો અને શેહેરમાં તેણે ચાલુ મુંકયું. સેહેર તેને અતીસ્ય રલ્યામણું માલમ પડયું. ગુળ લતાની ઇધાર્ની પુછતો પુછતો તે આગળ વધ્યો. આખરે તે એક ઠેકાણે આવી લાગ્યો, જયાં એક હાથ પર પાંચ મકાનો અને બીજા હાથ પર તેમની સામેજ બીજાં

પાંચ મકાનો ઉભેલાં હતાં. આ દશ મકાનવાલી ગલીને છેડે એક મકાન આવેલું હતું, જેને બે બારણાવાલો દરવાજો હતો અને વચ્ચે રૂપાંનું એક કડું હતું. આ દરવાજા આગલ આરસપહાણના બે બાંકો મેલેલા હતા, જેની પર સરસ જાતના ઇરાની ગાલીચાઓ પાથરેલા હતા અને તેપર ખુબસુરત દેખાવનો ભપકા ભર્યો પોશાક પેહેરેલો અને બુઝરગ જેવો જણાતો એક શખ્સ બેઠેલો હતો, જ્યારે તેની આસપાસ પાંચ ખીદમતગારો અદબવાળી ઉભા હતા. ચોપડીઓ વેચનારે જે વર્ણન આપ્યું હતું તે પરથી અરમીનની ખાતરી થઇ કે તે ધારેલે ઠેકાણે જઇ લાગ્યો હતો. તેણે પેલા શખ્સને સલામ કીધી. જેણે તેનો તેવીજ રીતે ઉત્તર વાલ્યો, અને આમંત્રણ કીધું: "ભલે પધારો અને અહીં વીસામો લેવો" તેણે જણાવ્યું "તમો શું માંગો છો ?"

"હું આ શેહેરથી અંજાણ છું: તેથી મારી ઇચ્છા એવી છે કે તમે મહેરબાનીની રાહે આ ગલીમાં મારે માટે એક મકાન ભાડે લેવો."

આ સાંભલી પેલાએ "હો, ધઝાલ!" બુમ પાડી કે અંદરથી એક ગોરી ગુલામડી બાહેર નીકલી આવી અને કુરનસ બજાવી કહયું "હુકમને તાબે!"

"થોડા ચાકર નફરો સાથે પેલા મારાં ખાલી મકાનમાં જા અને આ ખુબસુરત જવાનને તદન આસાયસ મલે તેવી રીતે સીનગાર."

"હજુરના હુકમને તાબે!" બોલી ધઝાલ બાહેર નીકળી પડી, અને પોતાના શેઠનો હુકમ બજાવવા પડી. જ્યારે પેલો સખ્સ ઊઠયો અને અરમીનને પોતાનું મકાન દેખાડવા લાગ્યો.

"અય ચચા! પેલા મકાનનું ભાડું શું ?"

"તું જયાં સુધી આ બાગે બેહેરત શેહેરમાં છે ત્યાં સુધી એનું કશું ભાડું નથી," અરમીને તેનો ઉપકાર માન્યો, ત્યાર પછી પેલા શખ્સે એક બીજી ગોરી ગુલામડીને હાંક મારી બોલાવી અને સેત્રંજ રમવાનું કપડું લાવવા હુકમ કીધો. ચહેરે નમુન પેલી ગોરી ગુલામડી પચીસી રમવા માટે ચોખંડ લઇ આવી ગાલીચા પર પાથર્યું.

"તુંને રમતાં આવડે છે ?" પેલાએ અરમીનને પુછ્યું.

"એ મારી માનીતી રમત છે." અરમીને ઉત્તર વાલ્યો,

"ત્યારે તો આવો!" બન્ને જણાઓ કેટલીક રમતો રમ્યા, જેમાં દર વખતે અરમીને તેને હરાવ્યો, જે જોઇ તે બોલ્યો "અય લડકા! દર

વખત તેં મને માહત કીધો છે. આખા બલ્ખમાં મારા જેવો સરસ રમનાર કોઇ નથી અને તે છતાં તેં મને માહત કીધો છે. ”

ત્યાર પછી કેટલીક વાર રહી ધઝાલ પાછી ફરી અને બોલી: “ ખુદાવંદ ! મકાન તૈયાર છે ! ”

આથી શેઠે તે મકાનની ચાવીઓ અરમીનને સ્વાધીન કીધી અને બોલ્યો: “ અય બેરાદર ! શું આજે આપણે અહીં સાથે ન્યામત નહીં ખાઇએ ! ”

અરમીને તે માગણી કબુલ કીધી અને શેઠ તેને એક મોટા ઓરડામાં લઇ ગયો, તેના આગળ દેખાડેલા ભપકાદાર ઓરડાઓ કરતાં પણ વધુ ભપકાદાર અને રાચરચીલાથી ભરપુર હતો. અરમીને તો એ ભપકો બે ઘડી જોયાજ કીધો.

ચમનની ખાસ બનાવટની એક મેજપર તરેહવાર કીસમના વાણાઓ સોના રૂપાંની રકાબીઓમાં પાથરેલાં હતાં, જ્યાં બન્ને જણા બેઠા અને સરબતના પ્યાલાઓ સાથે પોત પોતાની ભુખ તરસ છીપાવી. પેટને પુરતો સંતોષ આપ્યા પછી અને હાથ મ્હોં ધોયા પછી અરમીન પાછો પોતાનો કોથળો જ્યાં મેલ્યો હતો ત્યાં આવ્યો તો તેને માલમ પડયું કે કોથલો ગેપ થયલો હતો. જેથી તેણે મનસે વિચાર કીધો: “ થોડાક દેરમની કીમ્મતનું મેં પકવાન ખાધું અને તેના બદલામાં ત્રીસ હજાર દીનારનો અવેજ ધરાવનાર કોથલો ગુમાવ્યો. ખુદા ! તારી મદદ ! હાલ તરત ચુપકીદી અખત્યાર કરવા સીવાય કશો છુટકો નથી. ” એવો વીચાર કરી તેણે ખામોસી અખત્યાર કીધી.

તે આ વિચારમાં હતો, તેટલાં મેજબાન સેતરંજ રમવાનું કપડું લઈ આવ્યો અને પાંઠરીને પુછ્યું: “ થોડા દાવ પાછા ચલાવ્યે ? ”

“ જેવી આપની મરજી ! ” અરમીને ઉતર વાલ્યો. બન્ને હવે રમવા બેઠા. આ વખતે દરેક રમતમાં મકાનના શેઠ તેને માહત કર્યા કીધો.

“ ખાસ્સું ! મજેહનું ! ” અરમીન બોલ્યો અને રમવાનું મુકી દઇ ઉઠયો, જે જોઇ તેના મેજબાને પુછ્યું; “ અય જવાન ! તું ચીંતાતુર કેમ છે ? ”

“ મને મારો કોથલો જોઇએ છે. ”

આ સાંભલી શેઠ ઉઠયો અને પાસેના ઓરડામાંથી લાવી કોથલો તેને સ્વાધીન કીધો અને બોલ્યો: “ હવે આપણે પાછી રમત ચાલુ કર્યે ? ”

“ બેલાશક ! ”

આથી બન્નેએ રમત પાછી ચાલુ કીધી; આ વખતે દરેક દાવમાં તે હરાવતો ચાલ્યો. આ જોઇ મકાનના ધણીએ કહ્યું " જ્યારે તારો કોથલો મેં ઉંચે મેલ્યો ત્યારે તું હારતો ગયો અને જ્યારે પાછો કોથલો તારી નજદીક મુકયો ત્યારે તેં મને માહત કરવા ચાલુ રાખ્યું છે. અય જવાન! તું મને જણાવ કે તું કયા મુલકનો રેહેવાસી છે ? "

" તબ્રીસ્તાન મારો મુલક છે. "

" બલ્ખમાં તારૂં કેમ આવવું થયું ? "

આ સાંભળી અરમીને પોતાના ખીસામાંથી પેલી નાજનીનનું ચીત્ર ખેંચી કાઢયુ અને તે સબી શેઠને દેખાડતાં કહયું: "અય ચચા! જાણ કે તબ્રીસ્તાનના વઝીર ખુસરવનો હું બેટો છું અને એક વખતે બંદગીથી ફારેગ થઇ રસ્તા પરથી જતો હતો ત્યારે કેતાબો વેચનાર પાસેથી મેં એ સબી વેચાતી લીધી, જે જોતાંજ મારા હોસ કોસ ઉડી ગયા. " અને પછી જે બન્યું તે સઘલું કહયું, જે સાંભલી મકાનનો શેઠ ઉઠયો અને અરમીનના કપાલપર ચુમી લઇ બોલ્યો: " ખુદા બેસ્ક બોરજ છે. બો મારા બેટા ! હું પોતે રહામ ચીતારો છું. "

આ સાંભળી અરમીને તેને બગલગીરી કીધી અને કહયું: "ખુદા તુંને જ્યાદા સુખ દેખાડે! આ સબી કોણની છે તે શું તમે મને નહી જણાવો?"

"તમારા હુકમને તાબે!" એટલું બોલી રહામ એક પેતી આગલ ગયો અને કમાન દાબી, કુલુપ ઉઘાડી, બારણું ખોલી, તેમાંથી કેટલીક કેતાબો લઇ આવ્યો. જેમાં પેલીજ નાજનીનની સબીઓ ચીતારેલી હતી. આ સબીઓ દેખાડી રહામે અરમીનને જણાવ્યું: " ઓ મારા બેટા! સાંભળ! આ જે તું સબી જોય છે તે મારી ભત્રીજીની છે; એના બાપ તે મારા ચચાનું નામ બેરાદ છે જે સમરકંદ શેહેરનો હાકેમ છે. મારી આ ભત્રી-જીનું નામ ખુબસુરત ગુજક છે. સારી ખલકતમાં એના જેવી ચેહેરે નમુન કોઇ હશે નહી, લેકીન તેણીને આદમ મરદને માટે અતી ધીક્કાર છે, તેથી કોઇપણ તેણીની હાજરી દરમ્યાન કોઇ મરદની તારીફ કરવા હીમ્મત કરતું નથી. હવે એક વખત તેણી સાથે મારા નેકાહ કરવાના ઇરાદાથી મારા પેદરે મને ત્યાં મોકલ્યો. મારા ચચાની પણ ખુશી હતી; લેકીન જ્યારે ગુજકના કાનપર એ બીના આવી, ત્યારે તે અતી વીકાલ બની ગઇ અને મને બોલાવી તરેહવાર ધમકી આપી બનતી ઉતાવળે સમરકંદ છોડી જવા મને તાકીદ કીધી. તે અતી ખુબસુરત, તવંગર તથા મોબાદાર હતી; લેકીન, તમામ લોકે તેણીને દાકણની ઉપમા આપેલી હતી.

કોઇ તેણીને જાદુગરણીને નામે પણ ઓલખતું હતું. આથી તેણીની ધમકીથી આજેજ થઈ અતી દલગીરીથી હું સમરકંદ શેહર છોડી ગયો અને ત્યાર પછી તેણીના ચેહરાની આ પ્રમાણે સબીઓ ચીતારવા માંડી, એવા ઇરાદાની કે તારા જેવા જો કોઇ ખુબસુરત જવાનનાં હાથમાં એ જાય અને તેણી સાથે નેકાહતું સાટું બને તો તે જવાન સાથે હું એક સરત કરૂં. તે એ કે તે જવાને એક વખત મને તેણીનો ચેહરો દેખાડવો. હું તે પાછો જોવા અતી આતુર છું."

અરમીને જ્યારે આ મુજબ રહામને મ્હોંથી હેવાલ સાંભલ્યો ત્યારે તે થોડીક પલ વીચારમાં ગુંટાયો જે જોઇ રહામે તેનો પ્યાર વધુ ઉશકેરવા જણાવ્યું: "અય બેટા! હું તુંને ખાતરી આપું છું કે એના જેવી ખુબસુરત નાજનીન મળવી મુશકેલ છે, અને તેજ વેળા તારી ખુબસુરતી જોઇ મારી ખાતરી થાય છે કે એ નાજનીન જો કોઇ સાથે પણ નેકાહ કરે તો તું છે. માટે મને જણાવ કે તું મારો કબાલો મંજુર કરે છે? ફકત એકજ વખત હું તેણીનો ચેરો જોવા માગુંછું."

"કબુલ," અરમીને જણાવ્યું. બન્ને જણાઓએ હાથસે હાથ મીલાવી સાટું નકી કીધું.

"હવે હાલ તરત તું મારી સાથે અહીં રહે." રહામે સલાહઆપી.

"મારો પ્યાર તેં એટલો ઉશકેરી મેલ્યો છે, કે એક ઘડી પણ હું આ શેહેરમાં રહેવા માંગતો નથી."

"બેટા ધીરે! ધીરે! ધીરાં કામ સાહેબના! કોયલાને પણ સલગાવી ભડકાના રૂપમાં ફેરવતાં વાર લાગે છે. આ બલ્ખ શેહેર પણ પાદશાહો અને તેના વઝીરોની ગમે તેવી તવંગરી તથા બાહોશી છતાં હાલને દરજ્જે પોંહોંચતાં કાંઇક મુદત લીધી છે, તો ગુજક જેવી નાજનીનને મેલતવાં કાંઇક મહીનાઓ ગુમાવવા પડશે. ત્યાં ઉપડી જવા વનજાર પણ તૈયાર તો હોવી જોઇએ; જેમાં ખાધ ખોરાકી ભરાવતાંજ કાંઇ નહી તો ત્રણ દહાડાનો વીલમ જોઇએ."

અરમીનથી રહામની તકરાર તોડી શકાઈ નહીં; બલ્ખમાં ફરી હરી અરમીને ત્રણ દહાડા પસાર કીધા, જ્યારે બુઝરગ રહામ એક વનજાર તૈયાર કરાવવા પાછલ મંડયો. ત્રણ દીન પસાર થયા કેડે તે બોલ્યો: "બેટા! સમરકંદ ઉપડી જવા માટે હવે તૈયાર રહે; સઘળા પ્રકારની ખોરાકી પોશાકી તથા ભોમ્યાઓ સાથે મેં એક વનજાર તૈયાર કરાવી છે.

તારા હુકમ મુજબ સર્વે સાથે રહે તેની મેં સખ્ત તાકીદ કીધી છે. તું તારાં ધારેલાં કામમાં તદન ફતેહમંદ નીવડે, એટલીજ હવે તો દુવા હું માગું છું. ખુદા તારી સફર સફલ કરે !"

ત્યાર પછી બન્ને જણા મળી ભેટી છુટા પડયા અને વનજાર બલ્ખથી ઉપડી ચાલી. સમરકંદ ખાતે આ વનજાર સહી સલામત જઇ પુગી, જ્યાં દરવાજા પર આવતાંજ અરમીને સો મોહોરથી ભરેલી એક ઠેલી વનજારીઓને આપવા કાઢી, લેકીન તેઓએ જણાવ્યું: "ખુદાવંદ ! અમોને અમારૂં દામ તો બલ્ખમાંજ ચુકાવી આપવામાં આવ્યું હતું."

"જો તેમજ હોય તો મારી તરફથી આ બક્ષીસ છે. હું કાંઇ રહામને તે વીશે જણાવીશ નહીં." અરમીને તે ઠેલી રખેવાલને સ્વાધીન કરતાં કહયું. આથી સર્વ વનજારીઓએ તેને દુવા ચાહી. શહેરમાં પગ મેલ્યા પછી વેપારીઓ કયે ઠેકાણે રહેતા હતા તે વીશે અરમીને પરપુછ કીધી.

"જનાબે આલી ! હમદાનમાં." તેને ઉત્તર મલ્યો.

આથી અરમીને તે ખંન તરફ એક વનજારી સાથે જવા ચાલુ મેલ્યું. રસ્તામાં દરેક જણનું ધ્યાન તેની ખુબસુરતી પર ખેંચાતું હતું. આખરે વેપારી લોકની ધર્મશાળામાં તે દાખલ થયો અને તેના રખેવાલ વીશે પરપુછ કીધી.

"સલામ આલેકુમ !" અરમીને સલામ કીધી.

"આલેકુમ સલામ!" ધર્મશાળાવાલાએ ઉત્તર વાલ્યો.

"અય ચચા !" અરમીને હવે કહયું "મારે માટે એક સારો જેવો ઓરડો ખાલી છે ?"

"હાજી" એટલું બોલી ખનના રખેવાલે એક ઓરડો દેખાડયો, જે અરમીનને પસંદ પડયો.

"આ બેઆનાના પૈસા લે" અરમીને જણાવ્યું, જે લઇ રખેવાલ ઘણો ખુશી થયેલો દેખાયો અને દુવા ચાહી. અરમીને હવે બનજારના મુખીને પાછો રવાના કીધો. થોડી વારમાં ખનના રખેવાલે સારી જેવી દોસ્તી અરમીન સાથે માંડી, જયારે અરમીને વધુ પૈસા આપ્યાથી સારાં પકવાનો તથા મીઠાઇ લાવી હાજર કીધી. ત્યાર પછી બાકી વધેલા દશ સીક્કા અરમીનને લાવી આપ્યા, લેકીન, તેણે તે રખવાલને બક્ષીસ દાખલ આપી દીધા, તે જોઇ રખેવાલ અતી ખુશી થયો. પકવાન થોડું ઘણું ખાધા પછી બાકી વધેલું રખેવાલને આપી જણાવ્યું: "તારાં કુટુંબ સાથે ખાઇ પી મજાહ કર."

"ઇનશાલ્લા ! ખુદા તારી જે મુરાદ હોય તે બર લાવે !" રખવાલ ઠાલો ઉઠાવી લઈ જતાં બોલ્યો. પછી પોતાની જોરૂ અને છોકરાંઓ આગળ લઇ જઇ મુકી બોલ્યો: "આજે અલ્લાહનો એક લાલ એવો તો સરસ આવ્યો છે કે આપણે ટુંક વખતમાં તવંગર બની જઇશું. હાતમ બીન તએને પણ તક્કર મારે એવી એની રીતભાત છે. વળી આ જવાન એવો તો ખુબસુરત છે કે આખા સમરકદમાં એની જોડી મલવી મુશકેલ છે. વળી તે ઘણો મોજીલો પણ દીસે છે."

ખાનાથી ફારેગ થયા પછી તે પાછો અરમીનના ઓરડામાં ગયો તો તેની ઘણી અજાયબી વચ્ચે તેને હાય અફશોશ કરતો દીઠો. આથી તે બેઠો અને તેના પગને કસબ યાને ચંપી કરતાં ચુમીને બોલ્યો: "ઓ ખુદાવંદ ! ત્હારી દલગીરીનો કાંઇ સબબ ? સઘળી તારી દલગીરી ખુદા દફે કરે !"

"અય ચચા ! દલગીરીનો ઉપાય શરાબ કહેવાયછે." અરમીને ઉતર વાલ્યો "આજ તારી સાથે શરાબનો શીશો ઉઠાવવા મારૂં મન થાય છે."

"હુકમને તાબે !"

અરમીને આથી પાંચ દીનાર તેને આપ્યા. અને તાજાં ફળો તથા શરાબ લાવવા ફરમાવ્યુ. રખેવાલ તેનો હુકમ બજાવવા જતો હતો તેટલાં તેને જતો અટકાવી બીજા પાંચ દીનાર તેના હાથમાં સેરવી બોલ્યો: "આ પૈસાથી નુકી યા સુકકો મેવો, ફુલો અને પાંચ ચરબદાર મરઘાંઓ અને એક તંબુરો લાવજો."

રખેવાલ હુકમ પ્રમાણે ખરીદી કરવા ગયો અને સર્વ ખાવાની ચીજો બાયડી હજુર ખરીદી લાવી મેલી સરસ રીતે પકાવવા તાકીદ કીધી. તે વખતની રીત પ્રમાણે દારૂને પણ મસાલેદાર મઘમઘતો બનાવ્યો. સર્વ વાનાઓ જ્યારે તૈયાર થયાં, ત્યારે વઝીરના છોકરા અરમીન આગળ લઇ ગયો. અરમીને તેને પોતાની સાથે બેસાડયો અને બન્ને જણાએ ખાવા પીવામાં તથા ગાયનો લલકારવામાં અરધી રાત ગુજારી. ત્યારપછી અરમીન પ્યારનું એક ગીત લલકારી બેસુદ્ધ થઇ જમીનપર પટકાયો. રખેવાલે આથી નીશાશ મેલ્યો અને અરમીનને સુદ્ધીમાં લાવી તેનો સબબ પુછતાં બોલ્યો: "તમો નામવર એવી તે કોણ નારપર ફીદા છો કે જેને મારે વીલાપ કરો છો ? ખચ્ચીત ! એ તમારા પગની ઝુટી બરાબર હશે ?"

પણ અરમીને એનો ઉતર વાલ્યો નહી અને એક પેતારા આગળ જઇ તેમાંથી એક કીમ્મતી સાડી ખેંચી કાઢી રખેવાળને આપી જણાવ્યું: "આ તારી હરીમને આપી આવ."

રખેવાલ પોતાની પરણેતરને આપી આવી પાછો ઓરડામાં દાખલ થયો તો તેઓએ અરમીનને હુસ્કે હુસ્કે રડતો દીઠો.

"અલ્લાહ ખેર કરે! તમારૂં દુખ જોઇ અમારૂં જીગ ચાકચાક થાય છે. શું અમોને એનો સબબ નહી જણાવો?"

"તમો જાણવા માગો છો તો સાંભળો. તબ્રીસ્તાનના વઝીર ખુસ્રવ નો હું બેટો થાઉં છું, અને અહીંના હાકેમ ખેરાદની બેટી ગુજક પર હું ફીદા થયલો છું."

"ખુદા! ખુદા! અરે મારા ભાઇ! એ ખ્યાલ તારા મનમાંથી કાઢી નાંખજો; કોઇ તારૂં બોલવું સાંભળશે તો આપણુ સર્વેના ડોક સમશેરથી છટકાઇ જશે. એટલું ખરૂં છે કે એ નાજનીનના જેવી ખુબસુરત નારં બીજી કોઇ નહીં હશે." રખેવાલની બાયડી, જે હવે હાજર હતી, તેણીએ સલાહ આપી. આ સાંભળી અરમીન વધુ રડવા લાગ્યો. આ જોઇ પોતાની બાયડી સાથે ઓરડામાંથી બાહેર નીકળતાં રખેવાલ બોલ્યો: "મારી જીંદગી સીવાય બીજું કાંઇ મારી પાસે નથી કે જે તુને અર્પણુ કરૂં. લેકીન તારા પ્યાર માટે તે હું જીવજોખમમાં નાખીશ અને તારી ઇચ્છા પાર પડે તેવા ઉપાય યોજીશ."

બીજે દિને સહવારના અરમીન હમામમાં ગયો અને ત્યાંથી ભપકાદાર પોશાકમાં સજ થઇ પોતાના ઓરડામાં દાખલ થતો હતો. ત્યારે તેણે રખવાલ તથા તેની બાયડીને બારણા આગળ ઉભાં રહી તેની વાર જોતા જોયાં. સબબ પુછતાં તેઓએ જણાવ્યું: "અય ખુદાવંદ! અમે રાતના વીચાર કીધો છે, અને તારા કામમાં મદદ કરવા અમે ઠરાવ્યું છે. સાંભળો: ગોબો નામનો એક ખુંધો દરજી છે જે શાહજાદી ગુજકના પોશાક શીવે છે. તું તેની સાથે દોસ્તી બાંધ અને કદાચ તારી મતલબ ખુદાની બક્ષેશથી પાર પડશે."

આ સાંભળી ખુંધા દરજીનું મઠક પુછી અરમીન પાછો બાહેર નીસર્યો. આખરે એ ખુંધાની દુકાન શોધી કાઢી તો દશ ગોરા નોકરો સાથે ખુંધાને દુકાનમાં બેઠેલો દીઠો, રસ્તામાં અરમીને પોતાના પોશાકનું એક ખીસું ખામખા ઉખેડી નાખ્યું હતું. ખુંધાની નજર એક થતાંજ અર-

મીને તેને સલામ કીધી, જેણે તેનો નમીને વલતો ઉતર આપ્યા બાદ તેનો આવવાનો સબબ પુછયો.

"મારૂં આ ખીસું ફાટી ગયું છે, જે હું સીવાડવા માગું છુ" અરમીને ઉતર વાલ્યો.

"ઝનાબની ખીદમતમાં હાઝીર!" એટલું બોલી ખુંધા ગોબોએ રેશમીદોરાથી ઘણી સીફતે ગજવું સીવી નાખ્યું. અરમીને તેના હાથમાં પાંચ દીનાર સેરવ્યા અને સલામ કરી પોતાના મકાન ખનમાં પાછો વલ્યો. અરમીનના ગયા કેડે ખુંધો વીચાર કરવા લાગ્યો: "મેં એવું તે શું કામ કીધું કે એ શખ્સ સોનાના પાંચ સીક્કા મને આપી ગયો? ખચ્ચીત! એ કોઇ શાહ હશે યાતો હાતમ દીલનો હોવો જોઇએ. વળી એ ખુબસુરત પણ અતિ છે." રાતના સુતી વેળાએ પણ તેવાજ ખ્યાલો તેના મગજમાં ઘુમવા લાગ્યા. બીજા હાથપર ખનમાં દાખલ થતાંજ અરમીને બીજું ખીસું ફાડી નાખ્યું. અને સહવાર પડતાં તે પાછો પેલાજ ખુંધા દરજીની દુકાને ગયો. દરજીએ આગળા દીવસ કરતાં વધુ મીત્રાચારી દેખાડી, અને વધારે આદરસ્તકારથી બેસાડી ત્યાં આવવાનો સબબ પુછયો.

"અય ચચા! આ બીજુંં ગજવું પણ ફાટેલું હતું, તે વીશે ગઇ કાલે હુ બીન માહીતગાર હતો. મેહેરબાની કરી એ સીવો."

"મારાં શીર અને આંખ્યોપર! અય બેટા!! તારૂં કામ હું નહી કરૂં તો બીજું કોણ કરે?" એટલું બોલી ખુંધા ગોબોએ અતિ ઝડપથી અને ઘણી કારીગીરીથી એવું તો ગજવું સીવ્યું કે સીવણ મુદલ દેખાઇ નહી અને ગજવું જાણે ચરખામાંજ વણેલું હોય તેમ દેખાયું. આ વખતે અરમીને દશ દીનાર તેના હાથમાં સેરવ્યા, જે જોઇ આગલા દીવસ કરતાં પણ વધુ ખુંધો અજબ થયો. "આવો લાલ તો મારા જન્મમાં મેં કોઇ દીને દીઠો નથી. શું હાતીમ પોતે પાછો જન્મ તો નથી પામ્યો?" તે વીચારવા લાગ્યો. ત્યારપછી અરમીનનો ચહેરો બારીકીથી તપાસી બોલ્યો: "અય ખુદાવંદ! તારી પેશાની પરથી તું કોઇ મોટા ઉમરાવનૂં ફરજંદ હોય તેમ જણાય છે. છતાં આવી નજીવી સીલાઇના બદલામાં આટલી મોટી રકમ આપવાનો સબબ હું કાંઇ સમજી શકતો નથી; એમાં કાંઈ ભરમ છે. મને સાચ્ચે સાચ્ચું કહી દે."

"અય ચચા! આ કાંઇ ખાનગી વાતચીત કરવાની જગ્યા નથી. મારો હેવાલ ઘણો અજબ જેવો છે." અરમીને ઉતર વાલ્યો.

"જો તેમજ હોય તો આ ઠેકાણે આવ" એટલું બોલી ખુંધો તેનો હાથ પકડી દુકાનની પાછલના ઓરડામાં લઇ ગયો અને બોલ્યોઃ "અય જવાન! હવે તું મને બેધડક કહે."

આથી અરમીને પેહેલેથી છેડે સુધી સર્વ હેવાલ કહયો, જે આપણે જાણી ચુકયાં છીએ. જેમ જેમ અરમીનની વાત સાંભળતો ગયો તેમ તેમ ખુંધો અજબ થતો ચાલ્યો અને જયારે તેનો અંત આવ્યો ત્યારે પોકારી ઉઠયોઃ "અય જવાન! કોઈ આગળ એ બીના કહેતો ના; નહીતર સેજવારમાં તું મુદ્દહું થઇ પડશે."

આ સાંભળી અરમીન ડુસ્કે ડુસ્કે રડવા લાગ્યો અને ખુંધા દરજીના સાયાની કીનારી પકડી આજીજી કરતો બોલ્યોઃ "અય ચચા! મુજ કમનશીબપર મેહેરબાની કર! ગુજક વગર મારે મનસે જીવેલું ફોકટ છે. તમેજ જોવો, કે એને માટે હું જાહોજલાલી તરક કરી તથા મારાં માદર પેદરને નીરાશીમાં ગરક કરી હું રંજ ખેંચતો અહીં આવ્યો છું"

ખુંધાએ જ્યારે આ રવેસે મામલો જોયો, ત્યારે તેને દયા આવી.

"ઓ બેટા! મને તારી ઘણી દયા આવે છે. પણ હું ધારૂં છું કે તારી હોંશ પુરી પાડવા યુકતી રચી શકીશ. કાલે તું મારી આગળ આવજે અને ઇનશાલ્લા!"

બીજે દીને ખનમાંથી નીકળી અરમીન પેલા ખુંધા દરજી પાસે ગયો અને જતાં વાર સોનાના સીકકાથી ભરપુર હેલી એ ખુંધાના હાથમાં સેરવી બોલ્યોઃ "ઓ ચચા! ગઇ કાલની તારી કબુલાત પાળ."

મારી પાસે બેસ!" ખુંધો દુકાનની પાછલના ઓરડામાં લઇ જઇ બોલ્યો "અને હું જે કહું છું તે પર ધ્યાન દોડાવ. ત્રણ ફરબે મરઘાંઓ, સાડા સાત તોલા ભાર અવાક યાને ખાંડ અને શરાબથી ભરપુર બે શીશા તથા એક પ્યાલો ખરીદ કરી, એ સઘળાંને એક કારહમાં મેળી સહવારના પોહોરમાં આફતાબ દરશન દે તે આગમચ એક નાનું હોડકું ભાડે લે અને ખલાસીને જણાવ કે સમરકંદની દક્ષીણે નાલામાં લઇ જા. આ સાંભળી તે જણાવશે કે એક ફરસંગથી વધુ દુર જવાનો નથી. તું એ કબુલ કરજે, પણ જ્યારે એટલે છેટે આવી ખલાસી હોડકાંને આગળ વધતું અટકાવે કે પૈસા દેખાડી વધુ આગળ જવા તેનું મન લલચાવજે, અને જે પેહલ વેહેલ્લો ફૂલ ફુલોનો બાગ આવે તે શાહજાદી ગુજકનો સમજી જજે. નાલાં તરફ એક સીહડી તારી નજરે પડશે જેના બે પગઠયાંપર ચઢતાં પાસેના મેહરાબમાં ગાલીચો બીછાવી બેઠેલો અને મારાજ જેવો એક

ખુંધો તારી નજરે પડશે, તેને તું તારો હેવાલ કહેજે અને તેની મદદ માગજે. કદાચ તારીપર દયા લાવી તે તુંને દુરથી ગુજક દેખાડશે. તેના અને તારા પોતીકા જાનના જોખમે એમ કરવું પડશે એ કરતાં વધુ હું કાંઇ કરી શકતો નથી. પણ જો એ તારી અરજ નામંજુર કરશે તો તારી સાથે મારી હૈયાતી પણ ખતમ થશે. આ પ્રમાણે મારી યોજના છે, અને પાર પાડવું યા નહી તે અલ્લાહના હાથમાં છે."

"મને લાગે છે કે ખુદાની મદદથી મારી મુરાદમાં હું ફાવીસ; લેકીન સર્વ બાબદનો જાણકાર તો ખુદાજ છે."

"બેટા ! તારી હીમ્મત જોઇ હું ઘણો ખુશી છું. હીમ્મતે મરદા, મદદે ખુદા !"

ત્યાર પછી ખુંધા દરજીને મળી ભેટી અરમીને ત્યાંથી રૂખસદ લીધી.

આફતાબ પ્રકાશીત રોશનીમાં દરશન કરે તે આગમચ અરમીન નાળાંના કીનારાપર ગયો જ્યાં એક ઠેકાણે એક હોડકાંમાં એક ખલાસી સુતેલો તેની નજરે પડયો. અરમીને તેને ઉઠાડયો અને તેના હાથમાં દશ સોનાના સીક્કા સેરવી હોડી હાંકવા જણાવ્યું. ખુંધા દરજીએ આગમચથી જણાવ્યા મુજબ હોડીવાને રીકઝીક કીધી, લેકીન આખરે તો બાગાયતની સીહડીપર પગ મુકવા અરમીન શકતીવાન થયો. હોડીવાને જેવો તેને ત્યાં ઉતાર્યો કે પોતાના જાનની ધાસ્તીથી ડરી એકદમ હોડી ખસાડી નાખી અને સમરકંદ શેહર તરફ જીવ નાખતો કે હાંકી ચાલ્યો. અરમીનના હરખનો તો પાર રહયો નહીં. અત્યાર સુધી દરેક બાબદમાં તેને ફતેહ મળી હતી; જોકે સઘળા સોનાના પ્રતાપ હતા. છતાં આ ફતેહથી તે પુર આશામાં હતો. આદમ જ્યારે પુર આશામાં હોય છે ત્યારે નડતર શી તે તે જાણતો નથી.

આથી પુર ઉંમગમાં સીહડીપર ચઢયો તો દરવાજો તેને ઉઘાડો દીસ્યો અને તેના જમણા હાથપરના મેહેરાબમાં હાથીદાંતના એક બાંકપર ગાલીચો બીછાવી એક ખુંધો બેઠેલો દીસ્યો. આ ખુંધો ખુશમીજાજી જણાયો. તેણે કીસ્મી પોશાક પેહેરેલો હતો; તેની પાસે રૂપાંની એક ડાંગ મુકેલી હતી, જેની મુઠ સોનાની હતી. આ ખુંધાને જોતાંજ અરમીન નમ્યો અને તેની તરફ જઇ તેના હાથને ચુંબન કીધું.

"ઓ બેટા ! તું કોણ છે ? અને કયાંથી આવ્યો ? તુંને અહીં કોણ લઇ આવ્યું ?" ખુંધા રખેવાલે સવાલ કીધા. અરમીનની ખુબ સુરતીથી આ ખુંધો છક થયો હતો. ખુંધાના સવાલોના ઉત્તરમાં અરમીને તેને સર્વ હેવાલ કહયો, અને રડવા લાગ્યો. ખુંધાને આથી ઘણી દયા ઉપજી અને

પુછયું: "જે સખ્સે તુંને અહીં આવવા સલાહ આપી તે ખુંધો દરજી હતો વારૂં ?"

"હા !"

"એ મારો ભાઇ છે. અલ્લાહ એને જયાદા સુખ બક્ષે ! લેકીન હું તુને જણાવું છું કે મને તારી પર જો દયા નહી આવી હતે તો તું; મારો ભાઇ તથા ખનનો રખેવાલ સર્વ સપાટામાં ગુજકના પીતાના હુકમથી કતલ થઇ જતે. આ બાગ જે લુલુઆ નામે ઓલખાય છે ત્યાં હાકેમ, હું, અને ગુજક સાથે તેણીની દાસીઓ સીવાય બીજું કોઇ આવતું નથી. જે કોઇ પરાયો આદમ પગ મેલે છે તેને તથા તેના સોબતીઓને કતલ કરવામાં આવે છે. વીશ વરસ તુલીક હું અહીં વસ્યો છું: એટલે સર્વ બનાવ મને માહીતગાર છે. દર ચાળીસ દહાડે ગુજક પોતાની કીસ્તીમાં સ્વાર થઇ પોતાની ગુલામડીઓ સાથે અહીં આવે છે. તેણીનો ચેહેરો તુંને કેવી રીતે દેખાડું તેની યોજના યોજવી જોઇએ. હાલ તરત તો મારી પાસે બેસ."

થોડી વાર વાતચીત કર્યા પછી અરમીનને તે બાગ દેખાડવા લાગયો. અરમીન તો તરેહવાર કીસમના સુગંધી રંગબેરંગી ફળફુલો જોઇ છક થયો અને પોતાને બ્હીસત બાગમાં ફરતો હોય તેમ ધારવા લાગ્યો. ઠેકાણે ઠેકાણે પાણીના ફુવારાઓ ફડફડ આબદાર હીરાના ઝલકાટ મુજબ પાણી ઉરાડતા હતા, જયારે મધુર સ્વરે રંગબેરંગી પક્ષીઓ ગાયન ગાતાં તથા નાચતાં જણાતાં હતાં.

"અહીં શાહજાદી ગુજક બેસે છે." એક અત્તી દીલકશ અગાશી દેખાડી ખુંધાએ કહયું, જયાં તરેહવાર સખીઓ તાંગેલી જણાઇ. સામયાના વાલી આ અગાશીમાં દાખલ થવા સંગેમરમરની પાંચ સીહડીઓ ચઢવી પડતી હતી. આ સામયાનાની વચ્ચો વચ્ચ ફુલોના ઝાડોની વચ્ચે એક ઘણોજ ખુબસુરત સોનાનો ફુંવારો ઉડીને હાજર રહેલાંને તાજગી બક્ષતો હતો. આ ફુવારાની આસપાસ નાના મોટાં પુતલાંઓ તરેહવાર રીતે ઉભેલાં હતાં, જેના મ્હોમાંથી પાણીના ઝરાઓ ફડ ફડ ઉડતા હતા, અને તેની પર આફતાબના કીરણો પડયાથી આસપાસના રંગ બેરંગી ઝાડો તથા ફુલોથી રંગારંગી પાણી દેખાડતું હતું. એક બાજુએ સર્વ પાણી જમા થઇ ધોધની માફક નીળું વહેતું હતું, જે એક ઇરાની સાકીયા યાને રેહેંતને ચલાવતી હતી, જેના કવાડીસ યાને માપતાંઓ રૂપાંના હતાં,

જેની પર જર જવાહીરનો જડાવ જડેલો હતો. પાણીના ધોધના જોશથી તે નાનકડી રેહેંત પોતીકી મેળે ફરતી હતી. તમામ ખલકતના પક્ષીઓ જાણે ત્યાં જમા થયા હોય તેમ સુંદર સરોડો ચોતરફથી સંભળાતા હતા. અરમીન અજાયબીમાં તદ્દન ચકચુર થઇ ગયો.

"મારો બાગ તુંને કેવો લાગે છે ?"

"જાણે જીવતાં જીવત બહીસતમાં હું છું".

અરમીને ખુંધા રખેવાલને ઉત્તર વાલ્યો. આ સાંભળી ખુંધો બાગબાન હસવા લાગ્યો. ત્યાર પછી ઉઠીને તરેહવાર કીસમના વાણાઓ તથા ફળો તેની હજુર મેલ્યાં અને બન્ને જણા સાથે ન્યામત જમવા બેઠા. ખાનાને પુરતો ઇન્સાફ આપ્યા પછી રખેવાલે પુછ્યું: "પેલા તારા કોથલામાં શું છે ?"

અરમીને તેની હજુર કોથલો ઉઘાડયો અને તેને સપુરદ કરવા જતો હતો તેટલાં ખુંધો બોલી ઉઠયો: "એ તારી પાસેજ રહેવા દે. શાહજાદી ગુજક અહીં આવશે ત્યારે કદાચ મારાથી તારી આગળ ભોજન લઇ અવાશે નહીં; માટે એ ભોજન તું જાળવી રાખ." ત્યારપછી તે ઉઠયો અને અરમીનનો હાથ પકડી ઝાડીવાલી એક ઉંચી જગ્યાપર લઇ ગયો. જ્યાંથી પેલો સામ્યાનાવાળો ઓતલો જણાતો હતો. અરીશા યાને વેળથી ભરપુર ગુફા જેવી આ જગ્યામાં ઉભો રહી ખુંધો બોલ્યો: "આ જગ્યે તું ભરાઇ બેસજે; તું શાહજાદી ગુજકને અહીંથી બરાબર જોશે, લેકીન એ તુંને દેખી શકશે નહીં. તારે માટે એ કરતાં વધુ હું કરી શકતો નથી. અલ્લાહજ આપણો બન્નેનો રખેવાળ છે. જ્યારે તે બુલબુલ હલકે ગાયન લલકારે ત્યારે તું તે ગાયનના પ્યાલાં તારાં કાનમાં નોશ કરજે, લેકીન મુદ્દલ ખખડાત કરતો ના. જ્યારે તે જતી રહે, ત્યારે તું ગુપચુપ જે ઠેકાણેથી આવ્યો હોય ત્યાંથી છટકી જજે. ઇન્શાલ્લા !"

અરમીને અતી-ઉપકાર માન્યો અને તેના હાથને ચુંબન કરવા જતો હતો, લેકીન ખુંધા રખેવાલે તેને તેમ કરતો અટકાવ્યો. પછી પેલા અરીશામાં અરમીને પોતાનો કોથલો લઇ જઇ મેલ્યો.

"અય બેટા! હવે તું ગમે તેમ બાગમાં આજનો દીવસ ફરી હરી લે" રખેવાલે સલાહ આપી "શબબ, ગુજકનો અહીં આવવાનો આવતી કાલે દીવસ છે."

અરમીને તેના હુકમ પ્રમાણે કીધું. જેમ જેમ તે બાગમાં ફરતો તેમ તેમ તે વધુ અને વધુ હેરત થયો હતો.

બીજે દહાડે સહવાર પડતાંજ હાથ મ્હોં ધોઇ તેણે બંદગી કીધી. ગુઠણુમંડીએ બેઠેલો હતો, તેટલાંજ રખેવાલ ફીકરમંદ ચેહેરે આતુરતાથી તેની આગળ આવ્યો અને ખભાંપર હાથ મેલી કહ્યું:" ઓ મારા બેટા! ઉઠ અને અરીશામાં જઇ ભરાઇ જા. સબબ, ગુજકની ગુલામડીઓ આવતી જણાય છે અને તેમની પછાળ થોડીવારમાં ગુજકની કીસતી આવી લાગશે. ખુદા આપણુ સર્વનો નીગેબાન છે."

અરમીન તરતજ ઉઠયો અને ખુંધાને બલગીરી કરી તથા તેના કપાલપર ચુંબણુ કરી દ્રાક્ષના વેળવાલી પેલી જગ્યાએ ગયો, અને ત્યાંથી અતી આતુરતાથી નજર ફેંકવા લાગ્યો. "બેટા! હું તુંને ફરીથી સલાહ આપુછું કે સઘળું તું ગુપચુપ હાલચાલ વગર જોયા કરજે. જરા પણુ તેં બેવકુફી ભર્યું કીધું તો તારૂં અને મારૂં શીર શમશેરને સ્વાધીન થઇ જશે. અલ-અત્સહ યાને છીંકતો વટકી ના. છીંકયાથી ભલા ભલાઓએ પોતાના જાન ખોયા છે."

"ખુદા આપણુ બંનેનો નીગેહબાન છે."

રખેવાલ ત્યાંથી નીસરી ચાલ્યો અને નાલાની સીહડી આગલના મેહેરાબમાં જઇ બેઠો. થોડીવારમાં અરમીને પોતાના જન્મમાં નહી જોયલી એવી ખુબસુરત જોબનવંતી ચાર ગોરી ગુલામડીઓ લટકતી ચાલે સીહડી પરથી ઉપર આવી; કીસ્તી એક બાજુ થઇ ગઇ. ત્યાર પછી કીસ્તીઓમાં આશરે બીજી પચાશ તેવાજ રંગ પણુ તરેહવાર કદની ગુલામડીઓ સ્વાર થઇ આવી. જેમના હાથમાં અનીતીની બેહનપણીઓ દાખલ આશકારાં થયલાં ગાયન બજાવવાના વાજીંત્રો હતાં. હવસને ઉશકેરવાના આ હથ્યારો ઉઠાવી પેલા સામ્યાના આગલ સર્વ ગોરી ગુલામડીઓ ગઇ અને વાજીંત્રો નીચે જમીનપર મેલી સર્વે જણીઓએ પોતાનો બાહેરનો પોશાક ફેંકી દઇ ફુવારાઓના પાણીથી હાથ મ્હોં વગેરે ધોવા મંડી ગઇ. થોડીવારમાં ખુદ ગુજક પણુ થોડીક અતી ખુબસુરત સખીઓ સાથે ત્યાં આવી લાગી.

સઘળીઓ ઠરીઠામ થયા પછી પેલી ગોરી ગુલામડીઓએ ભોજન ગુજક તથા તેની સખીઓ આગળ લાવી મેલ્યું. ભોજનને ઇનશાફ આપ્યા પછી શરાબના શીશાઓ હાજર કરવામાં આવ્યા અને તેમાંથી સોનાના પ્યાલાંઓમાં શરાબ નામી નોશ કર્યા પછી અને હાથ મ્હોં ધોયા પછી ગુજક પોતાની ઉંચી બેઠકપર જઇ બેઠી અને બાકીના સર્વ તરેહવાર હલકે ગાયનો ગાવા તથા વાજીંત્રો બજાડવા મંડી ગયાં. ત્યારપછી ખુશ

ખુમારીમાં આવી જઇ તરેહવાર રીતે એ સર્વે ગોરી ગુલામડીઓ નાચવા લાગી. આ સઘળો વખત ખુશ મીજાજે હસ્તી તથા તાલીએ પાડતી ગુજક દેખાવ જોતી હતી. તરેહવાર રીતે નાચતી વજાડતી એ ખુબસુરત અબલાઓ ગુજકની આસપાસ કુંડાલું વાલી જઇ લાગી. અરમીન આ સઘળો દેખાવ ઢડકતી છાતી સાથે ભરાઇ જોતો હતો. લેકીન તેનું મુખ્ય ચીત તો ગુજક તરફજ હતું.

ગુજક આસપાસ કુંડાલું વળતાંજ તે ખુબસુરત લોંડીઓની કહરમાન યાને વડી બોલી:" ઓ માહતાબી ગુજક! આજે રંગ ખાસ્સો જામ્યો છે. તું પણ અમારી સાથે કાં નહી ભાગ લે? અમો સઘળાં તે માટે આરજુમંદ છીએ."

"ખુદાએ બ્હીસ્તના દરવાજા ખુલ્લા કીધા છે." અરમીન મનસે વીચારવા લાગ્યો "હું ત્યારનો એમજ ઇચ્છતો હતો અને ખુદા મારી મુરાદ બર લાવે તેમ લાગે છે."

લેકીન ગુજકે તેનો ઉતર વાલ્યો નહીં, જે જોઇ પેલી ગોરી નખરાંબાજો આગળ કરતાં પણ વધુ ચેનચાલાથી ગાવા બજાવવા તથા નાચવાં લાગી. ગુજકથી હવે વધુ વખત થોબાયું નહી અને આવેશમાં આવી જઇ તેણીએ સપાટામાં પોતાનું જરીઆન ઉતારી નાખ્યું અને કીમ્મતી બપકાદાર ઉપલો પોશાક શરીરપરથી ઉતારી નાખી શરીરપરનો અંદરનો જીણો પોશાક રહેવા દઇ તે પણ તેમની સાથે ગાવા બજાવવા તથા નાચવામાં સામેલ થઇ. અરમીનના તો હોંશ કોશ ઉડી ગયાં.

"ઓરત ઓરતને સુધારે છે; ઓરત ઓરતનેજ બગાડે છે; પછી તે ઓરત ગમે તેવી હોય." અરમીન મનસે વીચારવા લાગ્યો; લેકીન તેનો પ્યાર તો હરઘડી વધતોજ ચાલ્યો. પ્યાર આંધળો છે અને તેમજ અરમીનના બાબમાં હતું.

ગુજકે હવે પોતાનો સર્વે દરજ્જો ભુલાવી નાંખ્યો અને પુર ઉમંગથી સઘળીઓ સાથે સામેલ થઇ. તેમ કરતાં તેણીની નજર એકાએક છુપાયલા અરમીન પર પડી.

"તમો સર્વે ચાલુજ રાખો. હું હમણા પાછી આવું છું." ગુજક હુકમ આપી એક મોટી કટાર હાથમાં લઇ અરમીન આગળ ગઇ. આ જોઇ ગુજક પર કુરબાન થયલો અરમીન ઠરઠર કાંપવા લાગ્યો. બીજા હાથપર ગુજક જેમ જેમ ધીમે કડમે હાથમાં ધારદાર કટાર ઉગામી અરીશા ભણી જવા લાગી, તેમ તેમ અરમીનનો ખુબસુરત ચેહેરો જોઇ

છક થવા લાગી. શરાબ, ગાયન, અને નાચનું પરીણામ હમેશાં એમજ હોય છે. "યા પરવર દેગાર! આ હું શું જોઉંછું!" તે મનસે બડબડવા લાગી. "એના જેવો પ્યારદાર મેં કદી કોઇને જોયો નથી."

ત્યાર પછી મજબુત કદમે આગલ જઇ તેને અરીસામાંથી બાહેર નીકલવા સમજાવવા લાગી.

"અય નવજવાન! તું બીહે છે શું કરવા? તદન સલામત છે." તે બોલી. "બાહેર આવ, અને તું કોણ છે તથા અહીં કેવી રીતે આવ્યો, તે મને જણાવ."

તેણીનું નરમ સાહડે બોલવું સાંભળી અરમીનને હીમ્મત આવી અને તે બહાર આવ્યો, અને ગુજક આગળ આવી ગુંઠણુમંદીએ પડયો.

"મેં તુંને કબુલાત આપી છે કે તુંને કશી હાની આવવા દઇશ નહી; ખુલ્લી રીતે કહું તો તારા સીવાય કોઇપણ આદમ મરદે મારાપર સારો છાપ બેસાડયો નથી. હવે બેધડક તું મને તારો હેવાલ કહે." એટલું બોલી તેણીએ તેના ખભાંપર હાથ મેલ્યો.

આથી અરમીને પોતાનું તથા પોતાના પીતાનું નામ છુપાવી સર્વ બીના તેણીને જણાવી, જે સાંભલી તે ઘણી અજબ થઇ અને બોલી: "ખુદાના નામથી હું પુછું છું કે તું શું ખુસ્રવનો અરમીન નથી?"

"તારો ખાકસાર બંદો તેજ છે."

"ત્યારે તો જે ખુબસુરતની હું તારીફ સાંભળતી હતી તેજ મને આખરે મલ્યો." ગુજક બોલી: "હું તારીપર કાંઇક વખત થયાં કુરબાન છું. જો તું અરમીન નહી હતે તો આ વખતે તો તુંને અહીં આવવામાં મદદ કરનારાં સર્વ જણુંઓ શમશીરના ભોગ થઇ પડયાં હતે. પણ હવે મારી સાથવાલીઓ નહી જાણે તેમ કેવી રીતે હું તારાં ભોજનની ગોઠવણ કરૂં? જાહેર રીતે મેં આદમ મરદો તરફ તુચ્છકાર બતાવ્યો છે: તેથી જો હું તારી સાથે જાહેર રીતે ફરતી જણાઉં તો મને ઘણું હલકું લાગશે; બીજા હાથપર મને તારેથી દુર જવા ગમતું નથી."

"મારી તમારે કશી ચીંતા કરવી નહીં. આ જુઓ! એમાં ઘણુ ભોજન છે." અરમીને કોથલો ઉઘાડી જણાવ્યું.

તેણીએ તેમાંથી એક મરઘી લીધી અને તેના કટકા કરી તે અરમીનને ખવાડવા લાગી અને અરમીન તેણીના નાજુક મ્હોબતી મ્હોંમાં જીણા બુકો મેલવા લાગ્યો. ત્યાર પછી અરમીને કોથલામાંથી શરાબનો શીશો તથા

પ્યાલું કાઢયું અને તેમાંથી શરાબ અકેકને પાયો. આ પ્રમાણે બપોર પસાર થતાંજ તેણીએ તેને હોડીમાં બેસી ચોક્કસ ઠેકાણે અને ચોક્કસ વખતે તેણીની રાહ જોવા જણાવ્યું. બન્ને હવે છુટાં પડયાં.

શાહજાદી ગુજક હવે પોતાની ગોરી સખીઓ અને લોંડીઓ આગળ ગઇ અને બોલી: "ચાલો! આપણે પાછાં મહેલમાં વીદાય થઇએ."

"હજી તો ત્રણ દીન અહીં રહેવાના છીએ, તેટલાં પાછાં શા સારૂ જઇએ?"

"હું બીમાર હોઉં તેમ મને લાગે છે. મને ધાસ્તી લાગે છે કે રખેને મારી એ બીમારી વધી જાય." ગુજકે ઉતર વાલ્યો.

"હુકમને તાબે." તેઓએ જણાવ્યું, અને સર્વ જણાં પાછો પોત પોતાનો પોશાક પેહેરી હોડીઓમાં બેસી વીદાય થયાં.

ત્યાર પછી ખુંધો રખેવાલ અરીશા તરફ ગયો અને બોલ્યો: "ઓ અરમીન! મને ધાસ્તી લાગે છે કે ગુજકે તુંને જોયો હશે. સબબ, હમેસની પેઠે ત્રણ દીવસ રહેવાને બદલે આટલા ટુંક વખતમાં એ લોક અહીંથી વીદાય થયાં છે. રખેને કાંઈ આફત આવી પડે." જે બન્યું હતું તેથી રખેવાલ તદન અજ્ઞાન હતો.

"ગુજકને દેખવાનું મારાં નશીબમાં નહી હતું. તેમજ તેણીએ મને જોયલો નહી હોવો જોઇએ."

"તારી અટકલ ખરી હોવી જોઇ." રખેવાલે ટેકો આપ્યો "કારણકે જો તેણીની નજરે તું પડયો હતે તો અત્યાર આગમચ આપણે મુરડાં થઇ પડયાં હતે; જ્યારે તે તારી નજરે પડીજ નથી, તો બેહતર છે કે તું એક અઠવાડયું અહીં તોડી પાડ. ગુજક પાછી અહીં ફરશે, અને તે વખતે તારી મુરાદ બર આવશે."

"ઓ મારા વાલીદ! હું કેટલોક ખજાનો ખનમાં મેળી આવ્યોછું. મને તેની ધારતી લાગે છે. વળી મારા હજુરયાઓને પણ હું પાછળ મેલી આવ્યો છું: તેથી મારી લાંબી ગેરહાજરીનો રખેને તેઓ લાભ લે."

"હું એ સાંભળી ઘણો દલગીર છું. તારેથી છુટું પડવા મારૂં મન થતું નથી. બેટા! લેકીન મારેથી બીજો કશો ચારો નથી." ત્યાર પછી બન્ને એક બીજાને દુવા ચાહી છુટા પડયા.

અરમીન પાછો પોતાના ખનમાં ગયો. જેને જોઇ રખેવાલ બોલ્યો: "ખુશ ખબર! ઇનશાલ્લા!"

"તારી ભુલ છે." અરમીને ઉતર વાલ્યો "મારી જીન્નાશા પાર પડી નથી, અને હવે હું પાછો મારા મુલકમાં જવા ઇરાદો રાખું છું."

આ સાંભળી રખેવાલ અને તેની બાયડી ઘણા દલગીર થયાં. તેઓએ તેનો અસબાબ ઉઠાવ્યો અને ઘોડા પર લઇ જઇ મેલ્યો. છેલ્લી સલામ કરી સર્વ હવે છુટાં પડયાં.

અરમીને હવે જે જગ્યે મલવા ગુજકે જણાવ્યું હતું ત્યાં ચાલુ મુકયું, અને ઠેરવી રાખેલી જગ્યાએ જઇ અંધારૂં પડવાની ઘણી આતુરતાથી તે રાહ જોવા લાગ્યો. ડોળા તણાવી આખરે લશકરી પોશાકમાં સજ થઇ હાથમાં તીર કામઠાં ધરી મરદ શેકારી તરીકે ગુજક ત્યાં હાજર થઇ અને પુછ્યુંઃ "તબ્રીસ્તાનના ખુસ્રવનો બેટો અરમીન તુંજ કે?"

"તેજ હું છું." અરમીને ઉતર વાળ્યો.

"તો અય જવાન! શાહોની બેટીઓને ફુસલાવતાં તુંને શરમ નથી આવતી? ચાલ મારી સાથે, અને અમારા હાકેમ હજુર ખડો રહે."

"યા ખુદા!" બોલતો અરમીન ધાસ્તીનો માર્યો અરધો બેભાન બની ગયો. આ જોઇ ગુજક ખડખડ હસી પડી અને ખોટી દાઢી તથા મુછ ઠોભ્યા ફેંકી દઇ તેને વલગી પડી. બન્ને જણાં હવે અતી ઝડપથી અને બનતી ઉતાવળે બલ્ખ તરફ જવા લાગ્યા. મગરૂર ગુજક પોતાના પીતાનો આસરો છોડી પોતાના આશક સાથે નાસી જતી હતી. મગરૂરી અને ધીકકારને પ્યારે લડતમાં માહત કીધાં હતાં. પ્યાર સર્વોતમ થયો હતો.

બલ્ખ જઇ પુગતાંજ દરવાજા આગળ રહામ મલ્યો, જે અરમીનને જોઇ બોલ્યોઃ "બેરાદર અરમીન! તુંને સલામત જોઇ હું ઘણો ખુશી થયો છું. તારી સલામતી માટે રાત દીન હું નેમાજ પઢી દુઆ માગતો હતો અને ફકીરોને ખવાડતો હતો. વારૂં, તારી મુરાદમાં તું પાર પડયો કે?"

"હા" અરમીને ઉતર વાલ્યો.

"આપણી કબુલાત તુંને યાદ છે કે?" ચીતારાએ પુછ્યું.

"હું વીસરી ગયો નથી."

આ વાતચીત સાંભળી ગુજકને ચટપટી થઇ અને પોતાના આશક સાથે કોણ વાતચીત કરતું તે જોવા ઉભી થઈ. તો તેણીની નજરે રહામ પડયો જેને જોઇ તે ઉજળી પુની બની ગઇ. બન્નેની નજર એક થતાંજ રહામે કહયુંઃ "ખુદા સલામત! તમોને સલામત જોઇ હું ખુશી. હાકેમના કાંઇ કામસર હું અહીં છું. લેકીન તમો બધાંને જોઇ મારા હરખનો

પાર રહયો નથી. આજની આપણું મુલાકાતની ખુશાલીમાં મારી તરફથી તમો લોક આ કબુલ કરો. ” એટલું બોલી તેણે મીઠાઇનો એક કરંડયો બોહોંસ કરી આપ્યો.

“ મારી આંખ્યોના નુર ! ચાલો, આપણે એ ખાઇએ. ” અરમીને ગુજકને જણાવ્યુ, પણ ગુજકે રડમસ થઇ કહયું: “ ઓ પ્યારા ! તું દાવપેચથી અજાણુ દીસે છે. તું એ શખસને ઓલખે છે ?

“ એ મારા કાકાનો બેટો થાય છે. મારી સાથે નેકાહ કરવા માગતો હતો, લેકીન મેં તેને તુચ્છકારી કાઢયો. હવે જયારે એણે આપણુને અહીં જોયાં છે તો સમરકંદ જઇ જરૂર મારા પીતાના કાન એ ભંભેરશે, અને આપણુ બન્નેને રૂસવા કરાવશે, બલકે જાન જોખમમાં લાવશે.”

“ પ્યારી ! એ વીચાર તારા મનમાંથી દફે કર. આપણે મોઉરૂ પુગીશું તેની આગમચ એ સરમકંદ પુગી શકવાનો નથીઃ એટલે ફોકટની ચીંતા શા માટે કર્યે ? ”

ગુજકને પોતાના આશકની તકરારમાં વજુદ લાગી અને ચીંતઃ મનમાંથી દુર કરી. અરમીન પેલી મગમગતી મીઠાઇ ખાવા લાગ્યો. તે મીઠાઇમાં ભાંગ ભેલેલી હતી તે તે જાણી શકયો નહીં. મીઠાઇ થોડીક પેટમાં પચતાંજ તે મુરડાં માફક ત્યાંજ પડી રહયો. તે એ હાલતમાં પાછલી રાત સુધી રહયો. તેટલા તેને છીંકાછીંક આવી ગઇ, અને તેની સાથે સઘલી મીઠાઇ ઓકવા લાગ્યો, અને ત્યારેજ તેને માલમ પડયું કે મીઠાઇમાં ભાંગ ભેલેલી હતી. ખલાસી થતાંજ તે ઉઠયો તો તેણે પોતાને તદન કપડાં વગર એક ઉંજડ પડત મકાન આગળ પડેલો દીઠો. આ જોઇ તે બને હાથે કપાલ કુટવા લાગ્યો અને રહામને હજારો હજાર કદુવા દેવા લાગ્યો. તેણે જોયું કે તેનું સર્વસ્વ એ ચીતારાએ લુટી લીધું હતું, એટલુંજ નહી પણ કદાચ ગુજકને પણ એ લુચ્ચો ઉપાડી ગયો હશે. અરમીને આસપાસ નજર નાખી તો થોડે છેટે તેને એક સીરવાલ ફેંકેલું જણાયું. તેણે તે પેહેર્યું અને શું કરવું તેનો વીચાર કરતો હતો તેટલાં તેની નજરે પોહરેગીરોના વડાને પોતાની તરફ આવતો દીઠો, જેની સાથે નાગી શમશેરો અને મતારીક યાને ઢાલો સાથે એક ટુકડી આવતી હતી. આ જોઇ અરમીન બીધો અને નજદીકના એક પડતલ હમામમાં જઇ ભરાયો; તે હજી તો ઠરીઠામ થાય નહી તેટલાં તેનો પગ સડકયો; જમીન સાથે તેના હાથો અડતાંજ તેણે જોયું કે તેના હાથ પગ લોહીથી ખરડાઇ ગયા હતા. તેણે હાથ સીરવાળથી નુછયા અને લોહીનો સબબ જાણવા તે આસપાસ

બારીક નજર નાખવા લાગ્યો તો એક શખ્સની લાશ નજદીકમાં પડેલી તેની નજરે પડી. આ જોઇ અરમીનના તો હોશકોશ ઉડી ગયાં. હમામના એક અંધારા ઓરડામાં જઇ તે ભરાયો.

થોડી વારમાં પોહરેગીરોનો વાલી હમામમાં પેઠો અને આખાં હમામમાં શોધ ખોલ કરવા પોતાના માણસોને હુકમ આપ્યો. આ હુકમ સાંભળી અરમીન તો મનશે ખુદા ખુદા પોકારવા લાગ્યો. પોહરેગીરોને શોધખોલ કરતા વધુ નજદીક આવતા જોઇ અરમીન પાસેના ઓરડામાં ભરાયો તો ત્યાંથી પેલી લાશ તેની નજરે પડવા લાગી. હવેજ તેણે જોયું તો તે એક સબીયા યાને જવાન નાજનીનની હતી. જેનો ચહેરો માહતાબ મીસાલ હતો. તેણીનું ધડ તેણીના શરીરથી તદન છુટું કીધેલું હતું. વાલીએ તે લાશ તરફ બારીકીથી નજર ફેંકી, અને પછી હમામના ખુણા તપાસવા પોતાના અમલદારોને હુકમ આપ્યો. જેના પરિણામમાં તેઓએ લોહીથી ખરડાયલા અરમીનને બાહેર ખેંચી કાઢ્યો,

"અય જવાન ! આ બીચારીને કતલ કરવાનો તુંને શો સબબ ?" વાલીએ સવાલ કીધો.

"ખુદા મારો સાહેદ છે. હું એ બીચારીને ઓલખતો નથી, અને મેં એને મારી નથી."

"ત્યારે તારા શરીરપર તથા સીરવાલપર લોહી ક્યાંથી આવ્યું ?"

"હું અહીં ભરાતો છુપાતો હતો, ત્યારે અચાનક મારો પગ આ લોહીના ખાબોચ્યાંમાં છટકી ગયો."

"એ ઢોંગ મારી આગળ નહી ચાલે !" વાલીએ ડોલા કકડાવી જણાવ્યું. "બેરાદરો ! એને પણ આ નવ જવાન ઓરતની લાસ આગળજ શીર છટકાવી કતલ કરો ! લોહીના દાગ એના શરીરપર છે અને વળી એ અહીંજ મળ્યો છે: એટલે હવે વધુ સાબેતીની જરૂર જોઇતી નથી. ન્યાયધીસને શા માટે આપણે મેહેનત આપ્યે ?"

વાલીનો આ હુકમ સાંભળી અરમીન ડુસ્કે ડુસ્કે રડવા લાગ્યો, જે જોઇ કેટલાક પોહરેગીરો બોલી ઉઠયા: "અમોને તો એ ખુની લાગતો નથી. એનો ચેહરો નીરદોશપણું દેખાડે છે."

"શીર છટકાવો !" વાલીએ નેણુ ચઢાવી કહયું.

પોતાના ઉપરીનો આ મુજબ હુકમ જોઇ પોહરેગીરોએ અરમીનને લોહીના ખાબોચ્યામાં બેસાડયો અને તેની આંખ્યોપર પાટા બાંધ્યા. ત્યાર

પછી એક પોહરેગીર શમશેર ઉગામી વાલીની નીશાન જોવા લાગ્યો, જ્યારે અરમીન પોકારી ઉઠયોઃ "અફ્શોશ! કયાંનો કયાં હું પરદેશ આવ્યો?" અને તેજ વેળા એક ઘોડેસ્વાર મારતે ઘોડે "એને છોડી દેવો! મારતા ના!" બુમો પાડતો દોડી આવ્યો. આ અજબ રીતે બચાવ થતો જોઇ અરમીન તો અતી અચરત થયો.

હવે એનો સબબ આ મુજબ છે.

પોતાના બેટાને ગુમાઇ ગયલો જોઇ તબ્રીસ્તાનના વઝીર ખુસ્રવે શાહ પર એક પેગામ મોકલ્યો અને બેટાની શોધખોળ માટે તે નામવરની મદદ માગી. શાહે જ્યારે આ રૂકકો વાંચ્યો ત્યારે તેણે દરેક પ્રાંતમાં એ બેટાની જુસ્તેજો કરવા તાકીદ આપી. બલ્ખમાં પતો નહી મળયાથી અરમીન છેલ્લો સમરકંદમાં જણાયો હતો; તે વીશે ખુંસ્રવને બાતમી આપી. આથી તબ્રીસ્તાનનો એ વઝીર થોડાક હજુરયાઓ સાથે ત્યાં ગયો. ત્યાંથી તેને ખબર મલી કે અરમીન બલ્ખ તરફ જતો છેલ્લાં જણાયો હતો, તો તે વઝીર બલ્ખ આવવા ઉપડી ચાલ્યો.બલ્ખ આવતાંજ તેને સેહેજ બાતમી મળીઃ તેથી અતી ઉતાવળે મારતેઘોડે પોહરેગીરોના વાલીની શોધમાં પેલા હમામ આગળ તેહેકીક કરવા આવ્યો. વાલીએ તરતજ એ વઝીરને ઓળખ્યો, અને વઝીરને ઘોડાપરથી નીચે ઉતરવા મદદ કીધી. નીચે ઉતરી પડતાંજ ખુસ્રવે સવાલ કરી તેઓ કોણુને કતલ કરવા તૈયાર થયા હતા તથા શા સબબસર, તે જાણવા માંગ્યું. વાલીએ સઘળો હેવાલ ટુંકમાં જણાવ્યો અને વઝીર આગળ અરમીનને લઇ આવ્યા. લેકીન ધારતીથી તથા તેની આંખે પાટા બાંધ્યાથી બંધીવાનનો ચેહેરો એવો તો થઇ ગયો હતો કે વઝીર પોતીકા બેટાને ઓલખી શકયો નહી, અને બોલ્યોઃ "બેશક! એના ચેહેરાપરથી એ ખુન કરે એવો દીસે છે, લેકીન એના પાટા છોડો."

આંખ્યોપરથી કપડું છોડવામાં આવ્યું, છતાં વઝીર તેને ઓળખી શકયો નહી; છતાં તેણે પુછયું "અય જવાન! તારો હેવાલ અમોને જણાવ અને આ ઔરતને કતલ કરવાના સબબથી અમોને વાકેફ કર."

અરમીને તેની તરફ હવે નજરે ફેંકી અને તેણે તરતજ પોતાના પીતાને ઓલખ્યો, અને બોલ્યોઃ "શું હું એટલો કમનશીબ છું કે મારો પીતા વડીક મને ઓલખી શકતો નથી? ઓ નામવર ઉમરાવ! શું તારા બેટા અરમીનને તું ઓળખતો નથી? સારાં ભાગ્યે કદાચ તું મનેજ શોધતો અહીં આવ્યો હશે."

આ સાંભળી વઝીરે પોતાના બેટા તરફ બારીક નજર ફેંકી અને તેની ખાતરી થતાંજ તે તેને વળગી પડયો. આ જોઇ વાલીના ચેહેરાપરનો રંગ બદલાઇ ગયો. તેને વઝીરના ગુસ્સાનો ખ્યાલ આવ્યો, લેકીન વઝીર સ્યાનો હતો. તેણે વાલી તરફ સવાલની ઢપે નજર ફેંકી.

"અરે વઝીર! તુંજ વીચાર કર; જે સંજોગો હેઠળ તારો બેટો આ મકાનમાં અને જેવી રીતે જણાયો તેપરથી કોઇને પણ કેવો ખ્યાલ આવે? શું અહીં આ કમનસીબ ઔરતની લાસ લોહીથી ઝરઝરતી પડેલી નથી? શું તારા બેટાના આંગ તથા કપડાંપર એજ લોહીના દાઘો જણાયા નથી?"

"વાલી! તારૂં કહેવું બરહક છે; લેકીન બંધીવાનને પોતાના બચાવમાં શું કહેવું છે તથા એનું અહીં કેવી રીતે આવવું થયું, તે વીશે બારીક પરપુછ કરવાની તારી પહેલી ફરજ હતી: તે તેં બજાવી છે યા નહી તે વીશે હું જાણુતો નથી. હવે જે બન્યું તે બન્યું; લેકીન આ અબલાના ખુનીને કાંઇ પણ કરી સોધી કાઢવો જોઇયે."

વાલીએ તરતજ પોતાના હાથ હેઠળના પોહરેગીરોને હુકમ કરી તાકીદ ફરમાવી. આથી તેઓ પાછા તે પડતલ હમામમાં દાખલ થયા અને ખંતીલી શોધખોલ કરતા ખુનીને એક અંધારા ખુણામાં છુપાઇ બેઠેલો શોધી કાઢવામાં આખરે ફતેહમંદ થયા. હવે સરવે સરધસ હાકેમ આગલ હાજર થયું. હાકેમે સર્વે હેવાલ સાંભળી ખુનીને કતલ કરવા હુકમ ફરમાવ્યો; ત્યાર પછી અરમીન તરફ નજર ફેરવી હસીને કહયું: "હવે તારો હેવાલ જણાવ." અરમીને પોતાપર વીટેલી સર્વે કહાણી કહી સંભળાવી: હાકેમ છેલ્લો ભાગ સાંભળી ઘણો દલગીર થયલો જણાયો. તેણે શીપેહશાલારને બોલાવ્યો અને કહયું: "એકદમ થોડાક પહોરેગીરોને લઇ ચીતારા રહામના મકાનમાં જઇ તેને મુસ્કા તાટ બાંધી અહીં લઇ આવ, અને ગુજક નામની જવાન અબલા જો મળે તો તેણીને બાઆબરૂથી અહીં લાવ."

શીપેહસાલાર તરતજ હુકમ બજાવવા દોડી ગયો તો રહામના મકાનમાં ગુજકને તેણીના પોતીકા બાળથી બાંધેલી અને તેણી લગભગ મરણની અણીપર આવેલી જોઇ. શીપેહસાલારે તરતજ તેણીના બંધ છોડયા અને રહામ ચીતારાને કેદ પકડી મુસ્કા તાટ બાંધી બન્નેને હાકેમ આગળ ખડા કીધાં. ગુજકની ખુબસુરતીથી હાકેમ છક થયો. ત્યારપછી રહામ તરફ નજર ફેંકી જલ્લાદને જણાવ્યું: "આ બદમાશે જે હાથોથી આ અબલાને

બાંધી તથા મારી, તે બન્ને હાથો એકદમ કાપી નાખ. ત્યાર પછી એને ખીલ્લા ઠોકી મારી નાખી એની સર્વ અસ્કેઆમત અરમીનને સ્વાધીન કર."

તેઓ એ નામવર હાકેમના હુકમપર અમલ કરતાં હતાં, તેટલાં અધ વચ્ચે ગુજકનો પીતા, તે સમરકંદનો હાકેમ ખેરાદ, દોડતો તબ્બીસ્તાનના વઝીરના બેટા અરમીન સામે ફરયાદ પોકારતો આવ્યો. તે જણાવવા લાગ્યો કે એ જવાન્યો તેની રોખસાર સરખી બેટી ગુજકને ઉપાડી ગયો હતો. હાકેમે તેને ઠંડો પાડયો અને જણાવ્યું કે ગુજક તથા અરમીન એક બીજાંપર કુરબાન હતાં અને તેઓ રાજીખુશીથી તબ્બીસ્તાન જતાં હતાં. ત્યારપછી અરમીનને બોલાવી ખેરાદને કહ્યું: "તારા જમાઇ દાખલ તબ્બીસ્તાનના વઝીરના બેટા અરમીનને શું તું કબુલ નહી કરતો ?"

"તમો જે ફરમાવશો તે હું ખુશીથી માન્ય કરીશ." સમરકંદના હાકેમે ઉતર વાલ્યો.

એક હફતા તુલીક શાદી રામશનીના હીંગામને લીધે ત્યાં ખુશખુશાલી ચાલી. ત્યારપછી સઘળું સરઘસ તબ્બીસ્તાન તરફ રવાના થયું. ત્યાં અરમીન અને ગુજક સુખી જીંદગી ગુજારવા લાગ્યાં.

કવી કવાત અને રૂસ્તમ.

પેશદાદીઆન વંશ પછી આવનાર કેયાનીઆન પાદશાહોનો પેહેલ્લો પાદશાહ કવી કવાત યાને કએકોબાદ એક વખત અલ્બોર્જ પહાડપર તુરાનીઓના દોરથી દુર રેહેવા પોતાના કેટલાક પહેરેજગાર તેમજ પેહેલવાની ખસલતના દોસ્તો સાથે જઈ રહેલો હતો, ત્યાં એક દીને જેહાં પેહેલવાન રૂસ્તમ મોટાં લશકર સાથે તેને ઇરાનના તખ્તપર લાવી બેસાડવાના ઇરાદાથી જઇ લાગ્યો. રૂસ્તમ પેહેલવાનને આ પહરેજગાર કએકોબાદના રેહેથાનની સાબુત બાતમી નહી હતી. તે એટલુંજ જાણતો હતો કે ઇરાનની સર જમીનને દીપાવનાર અલબોર્જ પહાડના એક ભાગપર પોતાના ગોઠયાઓ સાથે રેહતો હતો; તેની શોધખોલમાં નીકળેલો તે એક દીને ઝાડપાનથી તર કીધેલી બાગાયત જેવી જગ્યાપર જઇ પોંહોંચ્યો, તો તે બાગમાં એક જવાનને તખ્ત જેવી ખુરસીપર બીરાજમાન થયલો દીઠો: અને તેની આસપાસ દોસ્તો ખાણુ ખાતા બેઠેલા જણાયા. રૂસ્તમ પરાયો આદમી છતાં તેઓએ તેને ખાણું લેવા બોલાવ્યો. રૂસ્તમે પેહેલ્લાં તો આનાકાની કીધી, પણ પછી સર્વ જણા એકજ મંડળીના હોય તેમ ખાનુ ખાવા અને શરાબ નોશ

કરવા મંડયાં. ચાલેલી વાતચીત પરથી રૂસ્તમને માલમ પડયું કે પોતે જેની શોધમાં રંજ ખેંચતો નીકળ્યો હતો, તે તો કેકો અહીંજ એશઆરામમાં દહાડા ગુજારતો હતો. ખાણું ખાધા પછી રૂસ્તમે પોતે શા સબબસર અને કોણની શોધમાં નીકળ્યો હતો, તે જણાવી ઇરાનના પાદશાહ તરીકે કએકોબાદને જાહેર કરી, કુરનશ બજાવી, ને તરત રાજ્યધાની તરફ નીકળી પડવા આગ્રહ કીધો; પણ કએકોબાદ મોજીલો હોવાથી રંગ રાગમાં ખલલ કરવા તેણે ના પાડી અને સુંદર કંઠનીઓના ગાણા ચાલુજ રખાવ્યાં; પછી રૂસ્તમ તરફ ફરી જણાવ્યું: "અય જોહાં પહેલવાન રૂસ્તમ! ગઇ રાત્રે મેં એક ખોઆબ જોયો હતો તે સાંભળ. મારા આ સઘળા દોસ્તો સાથે ખાનીપીનીમાં જાણે હું લીન થયલો છું, તેટલાં બે સુફેદ બાજ પક્ષીઓએ પહાડની છેક ઉંચી બરફવાલી ટોંચ પરથી ઉતરી આવી મારે માથે તાજ મેલ્યું; અને તે મુજબ તારા આવ્યાથી ખરેખર બન્યું છે. થોડી જાનવરોની વાતો અહીંથી પસાર થતા મુસાફરોને મ્હોંથી મહને મોહોતના દાચાંમાંથી બચાવનાર મારા રક્ષક અઓઝોઓએ મને કહી હતી તે યાદ આવે છે, જો તે સર્વ જાણવાની કાલજી રાખતા હોય તો કહું".

પણ રૂસ્તમે જણાવ્યું કે "આપણને એકદમ સીસ્તાન તરફ કુચ કરવી જોઇએ અને દર રાત્રીએ વીસામો લેતી વખતે માર્ગમાં શાહને મ્હોંથી એ વાતો ઘણી ખુશીથી સાંભળીશું: સબબ, તુરાનીઓને ઇરાનમાંથી હાંકી કાઢવાની આના જેવી ટક કદી કદાચ આવશે પણ નહીં."

હાજર રહેલા સર્વેને એ સુચના પસંદ પડી, અને તે મુજબ અમલ કરવામાં આવ્યો.

બીલ્લી તથા ચુવાની વાત.

એક બીલ્લી યાને ગ્રીમાલકીન શેકારની શોધમાં એક રાત્રીએ ચોક્કસ બાગમાં ગઇ, પણ ખોરાક મુદલ મલ્યો નહી અને અતીશય ઠંડી તથા વરસાદને લીધે તે ઘણી નાતવાન બની. ભુખ તો કેહે જે મારૂં કામ. ઠાક પણ અતી ચઢેલી. કરવું કેમ? વીચાર કરતાં તેની નજરે મોટા ઘુસનો એક દર પડયો, જે એક ઝાડના થડ આગળ આવેલો હતો. તેની નજદીક જઇ બીલ્લી સુંઘવા લાગી તો અંદરથી ઉંદરનો વાસ નીકલ્યો. તે પેલા દરની આસપાસ ફરી અને પછી પંજાથી જમીન ખંખેરવા લાગી. બાહેરના ખખડાતથી દરમાં ભરાયલા ઉંદરનું તે પર ધ્યાન ખેંચાયું, અને પોતાના હમેશના હરીફનો સુંધાડ તેને જણાયો. ઉંદરે તરતજ

ફરી જઇ જમીન ખોડી ધુલ પોતાના દુશમનના મ્હોં તથા આંખ્યોપર ઉરાડવા માંડી. ઉંદરની આ હીકમત બીલ્લી તરતજ સમજી ગઇ, લેકીન પક્ષી હોવાથી ઘણુજ નરમ સાહડે બોલી: "ભલા! તું શું કરવા એમ કરે છે? હું એટલી બધી નાતવાન બનેલી છું કે, હું તો તારા પનાહ માગવાના ઇરાદાથી અહીં આવી છું કે તું મારીપર દયા લાવી મને રાહત બક્ષે; ફકત આજની રાત અહીં આશાયશ લેવાના ઇરાદાથી હું આવી છું, કે જો મારૂં મોત ખરેખરેજ આજ રાત્રે હોય તો હું નીરાંતે અહીં મરૂં. મને ખાત્રી છે કે જે ઘડી જાય છે તેમાં મારો આંકો આવી જવાનો. તું પોતેજ બાહેર આવી જો. મારી શી દશા છે? ખુદા તુંને નેક તોફીયત બક્ષે, અને મારીપર દયાનો દસ્ત લંબાવે. કહેવત છે કે, જે કોઈ સખી વજુદ હાથ નીરધારપર લંબાવે તેને કયામતમાં સુખ મળે. માટે તું એ હાંસલ કર, અને બેહેસ્તના દરવાજા તારે માટે ઉંઘાડા કર!"

"એ બધી વાત ખરી! લેકીન તારી ખાસ્યત એવી છે કે તારી આગ્નુજી મુજબ જો અમલ કરૂં તો બેહેસ્તના દરવાજાને બદલે મારે પોતાને માટે મોતનો દરવાજો ખુલ્લો કરૂં." ઉંદરે ઉત્તર વાળ્યો. "પાસેના ઘરની ઓરત જે પ્રમાણે પોતાના આશકોપર ફીદા થાય છે તે પ્રમાણે હાલ તું પણ જણાય છે."

"તારૂં બોલવું ભરમ ભર્યું છે. એ ઓરતનો હેવાલ હું જાણતી નથી." બીલ્લી બોલી.

"ત્યારે સાંભળ! મારી પડોશના ઘરની શેઠાણી ઘણી બદજાત હોવાથી આંગળીઓપર જેટલી અંગુસ્ટરીઓ છે તેટલા તેના માનીતા યારો થઇ ગયા છે. જે યાર વધુ કીમ્મતી અંગુસ્ટરી યા દાગીના આપે ત્યાં સુધી તે તેનીપર કુરબાન રહે, અને એમ દહાડા અને દહાડાઓ પસાર થાય. તે જ્યારે કોઇ પેલા યાર કરતાં વધુ ઉમદા અંગુસ્ટરી યા ઝવેરાત આપે કે પેલી તેને ખરતો કરી બીજા સાથે દોસ્તી બાંધે, અને તક આવે આગલાનો ઘાન કાઢવા તક ચુકે નહી. તે પ્રમાણે તું હમણા મારીપર કુરબાન થઇ દોસ્તીનું ડોળ દેખાડે છે ખરી, લેકીન તારા અને પેલાં ઘરની શેઠાણીના ખવાસમાં મુદલ ફરક હું જોઇ શકતો નથી. તું તારી જાત દેખાડયા વગર રહેવાની નથી. કહેવત છે કે એક અતી ખુબસુરત યા દગાબાજ તરકટી ઓરતપર ભરોસો મુકવો નહી; તેમજ નબળા ભેજાંના મુફલેસની આગળ પૈસાની થેલી મુકવી નહી; તેમજ આબ અને આતશ વચ્ચે કદી દોસ્તી હોય નહી. તેથી તુંજ કહે કે તારી અને મારી વચ્ચે કેવી રીતે દોસ્તી હોય?"

ઉંદરનું આ મુજબ બોલવું સાંભળી બીલાડી કાંસ્તી કરાસ્તી બોલી: "ઓ ભાઇ! સર્વે જણુ કાંઇ સરખા ખવાસના હોતાં નથી. તારા શરીરપરના બાલ જો. કોઇ મોટા તો કોઇ નાના છે: તેજ પ્રમાણે કોઇ પેલી અંગુસ્ટરીની શોખીન બેઇમાન હોય છે, તો કોઇ મારી માફક બીમારીની મારી નીરાધાર, લેકીન ઇમાનદાર હોય છે. ઉંદર અને બીલાડાં વચ્ચે હમેશના વેરની જે કહેતી છે તે તારા ખ્યાલમાંથી કાઢી નાખ, અને દોસ્તીનો દસ્ત મુજ કમનશીબ તરફ લંબાવી બેહસ્તનું સુખ હાંસલ કર. ખુદાને યાદ કર, અને ખુદાના કલામ મુજબ મદદનો હાથ લંબાવ. પેલી કહેવત છે કે, 'દુશમનાઇ ભુલી જઇ દોસ્તી કરે તેની વાખવાખી સારા ગામમાં થાય.' ઓ મારા ભાઇ! ખુદાના કસમ ખાઈ જણાવું છું કે જો તું મને તારા મકાનમાં પેસવા દે અને આજની દરામણી રાત તોડી પાડવા દે, તો હું તુંને જરાએ અલવલ આવવા દઇશ નહીં: માટે હવે તારી બીક મનમાંથી કાઢી નાખી ખુદા પર ભરોસો લેવા દે, અને મરતી વેળાની દુવા હાંસલ કર."

"લેકીન હું તારા કસમપર પણ કેમ ભરોસો મેલું? પેલી ઓરત પણ દર વખતે નવા યાર સાથે એવીજ રીતનું સાટું કરે છે, લેકીન આખરે તે પર પાણી ફેરવે છે. તેનામાં અને તારી રીતમાં હું તો મુદલ ફરક જોતો નથી. આપણુ બન્નેના અંતઃકરણોમાં દુશમનાઇ હમેસગીની છે, જે અંતઃકરણ મને જણાવે કે જે પોતાના કપટી દુશમનની કહેવાતી દોસ્તી પર ભરોસો મેલે છે તે પોતાનો હાથ અફા યાને ઝેરી સરપના મ્હોંમાં મેલે છે."

ઉંદરની આ તકરાર સાંભળી બીલ્લી ઘણી ગુસ્સે થઇ બોલી: "મારામાં હમણા તાકાત નથી, નહીતર તારી સેખીનો સ્વાદ હું તુને બરાબર ચખાડતે. અફશોશ! હું છેકજ નાતવાત બનેલી છું. તું જો અબઘડી મને આસરો નહી આપશે તો, હું તારા બારણા આગળ ઠરઠરીને મરી જઇશ, અને મારાં નાહક ખુનનો બત્તો તારા શીરપર જશે: જેથી તારી શાંતીમાં હમેસની ખલલ થયા કરશે. આ મારા છેલ્લા શબ્દો છે, જેપર પુખ્ત વીચાર કર અને ખુદાનો ડર કર."

બીલ્લીનું આ મુજબ બોલવું સાંભળી ઉંદરને અતી દયા લાગી, અને તેણે મનસે વીચાર્યું: "પોતાના દુશમનને પણ અડીભીડીને વખતે મદદનો હાથ લંબાવવા ખુદાએ ફરમાન કીધું છે. એમ હાથ લંબાવે તેની મદદે ખુદા છેલ્લી ઘડીએ પણ દોડી આવે: માટે ખુદા પરજ વીસવાસ મેલી બીલ્લીની મદદે જાઉં." એવો વીચાર કરી તે બાહેર આવ્યો; ઝાડનાં પોકલ

ઠડવાળાં પોતાના મકાનમાં બીલ્લીને આસરો આપ્યો, અને ઘણી માયાથી ખાતરદારી કરવા લાગ્યો. બીલ્લીએ જ્યારે જોયું કે તેણીને પુરતી આશ્રાયશ મલી ચુકી, ત્યારે ધીમે ધીમે ડરના મ્હોં આગળ ખસતી ચાલી, એવા ઇરાદાથી કે પોતાના આંગથી મ્હોં બંધ કરે તો ઉંદરથી છટકી જવાય નહીં: લેકીન બીલ્લીની મતલબ છેલ્લી ઘડીએ ઉંદર સમજી ગયો અને સપાટામાં બાહેર નીકળી પડયો, કે તેજ ઘડીએ બીલ્લીએ તેનીપર તરાપ મારી પોતાના પંજામાં તેને સીકડયો, જે જોઇ દુખનો માર્યો ઉંદર પોકારી ઉઠયો, અને ખુદાની મદદ માંગી બોલ્યો: " ઓ બીલ્લી! તારા કસમ તથા આપણુ વચ્ચેનું સારૂં હવે કયાં ગયું ? શું તું આવી રીતે મારી મદદનો બદલો આપે છે? તારા કાલાવાલાથી મેં તુંને મારાં મકાનમાં દાખલ કીધી અને તારીપર મેં પુર્ણ વીસ્વાસ મેલ્યો, તો શું તેનો આ પ્રમાણે તું બદલો આપે છે ? " લેકીન બીલ્લી હવે તેને મ્હોંમા પકડી આમતેમ હીલવવા લાગી. ઉંદરને આથી અતી વેદના થવા લાગી, અને તે પોકારી ઉઠયો : " ખુદા તારો આસરો! મેં ખુદા પર વીશ્વાસ મેલ્યો હતો, અને મને ખાતરી છે કે છેલ્લી ઘડીએ પણ ખુદાજ મારી મદદે આવશે. "

આ સાંભલી બીલ્લી ખડખડ હસ્વા લાગી અને બોલી! " અય બેવકુફ! ઓરતનો ખવાસ કેવી જાતનો હોય છે તેનો તેં દાખલો આપ્યો, અને વળી ફીલસુફીના બાણો તેં સરાસર ફેંકયાં, જે સઘલું હું મારી મતલબ હોવાથી મુંગે મ્હોડે ગરપ કરી ગઇ; હવે તું મદદ માટે જે બોલે છે તેથી મને ઘણી ગમત પડે છે. તું બીમારીસ્તાનમાં જવા લાયક છે. ઓ બેવકુફ! હવે એવો તે કોણ અહીં આવવાનો છે કે જે મારાં મ્હોંમાંથી તુંને છટકાવી મેલે? " એટલું બોલી બીલાડીએ તેને ફાડી ખાવા તૈયારી કીધી કે, તેજ ઘડીએ શેકારી કુતારાઓ સાથે એક ઘોડેસ્વારનું ત્યાં ચઢી આવવું થયું, જમીનમાં પાડેલા ખાડામાં ખખડાત સાંભળી એક કુતરાનું તે પર ધ્યાન ખેંચાયું. અને ખાડામાં કોહોલું ભરાયલું સમજી ઘણી ચતુરાઇથી ખાડામાં ડોકયું મારી, બીલાડી જે વેળા ઉંદરને ખાવા જતી હતી તેજ વેળાએ, તેને ખેંચી કાઢી. શેકારી કુતરાના પંજામાં પોતાને સપડાઇ ગયલી જોઇ બીલ્લી અતી ગભરાઇ ગઇ, અને ગભરાતમાં ઉંદરને પડતો મેલ્યો. આ તકનો લાભ લઇ ઉંદર ત્યાંથી તરતજ વંજો માપી ગયો; જ્યારે કુતરાએ બીલાડીની ગરદન પકડી તેને ખુબ હીલવીને ગરદન ભાંજી નાખી, અને જ્યાં સુધી બીલાડીનો જાન જતો રહયો ત્યાં સુધી તેને રગડોલાવી. આ પ્રમાણે ખુદાપર વીસ્વાસ મેલ્યાથી દયાલુની મદદ અંતની ઘડીએ પણ મદદે આવી તેનો છુટકો કીધો.

ફકીર અને ઘીના ઘડાની વાત

એક ચોકસ શેહેરમાં ઉમરાવોમાંના એક સાથે એક ફકીર રહેતો હતો. ઉમરાવની તેની પર ઘણી આસ્થા હતી: તેથી દરરોજના ત્રણ દેરમ અને થોડાં ઘી સાથે મધનો મુસારો બાંધી આપ્યો હતો. હવે તે શેહેરમાં સંમ યાને ઘી અતી મોંઘું હતું: તેથી ફકીર એક ઘડામાં ઘી દરરોજ એકઠું કરતો ચાલ્યો. જ્યારે ઘડો છલ્લાછલ ઘીથી ભરાયો ત્યારે પોતાના સુવાની ખાટલીની બરાબર ઉંચે ટાંગ્યો કે રાતના ચોરો જો ચોરી કરવા આવે તો, તે જાગી ઉઠી ચોરી જતો અટકાવે. સુતી વખતે હંમેશ પોતાની મોટી ડાંગ ખાટલા આગળજ અઢેલાવી મેલતો. એક દીવસે ઉંઘ નહી આવ્યાથી પોતે એકઠી કીધેલી માયા પુંજી (ઘીનો ઘડો) વીશે વીચાર કરવા લાગ્યો, અને પોતે એમાંથી કેટલો બધો તવંગર થઇ શકશે તેનો વીચાર કરી બબડયો: “ આ ઘીનો ઘડો વેચી તેના પૈસામાંથી એક માદા ઘેટું લઇશ, અને નર ઘેટું ધરાવનાર એક ભરવાડને ભાગ્યો બનાવી તેની સંભાળમાં એ નર માદા જોડને મેલીશ. પેહેલ્લે વરસે એક નર તથા એક માદા બાળકોનો એ જોડું જન્મ આપશે અને બીજે વરસે એ બધાં વારી મુજબ બ્યાશે. આ પ્રમાણે જ્યારે છયાં છોકરાં ઘણાં વધી જશે ત્યારે ભરવાડ સાથનો મારો ભાગ છુટો કરીશ, અને મારે ભાગે આવેલાંઓમાંનાં ઘણાંક વેચી નાખી તેની આવકમાંથી ગાયો તથા બલદો લઇશ. જેમની વળી મુદત દરમયાન વરતી વારી વધતાં તેમને વેચી ફલદ્રુપ જમીનનો એક ટુકડો વેચાતો લઇશ, અને ફલ ફુલાદી ઉંગાડી ઘણા પૈસા પેદા કરી થોડા ભાગ પર અઝીમ યાને મોટું મકાન બાંધીશ, અને ભપકાદાર પોશાક પેહેરી ગોરી ગોરી ગુલામડીઓ રાખી એક ખુબસુરત બઇરી પરણી લાવીશ. નેકાહને દીને ઘણી ભપકાદાર મીજલશ મેલવીશ. અને ત્યાં હાકેમ ઉપ્રાંત ભલા ભલા ઇમરાવો અમીરો. નાખુદાઓ, ફીલસુફો, આલમાઓ, ગોરી ગોરી ગાનારીઓ ત્યા નાચનારીઓ બોલાવી તેમને તરેહવાર શરબતો તથા પકવાનો જમાડી રંગ જમાવીશ. તે એવી રીતે કે સર્વે જણા મારા નેકાહ ઉમર ભર યાદ કરે. નેકાહની બરકતથી મારે ત્યાં ખુબસુરત બેટો અવતરશે, જેને હું ખુશી ખુશાલીમાં રાખી તરેહવાર હુનરો સીખાડવા આલમાઓ રાખીશ, અને અડબઅડા ભર્યા રૂકકાઓ લખવામાં પ્રવીન કરીશ. અલ્લાહ પરજ હરદમ ભરોસો રાખતાં તેને કેળવીશ અને ગરીબોપર માયા મેહેરબાની દેખાડવા તેના મનપર ઠસાવીશ. જો તે મારા કહયા સર ચાલતો માલમ પડશે તો હું મારી મેહેરબાનીનો દસ્ત વધુ આગળ લંબાવીશ. લેકીન જો તે મારા હુકમને મચક

નહી આપશે તો તો—" એટલું બોલી તેણે પેલી મોટી ડાંગ હાથમાં લીધી, અને પોતાના બેટાને મારવા જતો હોય તેમ ઘુમાવી કે ડાંગ ઘડાને અડકતાંજ ઘીથી ભરપુર ઘડો ફુટી ગયો અને સઘલું ઘી હવાઇ વીચારો કરતાં આ ફકીરના મ્હોંપર ઘોલાયું, અને તેની દાઢી ઉપરાંત આખું શરીર તથા બીછાનું ઘીથી ખરડી નાખ્યું. આ બનાવ જોયા પછીજ તેની સુદ્ધ ઠેકાણે આવી અને તે પોકારી ઉઠયોઃ "અલ્લાહ અકબર! જે ચીજ હાઝીર નહી, તેના નીવેડા વીશે ખ્યાલ કરવો એ તદન બેવકુફી છે. આપણી હાલની હાલતપરજ સુકરાના કરવા એમાંજ ખરૂં સુખ છે. તવંગરો અને ખુસામતયાંઓની તકોબરીના પણ આ ભરેલા ઘડાની પેઠેજ ટુકડે ટુકડા સપાટામાં થઇ જાય છે."

જંગલી ગધેડાં અને કોહલાંની વાત.

એક ચોક્કસ વરૂ હમેસાં પોતાની છુપાવાની જગ્યામાંથી બાહેર નીકલી ખોરાકની શોધમાં નીસરે. એક દહાડે ડુંગરાઓપર ભટકતાં પણ તેને ખોરાક મલ્યો નહી. અને ભુખે પેટે નીરાશીથી તે જતું હતું, તેટલા સામેથી તેને એક બીજું વરૂ મલ્યું. ખેર આફીઅત પુછયા પછી દરેક જણે પોતપોતાના કામ માટે ખબર આપી. ત્યાર પછી એક બોલ્યુંઃ "ત્રણ દીવસની વાત પર હું અતી ભુખ્યું થયું હતુંઃ સબબ, ત્રણ દહાડા આગમજ મને કાંઇ ખોરાક મલ્યો નહી હતો; તેટલાં મને એક જંગલી ગધેડું મળી ગયું, અને અલ્લાહની બક્ષેશથી તેને મારા સપાટામાં લઇ તેનું પેટ ફાડી તેનું છીગ્ર ખાધું; ત્યાર પછી મેં કાંઇ ખાધું નથી અને મને ભુખ પણ નથી. એ હૈયું ખાધા પછી મારૂં પેટ તદન ભરપુર રહેલું છે."

જ્યારે બીજા વરૂએ પોતાના જાતીલાનો આ મુજબ હેવાલ સાંભલ્યો, ત્યારે તે બાતેનમાં તેની ઘણી અદેખાઇ કરવા લાગ્યું, મનશે બડબડી દીલાસો લીધો કે "એ તો નશીબમાં મલવાનું તે એને મલ્યું. ખોદા કરે ને મને પણ એમજ ગધેડાંનું છીગ્ર મલે."

હૈયું મલવાની ત્રણ દહાડા આગાઉ પેલું વરૂ ભુખ્યું રહયું હતુ તેથી આ વરૂએ પણ ભુખે રહેવા માંડયું, જેમ કરતાં તે તદન દુબલું બની ગયું તે એટલાં સુધી કે ચાલવાની પણ તેનામાંથી તાકાત જતી રહી, અને ભોંયપર અલેતાઇ ગધેડાનું છીગ્ર તલેસમાતીક રીતે મલી જાય એવા ભરોસાએ પડી રહયું. આ પ્રમાણે તેની હાલત હતી, તેટલાં બન્યું એમ કે બે શીકારીઓ એક જંગલી ગધેડાંની પુઠે લાગ્યા હતા. આખરે પેલું ભુખ્યું સાલબ યાને કોહોલું ખાડામાં પડી રહેલું હતુ ત્યાંજ કાંતા રૂપી તીરથી

ગધેડાંને બેજાન કીધું. તીર તેના હૈયામાં પેવસ થયો હતો. ત્યારપછી શેકારીઓ તીર કામઠાં સાથે ત્યાં આવી ચઢયાં. ગધેડાંના શરીરમાંથી તીર ખેંચી કાઢયો; લેકીન લાકડું બહાર નીકળી શકયું, જ્યારે કાંતાવાલો લોખંડી ભાગ તો ગધેડાંના પેટમાં રહી ગયો હતો. ગધેડાની લાસને તેઓએ ત્યાંજ રહેવા દીધી, એવી આશાથી કે કદાચ બીજાં જંગલી ફાડી ખાનારાં જાનવરો ત્યાં દોરાઇ આવે તો તેમને વધુ સારો શેકાર મલે. તેઓ સાંજ તુલીક ઝાડીવાલી જગયે છુપાઇ બેઠા પછી પોતાને મકાને વીદાય થયા. બીજા હાથપર રાત પડવાનીવાર જોતું સાલબ યાને વરૂ પોતાના છુપાઇ બેસવાના ખાડામાં ગુપચુપ પડી રહયું. તેણે મોટો ખડખડાત સાંભલ્યો હતો: તેથી તે ચેતી ગયું હતું કે કોઇ જાનવરને શેકારીઓએ બેજાન કીધું હતું. અંધારૂં થતાંજ વરૂ બાહેર નીસર્યું અને જંગલી ગધેડાંની લાસને નજદીકમાં જોઇ તે અતી ખુશાલ બનયું, અને ખુદાની શોકર ગુજારી કરી લાસ પર તેણે તરાપ મારી, અને પેટ ચીરી જીગ્ર એકદમ ખાઇ જવાના ઇરાદાથી મ્હોં અંદર ગુસાડયું અને ગળવા માંડયું; પણ સેહજ વારમાં તીરનો કાંતાવાલો ભાગ તેના ગલામાં ખુંટી બેઠો. આથી તે ગળી શકયું નહી, તેમજ મ્હોંમાંથી બાહેર કાઢી શકયું નહી, અને અગનને મારે બરાડા મારવા લાગ્યું. તેણે તે બાહેર કાઢી નાખવા ઘણાએ ફાંફાં મારયાં, લેકીન કાંઇ વલ્યું નહી, અને શ્વાસ લેવામાં પણ હવે હરકત થવા લાગી. તેણે જોયું કે મોત ખચ્ચીત નજદીક આવી પુગ્યું હતું, તેથી મનસે વમાસ્યું; "યા ખુદા! બીજાની સુજે બેવકુફીથી ચાલવા જતાં મારા આ હાલ થયા છે. પારકાની ચઢતી દશા જોઇ તે માટે અદેખા બની તેની માફક ચાલ્યાથી આ પ્રમાણે મારી દશા થઇ છે. બાહેરનો ભપકો દેખાડવાથી કાંઇ ખરેખર પઇસાવાલામાં ખપાઇ શકાતું નથી, તેમજ જીગ્ર ખાવાથી કાંઇ હમેસગીની ભુખ છીપાઇ શકાતી નથી. મોરની સુજે તીતર ચાલ્યું તો આ પ્રમાણે હું મારી ચાલ્યું."

પાજી પાદશાહ અને ફકીર શાહજાદાની વાત.

બહમન દેઝ આગળ એક જુલ્મી પાદશાહ રાજ ચલાવતો હતો. તેના જુલમાતથી આખી રઇયત ત્રાહે ત્રાહે પોકારતી હતી. તે પોતાની રઇયત પર જુલમ ગુજારતો, એટલુંજ નહી પણ દેશ પરદેશથી જે વેપારીઓ આવે તેની પાસેથી તેના રોકડમાંથી ચાર પંચમાંઉસ ભાગ પાદશાહના અમલદારો છીનવી લે, અને એક પંચમાઉસ ભાગજ વેપારીને સ્વાધીન રહેવા દે. હવે પરવરદેગાર સાહેબની બક્ષેશથી તે પાદશાહનો એક છોકરો

હતો, જે તદ્દન ખુદાથી બીહીને ચાલનારો, ઉદાર, ધરમી અને સારા સદગુણો ધરાવનાર હતો. આ ગાદીવારેસ શાહજાદાને બાહેરનો તકલીદી ભપકો મુદલ પસંદ નહી હતો, તેમજ પોતાના પીતાના જુલમાત માટે મનમાં ઘણો બળાપો કરતો હતો. બાપડા વેપારીઓ અને ગરીબ રૈયતપર ઘણો જુલમાત વર્સતો જોઇ તે મુસાફરીએ નીકળી ચાલ્યો, અને ફકીરનો વેશ તેણે ધારણ કીધો કે જેથી કોઇ તેને હેરાન કરે નહી, અને જ્યાં ગમે ત્યાં જવાની તેને સવલતા મળે. એમ ઘણા વરસો સુધી પરદેશમાં ગુજાર્યા પછી તે પોતાના પીતાની રાજધાનીમાં આવી લાગ્યો, કે શેહરના દરવાજા આગલ ઉભેલા અમલદારોએ તરત તેને પકડી તેની ઝડતી લેવા માડી, પણ એક નવા અને એક જુના સાયા સીવાય બીજો કશો અતેજ મલ્યો નહી: આથી પેલો નવા જેવો સાયો તેઓએ તાજના લાગા દાખલ લઇ લીધો. આ જોઇ ફકીર બનેલા શાહજાદાને તેમની પર ઘણો ગુરસો ચઢયો અને અને બોલ્યો "ઓ તમો જુલમગારો; હું એક નીમાજી ફકીર છું અને ગામે ગામ ભીક્ષા માગી ફરતો અહીં આવી લાગ્યો છું. મારી માયા પુંજીમાં ફક્ત આજ બે સાયા છે, જે તમોને શું કામ લાગવાના છે? પાદશાહને એમાંથી શી હાંસલ થનાર છે? હું ધારૂં છું કે તમારા આ જાતના જુલમાતથી શાહ વાકેફ નહી હશે. જો તમો પાછો મને એ સાયો નહી આપશો તો હું જાતે શાહ આગલ દાદ ચાહવા જઇશ."

"અય ફકીર! આ જે અમે લીધું છે, તે ખુદ પાદશાહના હુકમની રૂએ છે: માટે મેહેલમાં જવામાં ફાયદો શો?"

લેકીન શાહજાદાના મનમાં એ બીના ઉતરી નહીં, અને તેણે મહેલ તરફ જવા ચાલુ મેલ્યું. જ્યાં જતાં તેણે દાખલ થવા માગ્યું, પણ દરવાનોએ અટકાવ મેલ્યો. "હવે અહીં ઉભો રહી જ્યારે શાહ અંહીંથી પસાર થાય ત્યારે અરજ કરવા સીવાય કશો છુટકો નથી." શાહજાદાએ મનમાં વમાસ્યું, અને ત્યાંજ તે ઉભો રહયો. થોડી વાર રહી પાદશાહની સ્વારી પોકારચીઓએ પોકારી. આથી ફકીર સીફતથી ધીમે ધીમે દરવાજા આગળ જઇ ઉભો, અને જેવો શાહ તયાંથી પસાર થવા જતો હતો તેરોજ તેણે દાદ પુકારી. શાહ ઉભો રહયો, અને શાહજાદાએ રેવાજ મુજબ તેની ઉમરદરાજ ચાહી ફરયાદ કીધી, અને તેના પર ઠસાવ્યું કે, જે દુન્યાની માયાપુંજી તજી ખુદા યાદમાં દહાડા ગુજારનાર હોવાથી તેની પર જુલમ પાડવાથી પહરેજ રહેવું, અને તે મુજબ ફકીરો પર જુલમ નહી ગુજારવા અમલદારોને તાકીદ આપવા લાજેમ છે.

"આ રાજના રેવાજથી બીન માહીતગાર હોયા છતાં તુંને કોણે આ શેહેરમાં આવવા જણાવ્યું ?" ગેર વાજબી શાહે ઉતર વાલ્યો. "તું ચાલી ચલાવી મારા રાજમાં આવ્યો છે, તો તારે રાજના રેવાજ પ્રમાણે ચાલવુંજ જોઇએ."

"મને મારો સાયો પાછો અપાવ, અને પછી તારે ગમે તે કર" શાહજાદાએ ઉતર વાલ્યો.

જ્યારે શાહે આ મુજબ ફકીરી વેશના શાહજાદાને મુખથી સાંભલ્યું, ત્યારે તે ઘણો ગુસ્સે થયો, અને પોકાર માર્યો: "યા જાહીલ બેવકુફ ! અમે તારો એક સાયો લઇ લીધો એવી મતલબથી કે તું તારી તાબેદારી કબુલ કરી અમોને નમે ? લેકીન, તેં જ્યારે ઉલટો રાહ એખતયાર કીધો છે તો તારા સાયા ઉપ્રાંત તારો જાન પણ લેવાવો જોઇએ." એટલું બોલી તેણે ચોપદારોને હુકમ કીધો કે ફકીરને બંધીખાનામાં પુરે, અને જ્યારે હુકમ મોકલે ત્યારે તેને કતલ કરે.

નીમાજી શાહજાદાને મેહેલના કેદખાનામાં વીચાર આવયો કે સાયો જવા દીધો હતે તો બહેતર હતું, લેકીન હવે તો શાહના જુલમથી નાહક જીવ પણ જવાનો સમય નજદીક આવી પોંહોંચ્યો હતો. આ પ્રમાણે તે વીચાર કરતો હતો, તેટલાં મધ્ય રાત્રી પણ પડવા આવી. તે ખડો ઉભો થયો, અને ખરાં અંતકરણથી ખુદાની બંદગી કરી પોકારવા લાગ્યો: 'યા ખુદા ! તું સત્યવંત, અપક્ષપાત અને દયાલુ છે. મારા હેવાલથી તો તું જાણીતો હોવોજ જોઇએ. શું તું આ જુલમી શાહનો અંત લાવી બાપડી રઇતને એના જુલમાતથી નહી છોડવે ? એની રઇયત તે તારી પોત્તાની રઇયત છે, તો તું શા માટે આંખ વીચામણ કરે છે ? તારો ન્યાય બોરજ કહેવાય છે, તો તારા સત્ય ન્યાયનું પ્રબલ દેખાડવા શું હજી સમય આવી નથી પોંહોંચ્યો ? શું કરવા તું બાપડી રઇયતને કલવલવા દે છે ? તારા કીનાનું બાઝાર તેજ કર, કે જેથી દરેક જણ દયાળુ અને ન્યાયી થતાં સીખે; શાહના જુલમાતની તો હવે હદજ થઇ છે: તેથી હું તારો કમીનો ખાક બંદો કરગરીને અરજ કરૂંછું કે આજ રાત્રીએજ આ ચાલુ જુલમાતનો તું અંત લાવે, અને તમામ ખલકતની આંતરડીની દુવા હાંસલ કરે. ખરો સમય આજ છે !" દારોગાએ જ્યારે આ નીમાજી બંધીવાનની ખરાં અંતઃકરણથી કીધેલી આ મુજબની અરજ સાંભળી, ત્યારે તે ઠરઠરવા લાગ્યો, કે તેજ વેળા આસ્માનપર એકાએક કડાકો થયો. તેજી વીજળીના ઝલકાટે સર્વ જાગતાંની આંખને પલએક સુધી આંધળી બનાવી, અને બે

ત્રણ પલ ગઇ નહી કે તમામ મેહેલ સલગી ઉઠેલો જણાયો. મેહેલના અને તેમાંના કેદખાનાના દરવાજાઓ બંધ હોવાથી સર્વ બળી જળી સપાટામાં ખાક થવા લાગ્યું. આ જોઇ દારોગો ફકીરના કેદખાનાની કોટડી તરફ ધસ્યો અને તેના બારણું ઉઘાડી નાંખી બળતા મેહેલની બાહેર બારી વાટેથી કુદી પડયો કે તેજ ઘડીએ મોટા ધડાકા સમેત તમામ મેહેલ જમીન દોસ્ત થઇ બળવા લાગ્યો, અને તેમાંના તમામ આસામીઓને કચડી બાળી નાખ્યાં, જેમાં પેલો જુલમી શાહ પણ હતો. આખા મેહેલમાં ફક્ત દારોગોજ એવો આસામી હતો કે જે, નીમાજી સાથે દયાળુ હોવાથી, શાહ તથા તેના અમલદારોનો જુલમાત જોઇ મનમાં મુઝાતો હતો.

શાહજાદા તથા દારોગાનો છુટકો થવાથી તેઓ પાસેના રાજ્યમાં ગયા, જ્યાં શાહજાદાએ પોતાની ઓલખ આપી. તે રાજ્યની મદદથી પોતાના જુલમી પેદરનાં રાજની લગામ હાથમાં લીધી, અને જીંદગી તુલીક ન્યાય અને ડહાપણુથી રાજ ચલાવી તમામ રૈયતની આંતરડીની દુવા હાંસલ કીધી. તેણે દારોગાને પોતાના જેવાજ વીચારનો જોઇ પોતાનો વડો વઝીર બનાવ્યો. દારોગો વારંવાર બોલતો હતો: "દરેક ચીજની માફક જુલમાતની પણ હદ હોય છે. ખરાં અંતઃકરણથી તમામ ખલકનાં ભલાં માટે કીધેલી જીંદગી કારગત લાગ્યા વના રહેતી નથી. જુલમગારો, તરકતબાજો વગેરે ગમે તે મનમાં ફાંકો રાખી હલકાં કામો કરે, લેકીન ખુદાની લાકડીના એક ઝપાટાથી એક પલમાં તેઓ છુંદાઇ જાય છે."

બે હાકમોની વાત.

બે હાકેમો બે જુદે જુદે ઠેકાણે હાકમી ભોગવતા હતા. તેમાં એક ન્યાયી હોવાથી દયાવંત અને નીમાજી હતો, જ્યારે બીજાની આસ્થા ધર્મપર નહી હોવાથી ખુબ રોબમાં રહી ભપકોસપકો કરવામાં તથા રૈયતપર જુલમ ગુજારવામાં મજાહ માનતો હતો. પેલા પહરેજગાર ને ન્યાયી હાકેમનો દેશ ઉજડ જેવો હતો, જ્યારે પેલા જુલમગારનો મુલક ઝાડો, ફળ ફળાદી, તથા પાણીથી ભરપુર હતો, છતાં આ પાપી હાકેમ જે પણ વેપારી તેના મુલકમાંથી પસાર થાય તેના અવેજ લુટી લેવા વગર રહેતો નહી, અને કદાચ કોઇ વેપારી તેના સપાટામાંથી છટકી શકતો હતો. વેપારીઓ તે સહન કરી જતા: સબબ, તેનો મુલક ફળદ્રુપ હોવાથી વેપાર વણજ પણ ભારે, જેને લીધે ધંધામાં તથા વેચાણ સાટણમાં નફો પણ વધારે હતો.

હવે એવું બન્યું કે ન્યાયી હાકેમને ઝર ઝવેરાત એકઠી કરવાનો

શોખ તથી તેણે પોતાના એક વીશ્વાસુ ઝવેરીને નાણાની મોટી રકમ આપી પેલા જુલમગાર હાકેમના મુલકમાં મોકલ્યો. હાકેમના જુલમાટની ઘણી વાતો તેની જાણમાં આવતી હતી, લેકીન આ ન્યાયી હાકેમ તે પર ભરોસો મેલતો નહી હતોઃ સબબ તે સવ હાકેમને પોતાના જેવાજ સમજતો હતો.

ઝવેરી જ્યારે શહેરના દરવાજા આગળ આવી ચઢયો ત્યારે ગેરઇનસાફી હાકેમના અમલદારોએ તેને અટકાવ્યો અને તેની ઝડતી લેવા માંડી, જેમ કરતાં મોટો અવેજ તેની પાસેથી નીકલ્યો. આવી મોટી રોકડ રકમ જોઇ અમલદારોએ તેને હાકેમ હજુર ઉભો કીધો.

"તું કોણ છે અને કયાંથી આવ્યો?" ગેરઇનસાફી હાકેમે ઝવેરીને સવાલ કીધો "શા સબબસર તારૂં મારા મુલકમાં આવવું થયું?"

"જનાબે આલી! ફલાણા હાકેમે મને રોકડ આપી અહીં મોકલ્યો છે કે જેથી ઝવેરાત ખરીદી અહીંથી પાછો વીદાય થાઉં." ઝવેરીએ ઉતર વાળ્યો. "તેના હુકમથી અહીં મારૂં આવવું થયું છે. હું કમીનો નોકર; આ રોકડ કાંઇ મારો અવેજ નથી, પણ એ નામવર હાકેની મતા છે."

"લટપટ છોડી દે! એમ બોલ્યાથી કાંઇ મારા રાજ્યનો હુકમ હું તારા બાબમાં ફેરવવાનો નથી." અન્યાયી હાકેમે ભવાં ચઢાવી જણાવ્યું "તું મારા રાજ્યમાં આવ્યો તો તારે પેહેલેથીજ અહીંના કાયદાથી વાકેફ થવું હતું."

"ઓ નામવર! પણ આ પૈસા કાંઇ મારા પોતીકા નથી કે તે તાજની મતા થાય. હું તો ફક્ત એ રોકડનો રખેવાલ છે." ઝવેરીએ તકરાર ચાલુ રાખી "મારે તો એના ધણીને એની કીમ્મતના પ્રમાણમાં અવેજ પાછો વાળવો જોઇએ."

"તારી તકરાર હું સાંભળવા માંગતો નથી. મારો હુકમ એ છે કે તારા છુટકારાના બદલામાં આ સવં રકમ મારાં તાજને સ્વાધીન કરવી, અને ત્યારેજ હું તુંને તારે દેશ જવા દેવાનો હુકમ આપીશ. જો તું અવેજ મારા અમલદારોને સ્વાધીન નહીં કરશે તો તારો જાન કબજ થશેઃ તારો જાન, નહીતર તારી પાસેનું રોકડ."

આ સાંભળી ઝવેરીએ વીચાર કીધોઃ 'બે હાકેમોની વચ્ચે હું આવી પડયો છું. બન્નેના ખવાસ તથા રીતભાતમાં આસમાન જમીનનો ફરક છે. આ હાકેમના જુલમાતની બીના મેં અત્યાર આગમચ સમજી છે. જો એને હું રાજી નહી કરીશ તો મારી પાસેની પુંજી ઉપ્રાંત મારો જાન પણ

ગુમાવીશ. તેમ બનતાં મારા શેઠના હાથમાં તો કાંઇ આવવાનું નથીઃ ઉલટું તે વખતે એમ સમજશે કે હું બેઇમાન થઇ રોકડ લઇ નાસી ગયો છું યા વેશ બદલી મોજ મજાહ કરૂં છું. બીજા હાથ પર જો આ જુલ્મી હાકેમને મારા શેઠની નજરમાં હું હલકો પાડીશ અને ઘણું ખરૂં તે મારૂં કહયું માનશે પણ નહી અને તરેહવાર શંકા તેના મનમાં પેવસ થશેઃ માટે સૌથી સરસ રસ્તો તો મને એ સુજે છે કે આ રોકડમાંનો થોડોક ભાગ આ હાકેમને આપું અને બાકીના અવેજમાંથી આ ફળદ્રુપ તથા વેપારી મુલુકમાં નફાકારક ધંધો ચલાવી જ્યારે સર્વ અસલ રકમ પુરેપુરી થાય કે તેનું ઝવેરાત ખરીદી પાછો મારા શેઠને ત્યાં જાઉં અને સર્વ હેવાલ કહી તેની ક્ષમા માગું. મારો શેઠ ન્યાયી છે અને પેગામચીઓ મોકલી જુસ્તેજો પણ જો ચલાવશે તોપણ મારી સત્યતા તેને માલમ પડશે." આવો વીચાર કરી તેણે પેલા ગેરઇનસાફી હાકેમને રોકમાંથી થોડો ભાગ આપવા કહયો અને તેના રાજ્યમાં વસી ધંધો ચલાવવા પરવાનગી માગી. હાકેમે આ માંગણી મંજુર કીધી અને એક વરસની મુદત તુલીક ઝવેરીની વચ્ચમાં ગયો નહી, જે વખત દરમ્યાન ઝવેરીએ વેચાણ સાટણ કરી અસલ રકમ કીધી અને ઝવેરાતો ખરીદી પોતાના અસલ શેઠના રાજમાં ગયો અને હાકેમને ઝવેરાત સ્વાધીન કરી સર્વ હેવાલ કહ્યો. દાનેશમંદ હાકેમે આ સાંભળી ઝવેરીની અકક્લ હુશિઆરીની તથા તેના પ્રમાણીકપણાની તારીફ કીધી. અને તેજ વેળા પેલા અન્યાયી હાકેમની રીતી માટે ખેદ દેખાડ્યો, જે સાંભળી વડા વઝીરે જણાવ્યું: "ઓ દયાળુ શાહ! સર્વ આદમો કાંઇ સરખાં હોતાં નથી. તમારીજ માફક પેલો હાકેમ તમારાજ જેટલો મોભાદાર પોતાના રાજમાં ગણાય છે; લેકીન તેના કામોથી કુલ રૈયત કંટાલી ગઇ છે અને તેની વાજબી રીતે બદબોઇ કરે છે, જ્યારે બીજા હાથપર આપ નામવરની તારીફ સારી આલમમાં મશહુર છે. ખુદાએ જેઓને ઉંચા દરજ્જા પર મેલ્યા હોય, તેઓએ લુટફાટ, તરકટો તરફ તુચ્છકાર દેખાડી પોતાની ઉંચી બુન્યાદ દેખાડવી જોઇએ છે."

અપંગ અને લંગડા શખ્સોની વાત.

એક હતો આંખે અપંગ અને બીજો પગે લંગડો. પરવરદેગાર તેમનામાં આ એબો મેલેલી હતી. બન્ને તરકટોમાં પુરા હતા. અંધે લંગડેની આ જોડ સાથેજ શેહેરમાં ફરીહરી ભીક્ષા માગી તરકટો લડાવી, યા ચોરી ચપાટી કરી પોતાના પેટનો ખાડો પુરે.

એક દહાડો એક ઉમરાવના ઉત્તમ ખવાસની તારીફ સાંભળી તેઓ ત્યાં ગયા અને રડી કુટી તે દયાળુની દયા ઉશ્કેરી મેલી; જેનું પરીણામ એ આવ્યું કે તે ઉમદા ખવાસનો ઉમરાવ તેમને પોતાની જાગીરમાં લઇ ગયો અને પોતે થોડા વખતમાં પાછો ફરવા જણાવી થોડાંક પાકાં ફળો તોડી, તેમને ફળોને હાથ નહી લગાડવા તાકીદ કરી બાહેર ગયો. થોડી વાર ગઇ નહી કે લંગડેદીને પોતાના આંધળા હમશરીકને જણાવ્યું: "બલા ! માલીક તો હવે ગયો છે તે પાછો ફરી આપણને મદદ કરવા કહી ગયો છે તો ખરો, પણ તે તો ભવીષ્યની બીના થઇ; હાથમાં તેના સાથમાં, એ આપણો જન્મથી મુદ્રાલેખ છે. આ જાગીરમાં ઘણાં સરસ મોટાં પાકાં ફળો છે, જે જો આપણે પડતાં મેલ્યો તો આપણા જેવા મુર્ખા કોઇ ગણાય નહી."

"તારૂં કહેવું બોલે બોલ ખરૂં છે; મારૂં નાક પણ ત્યારનું સોડમથી બેહેક બેહેક થાય છે અને તેને લીધે ભુખ પણ વધી પડી છે. હું એ વીશે બોલવાનોજ હતો, તેટલાં તેંજ એ વાત છેડી; લેકીન, આપણે કેવી રીતે એ તોડયે ?"

"હા ! તેજ વીચાર છે. તું આંધળો અને હું લંગડો; છતાં આપણી હંમેશની રીતી પ્રમાણે કાંઇ ટુચકો શોધી કાઢવો જોઇએ. જો ! ઠીક તાલ યાદ આવી. હું તુંને એક નીચાં ઝાડ આગળ લઇ જાઉં છું, જેની ડાંખળીઓ પાકાં ફળોથી ઝુલાઇ ગઇ છે. તું ત્યાં બેસ અને હું તારી ખાંધ પર ગોઠવાઉં; પછી તું ઉભો થા અને મારા હાથ તથા લાકડીથી આપણે એ ફળો ઝુડી કાઢીશું, અને ઘણા સરખાં એકઠાં કરી બજારમાં વેચવા અહીંથી વહાણા વાની જઇશું. અલબતાં ! પેહેલાં તો આપણે આપણા પેટનો ખાડો પુરીશું."

આ યોજના પર અમલ કરી થોડાંથી સંતોષ નહીં પામી ઘણા ઝાડોને ખંખેરી નાખ્યા, અને ફળોનો મોટો જેવો ઢગ એકઠો કરતા ચાલ્યા. તેઓ આ ખાનાખરાબીના કામમાં એટલા તો મશગુલ હતા કે પેલો ઉમરાવ પોતાની જાગીરના રખેવાલ સાથે પાછો ફરી સઘળો તમાસો અજાયબી તથા ગુસ્સા સાથે જોતો આવતો હતો તેનું પણ તેમને ધ્યાન રહ્યું નહીં.

ઉમરાવ તેમની પર ધસ્યો ગયો અને લંગડાના હાથમાંની પેલીજ લાકડીથી બન્ને ચોરોને ખુબ ફટકાવી કાઢી બોલ્યો: "ભુંડાંથી ભલાંની આશા કદી રખાતી નથી. અય બદમાશો ! તમારૂં હમેશનું દલદર ફીટે એવા ધ્યાલાને મનમાં ગોખી હું અહીં આવ્યો હતો, લેકીન તમોએ તમારી બદ ચાલથી

મનમાં યોજેલી મારી સઘળી ગોઠવણુ ઉંધી વાળી છે; લેકીન તેનું ફળ તમોને પોતાનેજ ચાખવું પડયું છે. કેહેવત છે કે બદ આદમોથી ભલાંની આશા રાખવી હેમકાઇ છે.

હેમક માછીની વાત.

એક માછી ખાંધે જાળ મારી રેવાજ મુજબ નદી પર માછલાં મારવા ગયો. જ્યારે તે પુલ પરથી પસાર થતો હતો ત્યારે નદીની અધ-વચ્ચે એક જબરી મોટી માછલી તેના જોવામાં આવી.

“નદીની વચ્ચમાં જાળ લઇ જઇ ફેંકવા અડચણ પડશે; બેહતર કે કાંઠે મારી જાળ મેલી એ માછલાંને હાથે પકડું; એ વેચીશ તો થોડા દીન તુલીક મને આસાયશ મળશે.” તે બોલ્યો; કપડાં કાઢી, શરીર પર ફકત લંગોટ રહેવા દઇ અને જાળ પણ કાંઠે મુકી તેણે નદીમાં હોમાવ્યું. લંગોટમાં તેણે પોતા પાસેનું કોઇટું ખોસ્યું હતું.

નદીનો પ્રવાહ તેને વધુ અને વધુ દુર લઈ જતો હતો, અને પેલી માછલી પણ તે સાથે જતી હતી: તેથી તે વધુ અને વધુ કીનારાથી દુર, ઉપ્રાંત ઉંડા પાણીમાં જતો હતો; તેનું તેને મુદલ ધ્યાન રહ્યું નહી. તેનું સઘળું ચીત પેલી મોટી માછલીમાં રોકાયલું હતું. આખરે પેલી માછલી તેના સપાટામાં આવી અને તે પકડી પાછો કીનારે ફરવાના ઇરાદાથી તેણે તે તરફ જોયું, ત્યારેજ પોતે કેટલો દુર નીકળી ગયો હતો તેનું તેને ભાન આવ્યું. હવે તેને પ્રવાહની સામે રસ્તો કાપવો હતો અને વળી હાથમાં પેલી મોટી માછલી તરફડયાં મારતી હતી. કીનારે સલામત જવા માટે પેલી માછલી તેને છોડી દેવી જોઇએ; લેકીન આટલી બધી મહેનતથી પકડેલી આ માછલીને જતી મેલવા તેનું મન થયું નહી. માછલી હાથમાં હોવાથી તરવું તદન નહી બને તેમ હતું. જેથી નદીનો પ્રવાહ તેને જ્યાં લઇ જાય ત્યાં જવાના ઇરાદાથી પાણી પર ચટોપાટ પડયો. પ્રવાહ તેને ઘસડતો ઘસડતો ડુવામાં યાને પાણીના વંટોલ્યામાં લઇ ગયો, જેમાંથી કોઇ પણ જીવતું છટકી શકતું નહી હતું. હવેજ માછીની શુદ્ધ ઉઘડી અને તે પોકારવા લાગ્યો “ભાઇઓ! ડુબતા આદમીને બચાવો!”

આ બુમો સાંભળી નદી પર રાખેલા પોહરેગીરોનું તે પર ધ્યાન ગયું અને તેઓએ બુમો પાડી પુછ્યું: “આવા જોખમમાં તું શા સબબસર ગયો? આ ઠેકાણેના જોખમથી તો તું પુરો વાકેફગાર હતો, તે છતાં તેં એ ઠેકાણે કાં ઝીપલાવ્યું?”

“અરે બચાવો! મને બચાવો!” ડુબતા માછીએ કરગરી કહ્યું.

"અમો તુંને કેવી રીતે બચાવ્યે ? અમોમાંથી કોઇ પણ જાની બુજી જાન જોખમમાં નાખનાર નથી."

આ સાંભળી હેમક માછીએ પોતાના જાનની સઘળી આશા ખોઇ, અને પેલી માછલી પણ તેના હાથમાંથી સરી પડયાથી છટકી ગઇ. આખરે અહીંથી તહીં ગોળ ગોળ અફડાઇ જીકાઇ તેણે પોતાનો પ્રાણ ખુદાતાલાને સ્વાધીન કીધો, પણ મરતી વખતે પસ્તાવો કરતો બોલ્યો: "ઘણો લોભ તે સત્યાનાશનું મુળ ! મારી પોતીકી બેવકુફીથી સલામત રસ્તો મેં મુકી દીધો તેનું પરીણામ હવે મારો જાન જવામાં આવશે. શકતી ઉપ્રાંત અતેરૂં કર્યાંથી એવુંજ પરીણામ આવે છે."

પંચ મારખાંની વાત.

એક વણકર હતો, જે પોતાના મહોંપર બેઠેલી પાંચ માખીઓ એક છાપટે મારી નાખતો હતો અને તે પરથી તેનું નામ પંચ મારખાં કોઇએ પાડયું હતું. લેકીન સાધારણ લોક એ નામ પરથી એવું ધારવા લાગયું કે એકી. વેલાએ જોરાવર વણકર પાંચ દુશમનોને મારી નાખતો હતો એક દીવસે તે ઠેકાણેના રાજાને બાતમી મળી કે તેના દુશમનો તેની રાજ્યધાની પર ધસી આવવાનો ઇરાદો રાખતા હતા. આથી બીજે દીને તેમની સાંમે લડવા લડાયક માણસોને તઇયાર રહેવા હુકમ ફરમાવ્યો: જે વો હુકમ આપણા બહાદર પંચ મારખાંને મલ્યો: સબબ, તેના બહાદુરીની કીર્તી ચોમેર પ્રસરી રહી હતી અને પંચ મારખાં પણ મનમાં મગ્નન રહેતો હતો.

હવે પોતાની આખી ઉમરમાં તેણે કોઇ દીને તીર કામઠાં યા ઘાલ તરવાર ઉગામેલાં નહી: તેથી રાજેથી રાજનો ઉપલો હુકમ મલતાં તે બાપડો ગભરાવા લાગ્યો. ઘણો વીચાર કરતાં તે એવા સાર પર આવ્યો કે અંધારી રાતનો લાભ લઇ ત્યાંથી વતેણા વાની જવામાં વધારે સારી બેહાદુરી છે. અંધારૂં પડતાંજ તે પોતાના ગધેડાં વાડમાં ગયો અને એક ગધેડાં પર અનાજ દલવાની બે પથ્થરની ચકીઓ સમતોલ લાધી અજાણ મુસાફરની પેઠે નીકલી પડયો. લેકીન, બાપડાનું નશીબ કેહું બહુ જોરાવર. તે યાહોમ દુશમનોની છાવણીમાંજ બેધ્યાનપણે જઇ ચઢયો. આ વેળા તે એક ટેકડા પર હતો અને નીચે દુશમનોનું લશકર છાવણી નાખી પડેલું હતું, તેટલાં ગધેડાંને શુર છુટી આવ્યું અને ચોમેર પછાડી ઝાડી ભુકવા લાગ્યું. આથી પેલી બે મોટી ચકકીઓ ગગરતી નીચે દુશમનોની છાવણીમાં મોટા અવાજ સાથે જઇ પડી. દુશમનો સમજ્યા કે હરીફોએ તેમને ઘેરી લીધા હતા: જેથી અંધારામાં ગભરાટ છુટો અને ગડબડાટ સાથ-નાશભાગ ચાલી; જેનું પરીણામ એ આવ્યું કે દોડાદોડીમાં તેમનાજ માણસોએ કેટ-લાકોને દુશ્મન સમજી મારી નાખ્યા. પણ પંચ મારખાંને તો આ બેહેસ્તનો દરવાજો

બુલ્ભો થવલા સમાન જણાયો અને તે ત્યાંથી નાસી જવાને બદલે ખંખાર મારતો છાતી કાઢી ધીમે કદમે ગામમાં પાછો વલ્યો, અને પોતાના ગામના જે શુરવીરો કુહાડું વાલી ગપ્પા મારતા બેઠેલા હતા તેમની આગલ જઇ જણાવ્યું:" ભાઇઓ! હવે નીરાંતે તમો નીદ્રાવશ થાવો! હમણાંજ હું દુશ્મનોમાં ખુના મરકી ચલાવી પાછો વલ્યો છું." કેટલાકો તેની આ વાત ખરી માનવા લાગ્યા, જ્યારે બાકીનાઓએ શક દેખાવ્યો કે પચ મારખાં ગાંજાની જુમમાં બકતો હોવો જોઇએ. "તમે મને નથી માનતા? પહોર ફાટતાંજ તમોને જણાશે કે દુશમનોની છાવણી ક્યાં ગેપ થઇ ગઇ છે!" પંચ મારખાંએ ગભીરાઇથી જણાવ્યું. અને ખરેખર! પહોર ફાટતાંજ સરવેએ આગલા દીવસની દુશમનોની છાવણી વાલી જગ્યા પર નજર નાખી તો જમીન તદન સફા દીસી! અને અહીં તહીં થોડાંક મરણ પામેલા દુશમનોની લાશો જોવામાં આવી: આથી પંચ મારખાંની વાખવાખી આગલ કરતાં પણ જયાદા વધી ગઇ અને નફામાં રાજા તરફથી કીમતી સરોપાવ મલ્યો તે જુદો

થોડા દીવસ ગયા કેડે ગામમાં વાઘની બુમ ફડી! આથી એક હીમ્મતવાને તઇયાર થઇ રાતના વાઘના ઠેકાણા આગળ જઇ તેને મારી નાખવા સરકારનો હુકમ નીકલ્યો. પણ પંચ મારખાં કરતાં વધુ હીમ્મતવાન કયો જોઇયે હોય? જેવી લોક પસંદગી તેની પર ફિતરી કે સરકારી પેગામ તેને પોંહોંચાડવામાં આવ્યો. ગરીબ બાપડો! વીચાર કીધા પછી રાતના ગુપચુપ પલાયન કરી જવા મનમાં ગોખ્યું. અગાઉનીજ પેઠે તેણે પેલાં ચંચલ પ્રાણી ગધેડાને પોતાના સોબતી દાખલ તઇયાર કીધું, અને કાન પકડી દરવાજા આગલ અંધારામાં બાધી ઝુપડામાં ગયો અને મુસાફરીમાં કામે લાગે એવી ચીજોનો ગાંસડો બાંધી ગધેડાં પર લાદવાના ઇરાદાથી બટી સાથે તે તરફ ગયો પણ તેની શી અજાયબી? અંધારાંમાં તેણે વાઘને બાધ્યો હતો. તેણે બુમો પાડી આખાં ગામને જગાડયું અને સરવે જણા પંચ મારખાંની આવી હીમ્મત જોઈ હેરત થયાં. વાઘને પુરો કરી નાખવામાં આવ્યો.

ત્રીજે દીને તેને પાસેના ગામમાં જવું પડયું અને પાછો ફરતાં રાતના અંધારામાં રસ્તો ચુક્યો, ને ઝાડીવાલી જગ્યાએ જઈ પહોચ્યો તો કેટલાંક કોહોલાંઓની તેજ આંખયોના ચમકાટથી તે એટલો સુન મારી ગયો કે હેબત ખાઇ ત્યાંજ પછડાઇ મરણ પામયો. સાર—આ સરૂશટીમાં ડફાંસયાંઓ ઠારેઠાર માલમ પડશે અને તેમના બેવકુફ સોબતીઓ પણ તેટલાજ પ્રમાણમાં જણાશે.

આ પુસ્તક સુરત ખપાટીઆ ચકલા ઉપર લક્ષ્મીનારાયણની વાડીમાં 'જૈન વિજય' પ્રિન્ટીંગ પ્રેસમાં મુલચંદ કસનદાસ કાપડીયાએ છાપ્યું અને મુંબઇ ગીરગામ ટ્રામ ટરમીનસ આગળ રહેનાર માણેકજી બેહરામજી વાછાએ પ્રસિદ્ધ કર્યું.

બાદશાહી રામા ટૉજન.

બાદશાહી રામા ટૉજન હરહમેશ સેવન કરવાથી ૨૦ ઘોડાની શકતીવાળી મોટર ગાડી અટકાવી શકે છે.

મગજને શાન્ત રાખી યાદશક્તિમાં વધારો કરે છે. ચહેરો હરહમેશ હસમુખો ખુબસુરત રાખે છે. આ દવા બનાવવામાં કેશર, કસ્તુરી, બરાસ, ઈલાયચી, જાવંત્રી, મરી, તજ, સુંઠ, દ્રાક્ષ વીગેરે વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્વાદ પણ ઘણો ઉત્તમ છે. હરહમેશ સેવન કરવાથી ક્ષય, દમ, જુની ખાંસી, અરૂચી, અશક્તિ દુર થાય છે. આ દવા તાકત વધારવામાં અદ્ભુત છે. કીમત બાટલીના રૂ. ૨) પો. છ આના નમુનાની બાટલી કી. રૂ. ૦-૧૨-૦ પો. ચાર આના.

વગર ઇજાએ બાળ કાઢવા માટે

બાદશાહી સાબુ.

બાદશાહી સાબુ–સફાઇથી વાળ દુર કરવા માટેજ છે.
બાદશાહી સાબુ–ચામડીનો અસલી રંગ રાખે છે. કાળી પડતી નથી.
બાદશાહી સાબુ–હીંદુસ્થાનમાં હજારો દુકાનોપર મળે છે.
બાદશાહી સાબુ–વાપરનારાઓ સંપુર્ણ સંતોષ પામ્યા છે.
બાદશાહી સાબુ–ચામડીના તમામ દર્દ નાબુદ કરે છે.
બાદશાહી સાબુ–હર વક્તે વાપરવાથી નુકશાન થતુંજ નથી.
બાદશાહી સાબુ–ગુપ્ત ભાગોના વાળ સારી રીતે કાઢેછે.
બાદશાહી સાબુ–ત્રણ સાબુના બોક્સ એકનો રૂ.૧) પો. ચાર આના

હીંદુસ્થાનમાં જગે જગે વેચવા માટે એજન્ટો જોઇએ છે.

સોલ એજંટ–સી. સી. મહાજન એન્ડ કું૦

શેખ મેમણ સ્ટ્રીટ–મુંબઇ.

લાચાર

કોઇ પણ દેશની અંદર ત્રાસ મચાવનાર જુલમી માણસને
તે દેશમાં સર્વોપરી સત્તાના પગલાં થતાંજ **લાચાર**
થઈ ભાગવુંજ પડે છે! તેવીજ રીતે માણસના
શરીરમાં ત્રાસ વર્તાવનાર ધાતુ બગાડ, લોહી
બગાડ, પેશાબ માર્ગનો બગાડ વિગેરે
દરદોને

આતંક નિગ્રહ

ગોળીઓના પગલાં થતાંજ

લાચાર થઇ ભાગવુંજ પડે છે!

કિંમત-ગોળી ૩૨ની ડબી ૧ ના રૂા. ૧.

વૈદ્યશાસ્ત્રી **મણિશંકર ગોવિંદજી.**

જામનગર—(કાઠીયાવાડ)

મુંબઈ બ્રાંચ-કાલબાદેવી રોડ.

જો સરાફી હોગા સો જરકો પહેછાનેગા,
ઝોહરી હોગા ઝોહરકો પહેછાનેગા.

મુંબઇ અને હિંદમાં લોકપ્રિય થયલું પુરાણું ને આગેવાન માસિક તે છેલ્લામાં છેલ્લી રૂઢી મુજબ પ્રગટ થતું

"જ્ઞાનવર્ધક અને માસિક મિત્ર"

છે જેઓ છાપડે ચઢી ધુમો પાડે છે, જેઓ લોભીઆપણું દેખાડેછે, જેઓગ્રાહકોને શીખામણો આપેછે, તેવું આ જાણીતાં માસિકમાં કશુંએ નજરે પડશેજ નહી. **આ માસિક લગભગ ૫૦ વર્ષો થયા** હિંદની દરેક કોમમાં વંચાય છે, કાંકે **બાબદોની ચુંટણી** ને **વાર્તાઓની પસંદગી બહુજ કાળજીપુર્વક રીતે થાય છે.** જો તમો ગ્રાહક ન હોવો તો **માત્ર એકજવાર વર્ષ એકનું લવાજમ મોકલી ગ્રાહક** થજો, એટલે સોનાં અને પીત્તળ વચ્ચેનો ફરક તમો તુરતજ પીછાણશોજી.

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે રૂ. ૩-૮-૦.

'વાર્તામાળા'

મોટું ને સસ્તુ વાર્ષિક લવાજમ માત્ર ૦-૧૫-૦ (પોસ્ટેજ સાથે.)
મોટાં કદનું આખા હિંદમાં સર્વ કરતાં સસ્તુ, માત્ર વાર્તાઓનેરમુજોનું માસિક નમુનો૦-૧-૬. માત્ર એક કાર્ડ લખો તમારૂ મુબારક નામ જરૂર મોકલશોજી V. P. P. ની રૂઢી મુજબ રવાણા કરીશું

ઓફીસ—કાંતાબિલ્ડીંગ કાલબાદેવી રોડ, મુંબઇ.

પ્લીઝ! જયારેબી તમુને—

તમારાં ઘરો માટે—બંગલાઓ માટે—અથવા તેની અંદરનાં-કોઇપણ ભાગો માટે શણગાર કરવાની, તેને ભપકાબંધ બનાવવાની તમુને જરૂર પડે ત્યારે—હમારી

બોમ્બે ટાઇલ માર્ટની દુકાન કે—

જે મુંબઇ બેંકની સામે આવેલી છે ત્યાં દરેક જાતની રંગબેરંગી ટાઇલ્સો ગરીબ તેમજ તવંગરો માટેની એકસરખા ભાવે ઘણી સસ્તેથી વેચવામાં આવે છે. ત્યાં જરૂર તમારો ઓરડર આપજોજી.

મારસેલ્સની રંગબેરંગી લાદીઓના **તથા સ્ટીલના શીલ્ડોના** એકેકા ડીઝાઇનોના નમુનાઓ તમુને હાથમાંથી મુકવાબી ગમશે નાહ.

ફકત એકજ વખત નીચલે ઠેકાણે હમુને ટ્રાયલ આપો.

ધી બોમ્બે ટાઇલ માર્ટ

(સ્થાપી ૧૮૮૮.) **માલેક ગુલામઅલી ગુલામહુસેન.**

૨૧, બેંક સ્ટ્રીટ, મુંબઇ.